પુષ્ટિ ચિંતન

- ડો.જયેન્દ્ર સોની



પુષ્ટિ ચિંતન

લેખક : ડૉ. જયેન્દ્ર સોની

પ્રકાશક
શ્રીવલ્લભ પ્રકાશન
વલ્લભાશ્રય, ૧૦, બાલાસિનોર સોસાયટી, ફાયર સ્ટેશન સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭. ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮

પુષ્ટિ ચિંતન

© શ્રીવલ્લભ પ્રકાશન

લેખક : ડૉ. જયેન્દ્ર સોની
એમ.એ., એડ.ડીપ્લોમા-વલ્લભ વેદાંત, પીએચડી.

પ્રકાશક : શ્રીવલ્લભ પ્રકાશન
(શ્રીમતી કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ અંતર્ગત)

કિંમત : ૧૫૦/-

પ્રાપ્તિસ્થાન : (૧) વલ્લભાશ્રય, ૧૦, બાલાસિનોર સોસાયટી, ફાયર સ્ટેશન સામે,
એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮, ૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : Jayendra@abcfinechem.com

કંપોઝ-ડિઝાઈન-પ્રિન્ટીંગ : ખુશી મલ્ટી પ્રિન્ટ, અમદાવાદ.
ફોન : ૦૯૨૨૭૫૦૪૫૫૫

નોંધ : પ્રસંગોપાત ભેટ આપવા આ પુસ્તકની વધારે કોપીની જરૂરીયાત હોયતો તેવા વૈષ્ણવોને આ પુસ્તક વ્યાજબી ભાવે મળશે.

॥ श्री हरिः ॥
॥ श्री द्वारकेशो जयति ॥

गो. श्री व्रजेशकुमारजी महाराज
(शु.तृ. गृहाधिपति) कांकरोली.

स्थान : कांकरोली

दिनांक : २७-८-२०११

महाप्रभु श्रीमद् वल्लभाचार्य जी के द्वारा समग्र वेदादि शास्त्रों का भक्ति संहिताओं का चिन्तन और मंथन करने के बाद जो शुद्धाद्वैत पुष्टिमार्ग रूपी नवनीत प्रकट हुआ, उसके ऊपर **"पुष्टि चिन्तन"** नाम से विभिन्न विचार कणिकाओं का संकलन श्री जयेन्द्र भाई सोनी के द्वारा किया गया है। जिसके प्रकाशन के द्वारा आधुनिक विचार शैली के लोगों को, सिद्धान्त से नितान्त अपरिचित लोंगें को इस दिव्य सिद्धान्त के ज्ञान का लाभ अवश्य प्राप्त होगा ।

हम इस प्रकाशन के लिये हार्दिक शुभकामनाएं व्यक्त करते हैं। साथ ही श्री. .प्रभु के अनुग्रह से सिद्धान्त और विचारों के प्रचार-प्रसार में निरन्तर प्रगतिशील होने का शुभाशीर्वाद प्रदान करते हैं।

शुभाकांक्षी,

गो. व्रजेशकुमार

(तृ.पी.गो. श्री व्रजेशकुमारजी महाराज)
कांकरोली

ગો.૧૦૮
શ્રી વ્રજેશકુમારજી
મહારાજશ્રી
કાંકરોલી, વડોદરા
મથુરા, અમદાવાદ

ગો.૧૦૮
શ્રી શ્યામ મનોહરજી
મહારાજશ્રી
કિશનગઢ, મુંબઈ

GOSWAMY SHYAM MANOHAR શ્રી હરિઃ

શ્રી જશવંતભાઈ સોની દ્વારા લિખિત "પુષ્ટિ ચિંતન" આખ્યાયિકા વાંચીને હાર્દિક સંતોષ થયો. સરલ ભાષામાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણના ધર્મ-દર્શન બાબતનાં ચિંતનને આમાં સારી રીતે વણી લેવામાં આવ્યા છે.

જો કોઈ પણ આ ગ્રંથને વાંચશે તેને મહાપ્રભુના ધર્મ-દર્શનના ચિંતનનું પાયાનું જ્ઞાન સારી રીતે મળી શકે છે.

આવા ગ્રંથોને સહુ વૈષ્ણવો વાંચે મનન કરે અને ઘરમાં વસાવે તેવી શુભેચ્છા તેમજ ગ્રંથકર્તાને મારા હૃદયના હાર્દિક અભિનંદન આપો...

ગો. શ્યામ

તા. 20|9|99
મુંબઈ



|| Shri Hari ||
|| Shri Dwarkesho Jayati ||

Goswami Vagishkumar
Yuvraj - Trutiya Peeth

26/8/10

પ.ભ. શ્રી જયેન્દ્રભાઈ સોની

આપના દ્વારા 'પુષ્ટિ ચિંતન' નામના પુસ્તકો પ્રકાશિત થતા જઈ રહી છે તે જાણી આનંદ થયો.

આપના દ્વારા લેખિત આ પુસ્તકમાં આજના પરિસ્થિતિનો સામનો કરતા વૈષ્ણવ પરિવારો માટે ઘણા ઉપયોગી માહિતી ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા છે. તથા વૈષ્ણવોને નડતા પારિવારિક મુશ્કેલીઓનો ઉકેલ પણ આપે વાતો અને ઉદાહરણના રૂપે ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કરેલ છે.

આ પુસ્તકમાં અલગ અલગ વિષયો ઉપર સુંદર સાંપ્રદાયિક માહિતી, પ્રસંગો, વાર્તાઓ અને ઉપદેશો આ રૂપમાં આપવામાં આવ્યા છે જે ખરેખર ખૂબ સુંદર લાગ્યા છે.

વૈષ્ણવોને આ પુસ્તક ખૂબ ઉપયોગી સાબિત થાય. એજ મંગલ કામના સાથે શુભાશિર્વાદ.

ભવદીય,
ગોસ્વામી વાગીશ કુમાર
(કાંકરોલી)

ગો. શ્રી
વાગીશકુમારજી
મહોદય
કાંકરોલી, વડોદરા
મથુરા, અમદાવાદ

ગો.શ્રી
દ્વારકેશલાલજી
મહારાજશ્રી
વડોદરા, મથુરા,
અમદાવાદ



|| Shree Kalyanrai Prabhu Vijayte ||

Shashthapithadhiswar
Goswami Shree Dwarkeshlalji Maharaj

"Shashthapith" Shree Kalyanraiji Mandir, Bajwada, Sheth Sheri, Mandvi, Vadodara - 390 001. (Guj.) India.
Ph. : 0265-2423322, 2426942. Email : shreeyadunathji@yahoo.co.uk, info@shreekalyanpushti.org
website : www.shreekalyanpushti.org

પ. ભ. શ્રી જયેન્દ્રભાઈ આર. સોની

સસ્નેહ શુભાશિષ,

આપના દ્વારા પુષ્ટિ ચિંતન નામાભિધાનથી વિવિધ સંપ્રદાયિક લેખોનો સંગ્રહ કરી પુસ્તિકા સ્વરૂપે પ્રકાશન કરવામાં આવી રહ્યું છે જે અવગત કરી પ્રસન્નતા થઈ. નવલ પ્રકાશન માટે હાર્દિક શુભેચ્છાઓ.

ભકિત સાહિત્યના ક્ષેત્રમાં લોકભોગ્ય સહજ સરલ શૈલીમાં વાકપતિ શ્રીવલ્લભના સિધ્ધાંતો અને પુષ્ટિમાર્ગીય આચાર વિચારને આવરીને પુસ્તિકાનું આપ પ્રકાશન કરી રહ્યા છો, જે માટે હાર્દિક અભિનંદન સહ શુભાશિષ.

પ્રભુ શ્રી કલ્યાણરાયજીની અસીમ અનુકંપાથી આપનું મંગલ કાર્ય સફલ-સુફલ સંપન્ન થાય તેવી મંગલકામના સહ શ્રીપ્રભુના યુગલ ચરણોમાં શુભાભ્યર્થના.

ભવદીય,

(ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ)

લેખક પરિચય

પાટણ-ઉત્તર ગુજરાતના મૂળ વતનીની કર્મભૂમિ મુંબઈ રહી છે. આર્કિટેક્ટ-એન્જીનીયરના વ્યવસાયમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ પુષ્ટિમાર્ગીય વિવિધ પ્રકલ્પો મંદિર, બેઠકજીઓ ઈત્યાદિના જીર્ણોદ્ધાર, નવનિર્માણ માટે માનદ્ સેવા આપી રહ્યા છે. પુષ્ટિમાર્ગના મર્મજ્ઞ-ચિંતક-લેખક તરીકે અનેક સાંપ્રદાયિક સામાયિકોમાં તેમના અનેક મનનીય લખાણો પ્રકાશિત થતા રહ્યા છે. જેમાંના કેટલાક વિશિષ્ટ લેખોનો સંગ્રહ આ પ્રકાશનનો વિષય છે. મુંબઈ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ 'વલ્લભ વેદાંત'ના અભ્યાસક્રમમાં એડવાન્સ ડીપ્લોમાની પરીક્ષામાં પ્રથમ સ્થાને રહી સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. હાલમાં જ ઓપન ઈન્ટર્નેશનલ યુનિવર્સિટી ફોર કોમ્પ્લીમેંટરી મેડીસીન, રશિયા-શ્રીલંકા દ્વારા તેમને **'પાથ ઓફ ડીવાઈન ગ્રેસ-ફીલોસોફી એન્ડ પ્રેક્ટીસ'** વિષય પર લખેલ મહાનિબંધ માટે પીએચ. ડીની ઉપાધિ એનાયત કરવામાં આવેલ છે. વલ્લભ વેદાંતના અભ્યાસક્રમના વિવિધ પુસ્તકો ઉપરાંત અન્ય પુષ્ટિમાર્ગીય સાહિત્યનું લેખન-સંપાદન કાર્ય તેમણે કર્યું છે અને અન્ય પ્રકાશનો ટૂંક સમયમાં આવી રહ્યા છે.

- પ્રકાશક

ડૉ. જયેન્દ્ર સોની
ચાર્ટર્ડ એન્જીનીયર
એમ.એ. (ફીલોસોફી)
એડ. ડીપ્લોમા-
વલ્લભ વેદાંત,
પીએચ. ડી.

મારે કહેવું છે !

મનુષ્ય વિચારશીલ પ્રાણી છે. ભગવાને માનવને અંતઃકરણ આપ્યું છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ તેના પાસા છે. ભગવાને આપેલી જ્ઞાનેન્દ્રિયો દ્વારા મનુષ્ય વિવિધ અનુભૂતિ કરે છે. તે વાંચે છે, સાંભળે છે, અનુભવે છે. ઔપનિષદિક ભાષામાં શ્રવણ-મનન-નિદિધ્યાસન એ વાંચેલા કે સાંભળેલા જ્ઞાનને હૃદયસ્થ કરવાના ત્રણ તબક્કાઓ છે. તેના દ્વારા વાંચેલું- સાંભળેલું કે અનુભવેલું આપણે આપણા અંતઃકરણમાં સ્થિર કરી એ ત્યારે જ તે આત્મસાત થાય છે. જ્યાં સુધી વાંચેલી કે સાંભળેલી બાબત ઉપર મનન ચિંતન ન કરીએ ત્યાં સુધી તેનો મર્મ બરાબર સમજી શકાય નહીં અને મનન કર્યા પછી તેને વિચારવું અને વાગોળવું આવશ્યક છે જેને શાસ્ત્ર 'નિદિધ્યાસન' કહે છે. તેના દ્વારા સાંભળેલી કે મનન કરેલી વાત આપણે આત્મસાત કરી શકીએ છીએ. કોઈપણ સાધના પ્રણાલી અપનાવવા માટે આ પગથીયા ચઢવા જરૂરી ગણાય, અન્યથા સાંભળેલી કે વાંચેલી બાબત થોડી ક્ષણોમાં લુપ્ત થઈ જાય છે, એ આપણા સૌના અનુભવની વાત છે. અહીં મારા અનુભવની વાત હું કરી રહ્યો છું.

બાલ્ય અવસ્થાથી પાટણની પુષ્ટિમાર્ગીય પાઠશાળામાં અભ્યાસ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાથી સાંપ્રદાયિક ગ્રંથોનો પરિચય થયેલો. ક્યારેક ભગવદીયોનો સત્સંગ, ગો.આચાર્યનું સાનિધ્ય કે સાંપ્રદાયિક પ્રવૃત્તિ વિશે લગાવ ઈત્યાદિ કારણોથી શ્રીમદાચાર્ય ચરણોના સૈદ્ધાંતિક વિચારો જાણવા-સમજવાનો અવસર મળતો રહ્યો અને તેથી જે કાંઈ જોવું, સાંભળું કે વાંચુ તે ઉપર વિચારવાની ટેવ પડી ગઈ. ક્યારેક જે તે વિચારો સ્ફૂરે તેની નોંધ પણ કરતો જે પાછળથી મારા લખાણોનો આધાર બન્યો.

સક્રિય વ્યવસાયિક પ્રવૃત્તિઓ હોવા છતાં જયારે પણ અનુકૂળતા હોય ત્યારે જે કાંઈ વિચારો જાણ્યા-સાંભળ્યા કે વાંચ્યા હતા તે વિવિધ વિષયો પરના મારા લખાણો છેલ્લા દશ પંદર વર્ષથી વિવિધ સાંપ્રદાયિક પત્રિકાઓ વૈષ્ણવ પરિવાર, સત્સંગ ઈત્યાદીમાં અવારનવાર પ્રસિદ્ધ થતા રહ્યાં. આસપાસની કેટલીક સાંભળેલી કે જાણેલી ઘટનાઓ પર પણ મનન ચિંતન કરતાં તેમાં શ્રીવલ્લભની

વાણી, તેમના સિદ્ધાંતોનો મર્મ સ્પષ્ટ થતો દેખાતો, તેમાં કોઈ વિશેષ ઉપદેશ પ્રાપ્ત થતો અનુભવાતો. એ સિવાય સંપ્રદાયની સાંપ્રત પરિસ્થિતિ વિશે પણ ક્યારેક કોઈ મહાનુભાવ સાથે વિચાર વિમર્શ થતો ત્યારે ક્યારેક તેના વિવિધ પાસાઓ ઉપર ચિંતન થતું જેને પણ મેં મારા લખાણો દ્વારા અભિવ્યક્ત કર્યું. આમ વર્ષો દરમ્યાનના પ્રસિદ્ધ થયેલાં મારા લખાણો ને મેં અહિં સંકલિત કરવાનો એક અલ્પ પ્રયાસ કર્યો છે, જેનો આશય વિચારશીલ વાંચકને પ્રેરિત કરવાનો, તેના મનને ઝંકૃત કરવાનો છે, વિચારોને આંદોલિત કરવાનો અને આ ચિંતનને વેગ આપવાનો છે.

શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવામાં કે મારી વૈચારિક પ્રક્રિયાને પુષ્ટ કરવામાં મારા માતુશ્રી ઉપરાંત અનેક મહાનુભાવો, શ્રી વલ્લભકુલ આચાર્યોનું યોગદાન રહેલું છે, જેના વગર મારું સાંપ્રદાયિક ચિંતન કે લેખન કાર્ય શક્ય જ ન બન્યું હોત. તેમાં મુખ્યત્વે પરમ કૃપાનિધાન તૃતીય ગૃહાધિપતિ કાંકરોલી નરેશ પુ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી, તૃતીયગૃહ યુવરાજ પુ.પા.ગો.(ડો)શ્રી વાગીશકુમારજી મહોદયશ્રી, ષષ્ઠ ગૃહાધિપતિ પુ.પા.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી, પરમ્ શ્રદ્ધેય પૂ.પા.ગો.૧૦૮ શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ-કિશનગઢ), પૂ.પા.ગો.શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી (અમરેલી-મુંબઈ) ઈત્યાદિ વિશેષતઃ ઉલ્લેખનીય છે, જેમના પ્રત્યે હું હૃદયપૂર્વક દંડવત સહ કૃતજ્ઞતા પ્રગટ કરું છું. આ લખાણોમાં વ્યક્ત થયેલ વિચારો કે સિદ્ધાંતો મારા પોતાના નથી કે, તે મૌલિક નથી, પરંતુ તે વિશેની મારી સમજણ મુજબની મારા શબ્દોમાં અભિવ્યક્તિ છે. જે કાંઈ ત્રુટિઓ હશે તે મારી જીવગત મર્યાદાના કારણે હશે અને તેથી તેને ક્ષમ્ય ગણવા સુજ્ઞ વાંચકોને નમ્ર વિનંતિ છે.

આ લખવાનું સામર્થ્ય કે વિચારોને અભિવ્યક્ત કરવાનું બળ આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની અસીમ કૃપાનું છે. માટે આપશ્રીના ચરણકમલોમાં નતમસ્તકે દંડવત સહ આ લેખોની પુષ્પમાળા સમર્પિત કરતાં ધન્યતા અનુભવું છું. અસ્તુ.

- ડો. જયેન્દ્રભાઈ સોની, મુંબઈ

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેજ નં.
૦૧.	પુષ્ટિભાવ	૧૧
૦૨.	પુષ્ટિમાર્ગની વિલક્ષણતા	૧૪
૦૩.	પુષ્ટિમાર્ગનો તત્વદર્શીય દ્રષ્ટિકોણ	૧૮
૦૪.	અનુગ્રહ	૨૬
૦૫.	પ્રમેયનો પ્રભાવ	૩૦
૦૬.	મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી	૩૬
૦૭.	ભગવત્ પ્રાપ્તિનો ઉપાય	૪૨
૦૮.	એક સમાલોચના	૪૫
૦૯.	પ્રભુ પાસે શું માંગવું ?	૫૧
૧૦.	આપણે વલ્લભીય વૈષ્ણવ છીએ !	૫૫
૧૧.	ઉત્તિષ્ટ, જાગ્રત, પ્રાપ્ય વરાન્નિબોધત !	૬૦
૧૨.	વાસ્તવિક્તાનો વિચાર	૬૯
૧૩.	સ્વધર્માચરણ- કેટલું સંભવ, અસંભવ ?	૭૫
૧૪.	શબ્દ બ્રહ્મ અને બ્રહ્મસંબંધ	૮૧
૧૫.	સત્સંગનો મહિમા	૮૪
૧૬.	શું આપણે પણ ભગવદ્ વાર્તા..... !	૯૨
૧૭.	તત્વ દર્શનમાં દષ્ટિ ભેદ	૯૪
૧૮.	બ્રહ્મસંબંધથી ઉદ્ધાર નિશ્ચિત છે !	૯૮
૧૯.	પુષ્ટિમાર્ગની સાંસ્કૃતિક ધરોહર	૧૦૧
૨૦.	એક સુત્રતાની આવશ્યકતા !	૧૦૯
૨૧.	પ્રમેયનું પ્રમાણ	૧૧૫
૨૨.	યહ અન્તિમ ફેરા હૈ, ચલના હો તો ચલો	૧૧૭
૨૩.	અનન્ય નિષ્ઠા	૧૨૨
૨૪.	બ્રહ્મસંબંધ કોણ આપી શકે ?	૧૨૫
૨૫.	પુષ્ટિમાર્ગ - સ્નેહમાર્ગ	૧૩૦
૨૬.	બુદ્ધિનાશ થતો અટકાવીએ !	૧૩૨
૨૭.	સત્સંગનું સ્વરૂપ	૧૩૫
૨૮.	જીવન્ મુક્તિ	૧૩૮
૨૯.	શિક્ષાશ્લોકી	૧૪૧
૩૦.	અનન્યતા	૧૪૮
૩૧.	દુઃખ પ્રભુની દયાનું દાન છે !	૧૫૨
૩૨.	અસમર્પિત ત્યાગ	૧૫૬
૩૩.	સંશયાત્મા વિનશ્યતિ	૧૫૯
૩૪.	ધર્મો રક્ષતિ રક્ષિતઃ	૧૬૨
૩૫.	‘તત્વમસિ’ને શું મહાકાવ્ય કહી શકાય ?	૧૬૫
૩૬.	સેવાયાં વા કથાયાં વા	૧૬૯
૩૭.	આનું નામ ત્યાગ	૧૭૨
૩૮.	પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ	૧૭૫
૩૯.	આધિદૈવિક દુઃખ	૧૭૮
૪૦.	ફિકર નોટ મૈં હું ના ! !	૧૮૪
૪૧.	પુરી મા	૧૮૮
૪૨.	સમર્પણ	૧૯૩
૪૩.	સેવાફલ	૧૯૭
૪૪.	જગદીશની જગ વ્યવસ્થા	૨૦૩
૪૫.	ભગવાન શ્રી કૃષ્ણ શું એક ક્ષુદ્ર દેવ છે ?	૨૧૩
૪૬.	શરણાગતિ	૨૧૮
૪૭.	પુષ્ટિઆચાર	૨૨૨
૪૮.	પાયાનું ઘડતર-વડિલોએ વિચારવું પડશે.	૨૨૭

પુષ્ટિભાવ

જીવને અનેક યોનીમાં ભ્રમણ કરતાં આ માનવ દેહ પ્રાપ્ત થાય છે. જીવ પ્રભુનો અંશ છે છતાં તેની સાથેના અતુટ સંબંધને તે ભુલી ગયો છે. મોહમાયામાં અટવાતાં અનેક પ્રકારની આધિ-વ્યાધિ અને ઉપાધિઓથી ઘેરાઈ જાય છે. મનની શાંતિ ખોઈ બેસતાં અનેક ઉપાય યોજે છે. પ્રભુ પ્રાપ્તિના વિધ-વિધ રસ્તાઓ ભિન્ન ભિન્ન મનીષીઓએ બતાવ્યાં છે. કોઈ જ્ઞાનમાર્ગ ચિંધે છે તો કોઈ કર્મ માર્ગ. વળી કોઈ સાંખ્ય યોગનો નિર્દેશ કરે છે. અનેક પ્રકારની કઠીન સાધનાઓ આ માર્ગો ઉપર ચાલતાં કરવી પડે છે. છતાંય અંતિમ લક્ષ્ય ક્યારે પ્રાપ્ત થશે તે અનિશ્ચિત છે. આ પરિસ્થિતિનો વિચાર કરી જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શરણાગતિનો સરલત્તમ માર્ગ પ્રતિપાદિત કર્યો છે અને તે માર્ગ છે 'પુષ્ટિમાર્ગ.' પ્રભુને સર્વ સમર્પણ કરી તેમનું શરણ સ્વીકારવાનો માર્ગ. જીવનની ક્રિયા બદલવાની નહિ. કેવળ જીવન પ્રત્યેનો અભિગમ બદલવાનો. જાતિ, વર્ગ, ધર્મ ઈત્યાદિ કોઈપણ જાતના ભેદભાવ વગર દરેક ક્ષેત્રની વ્યક્તિ આ માર્ગને અપનાવી શકે છે. પુષ્ટિમાર્ગ એ કેવળ કોઈ સંકુચિત સંપ્રદાય કે ધર્મનો ફાંટો નથી. એ તો જીવન જીવવાની એક ઉત્તમ કલા છે. એવી અદ્‌ભુત કલા કે જે આપણા જીવનને આનંદથી ભરી દે. જીવનને જીવવાં જેવું બનાવે. જીવનને આનંદમય બનાવે. જીવનમાં કોઈ અધુરપ ન વર્તાય. જીવનને જીવ્યાનો સંતોષ અને આનંદ પ્રાપ્ત કરાવે એવો છે આ પુષ્ટિમાર્ગ. આમાં સૌથી મહત્વની વાત છે પ્રભુની સેવા. આપણા ઈષ્ટદેવની સેવા. એ કોરી પૂજા નથી. કશુંક માંગવાની પ્રયોજના નથી. કોઈ વૈદિક વિધિ માત્ર નથી, પણ

પુષ્ટિમાર્ગીય જીવનમાં ક્યાંય સંકુચિતતા નથી. ક્યાંય દંભ નથી. તમે ભલા, તમારા ઠાકોરજી ભલા અને તમારૂં ઘર ભલું. તમે તમારા પ્રભુ સિવાય કોઈને જવાબદાર નહીં. કોઈનો તમને ભય નહીં અને એટલે જ શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી છે 'પ્રભુ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્'

સંપૂર્ણ સ્નેહપૂર્ણ સમર્પણનો એક દિવ્યભાવ છે.

શ્રી મહાપ્રભુજીએ ખુબ જ સરસ અને સરળ રસ્તો બતાવ્યો છે. તમારું જે કંઈ છે તે તમારા ઠાકોરજીએ સમર્પી દો. તમારી બધી સંપત્તિ, તમારી બધી આવડત એને રાજી કરવામાં વાપરી અને તેને રાજી કરતાં કરતાં તમો ખુદ રાજી થતાં રહેશો. ચિત્તની પ્રસન્નતા અનુભવશો. આ અનુભવવા જેવું છે. ગોળનું ગળપણ તો ખાધે ખબર પડે. આ સેવાનો પ્રકાર માણસની સંવેદનાને જગાડનારો અને જીવતી રાખનારો પ્રકાર છે. પ્રભુને જે ભાવે તે બનાવવાનું અને પ્રેમપૂર્વક ભોગ ધરવાના. આરોગવા માટે એને લાડથી મનાવવાના અને પછી એના પ્રસાદ તરીકે પ્રસન્નતાથી પોતે લેવાનું. એને મરચું તીખું લાગે તો આપણે પણ નહીં ખાવાનું. એને ગરમ ભોજન ન ધરાય તો આપણે પણ ગરમ નહીં ખાવાનું. કેટલી મોટી વાત છે ? આપણા ગમા-અણગમા છોડવાની કેવી સહજ રીત છે? કોઈને ધુમ્રપાન કરવાની ટેવ હોય પણ એ ઠાકોરજીને અંગીકાર ન કરી શકાય તો પોતાનાથી પણ તે ન કરાય. વ્યસન છોડવાનો આ કેવો પ્રેમભર્યો ઉપાય છે ?

પુષ્ટિમાર્ગીય જીવનમાં ક્યાંય સંકુચિતતા નથી. ક્યાંય દંભ નથી. તમે ભલા, તમારા ઠાકોરજી ભલા અને તમારું ઘર ભલું. તમે તમારા પ્રભુ સિવાય કોઈને જવાબદાર નહીં. કોઈનો તમને ભય નહીં અને એટલે જ શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી છે **'પ્રભુ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્'** આ માર્ગની વિશેષતાઓ તો જુઓ ! તમારી બધી કલાઓ પણ તમારા ઠાકોરજીને માટે. પાકશાસ્ત્રની પ્રવિણતા છે તો તેને માટે સુંદર વિવિધ સામગ્રી સિદ્ધ કરો. સંગીતનો શોખ છે તો તેની આગળ કિર્તન કરો. સારા કલાકાર છો, તેને માટે કલાત્મક પલના, હિંડોળા, ફૂલમંડલી ઈત્યાદી તૈયાર કરો. અનેક પ્રકારની આકર્ષક સજાવટ કરો. વિવિધ પ્રકારની પુષ્પમાળા બનાવી ધરો. અરે તમને નૃત્ય કલાનો શોખ હોય તો એના માટે એની સામે નૃત્ય કરો. એ તો 'સર્વ રસ શિરોમણી' છે. બસ, જીવનને

હર્યુંભર્યું રાખવાનું. ક્યાંય કઠોર તપ નહીં. કઠોર દંડ નહીં. કઠોર વ્રત નહીં. ન ત્યાગ, ન વૈરાગ્ય. સંન્યાસી પણ નહીં થવાનું. ગૃહસ્થાશ્રમ પાળવાનો, ઘરનાની સાથે રહેવાનું, પણ પ્રભુના થઈને રહેવાનું. પ્રભુને માટે જીવવાનું, અને ત્યારે જ પ્રભુના કૃપાપાત્ર થઈ શકાય. પ્રભુ તમારા થઈને રહે. તમારા આધિન રહે. આનું નામ **પુષ્ટિભાવ.**

પુષ્ટિ એટલે પોષણ, અનુગ્રહ, શ્રીકૃષ્ણનો અનુગ્રહ તેજ પુષ્ટિ. અનુગ્રહ ભગવાનનો ધર્મ છે કે જેના પ્રતાપ વડે સર્વ લૌકિક તેમજ અલૌકિક ઉત્તમફલ સિદ્ધ થાય છે.

* * *

પ્રેમ આસક્તિ વ્યસન એ, ત્રણ રુપ સ્નેહના લહીએ;
તે ઉપરથી ચોથી તન્મયતા, તે થકી પર કોઈના કહીએ;
કહીએ પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ
વિયોગ થાય ત્યારે તપેતન; ત્યાંહાંનું ત્યાંહાં વળગ્યું રહે મન,
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

પુષ્ટિમાર્ગની વિલક્ષણતા

પુષ્ટિમાર્ગ વિશે અલ્પજ્ઞાન ધરાવનાર ક્યારેક તર્ક કરે છે કે પુષ્ટિમાર્ગ એટલે કૃપામાર્ગ. આ માર્ગમાં આવનારને ભગવાનની કૃપાથી જ ભગવત્પ્રાપ્તિ થવી જોઈએ. તો પછી સેવા સ્મરણ, સત્સંગ, જપપાઠ, આચાર-વિચાર અને આમ કરવું, આમ ન કરવું, આ બધા વિધિ-વિધાન શા માટે ?

પુષ્ટિમાર્ગને યથાર્થરુપે સમજવા આ વિશે ઉંડો વિચાર કરવો જરૂરી છે. જ્યાં સાધન બળથી ધ્યેયની સિદ્ધિ ન થતાં કેવળ ભગવાનની કૃપા દ્વારા જ ફલની પ્રાપ્તિ થાય તે જ કૃપામાર્ગ કે પુષ્ટિમાર્ગ અને તેને જ 'અનુગ્રહ માર્ગ' પણ કહેવાય છે.

પ્રભુ પ્રાપ્તિના અન્ય માર્ગો કરતાં આ માર્ગ ભિન્ન છે, પૃથક છે. માટે જ શ્રીમદાચાર્યચરણનું એક નામ 'પૃથકશરણમાર્ગોપદેષ્ટા' કહેવાયું છે. કલિયુગના અલ્પ શક્તિવાળા જીવો વિવિધ પ્રકારના સાધનો જેવા કે યોગ સાધના, દાન, તપ, ઉપવાસ વગેરે શાસ્ત્રોમાં બતાવેલ કષ્ટસાધ્ય સાધનો કેવી રીતે સિદ્ધ કરી શકે ? તદુપરાંત આ સાધનો વડે કદાચ મોક્ષ પ્રાપ્ત થઈ શકે પરંતુ તે પુષ્ટિ પુરુષોત્તમની પ્રાપ્તિતો ન જ કરાવી શકે, કારણ કે પુષ્ટિપ્રભુ મંત્રાધીન નથી. તે સાધન સાધ્ય નથી. તે સર્વતંત્ર સ્વતંત્ર છે. તેની પ્રાપ્તિ માટે શાસ્ત્રોક્ત સર્વે સાધનો ઉણાં ઉતરે. કોઈપણ પ્રકારના સાધનો દ્વારા પુષ્ટિપ્રભુની પ્રાપ્તિ થઈ શકે નહીં. માટે જ ઉપનિષદમાં કહેવાયું છે **'નાયમાત્મા પ્રવચનેન લભ્ય, ન મેધયા, ન બહુના શ્રૃતેન. યમે વૈષ વૃણુતે તેન લભ્ય.'** તે જેના ઉપર કૃપા કરે તેને જ તે પ્રાપ્ત થાય છે.

સતત પોતાના પ્રભુના સુખનો વિચાર. તેમની ઉત્તમોત્તમ પ્રકારે સેવાનો સહજ ભાવ, તે જીવનું સાધારણ કર્તવ્ય છે અને આમ સહજ ભાવે-સર્વાત્મભાવે કરાતી સેવા પ્રભુની કૃપાનું કારણ અવશ્ય બને. પુષ્ટિમાર્ગમાં શુષ્ક જ્ઞાન વૈરાગ્ય ઈત્યાદીનું સ્થાન નથી. એ શબ્દોની વ્યાખ્યા પુષ્ટિમાર્ગમાં બદલાઈ જાય છે.

તેથી જ તો શ્રીવલ્લભાધીશે દીન-હીન નિઃસાધન જીવોને પરમફલ પ્રાપ્ત કરાવવા આ કૃપામાર્ગ 'પૃથક શરણ' માર્ગ પ્રગટ કર્યો છે.

પરંતુ ભગવાનની કૃપાપ્રાપ્ત કઈ રીતે થાય ?

લૌકિકમાં આપણે જોઈએ છીએ કે આપણે ત્યાં ત્રણ-ચાર નોકર હોય. તેમાં કોઈ તેનો જે બાંધેલો સમય હોય તેટલો સમય પોતાની નોકરી સમજી કામ કરશે. કોઈ વળી નોકરીનો સમય જેમ તેમ પસાર કરશે, તેને માલિકની સેવા વિશે કોઈ નિષ્ઠા નહીં હોય, તેને પગારથી જ નિસ્બત હશે. પરંતુ કોઈ એવો પણ નોકર હોય છે કે જે માલિકની નિષ્ઠાપૂર્વક સેવા કરે, પ્રત્યેક કામ ખૂબ ચિવટપૂર્વક કરે, ક્યારેક તે વધુ સમય રોકાઈને પણ પોતાનું કાર્ય પૂરુ કરે. તેના મનમાં પોતાના કામથી માલિકને રીઝવવાનો ભાવ હોય છે, તે માલિકને પ્રસન્ન રાખવા પોતાનું કાર્ય સહજ સેવાભાવથી કરે છે. એ પરિસ્થિતિમાં સ્વાભાવિક છે કે જ્યારે કોઈ વિશેષ લાભ આપવાની માલિકની ઈચ્છા થશે ત્યારે તે ત્રીજા પ્રકારના સેવક ઉપર પોતાની કૃપા વરસાવશે.

આમ જીવ એ પ્રભુનો અંશ છે. પ્રભુ અંશી છે. તે પ્રભુનો દાસ છે માટે દૈન્ય ભાવે પ્રભુની સહજ સેવા તે તેનો સેવકધર્મ છે. સતત પોતાના પ્રભુના સુખનો વિચાર. તેમની ઉત્તમોત્તમ પ્રકારે સેવાનો સહજ ભાવ, તે જીવનું સાધારણ કર્તવ્ય છે અને આમ સહજ ભાવે- સર્વાત્મભાવે કરાતી સેવા પ્રભુની કૃપાનું કારણ અવશ્ય બને.

જેમ એક નાનું બાળક સીડી ચઢી મેડા ઉપર જવાની કોશિષ કરતું હોય, તેની ક્ષમતા ન હોવા છતાં તે સીડી ચઢવા પ્રયત્ન કરે. કદાચ પડી પણ જાય પરંતુ તેની તે ગડમથલ ચાલુ રહે. કોઈ વડીલ આ જુએ તો તેને બાળક પ્રત્યે સહજ હમદર્દી થાય. વ્હાલ ઉપજે અને બાળકને ઉંચકી મેડા ઉપર લઈ જાય. જીવના પ્રયત્ન એ બાળકની સીડી ચઢવાની ગડમથલ જેવા છે. પરંતુ એવી ગડમથલ કરતાં પ્રભુ કૃપા કરે તો તે સ્વંય તેને ફળનું દાન કરી શકે છે.

અષ્ટછાપ શ્રી નંદદાસજીએ રુપમંજરી કાવ્યમાં એક સરસ વાત કરી છે.

એક બૌના ઔર નીચે આવે, ઉંચે ફલ કો હાથ ચલાવે,
ક્યોં ફલ પૈયે દૂર નિવાસી, હેરનહાર કરે સબ હાંસી
જો ચઢિ જાને સો ફલ પાવે, કે ફલ આપ દયા કરિ આવે.

અર્થાત્ - એક ઠીંગણો માણસ ખાડામાં પડી ગયો છે તે ખાડાના કિનારે ઉગેલા એક મોટા ઝાડનું ફળ ખાવાની ઈચ્છા કરે છે. ફળ લેવા તે પ્રયત્ન કરે છે પણપહોંચી શકતો નથી. એટલે તે બાજુથી પસાર થનારા સૌ તેની હાંસી ઉડાવે છે. એક તો ઠીંગુજી, ખાડામાં ઉભો છે ને આવું ઉંચુ ફળ તે કઈ રીતે ખાઈ શકે ? પરંતુ ફળ મેળવવાના બે રસ્તા છે એક તો તે ખાડાની બહાર નીકળી ઝાડ ઉપર ચઢીને ફળ તોડે પરંતુ આમ ન કરી શકે તો બીજી પણ એક શક્યતા ખરી. કોઈ પક્ષી આવી તેના ડીટામાં ચાંચ મારે તો ફળ નીચે પડે અને ઠીંગુજી તે ઝીલી લે. ભગવાનની કૃપા થાય તો આમ પણ સંભવ બને.

આપણે પણ અલ્પશક્તિવાળા વામણા જીવો છીએ. અનેક દોષો કરી સંસારરૂપી ખાડામાં પડ્યા છીએ અને ભગવદ્ પ્રાપ્તિરૂપી ઉત્તમોત્તમ ફળની અપેક્ષા રાખીએ છીએ. શાસ્ત્રમાં કહેલા સાધનો દ્વારા ઉપર ચઢવાની તો આપણી ક્ષમતા નથી પરંતુ ભગવાનની સ્વયંની કૃપા દ્વારા તે આપણને પ્રાપ્ત થઈ શકે છે. આપણે સેવા સ્મરણ ઈત્યાદી આપણી ગડમથલ ચાલુ રાખીએ. ક્યારેક પ્રભુની અમી દૃષ્ટિ આપણા ઉપર પડશે અને કૃપાવૃષ્ટિ કરશે તે નિશ્ચિંત છે.

કૃપામાર્ગ દ્વારા કેવા કેવા દીન હીન જીવોને પરમ ફલની પ્રાપ્તિ થઈ છે તેના અનેક ઉદાહરણો ઈતિહાસના પાને આલેખાયેલ છે. પુષ્ટિમાર્ગનું વાર્તા સાહિત્ય આનું પ્રમાણ છે. આ પ્રક્રિયા આજે પણ ચાલુ છે. અનેક અર્વાચિન ભગવદીયોના ચરિત્રો આપણી આસપાસ દૃષ્ટિગોચર થાય છે.

પુષ્ટિમાર્ગમાં જે સાધન છે તે જ ફળ છે. આ વિધાન સમજવા જેવું છે. '**ફલં વા સાધનં યત્ર,**

પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે.' પ્રારંભમાં આપણે સેવા-સ્મરણ ઈત્યાદિ જે સાધન કરીએ છીએ તે જ અંતમાં ફલરૂપ બની જાય છે. અન્ય માર્ગોના સાધનો યમ, નિયમ, દેહદમન ઈત્યાદિ કલેશયુક્ત અને કષ્ટદાયક છે. તેમા આનંદની પ્રાપ્તિ નથી. પરંતુ પુષ્ટિમાર્ગમાં ભગવદ્સેવા, સ્મરણ, પ્રભુનું ગુણગાન, પ્રભુની લીલાનું ચિન્તન, દર્શન, સત્સંગ ઈત્યાદિ મનને આનંદ આપનારા છે. આ બધું કરવામાં જે આનંદ આવે છે તે લૌકિક સુખથી ભિન્ન પ્રકારનો હોય છે. એ આનંદ સાથે ચિત્તવૃત્તિ ભગવાનમાં જોડાય છે. ક્યારેક પ્રભુની પ્રસન્નતાનો અને તેમની કૃપાનો પણ અનુભવ થાય છે. અર્થાત્ જે આનંદની પ્રાપ્તિ દેહ છુટયા પછી કરવાની અપેક્ષા હોય છે તેનો અનુભવ સદેહે પણ થાય છે. આમ જે સેવા-સ્મરણ ઈત્યાદી સાધનરૂપે પ્રારંભમાં કરવામાં આવે છે તે સ્વયં ફલરૂપ બને છે, આનંદની પ્રાપ્તિ કરાવનારાં બને છે. આજ પુષ્ટિમાર્ગની વિલક્ષણતા છે.

ભક્તિમાર્ગમાં શુષ્ક જ્ઞાન વૈરાગ્ય ઈત્યાદિનું સ્થાન નથી. એ શબ્દોની વ્યાખ્યા ભક્તિમાર્ગમાં બદલાઈ જાય છે. માટે વૈરાગ્ય, સાંખ્ય, યોગ અને તપની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે :

ભગવદતિરિક્તેષુ રાગાભાવઃ વૈરાગ્યમ્ - અર્થાત્ ભગવાનનો સંબંધ ન હોય તેવા વિષયોમાં પ્રીતિ ન હોવી તે **'વૈરાગ્ય.'** **'રસાત્મકત્વેન પુરુષોત્તમ સાંખ્યમ્'** અર્થાત્ ભગવાન રસ સ્વરૂપ છે એવું જ્ઞાન તેજ **'સાંખ્ય.'** **'ચિત્તસ્ય ભગવેદક પરત્વં, યોગઃ'** અર્થાત્ ચિત્ત કેવલ ભગવદ્ પરાયણ બને તેનું નામ **'યોગ'** અને **'ભગવદ્વિરહે પરમ કલેશાનુભવસ્તપઃ'** અર્થાત્ પ્રભુના વિયોગમાં પ્રભુને મળવા માટેનો અત્યંત પરિતાપ તેજ સાચું **'તપ.'**

આમ પુષ્ટિમાર્ગમાં જ્ઞાન, વૈરાગ્ય, યોગ અને તપની વ્યાખ્યા અતિ વિશિષ્ટ છે, કારણ કે શ્રીમદાચાર્યચરણો એ જે શરણ માર્ગ-ભક્તિમાર્ગ પ્રતિપાદિત કર્યો છે તે વિલક્ષણ છે, પૃથક છે, અન્ય માર્ગો કરતાં ભિન્ન છે.

* * *

પુષ્ટિમાર્ગનો તત્વદર્શીય દ્રષ્ટિકોણ

ઋગ્વેદમાં કહ્યું છે : **‘એકમ્ સત વિપ્રા બહુધા વદન્તિ,’** અર્થાત્ - પરમ સત્ય એક જ છે, પરંતુ વિદ્વાનો તેને ભિન્ન ભિન્ન રીતે વર્ણવે છે. ભગવદ્ ગીતા પણ કહે છે - **‘યો યચ્છ્રદ્ધઃ સ એવ સ’** અર્થાત્ મનુષ્યે જેવા ગુણ મેળવ્યા હોય તેવી શ્રદ્ધાવાળો તે થાય છે. મનુ મહારાજનું કથન છે : **‘આહાર નિંદ્રા ભય મૈથુન ચ સામાન્યમૈતદ્ પશુભિર્નરાણામ્’** અર્થાત્ ખોરાક, ઉંઘ, ભીતિ અને યૌનક્રિયા બાબતે મનુષ્ય અને પશુમાં સમાનતા છે. પરંતુ પશુથી મનુષ્યની વિશેષતા તેના ધર્મના આચરણને કારણે, વિવેક અને વૈચારિક બુદ્ધિને કારણે છે. મનુષ્ય પોતાના હિતમાં શુ યોગ્ય છે તે વિશે વિચારી શકે છો. પોતાના જીવનના ઉત્કર્ષ માટે પોતાની આસપાસની દુનિયા વિશે ચિન્તન કરી શકે છે.

અહિં જ દાર્શનિક વિચારોની શરૂઆત થાય છે. પાશ્ચાત્ય તત્વવેત્તા સોક્રેટીસના સુપ્રસિદ્ધ શબ્દો - **‘તારી જાતને પિછાન્’**થી તત્વજ્ઞાનની શરૂઆત થયેલી પશ્ચિમ જગતમાં મનાય છે. પોતાની ચોતરફ પ્રકૃતિના તત્ત્વો પ્રત્યે આશ્ચર્ય અને ઉત્કંઠાની માનવીની લાગણીથી તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનની શરૂઆત થઈ જે ક્રમશઃ ચિંતનશીલ વિચારણામાં પરિણમી. બહુધા પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં પરમ સત્યની બૌદ્ધિક ખોજ વિષયક વ્યાખ્યા તેના વ્યુત્પત્તિ શાસ્ત્રના દ્રષ્ટિકોણથી લેવામાં આવે છે જ્યારે ભારતીય દર્શન આધ્યાત્મિકતા

‘પ્રમાણ ચતુષ્ટય’ની એકવાક્યતાના આધારે શ્રીવલ્લભાચાર્યજીએ પોતાની આગવી વિચારધારા ‘શુદ્ધાદ્વૈત વેદાંત’ના પ્રતિપાદન દ્વારા પુષ્ટિભક્તિ માર્ગનું વ્યવહારિક જીવન દર્શન જગત સમક્ષ પ્રસ્તુત કર્યું છે. મનુષ્ય નિપેક્ષભાવે ગૃહસ્થાશ્રમનું પાલન કરતાં પોતાના જીવનમાં કૃષ્ણને કેન્દ્રસ્થાને રાખી, કૃષ્ણને જ પોતાના જીવન વ્યવહારોનું તાત્પર્ય બનાવે તો તે પરમ તત્વને જાણવાનું, પામવાનું અને માણવાનું પરમ સૌભાગ્ય અચુક મેળવી શકે છે.

તેમજ સત્ તત્ત્વને આત્મસાત્ કરવા, તેના આનુભાવિક દ્રષ્ટિકોણ ઉપર વિશેષ ભાર મૂકે છે. અંગ્રેજી શબ્દ '**PHILOSOPHY**'નો અર્થ ડહાપણ (અર્થાત્ જ્ઞાન) માટેનો પ્રેમ એવો થાય છે, જે મનુષ્યને પોતાના વિશે અને પોતાની આસપાસના જગત વિશે જાણવા-સમજવા માટે સાહજીક રૂપે પ્રેરે છે. આને કારણે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં અધ્યાત્મ શાસ્ત્ર, જ્ઞાન મિમાંસા, તર્ક શાસ્ત્ર. નીતિ શાસ્ત્ર. મનોવિજ્ઞાન, ઈત્યાદિનો વિકાસ થયો છે, જ્યારે ભારતીય તત્ત્વજ્ઞાન પરમ તત્ત્વ વિશેનું આધ્યાત્મિક ચિંતન તેમજ જીવ, જગત આત્મા, મોક્ષ ઈત્યાદિ બાબતોને તત્ત્વદર્શીય દ્રષ્ટિકોણથી નિહાળવાનો પ્રયાસ કરે છે અને માટે જ તેને 'દર્શન' કહેવામાં આવે છે. દર્શનનો અર્થ દ્રષ્ટિ અને તેનું સાધન એ બન્ને અર્થમાં સમજવામાં આવે છે. 'દર્શન' એટલે 'તત્ત્વનો સાક્ષાત્કાર' એવો અર્થ પણ કરવામાં આવે છે. આત્મદર્શનમાં 'દ્રષ્ટા' અને 'દશ્ય' બન્ને સમાવિષ્ટ છે. કેન ઉપનિષદમાં કહ્યું છે - **'યન્મનસા ન મનુતે યેનાહુર્મનો મતમ્, તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ નેદં યદિદમુપાસતે'** અર્થાત્ મન વડે જેને વિચારી નથી શકાતા, પણ જેના વડે મન વિચારી શકે છે તેને જ તું બ્રહ્મ જાણ. ઉપનિષદો ભારતીય તત્ત્વજ્ઞાનનો કેવળ પાયો જ નથી, જે આપણને આધ્યાત્મિક ચિંતન તરફ દોરી જાય, પરંતુ તે 'પરમ સત્ય'ને સમજવા અને તેની અનુભૂતિ કરાવવાનું સક્ષમ માધ્યમ છે.

'સત્ય'ના સાક્ષાત્કારના ત્રણ તબક્કાઓ હોય છે, (૧) શ્રદ્ધા અથવા વિશ્વાસ, (૨) સમજણ અને (૩) સાક્ષત્કાર. પ્રથમ સ્તરોમાં શાસ્ત્રોના વિધાનોમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવી આવશ્યક છે. વેદાદિ ગ્રંથોમાંનું આલેખન ભગવદ્ વાણી હોઈ તે સ્વયં સિદ્ધ વિધાન છે. તેમાં તર્ક કે શંકા વગર વિશ્વાસ મૂકવો આવશ્યક છે. જેમ ગણિતમાં ત્રિકોણના ત્રણ ખુણાનો સરવાળો ૧૮૦ ડિગ્રી થાય, એ વિધાન પૂરવાર કરવાની આવશ્યકતા ન હોય પરંતુ ગણિતના અન્ય પ્રશ્નો આ વિધાનને આધારે હલ કરવામાં આવે છે. બીજા સ્તરે આ વિધાનોને યથાર્થરૂપે સમજી લેવા જરૂરી છે. અલૌકિક બાબતો કે સિદ્ધાંતો વિશે તર્ક-વિતર્ક ન હોઈ શકે કારણ કે તે જ્ઞાન બુદ્ધિના દાયરાની બહારનું હોય છે અને અંતે

જેમ વિવિધ દર્શનોમાં બતાવવાં આવ્યું છે તદનુસાર તે 'પરમતત્વ'ને પામવાનો તબક્કો છે. જે અંતિમ ફલ છે.

ન્યાય શાસ્ત્ર એ ભારતીય ષડદર્શનોમાનું એક દર્શન છે જેમાં જ્ઞાન મીમાંસાની ચર્ચા કરવામાં આવી છે. આપણી ચેતનામાં યથાર્થ જ્ઞાનનો ઉદ્‌ભવ કઈ રીતે થાય છે તે આ દર્શન સમજાવે છે. 'સત્ય'ના પ્રકાશ માટે યથાર્થ જ્ઞાન, જેને 'પ્રમા' કહેવામાં આવે છે, તે થવું આવશ્યક છે. પ્રમાના સાધનરૂપે 'પ્રમાણો'ની ચર્ચા ન્યાય દર્શનમાં કરવામાં આવી છે. તેના મુખ્યત્વે ચાર પ્રકારો બતાવવામાં આવ્યા છે. (૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) અનુમાન પ્રમાણ (૩) ઉપમાન પ્રમાણ અને (૪) શબ્દ પ્રમાણ. વિવિધ દર્શનો પોતાના સિદ્ધાંતોના પ્રતિપાદન માટે આમાનાં એક અથવા વધુ પ્રમાણોનો સ્વીકાર કરે છે. આપણી જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતી પ્રત્યક્ષ અનુભૂતિને આધારે આપણને કોઈ વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે, તેને 'પ્રત્યક્ષ પ્રમાણ' કહેવાય છે. તે જ પ્રમાણે અગાઉ કોઈ એક વસ્તુના જ્ઞાનના આધારે અન્ય વસ્તુના થતા જ્ઞાન વિષયક પ્રમાણોને 'અનુમાન' કે 'ઉપમાન' પ્રમાણ કહેવાય છે. કોઈ વિશ્વસનીય મહાનુભાવની વાણી અથવા ઈશ્વરીય વાણી 'આપ્તવાક્ય' કહેવાય છે જેનો પ્રમાણ રુપે સ્વીકાર કરવામાં આવે છે. તેને 'શબ્દપ્રમાણ' કહેવાય છે. 'આત્મા' 'બ્રહ્મ' ઈત્યાદિ બાબતોને પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી સિદ્ધ કરી શકાય નહીં કે સમજાવી શકાય નહીં, ત્યાં 'શબ્દ' ઉપયોગી બને છે. 'બ્રહ્મ' જેવા અલૌકિક તત્વને સમજવા 'શબ્દ પ્રમાણ' જ ઉપયુક્ત ગણાય અને તેથી જ શ્રી વલ્લભાચાર્યજી પોતાના નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણમાં આ વિષયક ખુલાસો કરતાં કહે છે : **'વેદાઃ શ્રી કૃષ્ણ વાક્યાનિ વ્યાસ સૂત્રાણિ ચૈવહિ, સમાધિ ભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્'** અર્થાત્ શ્રી મહાપ્રભુજીએ પોતાના સિદ્ધાંતોના પ્રતિપાદન માટે ચાર શાસ્ત્રો વેદો, બ્રહ્મસૂત્રો, ગીતા અને શ્રીમદ્ ભાગવતને 'શબ્દ પ્રમાણ'રૂપે સ્વીકાર્યા છે.

આપણે જાણીએ છીએ કે અનાદિ કાળથી આ સૃષ્ટિનો વિકાસ થયો રહ્યો છે. જગતની

ઉત્પત્તિ અને વિકાસ વિશે અનેક મનિષિઓએ વિવિધ સિદ્ધાંતો દર્શાવ્યા છે અને તેનું આલેખન કર્યું છે. આપણાં મુખ્ય શાસ્ત્રો અઢાર કહેવાય છે. ચાર વેદ, ચાર ઉપવેદ, છ વેદાંગો, ધર્મશાસ્ત્ર, ન્યાય, મીમાંસા અને પુરાણો. આ ઉપરાંત અગણિત ઉપશાસ્ત્રો તેના ભાષ્ય, ટીકાઓ ઈત્યાદિ રચાયા છે. પાશ્ચાત્ય તત્વજ્ઞાન વિષયક પણ અનેક વિચારધારાઓ અનેક શાસ્ત્રો ઉપલબ્ધ છે. જ્ઞાનના આ મહાસાગરમાં અનેક જન્મો પર્યંત ગોતા લગાવીએ તો પણ પરમ સત્યને શોધવું એ મનુષ્ય માટે ઘાસના ઢગલામાં ઝીણી સોંય શોધવાથી પણ મુશ્કેલ કામ છે.

તો શું કરવું ? આનો ઉપાય શું ? આ એક પ્રાણ પ્રશ્ન છે.

આપણને ખ્યાલ છે કે હોકાયંત્ર (મેગ્નેટીક કંપાસ) વગર દિશાઓ જાણવી દુષ્કર છે. કોઈ ગંતવ્ય સ્થાને પહોંચવા યોગ્ય અને વિશ્વસનીય માર્ગદર્શકની, ભોમિયાની આવશ્યક્તા હોય છે. જીવનમાં સાચો રાહ દેખાડનાર સુયોગ્ય પથપ્રદર્શક હોવો જરૂરી છે. આવા મિત્ર, તત્વજ્ઞાની અને પથ પ્રદર્શકને (Friend, philosopher and guide) 'ગુરુ' કહેવામાં આવે છે. ગુરુ પોતાના જ્ઞાન, પરિપક્વ વિચારો અને આચરણ દ્વારા પોતાના શિષ્યો-અનુયાયીઓને જીવનનું અંતિમ લક્ષ પામવા માટે પવિત્ર અને દિવ્ય રસ્તે દોરી જાય છે. ગુરુ અથવા આચાર્યની વ્યાખ્યા કરવામાં આવી છે કે **'આચરતિ આચરયતિ ચ ઈતિ આચાર્ય'** અર્થાત્ જે પોતાના સિદ્ધાંત મુજબનું આચરણ સ્વયંના જીવનમાં કરતાં હોય અને શિષ્ય પાસે કરાવે તેને 'આચાર્ય' કહેવાય. આવા ગુરુના મન, વચન અને કર્મમાં એકરૂપતા હોય છે. પરમ સત્યને સમજવા અને પામવા માટે વિવિધ શાસ્ત્રોનું દોહન કરી આપણને યોગ્ય માર્ગે લઈ જાય તેવા ગુરુ હોવા આવશ્યક છે. કેવી વ્યક્તિ ગુરુ કરવા લાયક હોઈ શકે તે સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજીએ નિબંધના સર્વ નિર્ણય પ્રકરણમાં કહ્યું છે કે તે કૃષ્ણસેવા પરાયણ, શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થનો જાણકાર અને દંભ ઈત્યાદિ દુર્ગુણો રહિત પુરુષ હોવો જોઈએ.

આપણા પવિત્ર ગ્રંથ ભાગવતમાં ભગવાનના વિવિધ અવતારોના ભૂતલ ઉપર પ્રાદુર્ભાવ

થવાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ અવતારોમાંના કેટલાંક અંશ કલા યુક્ત અંશાવતાર છે. કેટલાંક ‘ગુણાવતાર’ છે તો કેટલાક વિશિષ્ટ કારણોસર અવતાર ધારણ કરેલાં ‘લીલાવતાર’ છે. તેમાં કહ્યું છે કે **‘એતે ચાંશ કલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં’** અર્થાત્ અન્ય અવતારો આંશિક રૂપ - ગુણો યુક્ત છે, પરંતુ ‘ભગવાન શ્રી કૃષ્ણ’એ પરબ્રહ્મ પરમાત્મા સ્વયંનો અવતાર છે, અર્થાત્ શ્રીકૃષ્ણ અવતારી છે.

આમ ભૂતલ ઉપર વખતો વખત અલગ અલગ સમાજના મનુષ્યોના ઉત્કર્ષ હેતુ અનેક મહાપુરુષો અવતરીત થતાં રહેલ છે. ‘ઈસુ ખ્રિસ્ત’ જેમણે ‘બાઈબલ’ના રૂપે ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ આપ્યો તે ભગવાનના પુત્રરૂપે જન્મ્યા હોવાનું કહેવાય છે. તો ‘મોહમ્મદ પયગમ્બર’ નામે ભગવાનના ફરિસ્તાના રુપમાં આવી ‘કુરાન’ દ્વારા ઈસ્લામિક ધર્મનો ઉપદેશ આપ્યો છે. આપણા દેશમાં થઈ ગયેલ વિવિધ આચાર્યો પણ ભગવાનના વિવિધ અવતારોના પૂનર્જન્મ રુપ અવતરીત થયા હોવાનું મનાય છે જેમ કે શ્રી શંકરાચાર્યને મહાદેવજીના, શ્રી રામાનુજાચાર્યજીને શેષજીનો અવતાર માનવામાં આવે છે. તદનુસાર મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીને પરમ તત્ત્વ શ્રીકૃષ્ણના ‘વદનાવતાર’ હોવાનું તેમના ૧૦૮ નામ વર્ણિત કરતાં શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં ‘શ્રીકૃષ્ણાસ્ય’ તરીકે બતાવવામાં આવ્યું છે. આમાંના પ્રત્યેક દિવ્ય વ્યક્તિત્વ ધરાવતાં મહાનુભાવો એ સાંસારિક મનુષ્યોને આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી ઉગારી તેમના જીવનનું ઉત્કર્ષ સધાય અને તેઓ ઈશ્વર સાક્ષાત્કાર કરી શકે તે હેતુથી વિવિધ નિષ્કર્ષો આપ્યા છે.

ભારતીય તત્ત્વદર્શીય વિચારધારાઓ મુજબ ઈશ્વરાનુભૂતિના મુખ્ય ત્રણ માર્ગો બતાવવામાં આવ્યા છે. (૧) કર્મમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ અને (૩) ભક્તિમાર્ગ. આ માર્ગોનું વિસ્તૃત વર્ણન ગીતા ભાગવત આદિ ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત વેદાદિ ગ્રંથોને પ્રસ્થાન અથવા પ્રમાણ માની તેના આધારે વિવિધ આચાર્યોએ ભિન્ન ભિન્ન વિચારધારાઓ પ્રતિપાદિત કરી છે. શ્રી શંકરાચાર્યે

‘કેવલાદ્વૈતવાદ’ શ્રી રામાનુજાચાર્યે ‘વિશિષ્ટાદ્વૈતવાદ’, શ્રી મદવાચાર્યે ‘દ્વૈતવાદ’ શ્રી નિમ્બાચાર્યે ‘દ્વૈતાદ્વૈતવાદ’ તેમજ શ્રી વલ્લભાચાર્યે ‘શુદ્ધાદ્વૈત વાદ’ પ્રસ્તુત કર્યો છે. શ્રી વલ્લભાચાર્યજી આચાર્યોની પરંપરાના અંતિમ આચાર્ય છે, જેમણે ઉપર કહેલાં ‘પ્રમાણ ચતુષ્ટય’ની એક વાક્યતાના આધારે પોતાની વિચારધારા ‘શુદ્ધાદ્વૈત વેદાંત’ના પ્રતિપાદન દ્વારા ‘પુષ્ટિ ભક્તિ માર્ગ’નું વ્યવહારિક દર્શન જગત સમક્ષ પ્રસ્તુત કર્યું છે. તદનુસાર સાધારણમાં સાધારણ મનુષ્ય પણ પોતાના જીવનમાં આચરણ કરી ભગવદાનુભૂતિ કરવા સક્ષમ બની શકે છે, જેના અનેક ઉદાહરણો ઈતિહાસમાં નોંધાયેલ છે.

શ્રી વલ્લભાચાર્યજી ભારતીય તત્ત્વદર્શનના ઉચ્ચતમ વિચારકોમાંના અગ્રગણ્ય આચાર્ય ગણાય છે. તેમણે ‘શુદ્ધાદ્વૈત’ અર્થાત્ માયાના આશ્રય રહિત શુદ્ધ એવા અદ્વૈતવાદનું પ્રતિપાદન કરી બ્રહ્મ અને જગતના અદ્વૈતને સિદ્ધ કરી બન્નેનું તાદાત્મ્ય પૂરવાર કર્યું છે. તેમણે શ્રી શંકરાચાર્યના માયાવાદની વિચારધારા ‘બ્રહ્મ સત્ય જગન્મિથ્યા’નું ખંડન કરી ‘શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ’ને પ્રસ્થાપિત કરી તેના અંતર્ગત પુષ્ટિભક્તિમાર્ગનો ઉચ્ચતમ માર્ગ માનવ કલ્યાણ માટે બતાવ્યો છે. તેમની આ વિચારધારા ભગવદ્ અનુગ્રહ દ્વારા ભગવદ્ પ્રાપ્તિની હોઈ તેને આપવામાં આવેલ ‘પુષ્ટિ ભક્તિ માર્ગ’ નામની સાર્થકતા છે.

ઉપરોક્ત વાસ્તવિક હકિકતો શ્રી વલ્લભાચાર્યજીને સદ્‌ગુરુ રુપે સ્વીકારવા માટે પૂરતાં કારણો પૂરા પાડે છે. આજના યુગની વિપરીત દેશ કાલ પરિસ્થિતિમાં કર્મ માર્ગ - જ્ઞાન માર્ગ કષ્ટ સાધ્ય બન્યા છે જેનું નિરુપણ શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના ‘કૃષ્ણાશ્રય’ ગ્રંથમાં કર્યું છે. ત્યારે તેમણે બતાવેલ પુષ્ટિ ભક્તિ માર્ગે ચાલી પરમ તત્ત્વ એવા ‘પૂર્ણ પુરુષોત્તમ’ને પામવાનો સરલત્તમ ઉપાય હોઈ શકે.

શ્રી વલ્લભાચાર્યજીએ તત્ત્વજ્ઞાાન સભર પોતાના સ્વતંત્ર ગ્રંથ નિબંધમાં સ્પષ્ટ કર્યું છે કે **‘વેદાન્તે ચ સ્મૃતૌ બ્રહ્મલિંગ ભાગવતે તથા બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે’** અર્થાત્ બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન એ એક જ ઈશ્વરના પર્યાયવાચી નામો છે. આને

જ પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓ 'પરમ સત્ય ULIMATE REALITY' ના નામે સંબોધે છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે 'કૃષ્ણ' નામ વેદો જેટલું જ સનાતન છે, પ્રાચીન છે. મહાભારત ઉપરાંત ઋગવેદમાં અને છાંદોગ્ય ઉપનિષદમાં 'કૃષ્ણ' નામ પ્રાપ્ત થાય છે. વેદોમાં તે વૈદિકઋષિના રૂપે કે ઉપનિષદમાં ઘોરા અંગિરાના શિષ્ય તરીકે વર્ણિત થયેલ છે, જ્યારે પાણિની એ કૃષ્ણને દિવ્યતાના સ્વરૂપે બતાવ્યા છે. પુરાણોમાં કૃષ્ણને કેવળ વિષ્ણુના અવતાર રપે જ નહીં પરંતુ 'પરબ્રહ્મ પૂર્ણાવતાર' 'પરબ્રહ્મ પરમાત્મા' રૂપે જ વર્ણવ્યા છે. શ્રી વલ્લભાચાર્યજી કૃષ્ણને રસ અથવા આનંદના ઘનીભૂત સ્વરૂપ તરીકે સ્વીકારે છે, કારણ કે પરમતત્ત્વ વિશે શ્રુતિ કહે છે. **'રસો વૈ સઃ'** સુબોધિનીમાં તેઓ કૃષ્ણ વિશે લખે છે - **'આનંદ માત્ર કરપાદ મુખેદરાદિ'** અર્થાત્ કૃષ્ણના હસ્ત, ચરણાર્વિંદ, મુખાર્વિંદ કે ઉદરમાં આનંદ અને કેવળ આનંદ જ વ્યાપ્ત છે. કૃષ્ણ એ કોઈ 'સામાન્ય નામ' નથી, પરંતુ ઉપનિષદોએ બ્રહ્મના સાકાર સ્વરૂપને **'કૃષ્ણ'** શબ્દથી ઓળખાવ્યું છે. કૃષ્ણ શબ્દમાં **'કૃષ્'** અને **'ણ'** એમ બે શબ્દો આવે છે. તેનો અર્થ થાય 'સર્વ શક્તિમાન અને સદાનંદ.' તેથી જ બ્રહ્મને કૃષ્ણ નામથી સંબોધાયા છે. તે જ સત્, ચિત્ અને આનંદ એમ ત્રણ તત્વો યુક્ત હોઈ **'સચ્ચિદાનંદ'** પણ કહેવાય છે. ઉપનિષદોમાં બ્રહ્મના જે ગુણોનું વર્ણન છે તે જ કૃષ્ણના ગુણો છે, અર્થાત્, બ્રહ્મ અને કૃષ્ણ બન્ને એક જ સ્વરૂપ હોઈ શ્રી વલ્લભાચાર્યજી કૃષ્ણને સર્વ શક્તિમાન સર્વ વ્યાપ્ત પરબ્રહ્મ પરમાત્મા તરીકે ઓળખાવે છે અને માટેજ તેમણે પોતાના ગ્રંથોમાં **'કૃષ્ણ સેવા સદા કાર્યા,' 'સર્વદા સર્વ ભોવન ભજનીયો વ્રજાધિપ'** ઈત્યાદિ આજ્ઞા કરી છે. તેથી જ પુષ્ટિભક્તિમાર્ગમાં કૃષ્ણ અને માત્ર કૃષ્ણની જ સેવા અને ભજનનો આગ્રહ સેવાય છે.

ભક્તિની વ્યાખ્યા કરતાં શ્રી વલ્લભાચાર્યજી નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં સમજાવે છે કે **'માહાત્મ્ય જ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢ સર્વતોધિક સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તઃ'** અર્થાત્ માહાત્મ્ય જ્ઞાન પૂર્વક ભગવાનમાં સુદૃઢ અને સૌથી વિશેષ સ્નેહ હોવો તેનું નામ ભક્તિ. શ્રી વલ્લભાચાર્યજી

પુષ્ટિભક્તિમાર્ગમાં ભગવાન પ્રત્યેના નિર્વ્યાજ - નિષ્કામ પ્રેમ ને અત્યાવશ્યક અંગ માને છે. અહીં પ્રેમ એ માત્ર આવેગ નહીં પરંતુ હૃદયની ઉર્મિ-લાગણી રસ પ્રવાહના અર્થમાં છે અને માટે જ તેઓ ભક્તિને 'રસ' ગણાવે છે. આથી જ ભગવદ્ લીલાનું રસાત્મક વર્ણન કરતો ગ્રંથ શ્રીમદ્ ભાગવત એ ભક્તિનો ગ્રંથ છે અને માટે જ વ્યાસજી એ ભગવદ્ રસના વારંવાર પાન કરવાનો અનુરોધ ભાગવતના મંગલાચરણમાં કર્યો છે.

આમ શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન ઉપનિષદ ઉપરાંત ગીતા, બ્રહ્મસૂત્રો અને ભાગવત આધારિત છે. તેની તેમણે પોતાના બે ભાષ્યો - અણુભાષ્ય (બ્રહ્મસૂત્રો પર) અને સુબોધિની (ભાગવતની વ્યાખ્યા)માં સુંદર છણાવટ કરી છે. તેઓ બ્રહ્મને જગતનું ઉપાદાન તેમજ નિમિત્ત કારણ પ્રતિપાદિત કરે છે અને બન્નેને અભિન્ન ગણાવે છે. અર્થાત્ બ્રહ્મ સ્વયં જ સ્વેચ્છાથી નિજ લીલા માટે જગત્ રુપ બન્યા છે. તેઓ જગતને બ્રહ્મનું 'અવિકૃત પરિણામ' કહે છે. જીવ ભગવાનનો અંશ છે. તે ભગવાનમાંથી છુટો પડેલો છે. તે ભગવાનનો દાસ છે, માટે ભગવાનની સંપૂર્ણ બીન શરતી શરણાગતિ સ્વીકારી સર્વ સમર્પણ કરી પ્રેમપૂર્વક કૃષ્ણ સેવા કરવી તે જીવનું પરમ કર્તવ્ય છે. નિસ્વાર્થ ભાવે સહજ કર્તવ્ય સમજી સ્નેહયુક્ત શ્રીકૃષ્ણની સેવા થતે તે ભગવદ્ અનુગ્રહ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બની શકે છે. શ્રુતિ કહે છે - **'નાયમાત્મા પ્રવચનેન લભ્ય, ન મેધયા, ન બહુનાશ્રુતેન, યમેવૈષ વૃણુતે તેન લભ્ય.'** અર્થાત્ ભગવાન પ્રવચનોથી બુદ્ધિથી કે માત્ર કથાઓ સાંભળવાથી નથી મળતાં પરંતુ તેઓ જેના ઉપર કૃપા કરે તેને તે પ્રાપ્ત થાય છે. આજ છે પુષ્ટિમાર્ગની આધારશિલા.

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના તત્ત્વદર્શન દ્વારા મનુષ્યને એક વિશિષ્ટ જીવનદર્શન આપ્યું છે. તેના દ્વારા તે ગૃહસ્થાશ્રમનું નિર્પેક્ષ ભાવે પાલન કરતાં પોતના જીવનમાં કૃષ્ણને કેન્દ્રસ્થાને રાખી કૃષ્ણને જ પોતાના જીવન વ્યવહારોનું તાત્પર્ય બનાવે તો તે પરમ તત્વને જાણવાનું, પામવાનું અને માણવાનું પરમ સૌભાગ્ય અચુક મેળવી શકે છે.

* * *

અનુગ્રહ

પુષ્ટિ-વાર્તા સાહિત્યમાં એક પ્રસંગ આવે છે. **'અબ શ્રી આચાર્યજી મહાપ્રભુ ભૂતલમેં પ્રકટ ભયે. દૈવી જીવન કે ઉધ્ધારાર્થ, સો દૈવી જીવન કો ભગવાન તે બિછુરે બોહોત કાલ ભયો હૈ. વાસોં ગદ્ય કે શ્લોક મેં શ્રી આચાર્યજી મહાપ્રભુ કહે હૈ ''સહસ્ત્ર પરિવત્સર'' સો (તબ) શ્રીઠાકોરજી કો લીલા મેં દયા ઉપજી. તબ શ્રી આચાર્યજી મહાપ્રભુ કો આજ્ઞા દીનો. જો તુમ ભૂતલ મેં પધારો ઔર દૈવી જીવન કો ઉધ્ધાર કરો.'**

અહીં એક વાક્ય અતિ મહત્વનું છે. 'શ્રી ઠાકોરજી કો દયા ઉપજી.' ભગવાનને દયા એટલે કે કરુણા ઉત્પન્ન થઈ. જેનામાં કૃપા અથવા અનુગ્રહ કરવાની સહજવૃત્તિ હોય તેને દયા કે કરુણા ઉપજે, અર્થાત્ અનુગ્રહના પાયામાં 'દયા' રહેલી છે. આ દયાને કારણે ભગવાન કૃપા કરે છે. મનુષ્ય સ્વભાવમાં પણ આ વાત સહજ વર્તાઈ આવે છે. આપણને કોઈના ઉપર દયા આવે એટલે આપણે તેના ઉપર કૃપા કરીએ છીએ.

કૃપાનો પર્યાયવાચી શબ્દ છે 'અનુગ્રહ' તેમાં બે શબ્દો છે. અનુ + ગ્રહ. અનુ = પાછળ, ગ્રહ = સ્વીકારવું. જેનો સ્વીકાર કર્યો હોય તેની પાછળ પાછળ ચાલી તેનું રક્ષણ કરવું તેનું નામ 'અનુગ્રહ.'

ભગવાનનો અર્થ પણ 'ભગ વાળા' અર્થાત્ જેમનાંમાં 'ભગ' એટલે 'ષડ ધર્મો' રહેલા છે તે. ભગવાન ઐશ્વર્ય વીર્ય, યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એવા છ ધર્મોવાળા છે. માટે તેમને 'ભગવાન' કહેવાય છે. ભગવાનમાં અસંખ્ય ધર્મો રહેલા છે. તેમાં સૌથી મુખ્ય ધર્મ છે 'કૃપા' કૃપા એ ભગવાનની વિશિષ્ટ શક્તિ છે. અથવા એમ કહેવાય કે કૃપા કરવી એ ભગવાનનો સહજ સ્વભાવ છે અને એટલે જ તેઓ હંમેશા કૃપા કરવા તત્પર હોય છે. માટે

કાળ, કર્મ અને સ્વભાવની અસરોમાંથી મુક્ત કરનાર પુષ્ટિ એટલે અનુગ્રહ. આ ભગવાનનો વિશેષ વીર્યરૂપ ધર્મ છે.



પુષ્ટિમાર્ગમાં પ્રભુને 'પુષ્ટિસ્થ' કહ્યા છે.

પુષ્ટિસ્થ એવા પ્રભુને પૃથ્વી ઉપરના જીવો ઉપર દયા આવી ત્યારે તેમના ઉપર કૃપા કરવા પોતાના મુખાર્વિંદ સ્વરુપ શ્રી વલ્લભને આ જીવોનો અંગીકાર કરવા ભૂતલ ઉપર મોકલ્યા. પોતે પણ શ્રી ગોવર્ધનનાથજીના સ્વરુપે પૃથ્વી ઉપર પ્રગટ થયાં. આમ શ્રી ગોવર્ધનનાથજી સ્વામી સ્વરુપે અને શ્રીમદાચાર્યચરણ સેવક સ્વરુપે એટલા માટે પ્રગટ થયા કે સેવા માર્ગ પ્રગટ કરવો હતો. ઉભય સ્વામીસેવક ભાવની સેવા દ્વારા પ્રભુએ અનુગ્રહ પ્રકટ કર્યો અને જીવોનો ઉદ્ધાર કર્યો.

પુષ્ટિમાર્ગની આ વિશેષતા છે. પ્રભુ સ્વયં જીવ ઉપર કૃપા કરવા સામે ચાલીને આવે. માટે કહેવાયું છે **'પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ નિયામક છે.'** મર્યાદા ભક્તિમાં જીવે પ્રભુને મેળવવા પોતે વેદ પ્રતિપાદિત સાધનોનો આશ્રય લેવો પડે છે. જપ-તપ, દાન, તીર્થયાત્રા ઈત્યાદિ માધ્યમો દ્વારા જીવ જ્યારે પ્રભુની ભક્તિમાં જોડાય છે ત્યારે કાળક્રમે તેની ભક્તિ સિદ્ધ થવાથી તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આમાં ભગવાનનું કાંઈ કર્તુત્વ હોતું નથી, પરંતુ જીવનું સ્વયંનું હોય છે. જેમ એક વાંદરી જ્યારે પોતાના બચ્ચાંને લઈ એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર કુદે છે ત્યારે બચ્ચું વાંદરીને પકડી રાખે છે. વાંદરીનો બચ્ચાંને સાચવવા માટેનો કોઈ યત્ન હોતો નથી. 'મર્યાદા ભક્તિ' આ પ્રકારની હોય છે. જો જીવ પોતાનું સાધન છોડે તો તે ભગવાનથી વિમુખ થઈ જાય છે.

પરંતુ પુષ્ટિ ભક્તિ વિલક્ષણ છે. અહીં ભગવાન સામે ચાલી જીવ ઉપર કૃપાનું દાન કરે છે અને પોતાની ભક્તિ આપે છે. ભક્તના રક્ષણની જવાબદારી સ્વયં પ્રભુ ઉપાડે છે. જેમ એક બિલાડી પોતાના બચ્ચાંને મોંએથી ઉપાડી એક સ્થાનથી બીજા સ્થાને જાય છે ત્યારે બચ્ચાંનો કોઈ પ્રયત્ન હોતો નથી. પરંતુ બિલાડી જે તીક્ષ્ણ દાંતથી શિકારનું ભક્ષણ કરે છે, તે જ દાંત વડે કાળજીપૂર્વક બચ્ચાંને ઉપાડી સ્થળાંતર કરાવે છે. પ્રભુનું કાર્ય આ બિલાડી જેવું છે. એક વખત તેમણે જીવ ઉપર કૃપા કરવાનું વિચાર્યું, પછી તેના રક્ષણની સંપૂર્ણ જવાબદારી પ્રભુ પોતે ઉપાડી લે છે. જીવે તો નિશ્ચિંત થઈ વિશ્વાસ રાખવાનો

હોય છે કે પ્રભુ ચોક્કસ તેનું રક્ષણ કરશે જ. આ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે. 'અનુગ્રહ માર્ગ'નું આ લક્ષણ છે. મર્યાદા માર્ગમાં જીવે ભગવાનની પ્રકૃતિને અનુરૂપ શુદ્ધ થઈ ને ભગવાન પાસે જવું પડે છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં જીવની પ્રકૃતિને અનુરૂપ બની તેનો અંગીકાર કરવા ભગવાન પોતે પ્રયત્નશીલ બને છે.

શ્રી મહાપ્રભુજીએ નિબંધ ગ્રંથમાં પ્રભુના અનુગ્રહનું સ્વરૂપ આ રીતે સમજાવ્યું છે. **પુષ્ટિ કાલાદિ બાધિકા કાલાદી નિવર્તકો, અનુગ્રહા પરાનામા વીર્ય વિશેષ રૂપો ભગવદ્ ધર્મઃ .** અર્થાત્ કાલ, કર્મ અને સ્વભાવની અસરોમાંથી મુક્ત કરનાર પુષ્ટિ એટલે 'અનુગ્રહ.' ભગવાનનો આ વિશેષ વીર્ય (પરાક્રમ) રૂપ ધર્મ છે. ભગવાન નિત્ય છે માટે તેમનો આ ધર્મ પણ નિત્ય છે. કાલ, કર્મ અને સ્વભાવ એ ત્રણેય તત્વો અજય છે. તેમના ઉપર કોઈ કાબુ મેળવી શકતું નથી અથવા તેની ઉપર જઈ શકતું નથી. પરંતુ જ્યારે જેમના ઉપર ભગવાનના અનુગ્રહની વૃષ્ટિ થાય ત્યારે તેમને આ ત્રણેય તત્વો બાધક બની શકતાં નથી. જે તત્વો મૂળરૂપે ભગવાનની પ્રાપ્તિમાં બાધક છે તે ભગવાનની કૃપાથી અનુકૂળ થઈ જાય છે. આમ ભગવાનની કૃપા જીવને અલૌકિક સામર્થવાન બનાવનારી છે.

ભગવાન જ્યારે જીવ ઉપર અનુગ્રહ કરવા તત્પર બને છે ત્યારે તેમની છ વિવિધ અવસ્થાઓ શાસ્ત્રોએ બતાવી છે. (૧) રક્ષા (૨) કૃપા (૩) પ્રવેશ (૪) અભિવૃદ્ધિ (૫) સ્થિતિ અને (૬) આશ્રય.

(૧) રક્ષા : ભગવાન ઈચ્છે ત્યારે પોતાના ભક્તોની તેઓ અલૌકિક રીતે રક્ષા કરે છે. આના અનેક ઉદાહરણો આપણને પુરાણોમાં પ્રાપ્ત થાય છે. સાધારણ રીતે સંભવ ન હોવા છતાં પ્રભુ દ્વારા રક્ષા થતી હોય તેવી કેટલીય હકીકતો આપણે જોઈએ છીએ.

(૨) કૃપા : આ ભગવાનની મુખ્ય શક્તિ છે. જેમનામાં આ શક્તિ પ્રવેશ કરે છે તે કાળ કર્મ અને સ્વભાવનું ઉલ્લંઘન કરી શકે છે.

(૩) પ્રવેશ : કોઈ વિશિષ્ટ કાર્ય કરવા માટે ભગવાન જગતના જડ-ચેતન પદાર્થોમાં પ્રવેશ કરે છે.

નૃસિંહ ભગવાનનો થાંભલામાં પ્રવેશ એ આ બાબતનું ઉદાહરણ છે.

(૪) અભિવૃદ્ધિ : અનેક વખતે આપણે અનુભવીએ છીએ કે મહાપ્રસાદ સૌને પહોંચે છે. તે ક્યારેય ઘટતો નથી. ભગવાનની કૃપાથી ભક્ત પાસે રહેલ પદાર્થો આપોઆપ વધી જાય છે.

(૫) સ્થિતિ : ભગવાનની ત્રણ પ્રકારની લીલાઓ ૧. પોષણ, ૨. ઉતિ અને ૩. મન્વંતરનો શ્રીમદ્ ભાગવતજીમાં ઉલ્લેખ છે. પોષણ એટલે ભગવાન દ્વારા ભક્તનું પોષણ. ઉતિ એટલે ત્રણ પ્રકારની ભગવત્ સંબંધી વાસનાઓનું સ્વરુપ ભાવાત્મક થવાથી ભક્તોનો ભાવ સિદ્ધ થાય છે અને મન્વંતર એટલે ભગવત કાર્યો કરવા માટેનો સુયોગ્ય સમય પ્રાપ્ત થવો અને તેનું નામ જ અનુગ્રહ.

(૬) આશ્રય : ભગવાન સ્વંયં જ જીવના આશ્રયરુપ બને તેવો અનુગ્રહ.

આમ શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાનના અનુગ્રહથી જ જગતનાં જન્મ, સ્થિતિ અને સંહાર રુપી જે સર્વ વ્યવહારો ચાલી રહ્યા છે તે ભગવાનની 'પુષ્ટિ લીલા' છે.

પુષ્ટિમાર્ગમાં પુષ્ટિ જીવો ઉપર કૃપા કરવા ભગવાનની કૃપાશક્તિના બે સ્વરૂપે બિરાજે છે. (૧) શ્રી યમુનાજી (૨) શ્રી મહાપ્રભુજી. માટે ભગવદ્ અનુગ્રહ પ્રાપ્ત કરવા પ્રત્યેક જીવે શ્રી યમુનાજી અને શ્રી મહાપ્રભુજીમાં અટલ વિશ્વાસ રાખી તેમને દઢભાવે ભજવા જોઈએ.

* * *

'सदानंदरुपो (कृष्णः) भगवान स्वयमेव
पुरुषार्थ रुपो न ज्ञानादि साधन मपेक्षते ।'

અર્થાત્ સદાનંદ (કૃષ્ણ) રુપ ભગવાન પોતે જ પુરુષાર્થ રૂપ હોઈ જ્ઞાન વિગેરે સાધનની અપેક્ષા રાખતા નથી.

(સુબોધિની--૨.૫.૪.)



'પ્રમેય'નો પ્રભાવ

શ્રી હરિરાયજીના સેવક એક દંપતિ. પાક્કાં મરજાદી. ખુબ ભાવપૂર્વક શ્રી ઠાકોરજીની સેવા કરે. તેમનું જીવન સંપૂર્ણપણે પ્રભુમય હતું. સંપ્રદાયની મેંડ-મર્યાદાનું આગ્રહપૂર્વક પાલન કરે અને પોતાના સામર્થ્ય મુજબ શ્રીપ્રભુને લાડ લડાવે.

તેમને બે દિકરા. દુનિયાના બહિરંગ વાતાવરણથી પૂરા રંગાયેલા. સંપૂર્ણપણે નાસ્તિક વિચારશરણીથી ઓતપ્રોત. માતાપિતા દ્વારા કરાતી ભગવદ્ સેવાને તેઓ ઢકોસલા માને, તેમની ઠેકડી ઉડાડે. ભગવદ્ સ્વરૂપને રમકડું માને અને માતાપિતાને ટોકે કે 'શું આ નાના છોકરાંની માફક આ મૂર્તિની રમત રમો છો ? આમ ગાંડાની માફક રાગડા તાણી કીર્તન ગાઓ છો તે શું તમારા આ રમકડાના ભગવાન સાંભળે છે ? અમને તો તમારું ચિત્તભ્રમ થઈ ગયું હોય તેમ લાગે છે.'

વિવેકભ્રષ્ટ થઈ ગયેલ પુત્રોની આવી અપમાનજનક વાતો સાંભળી માતાપિતા વ્યથિત થઈ જતાં. ક્યારેક તેમને સમજાવવા જાય તો તેમનાથી વધુ અપમાનિત થવાની સ્થિતિ આવતી. અનન્ય ભગવદ્ ભક્તિના કારણે આવી પરિસ્થિતિ તેઓ મુંગે મોંઢે સહન કર્યે જતાં. પૂર્વજન્મોના કોંઈક ઋણાનુંબંધનના કારણે પોતાને ત્યાં પુત્રરૂપે તેઓ જન્મ્યા હશે, એમ માની ધૈર્ય રાખી બધુ સહન કર્યા વગર છુટકો જ ન હતો. શ્રી મહાપ્રભુજીની વાણીમાં અટલ વિશ્વાસ એટલે આપશ્રીના વચનો યાદ કરી ચિત્તને એકાગ્ર કરી ભગવદ્ સેવામાં અનન્ય ભાવથી પ્રવૃત્ત રહેતાં.

ભગવદ્ ભક્તો પોતાની હયાતિ બાદ પોતાની ભૌતિક સંપત્તિની વ્યવસ્થા પોતાના સંતાનો કેવી કરશે તેની ચિંતા કરતાં નથી હોતાં, પંરતુ પોતાના શ્રી ઠાકોરજીની સેવા અવિરત રહે તેવું જરૂર ઈચ્છતાં હોય છે. પોતાના સંતાનો સંસ્કારી

> પરમાત્મા ખુબ જ દયાળું છે. પોતાના ભકતનું દુઃખ તેઓ સહન કરી શકતો નથી. પુષ્ટિમાર્ગ તો કૃપામાર્ગ છે. પ્રભુ જેના ઉપર કૃપા કરવા વિચારે તેના સાધનનો વિચાર કરતાં જ નથી અને આપ સ્વયં સિદ્ધરૂપ બની જાય છે.

બને, ભગવદ્ સેવા ચાલુ રહે, પોતાની મેંડ મર્યાદા જળવાઈ રહે, તેવી આકાંક્ષા તેઓ રાખે છે. પરંતુ દૈવયોગથી જો આવી નાસ્તિક સંતતી પાકી હોય તો આ બધું કેમ સંભવે તેવો વસવસો પણ તેમના મનમાં રહ્યા કરતો હોય છે.

કાળક્રમે માતા આવા વિચારોને મનમાં લઈને જ અફસોસ કરતી એક દિવસ પ્રભુના ચરણાર્વિંદમાં પહોંચી ગઈ. લૌકિક સંબંધના કારણે પુત્રોને માતાના વિયોગનું દુઃખ તો થયું. વિશેષતઃ એટલા માટે કે માતા દ્વારા તેઓના ઉદર પોષણની વ્યવસ્થા થતી હતી. હજુ તેઓના લગ્ન થયા ન હતાં.

બાળપણમાં જ બન્ને પુત્રોનું બ્રહ્મસંબંધ તો કરાવેલું પરંતુ તેઓને તે યાદ ન હતું.

હવે પિતા એકલા જ સેવામાં પહોંચે. સેવામાં સહાયક પત્ની ન રહેતાં પ્રભુને શ્રમ પડી રહ્યો છે, તે વાતનું તેમને દુઃખ રહેતું. પત્નીની માફક તેમને પણ હવે પોતાના શ્રી ઠાકોરજીની સેવા વિશે ચિંતા સતાવવા લાગી હતી. તેઓ વિચારતાં કે જીવત પર્યંત અમે અમારા શ્રી ઠાકોરજીને જે ભાવપૂર્વક લાડ લડાવ્યા છે અને તેનું અલૌકિક સુખ માણ્યું છે, અમારું સર્વસ્વ સમજી અમે શ્રીપ્રભુની સેવા કરી છે અને તેઓ અમારે માથે બિરાજ્યા છે અમારા પ્રભુનું અમારી ગેરહાજરીમાં શું થશે ? આખા બ્રહ્માંડની ચિંતા કરનારાની ચિંતા કરનારા આપણે કોણ ? આ સત્યને જાણવા છતાં પોતાના શ્રી ઠાકોરજી સાથેનો જીવનભરનો અનન્ય નાતો બંધાઈ જતો હોય છે ત્યારે આવી ચિંતા ભગવદીયને થાય તે સ્વાભાવિક છે.

પિતાનો અંતિમ સમય નજીક આવી રહ્યો છે તેમ તેમનું મન વધુ ને વધુ ચિંતાતુર બનતું જાય છે. તેઓ જાણે છે કે પોતાના પુત્રોમાં દૈવી અંશ જરૂર છે, કારણ કે તેઓનું બ્રહ્મસંબંધ થયું છે. પરંતુ દુઃસંગને કારણે હાલ તેઓ નાસ્તિક બની ગયા છે. પોતાને થતી ચિંતા પાછળ પ્રભુનો શું સંકેત હોઈ શકે તે તેઓ જાણતા નથી.



પરમાત્મા ખુબ જ દયાલુ છે. પોતાના ભક્તનું દુઃખ તેઓ સહન કરી શકતાં નથી. પિતાની અતિ ચિંતાતુર ઉત્તરાવસ્થા જોઈ બન્ને પુત્રોએ પૂછ્યું : 'તમે શેની આટલી ચિંતા કરી રહ્યા છો તે અમને કહો. અમે તમારી જે પણ ઈચ્છા હશે તે પૂર્ણ કરીશું.'

પુત્રોના આવા આશ્વાસનયુક્ત વચનો સાંભળી પિતાને થોડીક શાંતિ થઈ. પણ પુત્રોની મનોભાવના જાણતા હોવાથી પોતાના શ્રી ઠાકોરજીની વિશેની ચિંતા બાબત તેમને કહેવાથી શું ફાયદો ? તેમ વિચારી પિતા વધુ ચિંતિત બન્યા. પુત્રોએ ફરી નિઃસંકોચ પણે પોતાની ઈચ્છા જણાવવા પિતાને આગ્રહ કરતાં તેમણે પુત્રોને કહ્યું કે 'મારી અપેક્ષા બહુ મોટી નથી. પરંતુ તમે તે પૂરી કરશો કે કેમ તે વિશે મને શંકા છે. માટે તમને તે હું કહી શકતો નથી.'

'આપ નિઃસંકોચ બનીને અમને આપની ઈચ્છા જણાવો, અમે પ્રાણના ભોગે તે પૂરી કરીશું.' પુત્રોએ દઢતાપૂર્વક કહ્યું.

પિતાએ ખુબ જ સંકોચ સાથે પુત્રોને જણાવ્યું : 'જુઓ, જેને તમે એક રમકડું માત્ર માનો છો તે મારા પ્રભુ છે, મારું સર્વસ્વ છે. મને વચન આપો કે હું કહું તેમ ખુબ જ સૂક્ષ્મરૂપે પણ તમે મારા શ્રી ઠાકોરજીની સેવા ચાલુ રાખશો.' વધુ ખુલાસો કરતાં તેમણે કહ્યું : 'તમારે વિશેષ કાંઈજ કરવાનું નથી. સવારે સ્નાન કરી ચરણામૃત લઈ તિલક કરી શ્રી ઠાકોરજીને એક કટોરી મીશ્રીનો ભોગ ધરજો અને પછી પોઢાડી દેજો. આમાં તમારો બહુ સમય નહીં જાય. તમને મારી વાતમાં શ્રદ્ધા હોય કે ન હોય પરંતુ જો મારી આટલી ઈચ્છાને પૂર્ણ કરવાનું વચન આપશો તો મારા આત્માને શાંતિ મળશે અને જે વ્યથા લઈને તમારી માતા પરલોક સિધાવી છે તેની આત્માને પણ શાંતિ મળશે.'

ભગવદ્ પ્રેરણાથી બન્ને પુત્રોએ પિતાની ઈચ્છાને પૂર્ણ કરવા વચન આપ્યું. રોજ પાંચ - દસ મિનિટનો સમય આપવાથી જો પિતા નિશ્ચિંત થતાં હોય તો તેમાં તેઓને કાંઈ અયોગ્ય લાગ્યું નહીં.

પુત્રોના વચનને કારણે પિતા થોડા સમય પછી શાંતિપૂર્વક ભગવદ્ ચરણવિંદને પ્રાપ્ત થયા.

પુષ્ટિમાર્ગ તો કૃપામાર્ગ છે. પ્રભુ જેના ઉપર કૃપા કરવા વિચારે તેના સાધનનો વિચાર કરતાં જ નથી અને આપ સ્વયં સિદ્ધિરુપ બની જાય છે. બન્ને પુત્રો માતા-પિતાની ઈચ્છા મુજબ ક્રિયાત્મક રુપે પ્રભુ સેવા કરે છે. તેમાં તેમને લેશમાત્ર પ્રેમ કે ભાવ નથી. સ્વરૂપને તેઓએ પ્રભુ માન્યા જ નથી. પિતાએ તિલક કરવાની આજ્ઞા કરેલી, એટલે સ્નાન કરી તિલક તો કરે પણ સેવા કર્યા પછી તરત ભૂંસી નાંખે, કારણ કે તેમાં તેમને જગહંસાઈ લાગતી.

એક દિવસની વાત છે. રોજની માફક સેવા કરી શ્રી ઠાકોરજીને પોઢાડી બન્ને ભાઈ બહાર કામે જવા તૈયાર થયા. ઉતાવળમાં તિલક ભૂંસવાનું ભૂલી ગયા. અચાનક તેમના કાનમાં કોઈનો મૃદુ અવાજ સંભળાયો. ‘અરે તમે તિલક ભૂંસવાનું તો ભૂલી ગયા, બહાર જાઓ છો તો મિત્રમંડળમાં તમારી હાંસી નહીં થાય ?’

‘કોનો હશે આવો સુમધુર સ્વર ?’ બન્ને ભાઈઓના પગ થંભી ગયા. આવા અલૌકિક શબ્દોથી તેઓ સંમોહિત થઈ ગયા. જાણે દેહભાન ભૂલી ગયા. એક ભાઈએ બીજા ભાઈને પૂછ્યું : ‘કોણ બોલ્યું આ ?’ અવાજ મંદિર તરફથી આવ્યો હતો. મનમાં થયું. ‘શું આ રમકડાના ભગવાન બોલે ખરા ?’ વિશ્વાસ જ નથી બેસતો. મંદિર તરફ દૃષ્ટિ કરી તો જેને માત્ર રમકડું સમજતાં હતાં તે પ્રભુના સ્વરૂપનાં મંદ હાસ્ય કરતાં દર્શન થયાં. જાણે કહી રહ્યા હોય : ‘હા હું જ બોલ્યો છું, તમારા માતા-પિતા મારા અનન્ય ભક્તો હતાં અને મને ખુબ જ પ્રિય હતાં. હવે તમે મારી સેવા કરો છો, એટલે તમારું હિત વિચારવું મારે માટે આવશ્યક છે. તમે તિલક ભૂંસવાનું ભુલી ગયા એટલે મારે કહેવું પડ્યું. તમે પણ મારા ભક્ત જ છો ને ?’

બન્ને ભાઈઓના ગાત્રો ઢીલા થઈ ગયા. ‘આ શું ચમત્કાર ? અત્યાર સુધી અમે જેનો તિરસ્કાર કર્યો છતાં અમારા જેવા દોષયુક્ત જીવો ઉપર પ્રભુની આવી અનુકંપા ! અમારા હિતનો આટલો ખ્યાલ. પ્રભુ તમારી આ શું લીલા છે ?’

હૃદયમાં ખુબ જ પશ્ચાતાપ થયો. બન્ને ભાઈઓ ટેરો ખોલી પ્રભુ આગળ નમી પડયા. એકદમ રડી પડયા. પ્રભુ અમને ક્ષમા કરો. અમે અજ્ઞાની તમારા સ્વરુપને ન ઓળખી શકયા. અમારા માતા-પિતાને પણ ખુબ દુભવ્યા.

આ અકારણ ભગવદ્ અનુગ્રહની ક્ષણ હતી. પુષ્ટિમાર્ગની આજ તો વિશેષતા છે. પ્રભુ પોતાના પ્રમેયનો પરિચય ક્યારે કરાવે કોઈ કહી શકતું નથી. બન્ને ભાઈઓનું સમસ્ત જીવન હવે બદલાઈ ગયું. માતા-પિતાની માફક સ્નેહપૂર્વક પ્રભુની સેવા અનન્ય ભાવથી તેઓ કરવા લાગ્યા.

બાહ્ય સમાજ તો હજી પણ તેમને નાસ્તિક જ માને છે. પરંતુ તેની તેઓને ચિંતા નથી. હૃદયના ભાવોને ગુપ્ત રાખી પોતાના પ્રભુને તેઓ ખુબ લાડ લડાવે છે અને આનંદમાં દિવસો પસાર કરે છે.

એક સમયની વાત છે. શ્રી હરિરાયજી તે ગામમાં પધાર્યા. બન્ને ભાઈઓને આપશ્રીનું બ્રહ્મસંબંધ હતું.



ગામના વૈષ્ણવો એ આપશ્રીનું ખુબ ભાવપૂર્વક સ્વાગત કર્યું. આપશ્રીએ આજ્ઞા કરી, 'મારે કોઈ તાદશી વૈષ્ણવને ત્યાં મુકામ કરવો છે. આ ગામમાં એવા કોઈ ભગવદીય છે ?'

તે ગામમાં વૈષ્ણવો તો અનેક હતાં. ભાવપૂર્વક ભગવદ્ સેવા પણ બધા કરતાં. પરંતુ કોણ પોતાની જાતને તાદશી ગણાવી શકે ? કોઈ તાદશી વૈષ્ણવનું ઘર બતાવી શકયું નહીં. એટલે આપશ્રીએ ફરી આજ્ઞા કરી કે 'કોઈ તાદસી વૈષ્ણવ ન હોય તો કાંઈ નહીં. પરંતુ કોઈ નાસ્તિકનું ઘર બતાવો, હું ત્યાં મુકામ કરીશ.'

આ સાંભળી કેટલાક વૈષ્ણવોએ પેલા બન્ને પુત્રો જે નાસ્તિક તરીકે જાણીતા હતાં તે વિશે આપશ્રીને જણાવ્યું. 'આ ભાઈઓના માતાપિતા ભગવદીય હતાં. પરંતુ બન્ને પુત્રો નાસ્તિક છે. પોતે પ્રભુની સેવા પણ નથી કરતાં અને તેમને ક્યાંય પધરાવતાં પણ નથી. આપ તેમને ત્યાં પધારી

પ્રભુને અન્યત્ર પધરાવવાને સમજાવો કારણ કે પ્રભુને ઘણો શ્રમ પડી રહ્યો છે.

શ્રી હરિરાયજી વૈષ્ણવો સાથે પેલા બન્ને ભાઈઓને ત્યાં પધાર્યા. ડોલના દિવસો હોવાથી તેઓ પ્રભુને ખેલાવી રહ્યા હતાં. અચાનક ગુરુદેવને વૈષ્ણવો સાથે પધારેલ જોઈ તેઓ ભાવ વિભોર થઈ ગયા. શ્રી ઠાકોરજી પ્રસન્નતાપૂર્વક ડોલોત્સવ માણી રહ્યા છે, તેવા સૌને દર્શન થયાં.

સાથે આવેલા વૈષ્ણવો તો આશ્ચર્યચક્તિ થઈ ગયા. અત્યાર સુધી જેને મહા નાસ્તિક માનતા હતા તેઓની આવી ભગવદીયતા જોઈ સૌ નતમસ્તક બની ગયાં.

શ્રી હરિરાયજીએ વૈષ્ણવોને સમજાવ્યું : 'પ્રભુ કોના ઉપર ક્યારે કેવી કૃપા વિચારશે તે આપણે જાણી શકતાં નથી. માટે કોઈનિ પણ માટે અઘટિત વિચાર કરવો નહીં. પ્રભુની કૃપાશક્તિ અગાધ છે, અકળ છે, ન સમજાય તેવી છે.

* * *

'स्वभावतोऽपि भगवान स्व भृत्यानां संसारं
दूरीकरोति, शरणागताश्च भृत्य तुल्या :'

અર્થાત્ સ્વભાવથીજ ભગવાન પોતાના સેવકોનો સંસાર મટાડે છે, તેમને શરણે આવેલાઓ તેમના સેવક બરાબર છે.

(સુબોધિનીજી - ૩.૨૫.૧૧)

સમસ્ત વલ્લભીજનોના ગુરુ

મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી

આચાર્યચરણ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી સમગ્ર વલ્લભીય સૃષ્ટિના એકમાત્ર ગુરુ છે, જેમની કૃપાથી પ્રત્યેક વૈષ્ણવના ઈષ્ટ એવા શ્રીનાથજીના સ્વરૂપને આપણે ઓળખી શક્યા છીએ, યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ જ પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા છે અને તેમની સેવા એ જ આપણો એકમાત્ર ધર્મ છે, એવું જ્ઞાન આપણને પ્રાપ્ત થયું છે, અને શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થોને યથાર્થરૂપે સમજવા આપણે સૌભાગ્યશાળી બન્યા છીએ. શ્રીમદાચાર્યચરણ જેવા સમર્થ ગુરુ વિના આ સંભવ બન્યું ન હોત. માટે જ વિષ્ણુદાસજીએ ગાયું છે.

‘જોપે શ્રીવલ્લભ ધરતે ન રુપ ।
અર્થ શ્રીભાગવતકો કહિ સકત કો, પતિત પરત સબકૂપ ॥

શાસ્ત્રોએ તેથી જ ગુરુની મહત્તા સમજાવતાં કહ્યું છે -

‘ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત્‌પરબ્રહ્મ, તસ્મૈ શ્રીગુરવે નમઃ’

ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરુપ બતાવ્યું છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રિદેવ પરબ્રહ્મના ત્રિગુણાત્મક રુપ છે, જેઓ આ સૃષ્ટિનું સર્જન, પાલન અને લય કરે છે. પરંતુ તે બધામાં પરમ તત્ત્વ પરબ્રહ્મ છે, જે પ્રથમ ગુરુ છે. કારણ કે, તેમણે વેદોના રુપમાં આપણને જ્ઞાન આપ્યું છે.

ગુરુ શબ્દ સંસ્કૃતના ‘ગૃ’ ધાતુ પરથી બનેલો છે. જેનો અર્થ થાય ‘ઉપદેશ આપવો’ જે ઉપદેશ આપે અથવા જેને ઉપદેશ આપવાનો અધિકાર છે તેને ‘ગુરુ’

‘ગુરુ પોતે સાધન બતાવે, પણ એ સાધન પ્રમાણે પોતે આચરણ ન કરે તો ગુરુ ન બની શકે. વિચારની સાથે આચારનો સુંદર સંયોગ હોય તો જ એ ગુરુ બની શકે.



કહેવાય. 'ગુ'નો બીજો અર્થ છે જે માર્ગ બતાવે તે અને 'રુ'નો અર્થ થાય 'અધંકાર' અથવા '**અજ્ઞાન**' જે અંધકારમાં રસ્તો બતાવે અર્થાત્ અજ્ઞાન દૂર કરી સાચો રાહ દેખાડે તેને 'ગુરુ' કહેવાય. માટે જ મંગલાચરણનો એક શ્લોક છે -

'અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાક્યા
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ'

અર્થાત્ - અજ્ઞાનરુપી અંધકારને કારણે આપણી આંખો જોઈ શકતી નથી ત્યારે તેમાં શાસ્ત્રોનું અંજન આંજી તેને દેખવા લાયક બનાવે તે શ્રીગુરુને હું નમન કરું છું.

શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગમાં ગુરુ શ્રી વલ્લભાચાર્યજીના સ્વરૂપને સમજાવતાં કહે છે-

'નિઃસાધનજનોદ્ધાર - કરમપ્રકટી કૃતઃ
ગોકુલેશ સ્વરૂપ - શ્રીવલ્લભશરણં મમ'

અર્થાત્ - જે મનુષ્યો કોઈ સાધન દ્વારા એટલે કે પોતાના સામર્થ્યથી ભગવાનને પ્રાપ્ત કરી શકતા નથી તેમનો ઉદ્ધાર કરવા માટે શ્રીગોકુલેશ જેઓ નિઃસાધન વ્રજભક્તોના સ્વામી છે, તેઓ શ્રીવલ્લભના સ્વરૂપે પ્રગટ થયા છે. એવા શ્રીવલ્લભ મારું શરણ છે, એટલે કે હું તેમને શરણે છું.

જીવ જ્યારે પોતાની શક્તિથી ભગવદ્ પ્રાપ્તિ માટે ભક્તિને માર્ગે ચાલી ન શકે, તે દીન-હીન-પતિત હોય અથવા વેદાદિ શાસ્ત્રો અનુસાર ધર્માચરણ કરવાનો અધિકારી ન રહે ત્યારે ભગવાન સ્વયં તેના પર કૃપા કરી તેને ભક્તિનું દાન કરે છે. એ જ પુષ્ટિમાર્ગનું હાર્દ છે અને તેથી જ ભગવાન સ્વયં શ્રીવલ્લભચાર્યજી સ્વરુપે ગુરુરુપે પ્રગટ થયા છે. શ્રીવલ્લભાષ્ટકમાં માટે જ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે - **'વસ્તુતઃ કૃષ્ણ એવ'** અર્થાત્ તેઓ શ્રીકૃષ્ણનું જ રુપ છે. અષ્ટસખાઓએ તેની પુષ્ટિ કરતાં ગાયું છે - **'એહિ તેહી - તેહી એહિ કછુ ન સંદેહ.'** આ તેમની અનુભવવાણી છે. ભક્તશિરોમણી સુરદાસજીએ તો આની સ્પષ્ટતા કરતાં મ્હોર મારી દીધી કે -

'ભરોંસો દઢ ઈન ચરણ ન કેરો,
શ્રીવલ્લભ નખચંદ્ર છટા બીન સબ જગમાં જ અંધેરો
સાધન ઓર નહીં આ કલિમેં, જાસોં હોત નિવેરો,
સુર કહા કહે દ્વિવિધ આંધરો, બીના મોલકો ચેરો.'

સ્વયં શ્રીમદાચાર્યચરણ પોતાના સ્વરૂપની સ્પષ્ટતા કરતાં સુબોધિનીજીના પ્રારંભમાં આજ્ઞા કરે છે.

'અર્થં તસ્ય વિવેચિતુંહિ વિભુવૈશ્વાનરાદ્
વાકપતેન્યસ્તત્ર માનુષતનુ માં વ્યાસચ્છ્રીપતિઃ'

અર્થાત્ - શ્રી ભાગવતના અર્થનું વિવેચન કરવા માટે વાણીના પતિ વૈશ્વાનર - અલૌકિક અગ્નિ - વિભુના સિવાય અન્ય કોઈ પણ સમર્થ નથી. માટે શ્રીપતિ ભગવાને વ્યાસજીની માફક મને આજ્ઞા કરી છે. શ્રી વલ્લભાચાર્યજી સ્વયં ભગવદ્ સ્વરૂપ હોવાનું આથી વિશેષ પ્રમાણ કયું હોઈ શકે ?

શ્રીહરિરાય મહાપ્રભુ પણ એવા પુર્ણપુરુષોત્તમ સ્વરૂપ ગુરુને વંદન કરતાં કહે છે -

પુષ્ટિમાર્ગીય સર્વજ્ઞઃ કરુણા રસ પૂરિતઃ
શ્રેષ્ઠફલ પ્રદાતા ચ તસ્મૈ શ્રી ગુરવે નમઃ

પુષ્ટિમાર્ગના સર્વજ્ઞ, કરુણા રસના મહાસાગર, તેમજ શ્રેષ્ઠફલ આપવાવાળા શ્રીગુરુને વંદન કરું છું. અહીં શ્રીહરિરાયજી શ્રેષ્ઠફલ શાને કહે છે તે સમજવું જોઈએ. અન્ય ગુરુજન જીવને વધુમાં વધુ મોક્ષની પ્રાપ્તિ કરાવી શકે છે. મોક્ષ એટલે મુક્તિ. મનુષ્યને જન્મ મરણના ચકરાવામાંથી તે મુક્ત કરાવી શકે અથવા ભગવદ્ધામ રૂપ અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ કરાવી શકે. અક્ષરબ્રહ્મમાં લીન થઈ જવું તે જ્ઞાનમાર્ગીયો માટે મુક્તિ છે. પરંતુ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી તો તેનાથી પણ ઉત્તમ ફલ પ્રદાન કરાવવાવાળા છે. તે ઉત્તમ ફળ એટલે ભગવાનની નિત્યલીલામાં, ભગવાનના સાનિધ્યમાં રહીને

તેમની સેવા કરતાં, તેમની આનંદમયી લીલાઓ દ્વારા તેમના સ્વરૂપાનંદનો અખંડ અનુભવ કરવો તે. માટે જ શ્રીવલ્લભાચાર્યજી માત્ર ગુરુ જ નથી પરંતુ '**શ્રેષ્ઠતમ્ ગુરુ**' છે અથવા '**ગુરુ શ્રેષ્ઠ**' છે.

પ્રત્યેક વસ્તુના ત્રણ સ્વરૂપ હોય છે - આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. જેમ ગંગાજીનું નદીરૂપ જલ તે તેમનું આધિભૌતિક સ્વરૂપ છે, તેમનું માહાત્મ્ય તે આધ્યાત્મિક સ્વરૂપ અને દેવી રૂપે ગંગાજી તે તેમનું આધિદૈવિક સ્વરૂપ. તે જ પ્રમાણે શ્રીમહાપ્રભુજીનું સમનુષ્યાકૃતિ સ્વરૂપ જે માનવાકારે તેમના ચિત્રજીમાં જોઈએ છીએ તે તેમનું 'આધિભૌતિક સ્વરૂપ' છે, તેઓ ભગવાનના સાક્ષાત મુખારવિંદ - વૈશ્વાનર સ્વરૂપ છે. એટલે કે ભગવાનની કૃપા શક્તિરૂપ, તે તેમનું 'આધ્યાત્મિક સ્વરૂપ' અને તેમનું સાક્ષાત્ ભગવદ્ રૂપ તે 'આધિદૈવિક સ્વરૂપ' છે. શ્રી વલ્લભાચાર્યજી આજે પ્રત્યક્ષરૂપે તેમના પાદુકાજી સ્વરૂપે, હસ્તાક્ષર સ્વરૂપે - ગ્રંથ ઈત્યાદિ સ્વરૂપે બિરાજે છે. તેમના બેઠકજીઓમાં પણ શ્રીમદાચાર્યચરણ પ્રત્યક્ષરૂપે બિરાજે છે, જેનો અનુભવ આજે પણ ભાગ્યશાળી વૈષ્ણવોને થાય છે. શ્રી સર્વોત્તમ સ્તોત્ર એ આપનું નામાત્મક - વાંગ્મય સ્વરૂપ છે, જેના દ્વારા પણ આપનો અનુભવ સંભવ બને છે. શ્રીગુસાંઈજી આ સ્તોત્રમાં કહે છે- '**સ્વવંશેસ્થાપિતાશેષઃ**' અર્થાત્ શ્રીઆચાર્યચરણોએ પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના વંશમાં સ્થાપિત કર્યું છે. આ શબ્દ પ્રમાણથી સ્પષ્ટ થાય છે કે આપશ્રી આજે પોતાના વંશમાં બિરાજે છે. માટે શ્રીવલ્લભકુળમાં બિરાજતા શ્રીવલ્લભાચાર્યજી જ સમસ્ત વલ્લભીર્યજનોના ગુરુ છે. કોઈપણ વલ્લભવંશજ આચાર્યશ્રીના દર્શન-ચરણ સ્પર્શ કરતાં આપણો ભાવ તેમનામાં શ્રીવલ્લભાચાર્યજી વિશે જ હોવો જોઈએ, અન્યથા નહીં, અને તેમના માધ્યમથી જ શ્રીવલ્લભાચાર્યજી દ્વારા જ આપણે બ્રહ્મસંબંધની દીક્ષા લઈ વૈષ્ણવ બનીએ છીએ. આમ આપણે શ્રીવલ્લભાચાર્યજીને જ ગુરુ તરીકે સ્વીકારી આપશ્રીના ગ્રંથોમાં નિર્દિષ્ટ સિદ્ધાંતોનું પરિપાલન કરવું એ જ એ આપણો સેવકધર્મ બની રહે છે.

ગુરુના સ્વરૂપલક્ષણો સમજાવતાં શ્રીમદાચાર્યચરણ સ્વયં પોતાના નિબંધગ્રંથના સર્વનિર્ણય

પ્રકરણમાં આજ્ઞા કરે છે -

'કૃષ્ણસેવા પરં વીક્ષ્ય, દંભાદિ રહિતં નરમ્
શ્રી ભાગવત તત્વજ્ઞં, ભજેજ્જિજ્ઞાસુ આદરાત્'

અર્થાત્ - એવા પુરુષને ગુરુ કરવા જોઈએ જે કૃષ્ણસેવામાં તત્પર હોય, દંભ ઈત્યાદિ દોષોથી રહિત હોય અને જે શ્રીભાગવતના ગૂઢ અર્થ-તત્ત્વને જાણવાવાળા હોય.

આવાં લક્ષણો શ્રીવલ્લભાચાર્યજી સ્વયંમાં વિદ્યમાન હતાં જ અને તેમના જેવા ગુરુ જ ઉપરોક્ત 'શ્રેષ્ઠફલ'ની પ્રાપ્તિ કરાવવા સામર્થ્યવાન હોઈ શકે છે. આથી જ 'ગુરુ' વિશેનું આપનું ઉક્ત વિધાન ખૂબ સારગર્ભિત છે. આચાર્ય અથવા ગુરુની વ્યાખ્યા કરતાં કહેવાયું છે - **'આચરતિ-આચરયતિચ ઈતિ આચાર્ય'** અર્થાત્ સ્વયં આચરણ કરી સેવકની પાસે આચરણ કરાવે તે 'આચાર્ય' અથવા ગુરુ કહેવાય.

શ્રીભાગવતજીના અગિયારમાં સ્કંધમાં પણ ગુરુનાં આવાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે -

'તસ્માત્ ગુરું પ્રપદ્યેત જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમમ્
શાબ્દે પરે ચ નિષ્ણાતં બ્રહ્મણ્યુપશમાશ્રયમ્'

અર્થાત્ - જીજ્ઞાસુએ પરમ શબ્દ પ્રમાણમાં નિષ્ણાત, બ્રહ્મનો આશ્રય કરનારા અને ઉપશમ આદી ગુણોવાળા ઉત્તમ ગુરુનું પોતાના શ્રેય માટે શરણ લેવું.

વૈષ્ણવ પરિવારના મે-૦૯ અંકમાં સંપાદકીય લેખમાં યથાર્થ જ કહેવાયું છે કે 'ગુરુ પોતે સાધન બતાવે, પણ એ સાધન પ્રમાણે પોતે આચરણ ન કરે તો ગુરુ ન બની શકે. વિચારની સાથે આચારનો સુંદર સંયોગ હોય તો જ એ ગુરુ બની શકે. શ્રીવલ્લભે પોતાના સેવકોને પ્રભુને પ્રાપ્ત કરવાનો વિલક્ષણ, અદ્ભુત માર્ગ બતાવ્યો, સાથે સાથે પોતે પણ જીવનભર કૃષ્ણ સેવા કરી, સેવા પરાયણ રહ્યા. તેથી જ શ્રી પુરુષોત્તમજીએ આજ્ઞા કરી : **'પુષ્ટિમાર્ગના ગુરુ તો શ્રીમદ્**

આચાર્યજી મહાપ્રભુજી જ છે.' વળી શ્રીગોકુલનાથજીએ પણ સમજાવ્યું છે - 'જ્ઞાનનો ઉપદેશ આપે તે ગુરુ.' એ જ્ઞાન એવું હોય કે આપણને ભગવાન સુધી લઈ જાય. પરમફલ એવા પ્રભુનું દાન આપે તે ગુરુ. આમ ગુરુ સાધન અને ફળ બંને આપે. શ્રી વલ્લભાચાર્યજી એવા સમર્થ ગુરુ છે. માટે શ્રીગુસાંઈજી તેમને માટે શ્રીસર્વોત્તમજીમાં એક નામ '**અદેયદાનદક્ષઃ**' કહે છે.

આજે ક્યાંક પુષ્ટિમાર્ગમાં સૃષ્ટિવાદ પનપતો દશ્યમાન થાય છે, જેના કારણે '**સંગચ્છધ્વમ્**'ની શાસ્ત્રાજ્ઞા ખંડિત થવાની સંભાવના રહે છે. સમસ્ત વલ્લભકુળમાં આપણી એક માત્ર શ્રીવલ્લભને જોવાની દષ્ટિ કેળવાય, તેમનામાં શ્રીમદાચાર્યચરણનો જ દષ્ટિકોણ રાખી ગુરુભાવના કેળવીએ તો સમગ્ર વલ્લભીય સૃષ્ટિ એક માત્ર શ્રીવલ્લભાચાર્યજીની સેવક છે, એવો મનોભાવ પ્રત્યેક વલ્લભીય વૈષ્ણવોમાં જાગૃત થાય અને શ્રીમદાચાર્યચરણોમાં સંપૂર્ણ નિષ્ઠા ધરાવતો એક સૌહાર્દપૂર્ણ વલ્લભીય વૈષ્ણવ સમાજ સુસંગઠિત થઈ શકે.

* * *

'यः कश्चित्स्वस्य पुरुषार्थ साधकः स गुरु, सपूज्यः'

અર્થાત્- જે કોઈ પોતાનો પુરુષાર્થ પ્રાપ્ત કરાવે છે તે ગુરુ છે, પૂજ્ય છે-

(સુબોધિની - ૧૦.૨૯.૧૯)

ભગવત્ પ્રાપ્તિનો ઉપાય

શ્રુતિઓ કહે છે : **'નાયમાત્મા પ્રવચેન ન લભ્ય, ન મેધયા, ન બહુના શ્રુતેન, યમેવૈષ વૃણુતે તેન લભ્ય'** ભગવાનને ન તો પ્રવચનો સાંભળવાથી, ન બુદ્ધિથી કે ન બહુ કથા શ્રવણથી પ્રાપ્ત કરી શકાય છે. તે જેના ઉપર કૃપા કરે તેને તે પ્રાપ્ત થાય છે. અર્થાત્ તે જેનું વરણ કરે તેને તે પ્રાપ્ત થઈ શકે. પુષ્ટિમાર્ગમાં પ્રભુનું સ્વરૂપ ભાવાત્મક માન્યું છે, એટલે કે ભક્તની ભાવનાને અનુસાર પુષ્ટિ પ્રભુ સ્વસ્વરૂપને ધારણ કરે છે. માટે તેમના સ્વરૂપનું કોઈ પ્રમાણ નથી. તે સર્વતંત્ર સ્વતંત્ર છે. એટલે તે કોઈ સાધન દ્વારા પ્રાપ્ત થઈ શકે તેમ નથી. આમ પુષ્ટિ પ્રભુ પ્રમાણ તેમજ સાધનથી પર છે.

પ્રભુ કોનું, ક્યારે અને કેવા પ્રકારથી જીવનું વરણ કરશે તે જાણી શકાતું નથી. કોઈ જીવ રાત-દિવસ સેવા સ્મરણ કરતો રહે, પુણ્યાદિ ધાર્મિક કાર્યો સતત કરે છતાં પ્રભુ તેના ઉપર કૃપા વરસાવતો નથી. જ્યારે ક્યારેક અધર્મનું આચરણ કરનાર પાપી જીવ ઉપર પણ પ્રભુ અકારણ અનુગ્રહ કરી તેને નિજ ચરણાર્વિંદની પ્રાપ્તિ કરાવે છે. તેવા અનેક ભક્તોના ચરિત્રો આપણને પુરાણોમાં પ્રાપ્ત થાય છે. ભગવાનની એ લાક્ષણીક્તા છે કે તે કોઈના ઉપર કૃપા કરવા તેના કાર્યો કે લક્ષણોને ધ્યાનમાં લેતા નથી. માટે જ તે સર્વ તંત્ર સ્વતંત્ર છે.

ત્યારે આપણને સ્વભાવિક પ્રશ્ન થાય કે તો પછી ભગત્પ્રાપ્તિનો ઉપાય શું ? આ પ્રશ્નને અનુલક્ષીને આચાર્ય ચરણ શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રગટ કરી ભગવદ્ કૃપા દ્વારા જ ભગવત્ પ્રાપ્તિનો સરલ અને સહજ ઉપાય બતાવ્યો છે. તદનુસાર પ્રભુને પ્રસન્ન કરવા મનુષ્યને દિનતાપૂર્વક દાસ ભાવે પ્રભુની સેવાનો

પુષ્ટિ પ્રભુ કેવળ સ્વાધીન ભક્તિ એટલે કે એવી ભક્તિ જે પ્રભુને ભક્ત પોતાને આધીન રાખી શકે તેને જ અનુસરે છે. પુષ્ટિ પ્રભુ અન્યાશ્રય અને અહંકારથી અપ્રસન્ન થાય છે. માટે તેનાથી બચવું કે દૂર રહેવું પ્રત્યેક પુષ્ટિમાર્ગીય જીવો માટે આવશ્યક છે.

ઉપદેશ અને આદેશ તેમણે આપ્યો છે. આપણા હૃદયમાં દિનતા પણ ભગવત્કૃપા દ્વારા જ પ્રગટ થઈ શકે છે. તેને માટે ભક્તના હૃદયમાં પૂર્ણરૂપે સાત્વિક્તા પ્રગટ થવી આવશ્યક ગણાય. જ્યાં સુધી આપણું હૃદય નિર્મળ, વિશુદ્ધ અને કોમળ ન બને ત્યાં સુધી આપણામાં દૈન્યભાવ આવી શકતો નથી.

પુષ્ટિ પ્રભુ કેવલ સ્વાધીન ભક્તિ એટલે કે એવી ભક્તિ જે પ્રભુને પોતાને આધીન રાખી શકે, તેને જ અનુસરે છે. આવી ભક્તિ જેને પ્રાપ્ત થઈ હોય તેની દયા કે કૃપા મેળવવી આપણા માટે આવશ્યક ગણાય. શ્રી મહાપ્રભુજીની, શ્રી ગુસાંઈજી તેમજ તેમના અનન્ય સેવકો જેઓને પ્રેમ લક્ષણા ભક્તિ સિદ્ધ થયેલી હતી અને જેમને આધિન પ્રભુ રહેલ છે તેમની કૃપા જો પ્રાપ્ત થાય તો જ ભગવત્પ્રાપ્તિની દિશામાં આગળ વધી શકાય.

આવી સ્વાધીન ભક્તિ સિદ્ધ થયેલ કૃપાપાત્રોની કૃપા આપણે કઈ રીતે પ્રાપ્ત કરી શકીએ ? તેને માટે આપણે પાત્રતા કેળવવી પડે. સેવા, સ્મરણ, સત્સંગ ઈત્યાદિ દ્વારા એવા મહાનુભાવોની કૃપા પ્રાપ્ત કરી શકાય. જ્યારે આપણા હૃદયમાં આ બધી પ્રક્રિયાઓ દ્વારા શ્રી ઠાકોરજીના શ્રી મહાપ્રભુજીમાં, નિજ વંશમાં તેમજ ભગવદીયોમાં સહજ અને સ્થાયી સ્નેહની લાગણી અનુભવાય ત્યારે જ આપણને ભાવપ્રાપ્તિ થઈ એમ કહેવાય. ભાવપ્રાપ્તિ એ મહાનુભાવોની કૃપાનું લક્ષણ છે.

ભગવાન ભાવને આધિન છે. માટે જ સુરદાસજી એ ગાયું છે. **‘સુર ભાવ સબહી કો કારન, ભાવ હી મેં હરિ આવે.’** ભગવાન પ્રત્યેનો ઉત્કટ ભાવ જ ભક્તિ માટે બીજ રૂપ પણ છે અને ફલરૂપ પણ છે. ભગવત્પ્રાતિની અપેક્ષાવાળા જીવે શુદ્ધ અને સાત્વિક હૃદય બનાવી દૈન્યભાવે હરિ-ગુરુ અને વૈષ્ણવોની જે રીતે પણ સંભવ હોય તે રીતે સેવા કરવી જોઈએ, તદુપરાંત હંમેશા પ્રભુનું સ્મરણ કરવું, તેમનું ધ્યાન ધરવું. ભગવદ્ કથા સાંભળવી અને કિર્તન કરવા જોઈએ. આ સર્વે બાબતોમાં લેશ માત્ર પણ સ્વાર્થની ભાવના હોવી જોઈએ નહીં. જો આપણે આપણું જીવન આ બધી

પ્રવૃતિઓથી તરબોળ બનાવીશું, તેને આપણા જીવનનું અવિભાજ્ય અંગ ગણીશું તો આપણું હૃદય શુદ્ધ અને સાત્વિક થઈ રસ-સ્વરૂપ પ્રભુને સ્થિર થવા માટે પાત્રરૂપ બનશે, આધારરૂપ થશે અર્થાત્ પ્રભુ આપણા હૃદયમાં અનાયાસે બિરાજશે અને ભગવદીયોના અનુગ્રહ વડે સહજમાં ભગવત્પ્રાપ્તિ સંભવ બનશે. તેના કારણે આપણને આપણા હૃદયમાં શ્રીપ્રભુની અનુભુતિ થઈ શકશે.

પુષ્ટિ પ્રભુ અન્યાશ્રય અને અહંકારથી અપ્રસન્ન થાય છે માટે તેનાથી બચવું અથવા દૂર રહેવું પ્રત્યેક પુષ્ટિમાર્ગીય જીવો માટે આવશ્યક છે. આ બન્ને બાબતો ભગવત્પ્રાપ્તિ માટે બાધારૂપ હોઈ તેના વિશે સજાગ રહેવું આવશ્યક ગણાય. નિરંતર ભગવદ્ ભક્તોનો સંગ અન્યાશ્રય ઈત્યાદિથી આપણું રક્ષણ કરે છે અને આપણા ભગવદ્ ભાવને પોષણ આપે છે, તેનામાં વૃદ્ધિ કરે છે. તેમ થતાં ભગવદ્ પ્રાપ્તિ માટેની આપણી પાત્રતા કેળવાય અને મહાનુભાવોના અનુગ્રહથી આપણા હૃદયમાં દૈન્યભાવ સ્થિર થાય છે, આપણા હૃદયમાં ભગવદ્ રસનો નિરંતર અનુભવ કરી શકાય છે.

* * *

'कृपापात्रं भगवान् स्वयमप्याकार्य स्वस्मिन् प्रवर्यतति'

અર્થાત્ કૃપાપાત્રને ભગવાન પોતેજ બોલાવી પોતાનામાં પ્રવૃત્તિ કરાવે છે

(સુબોધિનીજી ૧૦-૩૯-૦૧)

શ્રી કૃષ્ણ ગીતા - શ્રી વલ્લભ ગીતા

એક સમાલોચના

આપણા દેશમાં અનેક વિદ્વાન કવિઓ એ અનેક પ્રકારની ગીતા (ગાઈ શકાય તેવી રચનાઓ) રચી છે. 'ગીત' શબ્દ પરથી ગીતા શબ્દ બન્યો છે. ગીતમાં જ્યારે સૂર અને શબ્દનો સમન્વય થાય છે ત્યારે સૂરના સથવારે શબ્દપુષ્પમાં છુપાયેલું સૌરભ હૃદયની ઉર્મિઓ રુપે પ્રગટ થાય છે. આ ગીતપંક્તિઓમાં ક્યારેક એવી દિવ્યતા ઉતરી આવે છે કે તે ચીરકાળ પર્યંત યાદગાર બની રહે છે.

'વેદ'ને સૃષ્ટિની પ્રથમ ગીતા કહી શકાય. પરબ્રહ્મ પરમાત્માનો નિશ્વાસ એટલે વેદ અર્થાત્ ભગવાને ગાયેલું 'મધુર ગીત'. વેદના ગાનને પ્રાચીન ઋષિ-મુનિઓ એ કર્ણ દ્વારા શ્રવણ' કરી પોતાના હૃદયમાં ધારણ કર્યું હતું. ગીતાનો એ પ્રારંભ. શ્રવણ દ્વારા તે સંઘરાઈ માટે તેને 'શ્રુતિ' પણ કહેવાય છે. આમ શ્રુતિ શબ્દ વેદ કે ઉપનિષદ અર્થમાં પણ વપરાય છે.

પુરાણની વાત લઈએ તો કુરુક્ષેત્રના રણ મેદાનમાં વિષાદમાં સરી પડેલા પોતાના મિત્ર અર્જુનને શિષ્ય બનાવી શ્રી કૃષ્ણે જે ઉપદેશ આપ્યો તે 'ગીતા'ના નામે પ્રસિદ્ધ થઈ. કૃષ્ણ-ગીતાની તોલે આવે એવું કોઈ 'ગીત' જગતની કોઈ ભાષામાં આજ સુધી લખાયું નથી. શ્રીકૃષ્ણ સિવાય કોઈ અન્ય વિચારકે એવો તલસ્પર્શી સુંદર વિચાર આપ્યો નથી જે માનવ હૃદયને ઝંકૃત કરી શકે. એની ખાસિયતો એ છે કે મનુષ્ય જીવનની પ્રત્યેક સમસ્યાનો તેમાં ઉકેલ પ્રાપ્ત થાય છે, વિવિધ વિદ્વાનોને તેમાંથી અલગ

મનુષ્યના હૃદયની સ્થિતિ મહાભારતના અર્જુન જેવી જ છે. જ્યારે તે પોતાના સગાસંબંધીથી નિર્લેપ રહેવાની કે સંપત્તિ ઈત્યાદિનો ત્યાગ કરવાની વાત આવે છે ત્યારે તે પણ અર્જુન જેવો વિહ્વળ બની જાય છે. અર્જુનને જેમ દિશાસૂચન-માર્ગદર્શન 'કૃષ્ણ ગીતા'માંથી મળ્યું તેમ આપણા માટે 'વલ્લભ ગીતા' આપણી પથ પ્રદર્શક બની શકે છે.

અલગ તત્વ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. માટે જ શ્રીમદ્ ભગવદ્ ગીતા સાહિત્ય જગતમાં તેમજ અધ્યાત્મ જગતમાં પ્રથમ સ્થાને છે, અને તેથી જ દુનિયાની અનેક ભાષામાં તેના અનુવાદ થયા છે. અનેક વિદ્વાનોએ તેના પર ભાષ્યની રચના કરી છે, તેના પર ટીકા લખી છે, પોતપોતાના શબ્દોમાં તેનું અર્થઘટન કર્યું છે.

આવી જ એક અન્ય ગીતા સવા પાંચસો થી વધુ વર્ષો પૂર્વે વૈશ્વાનર સ્વરૂપે પ્રગટ થયેલા ભગવાનના દિવ્ય મુખાર્વિન્દ રુપે અવતરેલા શ્રી વલ્લભાચાર્યજીએ આપી છે. સમસ્ત જગતના ઉત્કર્ષનો સહજ સુંદર અને દિવ્ય માર્ગ તેમણે બતાવ્યો હોવાથી જગત તેને **'જગદ્‌ગુરુ'** તરીકે અભિવંદે છે. ભગવાનના જે મુખાર્વિન્દમાંથી વેદ અને ગીતા પ્રગટ થયા છે એ જ મુખાર્વિન્દ સ્વરૂપ શ્રી વલ્લભના મુખેથી **'વલ્લભ ગીતા'** પ્રગટી છે, જે સામાન્યતઃ **'ષોડશગ્રંથો'**ના નામે પ્રચલીત થયેલ છે. જેમ ભગવાન શ્રીકૃષ્ણે મર્યાદા-પુષ્ટિ ભક્ત અર્જુનને નિમિત્ત બનાવી સમસ્ત જીવોને જીવનનો યથાર્થ રાહ દેખાડવા 'ગીતા' ગાઈ સંભળાવી તેવી જ રીતે શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગે પશાસ્થ થનારા પુષ્ટિજીવોને યથાર્થ જીવન જીવવા માટે ષોડશ ગ્રંથોની રચના કરી છે જીવનનો મર્મ અને સાચો રાહ દેખાડયો છે. કૃષ્ણ ગીતા સમાન જગતમાં જો કોઈ અન્ય ગીતા હોય તો તે શ્રીવલ્લભાચાર્યજીએ ગાયેલી આ 'વલ્લભગીતા' છે.

શ્રી વલ્લભાચાર્યજી ષોડશગ્રંથોમાં આપણને સમજાવે છે કે આપણા શરીરની ભીતર મહાભારતના રણમેદાન જેવું જ એક કુરુક્ષેત્ર છે. કુરુક્ષેત્રના ખેતરો જેવા પ્રત્યેક મનુષ્યને ચાર વિશાળ ખેતરો મળ્યા છે. તે છે મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર. આપણી ઈન્દ્રિયો હળનું કાર્ય કરે છે. તેનાથી આપણે આપણા અંતઃકરણરુપી ખેતરને સારી રીતે ખેડી તેમાં સત્કાર્યો અને સદ્‌વિચારોરુપી અનાજ પકવી શકીએ જે આપણા શરીર તેમજ આત્માના પોષણ માટે ઉપકારક બને. તેના કારણે આપણું અંતઃકરણ ધર્મક્ષેત્ર બને. આ અંતઃકરણરુપી કુરુક્ષેત્રમાં અંતર્યામી સ્વરૂપે બિરાજેલા પરમાત્મા

ધર્મમય જીવન જીવવાની પ્રેરણા આપે છે, જ્યારે આપણામાં રહેલ દુષ્ટ વૃત્તિઓ રુપી કૌરવો આપણી ઈન્દ્રિયો અને અંતઃકરણ સાથે લડી તેમને અધર્મમય બનાવવા સતત મથામણ કરતાં રહે છે.

મહાભારત વર્ણવે છે કે કુરુક્ષેત્રના મેદાનમાં ધર્મ અને અધર્મ વચ્ચે યુદ્ધ ખેલાયું. પાંડવો ધર્મ પક્ષે હતાં, કૌરવો અધર્મ પક્ષે હતાં. ધર્મપક્ષના સુકાની શ્રીકૃષ્ણ હતા અને અધર્મ પક્ષનો પડદા પાછળનો સુકાની શકુની હતો. અંતે યુધ્ધમાં ધર્મની જીત થઈ. ગીતામાં એવો સ્પષ્ટ નિર્દેશ મળે છે કે જીવનમાં જ્યારે જ્યારે સંઘર્ષ થાય છે ત્યારે ત્યારે તેનું એક જ પરિણામ હોય છે અને તે એકે જે પક્ષે યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ધનુર્ધર અર્જુન હોય, અર્થાત્ જ્યાં ભગવાન અને ભક્ત સાથે હોય ત્યાં હંમેશા ધર્મ, વિજય અને કીર્તિ હોય છે. ધર્મ અને ભક્તોના શત્રુઓનો કદી જય થતો નથી, ક્યારેય તેમને પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી નથી.

આપણા હૃદયને જો આપણે ટટોલીએ તો ત્યાં આ પ્રકારના મહાભારતના દર્શન આપણને થશે. પૂર્વકાળથી જ આપણા અંતઃકરણના કુરુક્ષેત્રમાં પણ જન્મ-જન્માંતરથી ધર્મ અને અધર્મ વચ્ચે ધમાસાણ યુધ્ધ ખેલાઈ રહ્યું છે. શાસ્ત્ર સંમત જે કરવા જેવું હોય તે 'ધર્મ' કહેવાય અને શાસ્ત્ર વિરુદ્ધ જે ન કરવા જેવું હોય તે 'અધર્મ'. શાસ્ત્રમાં આને અનુક્રમે વિધી-નિષેધ કહેલા છે. જે આત્માનું શાશ્વત 'શ્રેય' અર્થાત્ કલ્યાણ કરે તે ધર્મ અને જે આત્માને ઘડી ભર 'પ્રેય' એટલે કે મોજમજા કરાવી કાયમ માટે દુઃખમાં ડુબાડી દે તે અધર્મ.

આપણે જાણીએ છીએ કે અર્જુન પણ પોતાના સગા-સંબંધીઓ પ્રત્યેની માયા-મમતાને પોતાનો ધર્મ માની બેઠો હતો, કારણ કે તે મોહ, રાગ અને શોકમાં ફસાયેલો હતો અને તેથી તે પોતાના દુષ્ટ સગા-સંબંધીઓની હત્યાને અધર્મ માનતો હતો. તેઓનો જીવ બચાવવો તેને ધર્મ માનતો હતો. એ રીતે અર્જુનના અંતઃકરણ રુપી કુરુક્ષેત્રમાં હતા એક બાજુ સગા-સંબંધીઓ પ્રત્યેનું મમત્વ અને બીજી બાજુ એ દુષ્ટ લોકોનો સંહાર. તે બન્નેમાં શું ધર્મ અને શું અધર્મ તેવી વિમાષણ

અને તે વિશે ભારે સંઘર્ષ અનુભવતો હતો.

પ્રત્યેક માનવીની આજ પ્રકારની મનઃસ્થિતિ હોય છે. તે પોતાના સ્વજન, સગાં, મિત્રો, સંપત્તિ એ બધાને પકડીને તેને જાળવી રાખવાને જ પોતાનો ધર્મ માને છે. તેમના ત્યાગને તે અધર્મ માને છે. આ કારણે મનુષ્યના અંતઃકરણરૂપી કુરુક્ષેત્રમાં પણ એવું જ ધમાસાણ વિચાર યુદ્ધ સતત ચાલતું રહે છે. મનુષ્યને એમ લાગ્યા કરે છે કે જગત તરફનો તેનો અનુરાગ એ જ સાચો રાગ અર્થાત્ પ્રેમ છે. આને કારણે તેને ભગવાન પ્રત્યે અનુરાગ પ્રગટતો નથી. શાસ્ત્રો કહે છે કે ભગવાનમાં અનુરાગ કરવા જગતના સંબંધોનો ત્યાગ કરો. આમ મનુષ્યના અંતઃકરણમાં વિચારોનું એક યુધ્ધ સતત ખેલાયા કરતું હોય છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મનુષ્યના હૃદયની સ્થિતિ મહાભારતના અર્જુન જેવી જ છે. તેથી જ્યારે તે પોતાના સગાસંબંધીથી નિર્લેપ રહેવાની કે સંપત્તિ ઈત્યાદિનો ત્યાગ કરવાની વાત આવે છે ત્યારે તે પણ અર્જુન જેવો વિહ્વળ બની જાય છે. સગા-સંબંધી અને સંપત્તિનો મોહ તેને નિર્માલ્ય બનાવી દે છે. મનુષ્ય માત્રની આવી સ્થિતિ છે. અર્જુનને જેમ દિશા સૂચન-માર્ગદર્શન કૃષ્ણગીતામાંથી મળ્યું તેમ આપણે માટે વલ્લભગીતા આપણી પથપ્રદર્શક બની શકે છે, કારણ કે પુષ્ટિમાર્ગ એ એક અનોખી જીવન શૈલી શ્રી વલ્લભાચાર્યજી એ આપણને બતાવી છે. તેના દ્વારા પ્રત્યેક મનુષ્ય જીવનનું ધર્મયુધ્ધ જીતી શકે છે અને તે નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે.

અર્જુને જેમ તેના શસ્ત્રો શ્રીકૃષ્ણના ચરણે ધરી દીધાં હતાં અને નિઃસાધન બની તેણે શ્રીકૃષ્ણની સંપૂર્ણ બિનશરતી શરણાગતિ સ્વીકારી લીધી હતી, તેમ પ્રત્યેક પુષ્ટિમાર્ગીય જીવે સદ્‌ગુરુ એવા શ્રીવલ્લભની શરણાગતિ સ્વીકારી તેમણે આપેલ ઉપદેશને માથે ચઢાવવા તત્પર બનવું જોઈએ. શ્રી મહાપ્રભુજી કહે છે કે 'જ્યાં સુધી માણસ ભગવાન અને ગુરુનું શિષ્યત્વ સ્વીકારતો નથી, જ્યાં સુધી તેના પોતાના સાધનોના અને શક્તિનો અહંકાર તેનામાં રહે છે, ત્યાં સુધી તેને સન્માર્ગ

બતાવનાર કોઈ મળતું નથી.' સાચા શિષ્ય બનવા માટે પાયાની બે મુખ્ય શરતો છે : (૧) સંપૂર્ણ શરણાગતિ દ્વારા ગુરુનો સમાદર, (૨) જ્ઞાન પામવા માટેની સાચી જિજ્ઞાસા, ધીરજ અને એકાગ્રતા. અર્જુન પણ આવો લાયક શિષ્ય બન્યો હોવાથી તેને ગીતોપદેશ પ્રાપ્ત થયો.

અર્જુનને સારથિ તેમજ ગુરુ તરીકે કૃષ્ણ મળ્યા તો આપણને ભગવન્મુખાર્વિંદ રુપ સમર્થ ગુરુ, પથ પ્રદર્શક એવા શ્રી વલ્લભ મળ્યા છે જેમણે વલ્લભગીતાનો દિવ્ય ઉપદેશ આપ્યો છે. શ્રી વલ્લભના કૃપા પાત્ર ૮૪ ભગવદીયો પૈકિ કેટલાક ભગવદીયો એ આપણા પ્રતિનીધિ તરીકે એમની મૂંઝવણો શ્રી વલ્લભ સમક્ષ રજુ કરી જેના જવાબમાં શ્રી વલ્લભે વિવિધ લઘુગ્રંથો રચી તેમને યોગ્ય રાહ દેખાડયો, તેમના મનનું સમાધાન કર્યું. જેમ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને લક્ષ્ય બનાવી ગીતાનો ઉપદેશ આપ્યો જે મનુષ્ય માત્રનો માર્ગદર્શક બન્યો તેમ અમુક સેવકોને આપેલા શ્રીવલ્લભના ખુલાસા જીવ માત્રના ઉત્કર્ષને ઉદ્દેશીને છે.

ઉંડાણપૂર્વક વિચારતા ગીતાજીમાં અને વલ્લભગીતામાં ઘણું સામ્ય જોવા મળે છે. અનેક વિષયોની વિસ્તારપૂર્વક છણાવટ કર્યા પછી ગીતાજીમાં છેલ્લે શ્રીકૃષ્ણ અર્જુનને શરણાગતિની આજ્ઞા કરતાં કહે છે.

સર્વ ધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ,
અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષ ઈશ્યામિ મા શુચ.

તે જ પ્રમાણે શ્રી વલ્લભગીતામાં શ્રી મહાપ્રભુજી પણ જીવને ભગવાનને સમર્પિત બની દાસત્વ દ્વારા શરણાગત બનવાની આજ્ઞા કરે છે. ગીતાજીમાં આધિભૌતિક અને આધ્યાત્મિક જીવનના ઉત્કર્ષનો માર્ગ બતાવવામાં આવ્યો છે. તો શ્રી વલ્લભગીતામાં તેનાથી આગળનો એટલે કે આધિદૈવિક જીવનની પ્રાપ્તિનો માર્ગ છે.

શ્રી વલ્લભગીતાના સોળ ગ્રંથો ષોડશ ગ્રંથ રુપે પ્રસિદ્ધ છે. આ ગ્રંથો જુદા જુદા સમયે અને

સ્થળે જુદા જુદા સેવક માટે રચાયેલા છે. શ્રી મહાપ્રભુજીની ચૌદ વર્ષની વયથી લઈને બાવન વર્ષની વય દરમ્યાન તેમણે આ ગ્રંથોની રચના કરેલી છે. આ ગ્રંથોમાં શ્રી વલ્લભવિચારની સુંદર અને તલસ્પર્શી છણાવટ દષ્ટિગોચર થાય છે. તેમણે સર્વશાસ્ત્રોના પ્રમાણો આપીને પોતાના સિદ્ધાંત પ્રતિપાદિત કર્યા છે.

શ્રી વલ્લભના અનુગામી આચાર્ય શ્રી હરિરાયજી શિક્ષાપત્ર ગ્રંથમાં આજ્ઞા કરે છે કે માત્ર દીક્ષા લેવાથી વૈષ્ણવ બની જવાતું નથી પરંતુ સાચા વૈષ્ણવ બનવા માટે પહેલી શરત એ છે કે આપણને આપણા પુષ્ટિમાર્ગમાં અને શ્રીવલ્લભની વાણીમાં દઢ નિષ્ઠા થવી જોઈએ. દઢનિષ્ઠાનો ઉપાય બતાવતાં તેઓ કહે છે કે શ્રી મહાપ્રભુજીના ગ્રંથોના મનન-ચિંતનથી આપણી નિષ્ઠા દઢ બને છે. શ્રી મહાપ્રભુજીની વાણી ગૂઢ અને સૂત્રાત્મક છે, જેને સમજવા આ ગ્રંથો પર વિવિધ આચાર્યો, મહાનુભાવો એ ટીકાઓ રચી છે. તેનું મનન-ચિંતન કરવાથી, તેને વાગોળવાથી અને તે સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાથી પુષ્ટિમાર્ગમાં આપણી નિષ્ઠા સુદઢ બનશે અને આપણે જીવન સંગ્રામમાં નિશ્ચિતપણે વિજયી બની શકીશું.

ગીતામાં જેમ અર્જુનનો મોહ દૂર થતાં છેલ્લા અધ્યાયમાં શ્રીકૃષ્ણને સંબોધીને કહે છે. '**ગત સંદેહ, કરિષ્યે વચનં તવ**', તેમ આપણે પણ શ્રીવલ્લભને તેમની શ્રીવલ્લભગીતાનું મનન-ચિંતન કરી પ્રાર્થીએ કે 'હે શ્રી વલ્લભ, મારો ભ્રમ દૂર થયો, હવે આપની આજ્ઞાનુસાર હું જીવન જીવીશ.'

* * *

પ્રભુ પાસે શું માંગવું ?

શ્રીમદ્ ભાગવત એ ભક્તિ દ્વારા ભગવદ્ પ્રાપ્તિનું શાસ્ત્ર છે. જેમનો અંતિમ જન્મ છે એવા મહાત્માઓ માટે આ શાસ્ત્ર છે. આ એક પરમહંસોનું શાસ્ત્ર હોઈ તેમાં પ્રત્યેક અધ્યાયની સમાપ્તિમાં એમ જણાવવામાં આવ્યું છે કે **'ઈતિ શ્રીમદ્ ભાગવતે પારમહંસ્યામ્ સંહિતાયામ્'**. તેમાં અનેક એવી કથાઓ આવે છે જેમાં વિવિધ ભક્તોના ઉપર જ્યારે ભગવાન પ્રસન્ન થઈ દર્શન આપે છે ત્યારે તેમણે આજ્ઞા કરી છે કે 'હે ભક્તરાજ માંગ, હું તને શું આપું ?' ત્યારે અલગ અલગ પ્રકારના ભક્તોએ પ્રભુ પાસે જે માંગ્યું છે તે અર્થસુચક છે.

ભાગવતજીમાં પૃથુરાજાનો પ્રસંગ આવે છે. ભગવાન જ્યારે પૃથુરાજા ઉપર પ્રસન્ન થયા ત્યારે તેમણે ભગવાન પાસે માંગ્યું : 'દશ હજાર કાનથી ભગવદીયની વાણી દ્વારા તમારી કથા સાંભળું એવું વરદાન આપો.' ભગવાન પાસે કદી લૌકિક વસ્તુ માંગવી નહીં. પૃથુરાજાએ પ્રભુ પાસેથી ત્રણ વરદાન માંગ્યા હતા. જેમાં ઉપરોક્ત એક ઉપરાંત બીજું તેમણે 'પાદસેવન'ની ભક્તિ માંગી. પ્રભુ કહે 'પાદસેવનનો અધિકાર તો લક્ષ્મીજીનો છે.' તો રાજા કહે 'એક ચરણાર્વિંદની સેવા હું કરીશ.' ત્રીજું વરદાન માંગ્યું કે 'હે નાથ તમે જેમાં મારું કલ્યાણ હોય તે સિદ્ધ કરો.' કેટલી સુંદર વાત કહી રાજાએ ? પ્રભુ પોતે જ નક્કી કરે કે ભક્તનું શ્રેય શેમાં છે ? ગીતાજીમાં પણ અર્જુને આવું જ કાંઈક માંગ્યું છે કે 'જેમાં મારું શ્રેય હોય તેવો રસ્તો મને બતાવો.' ભક્તનું શેમાં હિત છે તે ભગવાન સિવાય અન્ય કોણ જાણી શકે ? જેમ એક પિતા સ્વયં કોઈના કહ્યા વગર પોતાના પુત્રનું હિત કરવાનું આચરણ કરે છે તેમ ભગવાન પણ ભક્તના હિતેચ્છુ તરીકે વર્તે છે.

ભક્ત પ્રહ્લાદ પણ જ્યારે ભગવાન તેને વરદાન માંગવા કહે છે ત્યારે તેમને

રાજાએ વિચિત્ર પ્રકારની માંગણી કરી. તેઓ કહે – 'જગતના પ્રાણીમાત્રના પ્રારબ્ધમાં જે દુઃખ ભોગવવાનું છે તે મને આપો, સુખ ભલે તે સ્વયં ભોગવે'



વિનંતિ કરતાં કહે છે 'હે નાથ તમે જ મારું કલ્યાણ થાય તેમ કરો.' ભક્તનો ભગવાન પરનો અટલ વિશ્વાસ અહીં વ્યક્ત થાય છે. માટે જ પુરુષોત્તમ સહસ્ત્ર નામમાં ભગવાનના નામોમાં **'ભક્તોન્નતિકરઃ સર્વ પ્રકાર સુખદાયકઃ', 'ભક્ત કીર્તિ વિવર્ધનઃ'** ઈત્યાદિ ભગવાનના નામો આવે છે. પ્રહ્લાદજીએ શ્રી નૃસિંહ ભગવાનને વિનંતિ કરી છે કે **'કામાનાં હૃદ્યસંરોહ ભવતસ્તુ વૃણે વરમ્'** અર્થાત્ 'મારા હૃદયમાં ક્યારેય કાંઈ માંગવાની ઈચ્છા જ ન થાય તેવું કરો.' શ્રી મહાપ્રભુજી પણ આવી જ કાંઈક આજ્ઞા કરે છે કે 'પ્રભુ જે કરશે તે યોગ્ય કરશે તેવો દૃઢ વિશ્વાસ રાખવો.'



રતિદેવ ઉપર જ્યારે ભગવાને પ્રસન્ન થઈ કહ્યું કે 'રાજા માંગો' ત્યારે રાજાએ વિચિત્ર પ્રકારની માંગણી કરી. તેઓ કહે છે 'જગતના પ્રાણીમાત્રના પ્રારબ્ધમાં જે દુઃખ ભોગવવાનું છે તે મને આપો, સુખ ભલે તેઓ સ્વયં ભોગવે.' રાજાની હિંમતને દાદ દેવી પડે. કોણ આવું કરી શકે ? આવું જ કાંઈક વરદાન કુંતીમાતાએ પણ ભગવાન પાસે માંગ્યું છે **'વિપદઃ સન્તુ નઃ શશ્વતઃ'** આનો ખુલાસો કરતાં કુંતીમાતા કહે છે કે 'ભગવાનનું ચિંતન વિપત્તિઓમાં જેવું થાય છે તેવું સંપત્તિ કાળમાં થતું નથી.

માટે જ કોઈ મહાત્મા કહે છે.

'સુખ કે માથે શિલા પડો, હરિ હૃદય સે જાય,
બલિહારી વા દુઃખ કી, પલ પલ રામ જપાય.'

ભાગવતજીમાં દામોદરલીલાનો પ્રસંગમાં પણ આવે છે કે જ્યારે નંદરાયજીના આંગણાનાં બે વૃક્ષો કનૈયાની લીલાથી ધ્વસ્ત થયાં ત્યારે શાપીત 'નલકૂબેર અને મણિગ્રીવ' બે ભાઈઓનો ઉદ્ધાર થતાં તેઓએ પ્રભુને પ્રાર્થના કરી કે 'અમારી વાણી અખંડ તમારા ગુણગાન કરે, હાથ તમારી પરિચર્યા કરે.' આવા સર્વાત્મભાવવાળી ભક્તિ તેમણે પ્રભુ પાસે માંગી.

ભક્ત કવિ નરસિંહ મહેતાએ પણ ગાયું છે :

'હરિજન મુક્તિ ન માંગે, માંગે જન્મ જન્મ અવતાર રે, નિત્ય સેવા, નિત્ય ઓચ્છવ કિર્તન, નિરખવા નંદકુમાર રે.'

પુષ્ટિભક્તિના પ્રખર કવિ તો તેનાથી આગળ વધી કહે છે -

માંગું હરિ સેવા હરિ સેવા;
આપો મુને દેવાધિદેવા હરિ, હરિસેવા હરિસેવા. ૧
ઈહલોકે કે પરલોકે, હોજો એની એ હેવા,
ધર્મ, અર્થ, અરુ કામ મોક્ષ, તેની ના લેવા દેવા. માંગું.. ૨
ગમે ન તમને જેહ પદારથ, તે મુજને વિષ જેવા,
જે જે ગમે તમને સે જે તે, હું થી બનો તતખેવા. માંગું.. ૩
ઓર માંગું નિજસંગી સંગત, જ્યાં સેવા-રસ-મેવા,
દયા દયા પર એક જ એ હરિ નિશ્ચે તમ પદ રહેવા. માંગું.. ૪

દયારામભાઈ માંગણી કરે છે કે -

(૧) આ લોકમાં કે પરલોકમાં મારી એવી ટેવ હજો કે હું પ્રભુની સેવા જ કર્યા કરું, અને તે સિવાય બીજી કોઈ બાબતમાં મારું મન ન જાય.

(૨) જે વાત પ્રભુને ગમતી ન હોય તે મને ઝેર જેવી લાગે, અને જે જે પ્રભુને પ્રિય હોય તે હું એકદમ તેમની આગળ હાજર કરું.

(૩) ભગવદીયોનો સંગ મને સદા રહે, અને સાચા ભગવદીય તે કે જેને સેવા સિવાય બીજું કાંઈ ગમે નહીં અને પ્રભુને છોડી અન્ય વાતમાં જીવનું મન ન જાય તે જ પ્રભુની જીવ ઉપર સાચી દયા.

શ્રી મદાચાર્ય ચરણ તો વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે **'પ્રાર્થિતે વા તતઃ કિમ્**

સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્' પ્રાર્થના કરવાથી કે માંગવાથી કશું પ્રાપ્ત થતું નથી કારણ કે શ્રી પ્રભુની આપણને કાંઈ દેવાની ઈચ્છા હશે તો તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે સ્વયં આપશે, તો પછી સ્વામીના અભિપ્રાયમાં સંશય લાવી પોતાના ધર્મની હાનીરૂપ પ્રાર્થના શા માટે કરવી ? અર્થાત્ પ્રભુ પાસે કોઈ પણ અપેક્ષા રાખી પ્રાર્થના કરવી નહીં અથવા માંગવું નહીં. આપણું હિત વિચારી તેઓ સર્વદા યોગ્ય જ કરશે તેવો વિવેક રાખવો એ વૈષ્ણવ માત્ર માટે આવશ્યક ગણાય.

'ચતુઃશ્લોકી ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી કહે છે કે **'પ્રભુ સર્વ સમર્થો હી તતો નિશ્ચિતતામ્ વ્રજેત્'** આપણે પ્રભુની સર્વ સમર્થતામાં અને તેમના કર્તૃત્વમાં પૂર્ણ વિશ્વાસ રાખી નિશ્ચિંત બનીએ. આપણું સદા તેઓ કલ્યાણ કરશે તેવો અટલ વિશ્વાસ રાખીએ.

* * *

'भगवन्तं प्राप्य स्वयं न किञ्चित्प्रार्थनीयम् ।
भगवानेन यत् करिष्यति तत् करोतु अन्यथा स कुमनीष्येव भवति ।'

અર્થાત્ ભગવાનને પ્રાપ્ત કરી પોતે કાંઈ પ્રાર્થના ન કરવી. ભગવાન જ જે કરવાના હોય તે ભલે કરે. નહિં તો (પ્રાર્થના કરે તો) તે દુષ્ટબુદ્ધિવાળો થાય છે.

(સુબોધિનીજી - ૧૦.૪૫.૧૧)

આપણે 'વલ્લભીય વૈષ્ણવ' છીએ !

'વૈષ્ણવ' શબ્દ ઘણો વ્યાપક છે. ભક્તિમાર્ગના પ્રવર્તક આચાર્યો - શ્રીનિમ્બાર્ક, શ્રીરામાનુજ, શ્રીમધ્વાચાર્ય ઈત્યાદિનું અનુસરણ કરનાર 'વૈષ્ણવ' કહેવાય છે. બે સૈકા ઉપર અસ્તિત્વમાં આવેલ સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ પણ વૈષ્ણવ જ છે. 'હરે રામ હરે કૃષ્ણ' સંસ્થામાં જોડાયેલને પણ વૈષ્ણવ જ કહી શકાય. કારણ કે તેઓ વિષ્ણુ સ્વરૂપ શ્રીકૃષ્ણની જ ભક્તિ કરે છે. મૂળભૂત રીતે ભગવાન વિષ્ણુના વિવિધ અવતારોમાં આસ્થા રાખનારા તેમને ભજનારા પ્રત્યેકજન 'વૈષ્ણવ' તરીકે જ ઓળખાય. આપણે પુષ્ટિમાર્ગને અનુસરનારા પણ વૈષ્ણવ જ છીએ. આમ છતાં આપણે અન્ય વૈષ્ણવોથી કોઈક રીતે જુદા છીએ.

શ્રીવિષ્ણુસ્વામીની પરંપરાગત ગુરુ પ્રણાલીના અનુયાયી હોવાના કારણે આપણે વૈષ્ણવ છીએ. પરબ્રહ્મ પરમાત્મા એવા વિષ્ણુનું શ્રીકૃષ્ણ સ્વરૂપ આપણા આરાધ્ય દેવ છે. પરમાત્મા પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રની ઓળખાણ અને તેમની સાથેનો આપણો સંબંધ કરાવનાર વૈશ્વાનરાવતાર આચાર્ય શ્રીવલ્લભ આપણા 'ગુરુ' છે. ભક્તિમાર્ગના અન્ય પ્રવર્તકોના મતથી શ્રીવલ્લભાચાર્યજીનો 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' કેટલીક વિશેષતાઓ ધરાવે છે, અમુક રીતે તે પૃથક્ છે. શ્રીમહાપ્રભુજી બ્રહ્મ અને જગતના અદ્વૈતપણાને માયાના આશ્રય વગરનું સ્વીકારે છે. બ્રહ્મને વિવિધ નામ અને રૂપથી જગતરૂપે વિલસતું બતાવે છે. બ્રહ્મ અને જીવના અંશી-અંશના સંબંધના સાતત્યને સમજાવે છે અને માટે જ આપશ્રીનો મત અન્ય આચાર્યોના મતથી અલગ તરી આવે છે. જગત બ્રહ્મનું જ આધિભૌતિક સ્વરૂપ છે, તેવો તેમનો સ્પષ્ટ મત છે.

શ્રીવલ્લભચાર્યજીને ગુરુ કરી આપણે તેમના વિશિષ્ટ સિદ્ધાંતોને સ્વીકાર્યા છે.

જો આપણી ઓળખ એક 'વલ્લભીય વૈષ્ણવ' તરીકેની હોય, આપણે આપણી જાતને 'વલ્લભીયજન' તરીકે સમાજમાં અભિવ્યક્ત કરતા હોઈએ તો આપણી કાંઈક વિશેષ જવાબદારી બને છે.



તેનું અનુસરણ કરવાની આપણે તત્પરતા બતાવી છે. માટે આપણે કેવળ વૈષ્ણવ નથી, પરંતુ **'વલ્લભીય વૈષ્ણવ'** છીએ. આપણી ઓળખ શ્રીવલ્લભની સાથે જોડાયેલી છે, તેમના નામ સાથે સંકળાયેલી છે, તેમની વિચારધારાના અંગરૂપ છે.

વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે જ્યારે આપણી સાથે કોઈ વ્યક્તિ વિશેષનું નામ જોડાય અથવા કોઈ નામી વ્યાપારી પેઢી સાથે આપણા ધંધાકીય કાર્યનું જોડાણ થાય ત્યારે તે વ્યક્તિ કે વ્યાપારી પેઢીના સિદ્ધાંતોને, તેમની કાર્યપ્રણાલીને તથા રીતભાતને અપનાવવી આપણે માટે અનિવાર્ય હોય છે. ઉદાહરણ માટે લાયન્સ કે રોટરી કલબનું એક વિશ્વપ્રખ્યાત માળખું છે. પોતાની જાતને 'લાયન' કે 'રોટરીયન' તરીકેની ઓળખ ધરાવનાર પ્રત્યેક વ્યક્તિ કે તેની અંતર્ગત જોડાયેલ હોય તે સંસ્થાએ તેની મૂળભૂત સંસ્થાના ધારા-ધોરણને અપનાવવાના હોય છે. તેના સિદ્ધાંત મુજબ કાર્ય કરવાનું હોય છે. તેના મૂલ્યોને-સિદ્ધાંતોને સ્વીકારવાના હોય છે. આ એક અનિવાર્ય આવશ્યકતા હોય છે કારણ કે તે વ્યક્તિ કે સંસ્થાની ઓળખ તેની મૂળભૂત સંસ્થાની ઓળખ હોય છે.

તે જ પ્રમાણે જો આપણી ઓળખ એક **'વલ્લભીય વૈષ્ણવ'** તરીકેની હોય, આપણે આપણી જાતને **'વલ્લભીયજન'** તરીકે સમાજમાં અભિવ્યકત કરતા હોઈએ તો આપણી કાંઈક વિશેષ જવાબદારી બને છે. શ્રીવલ્લભના વિચારો, સિદ્ધાંતો અને તેમની આજ્ઞાઓને સમજવા, સ્વીકારવા અને તેને આચરણમાં મૂકવાની અનિવાર્ય જવાબદારી આપણે માથે આવી પડે છે. એને આપણે ટાળી શકતા નથી, નજર અંદાજ કરી શકતા નથી કે તેનો અસ્વીકાર કરી શકતા નથી. આ બાબતને ખૂબ જ ગંભીરતાપૂર્વક વિચારવાની આવશ્યકતા છે.

શ્રીવલ્લભ દ્વારા આપણે નામ-મંત્ર પામ્યા છીએ, અને બ્રહ્મસંબંધની દીક્ષા ગ્રહણ કરી શ્રીપ્રભુને આત્મનિવેદન કર્યું છે. આપણે સ્વીકાર્યું છે – 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' – 'શ્રીકૃષ્ણનો હું

શરણાગત છું.' બ્રહ્મસંબંધ લેતાં આપણે આપણું જે કાંઈ છે તે સર્વનું, આપણા 'અહં'નું અને 'મમત્વ'નું પ્રતિજ્ઞાપૂર્વક શ્રીપ્રભુને સમર્પણ કરી તેમના ચરણોમાં દંડવત સહ કબૂલાત કરી છે કે 'હું કૃષ્ણનો દાસ છું.' આપણી શ્રીવલ્લભની સાક્ષીએ કરેલી સ્વીકૃતિ, સોગંદનામું એક ગંભીર પ્રકારની પ્રક્રિયા છે. નામ નિવેદન કે આત્મનિવેદન એ એક બાહ્યાચરણની ક્રિયા માત્ર નથી પરંતુ એક હેતુપૂર્વકનું આચરણ છે. તેનો એક વિશિષ્ટ ઉદ્દેશ્ય રહેલો છે. આપણે એક દૈવી જીવ છીએ. ભગવાન સાથેનો આપણો પરાપૂર્વનો નાતો છે. અપરિમિત સમયથી આપણે ભગવાનથી વિખૂટા પડી ગયા છીએ. અવિદ્યાને કારણે આપણે આપણા સ્વરૂપને ભૂલી ગયા છીએ. ભગવાન સાથેના આપણા સંબંધને વિસરી ગયા છીએ. અહંતા-મમતાત્મક સંસારને આપણે સાચો માની બેઠા છીએ અને પરિણામ સ્વરૂપે જન્મ-મરણની ઘટમાળમાં આપણે અટવાઈ પડ્યા છીએ.

કરુણા સાગર શ્રીવલ્લભ જેવા ગુરુ પ્રાપ્ત થતાં પુનઃ આપણને આપણી સાચી ઓળખ પ્રાપ્ત થઈ છે. બ્રહ્મસંબંધની દીક્ષા સાથે તેમણે 'અદેય' એવા પોતાના સર્વસ્વ શ્રીપ્રભુનું આપણને દાન કર્યું છે. આપણી અહંતા-મમતાને પ્રભુમાં યોજવાનો સમર્પણનો સરલ સિદ્ધાંત સમજાવ્યો છે, જેથી તે બાધારૂપ ન બનતાં આપણા માટે ઉપકારક બની રહે. શાશ્વત આનંદની પ્રાપ્તિ આપણે આ જન્મમાં જ કરી શકીએ માટે પુષ્ટિ પુરુષોત્તમ સ્વરૂપ આપણે માથે પધરાવી આપી ભગવદ્ સેવાનો અધિકાર આપ્યો છે. આપણા સામાન્ય જીવનમાં મૂંઝવતા વિવિધ પ્રશ્નોના સરળતમ ઉપાય, આપણા સ્વરૂપની સાચી ઓળખાણ, આપણું કર્તવ્ય, આપણા પુરુષાર્થ, સેવા વિષયક યથાર્થ માર્ગદર્શન ઈત્યાદી અનેક બાબતો વિશે બોધ આપણને શ્રીવલ્લભે ષોડશગ્રંથોના માધ્યમથી આપ્યો છે. તેઓએ તથા તેમના વંશજ આચાર્યોએ અનેક જીવોને શરણે લઈ તેમના જીવનના ઉદાહરણો દ્વારા પોતાના સિદ્ધાંતોની, જીવન-યાપન શૈલીની, તેની ફલશ્રુતિની યથાર્થતા આપણી સમક્ષ રજૂ કરી છે. આ સર્વ કાંઈ પરિશ્રમ આપશ્રીએ આપણા જેવા જીવોને ઉપકારક થઈ પડે માટે કર્યો છે. પરંતુ

આપણે તેનું મૂલ્ય કેટલું સમજીએ છીએ ? તેમની આજ્ઞાઓનું પાલન કેટલું કરીએ છીએ ? તેમના સિદ્ધાંતોમાં કેટલી નિષ્ઠા ધરાવીએ છીએ ? તેમના પ્રતિ આપણા કર્તવ્ય વિશે આપણે કેટલા સજાગ છીએ ? આપણે આપણી જાતને ઈમાનદારી પૂર્વક પૂછીએ. આપણા આંતરમનને ટટોલીએ. શું સાચે જ આપણે 'વલ્લભીજન' કહેવડાવવાને લાયક છીએ ? શું ખરેખર આપણે 'વલ્લભીય વૈષ્ણવ' છીએ ? છાંદોગ્ય ઉપનિષદમાં શ્રદ્ધા-નિષ્ઠા-કૃતિ વિશે ઉત્તરોત્તર તેની શ્રેષ્ઠતા ખુબ સરસ રીતે સમજાવી છે. શ્રદ્ધા હોય પરંતુ નિષ્ઠા ન હોય તો તે શ્રદ્ધાનું મુલ્ય કેટલું ? સમજો કે ખુબ સારી નિષ્ઠા છે, પરંતુ તે આપણી કૃતિમાં ન હોય અર્થાત આપણે તદનુસાર આચરણ ન કરતાં હોય તો તે નિષ્ઠાનો કોઈ અર્થ ખરો ? વિચારવા જેવું છે ?

આપણે આંતરખોજ કરવી આવશ્યક છે. ગંભીરતાપૂર્વક આ વિશે ચિંતન કરવું આવશ્યક છે. અન્યધર્મીઓ તરફ જો આપણે દૃષ્ટિ કરીશું તો જણાશે કે તેઓ તેમના ધર્મગુરુઓની આજ્ઞાનું પાલન કેટલી નિષ્ઠાપૂર્વક કરે છે. ક્રિશ્ચયનો માટે રવિવાર એટલે ચર્ચમાં અચૂક જવાનો દિવસ. મુસ્લિમ બિરાદરો આબાલ વૃદ્ધ સૌ કોઈ શુક્રવારે નમાજ પઢવાનો, રમઝાન ઈત્યાદી પવિત્ર દિવસોમાં રોજા રાખવાનો આગ્રહ રાખે છે. જૈન શ્રેષ્ઠીજનો પોતાના બાળકોને પણ અબોટિયું પહેરાવી રોજ તેમને સાથે લઈ સવારે દેરાસરમાં પૂજા કરવા જવાનો નિયમ પ્રત્યનપૂર્વક પાળે છે. શું આપણામાં આવી કોઈ નિષ્ઠા ખરી ? આપણા એવા કોઈ સંકલ્પપૂર્વકના આચરણ ખરાં કે જે આપણી એક વલ્લભીયજન તરીકે ઓળખ કરાવે ? આ વિશે આપણે થોડો સમય લઈ ઊંડો વિચાર કરીએ !

એક વાત ચોક્કસ છે. જગતના અનેક જીવો કરતાં આપણે સૌભાગ્યશાળી છીએ કારણ કે શ્રીપ્રભુએ આપણું વરણ કર્યું છે. આપણામાં બીજભાવ સ્થાપિત કર્યો છે. શ્રીમહાપ્રભુજી જેવા સમર્થ ગુરુ આપણને પ્રાપ્ત થયા છે. આપશ્રીનું તત્વદર્શન-વૈચારિક ચિંતન અજોડ છે. આપના સિદ્ધાંતો પ્રત્યેક દેશકાલમાં, પરિસ્થિતિમાં સર્વગ્રાહ્ય છે. આપે પ્રતિપાદિત કરેલ 'પુષ્ટિમાર્ગ' પ્રભુપ્રાપ્તિ માટે

સરલતમ ઉપાય છે.

હવે આપણે આપણા પક્ષે વિચારવાનું છે. આપણા કર્તવ્યો વિશે સભાન થવાનું છે. સાચા ‘વલ્લભીય વૈષ્ણવ’ બનવા સંકલ્પિત થવાનું છે. તે માટે આપણે આપણા જીવનને શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સિદ્ધાંતોને અનુરૂપ બનાવીએ. પુષ્ટિમાર્ગીય જીવન શૈલીને અપનાવીએ. એક લઘુત્તમ કાર્યક્રમ આપણા રોજીંદા જીવન માટે નિશ્ચિત કરીએ, અને વાણી અને વ્યવહારની એકરૂપતા સાધી તેને અમલમાં મૂકીએ, પુષ્ટિમાર્ગ એક ધર્મ કે સંપ્રદાય માત્ર નથી. તે એક પ્રકારની જીવન પદ્ધતિ છે. સમર્પણ અને શરણાગતિ તેના પાયા છે. આપણી શક્તિ અને સામર્થ્ય મુજબની ભગવદ્ સેવા તેનું અનિવાર્ય અંગ છે. બાહ્ય તેમજ આંતરિક વૈષ્ણવી વ્યવહાર તેનાં લક્ષણ છે. આ સર્વ બાબત આપણે પ્રયત્ન પૂર્વક જાણીએ, સમજીએ અને તેને આચારણમાં મૂકીએ. ત્યારે જ આપણે આપણી ઓળખ એક વલ્લભીય વૈષ્ણવ તરીકે કરાવી શકીશું. ત્યારે જ આપણે વલ્લભના વહાલા બની શકીશું. આપણા જીવનને સાર્થક બનાવી શકીશું.

એક વિદ્વાન વલ્લભકુલ આચાર્યે કહેલું : ‘દુનિયાના તમામ ધર્મો-દર્શનોનો ખુબ ઉંડાણપૂર્વકનો તલસ્પર્શી અભ્યાસ કર્યા પછી હું એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે શ્રીમદાચાર્ય ચરણોના સિદ્ધાંતની તોલે આવનાર એક પણ અન્ય વિચારધારા નથી. આ હું નિષ્પક્ષપણે અતિ વિનમ્રતાપૂર્વક કહી રહ્યો છું.’

આપણે ખુબ શાંતિપૂર્વક વિચારીએ - આપણે આવા ગૌરવના અધિકારી કેટલા છીએ ?

* * *

ઉત્તિષ્ઠ, જાગ્રત, પ્રાપ્ય વરાન્નિબોધત

(સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિ વિશે ચિંતન)

શ્રીવલ્લભના આદર્શો, ઔદાર્ય, સહિષ્ણુતા, સાતત્ય, શાસ્ત્ર સુરાંગત વિચારોની ગહનતા, ભગવદ્ પરાયણતા ઈત્યાદી હાલમાં પ્રવર્તિત અન્ય વિચાર ધારાઓથી ઘણી ઊંચાઈએ છે તે સમજતાં વાર નહીં લાગે. આજે આપણું મોટું દુર્ભાગ્ય છે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સ્પષ્ટ શબ્દોમાં સમજાવનાર પૂ.શ્રી આચાર્ય ચરણો હોવા છતાં, સંપ્રદાયના સંનિષ્ઠ વિદ્વાનો, ભલે તેઓ આંગળીને વેઢે ગણી શકાય. એટલા જ હોય પણ તેઓ હોવા છતાં અને શુદ્ધ સરલ ગુજરાતી ભાષામાં સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવનાર સામયિકો હોવા છતાં આપણે લોકપૂજાર્થ ભોળા વૈષ્ણવને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી ઉલટી દિશામાં દૂર દૂર લઈ જઈ રહ્યા છીએ.

પ્રત્યેક વર્ષે આપણે મનાવતાં હોઈએ છીએ આપણા પ્રાણપ્રિય શ્રીવલ્લભનો પ્રાકટ્યોત્સવ. જે ઘરોમાં ભગવદ્ સેવા બિરાજતી હશે અથવા જે ગામ કે શહેરોમાં પુષ્ટિમાર્ગીય હવેલી બેઠકો હશે ત્યાં પરંપરાગત પ્રણાલી મુજબ શ્રીમદાચાર્ય ચરણનું અનુસંધાન રહેતું હશે. પરંતુ સમગ્ર વલ્લભીય સૃષ્ટિ આ ઉત્સવ નિમિત્તે કેટલી સંવેદના અનુભવતી હશે અથવા તેને કેટલું વિશેષ મહત્વ આપની હશે તે એક વિચારણીય પ્રશ્ન છે. આજની યુવા પેઢી શ્રીમહાપ્રભુજીના દાર્શનિક સિદ્ધાંતોથી કેટલી અવગત છે ? આપણા બાળકો શ્રીવલ્લભાચાર્યજીના નામથી કેટલા પરિચિત છે ? એ એક વિચારવા જેવો પ્રશ્ન છે. એક સ્નેહી જેમના ઘેર ભગવદ્ સેવા બિરાજે છે, જેઓ સંપ્રદાયના કાર્યોમાં ઊંડો રસ લે છે, તેમના યુવાન દીકરાએ પ્રશ્ન કર્યો - 'પપ્પા, આ દર વર્ષે તમે ચંપારણ્ય જાઓ છો તે શા માટે ? એ સ્થાનનું શું મહત્વ છે ? આજની આ વાસ્તવિક પરિસ્થિતિ છે. જેનાથી આપણે વ્યથિત થવા જેવું છે.

ગો.વા.પ.ભ. શ્રી રમેશભાઈ પરીખ સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિનું ચિંતન કરી પોતાની હૃદયના

ભાવોને અવારનવાર તેમના સામયિક 'વૈષ્ણવ પરિવાર' દ્વારા વાચા આપતા. જૂન ૧૯૮૭ના વૈ.પ.ના સંપાદકીય લેખમાં તેમણે લખેલું **'આજે ખૂબ જ ગંભીર વાતો વેદના પૂર્વક કરવી છે. શાહમૃગની જેમ રેતીમાં મોં સંતાડી દેવાથી વિપત્તિઓ અને સમસ્યાઓ ઉકલી જતી નથી. આજે જે વાત હુ કહી રહ્યો છું. તે વાત તમારા સૌના હૃદયમાં વલોવાય છે. એની વ્યથાથી તમે પણ સૌ વ્યથિત છો જ. આજનો પ્રશ્ન કોઈ વ્યક્તિ કે સંસ્થા પરત્વેનો નથી. સંપ્રદાયના ગૌરવપૂર્ણ અસ્તિત્વનો છે. તેનો વિચાર સ્વસ્થ અને તટસ્થ બુદ્ધિથી કરવાનો છે. તેમાં આપણા પૂર્વગ્રહો અને લાગણીના આવેશો ન ધસી જાય તેની તકેદારી પણ રાખવી જરૂરી છે.'**

પૂ.પા.ગો. ૧૦૮શ્રી રસિકરાયજી મહારાજશ્રીનો એક મનનીય લેખ સત્સંગ માસિકના ઓગષ્' ૮૯ના અંકમાં પ્રકાશિત થયેલ. તેમાં આપશ્રીએ સંપ્રદાયની બાહ્ય તથા આંતરિક પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યું હતું અને પુષ્ટિમાર્ગની અસ્મિતાનો હ્રાસ થવાના ચાર કારણો રજૂ કર્યાં હતા. **'(૧) પુષ્ટિમાર્ગની શિક્ષા અને પુષ્ટિમાર્ગના સંસ્કારો પ્રત્યેની આપણી ઉદાસીનતા (૨) શિસ્ત વિનાનો સ્વચ્છંદી આચાર અને વિચાર. (૩) કેટલાક વૈષ્ણવો પોતે સુધારક છે, પ્રગતિશીલ છે, વિચારક છે એમ માનીને એવા ભ્રમમાં પુષ્ટિમાર્ગની સિદ્ધાંત પરંપરાનો ભંગ કરે છે અને (૪) આપણે આપણા મહાનુભાવ વિદ્વાનોની ઉપેક્ષા કરવા લાગ્યા છીએ.'** આ સર્વે બાબતો આજે પણ ગંભીરતાપૂર્વક વિચારવી આવશ્યક છે.

પુષ્ટિમાર્ગનું ચિંતન કરીએ ત્યારે પૂ.પા.નિ.લી.ગો. ૧૦૮ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને યાદ કર્યા વગર રહી શકાય નહીં. આપશ્રીના વિચારો અને પ્રયત્નો આપના સ્મૃતિ ગ્રંથ **'પ્રથમેશ સ્મૃતિ'**માં પરાવર્તિત થાય છે. આપશ્રી દ્વારા રચાયેલ જાગરણ ગીત આ વિશે ઘણું બધું કહી જાય છે.

જાગો જાગો પુષ્ટિ પથિક હે ! જાગી હે ફીર વૈષ્ણવતા,
ઊઠો ઊઠો જય ઘોષ કરો, મુખરિત હોગી માનવતા.
ક્યોં પ્રમાદ જીવન મેં આયા ? યહ કલ્મષ ક્યોં મન પર છાયા ?
પાવન પ્રેમ શિખા દો તુમ, ભાગ જાય જગ સે દાનવતા.
આહુતિ કી બેલા અબ આઇ, અલસાયે ક્યોં વૈષ્ણવ ભાઇ,
મનુજો બલી દો નિજ વલ્લભ પર, લાઓ ફિર સે શુદ્ધ એકતા.

ઉપરોક્ત જાગરણગીતમાં પૂ.પા.નિ.લી.ગો ૧૦૮ શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ વર્તમાન પરિસ્થિતથી સમસ્ત વલ્લભીયજનોને આગાહ કરવા પ્રશ્ન ચિન્હ મૂક્યા છે. ક્યોં પ્રમાદ જીવન મેં આયા ? યહ કલ્મષ ક્યોં મન પર છાયા ? આના જવાબમાં ઉપાય તરીકે આપશ્રી છેલ્લી આજ્ઞા કરે છે **'લાઓ ફીર સે શુદ્ધ એકતા.'** કેટલું યથાર્થ કહ્યું છે આપે જેનું ચિંતન સૌએ કરવું જોઈએ.

આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના જીવનકાળમાં પ્રવર્તતી વિપરીત દેશકાળની પરિસ્થિતિમાં અથાગ પરિશ્રમ લઈ, ત્રણ ત્રણ વખત ભારત ભ્રમણ કરી જીવોના કલ્યાણ માટે શાસ્ત્રોનું દોહન કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંતને પ્રતિપાદિત કરી જગતને તેની સર્વોચ્ચતા બતાવી છે. શાસ્ત્રોએ બતાવેલ ભગવદ પ્રાપ્તિના માર્ગોમાં સરલતમ માર્ગનો આપે નિર્દેશ કર્યો છે. ભગન્મુખાવતાર આપશ્રીની વાણી કેવળ સત્ય જ હોઈ શકે, તેમાં લેશમાત્ર શંકા નથી. છતાં આજની પેઢી અવઢવમાં છે. આપણાં સંતાનો શ્રીમહાપ્રભુજીના આ વાસ્તવિક દિવ્ય વિચારો - આજ્ઞાઓથી અપરિચિત છે અને એટલે જ યોગ્ય પોષણ અને સાચા માર્ગદર્શનના અભાવમાં, આપણા બાળકો અને યુવાનો અન્યત્ર પ્રવાહમાં ખેંચાઈ રહ્યા છે ત્યારે આપણું શું કર્તવ્ય હોઈ શકે તે આપણે વિચારવું અનિવાર્ય છે.

અર્વાચીન યુગના અન્ય વિચારકો, વિદ્વાનો, આચાર્યો, સ્વામીજીઓ, મહંતો ઈત્યાદી પોતપોતાની વિચારધારાનો વ્યાપ વિશ્વસ્તર ઉપર ફેલાવવા સફળ થયા છે. પોતાના વિચારોથી વિશાળ

જનસમુદાયને પ્રભાવિત કરવાના સુવ્યવસ્થિત પ્રયાસ તેમને કર્યા છે. તેમના મઠો, આશ્રમો, મંદિરો વિશ્વભરમાં સ્થપાઈ રહ્યાં છે. સુજ્ઞ વલ્લભીયજનો જો આ વિચારધારાઓને શ્રીવલ્લભના સિદ્ધાંતોના પરિપેક્ષ્યમાં તટસ્થપણે મુલવવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરશે તો પોતે 'વલ્લભીય' હોવાનું ગૌરવ અનુભવ્યા વગર નહીં રહે. શ્રીવલ્લભના આદર્શો, ઔદાર્ય, સહિષ્ણુતા, સાતત્ય, શાસ્ત્ર સુરાંગત વિચારોની ગહનતા, ભગવદ્ પરાયણતા ઈત્યાદી હાલમાં પ્રવર્તિત અન્ય વિચાર ધારાઓથી ઘણી ઊંચાઈએ છે તે સમજતાં વાર નહીં લાગે. વાસ્તવમાં શ્રીમદ્ આચાર્યચરણોએ જીવ માત્રને પોતાના જીવન વ્યવહાર બદલ્યા વગર પોતાના અભિગમને ભગવતોન્મુખ બનાવી ભગવત્પ્રાપ્તિનો, મનુષ્ય જીવનના ઉત્કર્ષનો, જે સરલતમ માર્ગ બતાવ્યો છે તે સમગ્ર જગતના આધ્યાત્મિક ઈતિહાસમાં અદ્વિતીય - અજોડ અને પ્રાણીમાત્ર માટે કલ્યાણકારી છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનું ફલક આટલું વિશાળ હોવા છતાં આપણે અલગ અલગ વાડાઓમાં વહેંચાયેલા છીએ. આજની નવી પેઢી અસમંજસમાં છે.

જો આપણે આપણી નવી પેઢીને અન્યત્ર પ્રવાહોમાં તણાતી બચાવવી હશે, આપણે ત્યાં બિરાજતા શ્રીપ્રભુની સેવા અવિરત ચાલુ રાખવી હશે, નવાયુગના દૂષણોથી બચવું હશે, અર્વાચીન ચિંતકોની વિચારધારાથી આપણી જાતને કે આપણા બાળકોને પ્રભાવિત થવા દેવા નહીં હોય, તો આપણે શ્રીમદાચાર્યચરણોની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી આપશ્રીના દાર્શનિક વિચારોમાં આપણી સમગ્ર નિષ્ઠા સમર્પિત કરવી પડશે. આપણા આચાર, વિચાર અને વ્યવહારમાં સુસંગતતા લાવવી પડશે અને સમસ્ત વલ્લભીયજનોએ એકત્રિત થઈ સમાજની સમક્ષ શ્રીવલ્લભનો દૃષ્ટિકોણને સાચા પરિપેક્ષ્યમાં રજૂ કરવા પડશે, એટલું જ નહીં પરંતુ આપશ્રીના એ દિવ્ય સિદ્ધાંતોને આપણા જીવનમાં ચરિતાર્થ કરી નવી પેઢીને ઉદાહરણ પૂરું પાડવું પડશે. આપણા બાળકો આપણું અનુકરણ ત્યારે જ કરશે જ્યારે આપણા ઉપદેશો અને આચરણમાં એકરુપતા હશે. જે વાત આપણે તેઓને શીખવવા ઈચ્છીએ છીએ તે બાબતોનો અમલ આપણે કરતાં ન હોઈએ તો આપણા ઉપદેશોની અસર તેઓના ઉપર થઈ શકે નહીં.

આજે ખૂબ જ વિશાળ ફલક ધરાવતી સંસ્થા આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ નિ.લી.પૂ.પાદ. ગો. ૧૦૮ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની રાહબરી હેઠળ વિકાસ પામી છે. જે સમગ્ર વલ્લભીય સૃષ્ટિને એક સૂત્રે બાંધવાના અને શ્રીવલ્લભના વિચારોનો વ્યાપક રૂપે પ્રચાર-પ્રસાર કરવાનું કાર્ય કરી શકે છે. સમસ્ત વૈષ્ણવ સમાજમાં ચેતના લાવી શકે છે. આવશ્યકતા છે સુવ્યવસ્થિત અને સુનિયંત્રિત સંગઠનની, દૃઢ સંકલ્પની અને સંપ્રદાય પ્રત્યેના સંપૂર્ણ સમર્પણની. શ્રીપ્રથમેશ સ્મૃતિ ગ્રંથમાં સંકલિત થયેલા નિ.લી.ગો. ૧૦૮ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના ઉદ્‌ગારો, પત્રો, લેખો, પરિપત્રો આજની પરિસ્થિતિના સંદર્ભમાં સાવ સાચા છે. આમાંથી નિતરતું સત્ય આજના આયોજકો, કાર્યકર્તાઓ, વૈષ્ણવો માટે દીવાદંડીની ગરજ સારે તેમ છે. આ ગ્રંથમાંથી સાચું માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે તેમ છે. સવાલ છે તેને યથાર્થરૂપે અમલમાં મુકવાનો.

ગો.વા.પ.ભ.શ્રી રમેશભાઈએ પણ આ વિશે ઘણું ચિંતન કરેલું. એમના જીવનના અંતિમ ત્રણ દિવસોના મારી સાથેના સહવાસ દરમ્યાન તેમણે આ વિશેના એમના વિચારોની આપ લે મારી સાથે કરી હતી. એમના શમણામાં એમને એક એવી શ્રીવલ્લભ-વિઠ્ઠલની પેઢી દેખાતી હતી જે વાદવિવાદથી અલિપ્ત રહી સંપ્રદાયના રચનાત્મક કાર્ય કરે. એમણે કહેલું કે જો વિશ્વમાં એક કરોડ વૈષ્ણવ હોય તો આ પેઢી એક કરોડ વૈષ્ણવની પેઢી બને, જેમાં દરેક વૈષ્ણવ વર્ષે એક જ રૂપિયો આપે. એક કરોડ રૂપિયા દર વર્ષે આવે અને વપરાય. જીર્ણ મંદિરો, બેઠકો, આપણા અન્ય ઐતિહાસિક સ્થાનો, વ્રજના અલૌકિક સ્થળો એમાંથી ક્રમશઃ બને. વૈષ્ણવ સમાજમાં જરૂરિયાત મંદોને રોજગારી, આરોગ્ય અને શિક્ષણ માટે સહાય મળે અને ગૌસેવા થાય, સાથે સાથે કેન્દ્રવર્તી પુસ્તકાલયો, રિસર્ચ સેન્ટર હોય, પુસ્તક સંરક્ષણ થાય. વળી બેઠજીઓ વિશે એમના વિચારો વ્યક્ત કરેલા. સાદું પરંતુ મજબૂત શ્રીવલ્લભનું આરામદાયક સ્થાન હોય, આજુબાજુ વૈષ્ણવો અને શ્રીવલ્લભકુળના આવાસની વ્યવસ્થા હોય, રળિયામણું નાનું ઉપવન હોય, સુંદર રીતે સેવા-કીર્તન

થતાં હોય, શ્રીવલ્લભની સાન્નિધ્યમાં આવનાર વૈષ્ણવો સત્સંગ કરતાં હોય, શ્રીસર્વોત્તમ સ્તોત્ર અને ષોડષગ્રંથોના પાઠ થતાં હોય, તે બેઠકજીનું ચરિત્ર શિલાલેખ રૂપે જડાયું હોય, ઈત્યાદી પરંતુ શું આ એક સોનેરી સ્વપ્નથી વિશેષ કાંઈ જ નહોઈ શકે ? આપણે વિચારવું જોઈએ ?

'વૈષ્ણવ પરિવાર'ના એક સંપાદકીય લેખમાં શ્રી રમેશભાઈએ લખેલું-'પુષ્ટિમાર્ગની અસ્મિતા જાળવવાની જેમના શિરે જવાબદારી છે, એવા શ્રી વલ્લભકુળ પરિવાર, સંપ્રદાયના વિદ્વાનો અને સંપ્રદાયની સેવામાં તત્પર જાહેર કાર્યકરો પોતાના વિચાર, આચાર તેમજ સિદ્ધાંત નિષ્ઠ ધરાવતા હોય, સિદ્ધાંત શુદ્ધ હોય, સ્વાર્થ અને પ્રતિષ્ઠાથી પર હોય એવો આગ્રહ સૌ કોઈએ પહેલા સેવવો જરૂરી છે. આવું અનુશાસન શિસ્ત જો આજે ઓછા થઈ રહ્યા હોય તે તો ભવિષ્ય માટે સુખદ ઘટના નહીં રહે. આપણો વૈષ્ણવ સમાજ આજે પણ અર્ધશિક્ષિત છે. તેઓ બુદ્ધિથી વિચારે છે, તેના કરતાં શ્રદ્ધાથી વધુ આચરણ કરે છે. આજે આપણું મોટું દુર્ભાગ્ય એ છે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સ્પષ્ટ શબ્દોમાં સમજાવનાર પૂ.શ્રી આચાર્યચરણો હોવા છતાં, સંપ્રદાયના સંનિષ્ઠ વિદ્વાનો ભલે તેઓ આંગળીને વેઢે ગણી શકાય એટલા જ હોય, પણ તેઓ હોવા છતાં, શુદ્ધ સરલ ગુજરાતી ભાષામાં સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવનાર સામયિકો હોવા છતાં આપણે લોકપૂજાર્થ ભોળા વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી ઉલટી દિશામાં દૂર દૂર લઈ જઈ રહ્યા છીએ; ત્યારે શ્રીમહાપ્રભુજી આપણને જો પૂછશે કે તું મારો થઈ, મારો સેવક બની, મારા સિદ્ધાંતોથી વિરુદ્ધ કેમ વર્તી રહ્યો છે તો તેનો કોઈ સંતોષકારક જવાબ શ્રી મહાપ્રભુજીને આપવા આપણી પાસે છે ખરો ? આપણે સૌએ ખુબ જ ગંભીરતાથી વિચારવાની આ વાત છે. આપણે શ્રી મહાપ્રભુજીના ગૌરવ, શ્રી મહાપ્રભુજીનું સન્માન, શ્રી મહાપ્રભુજીની અસ્મિતા જાળવવાની આપણા સૌની પવિત્ર ફરજ છે. જયાં સુધી આપણા ગળામાં શ્રીમહાપ્રભુજીની કંઠી પહેરી છે ત્યાં સુધી શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોથી વિરુદ્ધ વિચાર, વાણી અને વર્તન કરવાનો આપણને અધિકાર ન જ હોય.'

આ યથાર્થ ચિંતન પ્રત્યેક વલ્લભીયજને પણ કરવું જ રહ્યું.

આવો જ સંદેશ અને આદેશ નિ.લી.ગો.૧૦૮ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ પણ આપ્યો છે. (પ્રથમેશ સ્મૃતિ ગ્રંથ - વિભાગ ૯, પેજ-૧૨) એમના જ શબ્દોમાં એમની વાણી તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક ગણાય.

'અપનો સે આત્મીય અનુરોધ'

"સમસ્ત ધર્માનુરાગી વૈષ્ણવ વૃંદ,
આશીર્વાદ

આજ હમારે પુષ્ટિમાર્ગ (વલ્લભ સંપ્રદાય) કો હમારી સેવા ઔર સંગઠન કી બહુત આવશ્યકતા હૈ.

સ્થાન સ્થાન પર કલહ પરસ્પર રાગ દ્વેષ સે સમાજ છિન્ન ભિન્ન હો રહા હૈ. હમ વૈષ્ણવ હૈ ઔર હમારા સ્વધર્મ ક્યા હૈ ઔર ક્યા કરના ચાહિએ યહ વિચાર ગમ્ભીરતા સે નહીં કિયા જા રહા હૈ.

હમેં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય ને કૃપા કરકે અદેય દાન દિયા હૈ ઉસકી રક્ષા કરના હમારા પ્રથમ કર્તવ્ય હૈ. યહ તો સભી અનુભવ કરતે હોંગે કિ ધર્માચરણ કે બિના સુખ શાંતિ એવં સામાજિક એકતા નહીં આ સકતી. રાજનિતિ એવં અર્થશાસ્ત્ર ઈસ દિશા મેં વિફલ હો ગયે હૈ. વિજ્ઞાન ઔર શિક્ષા કા વર્તમાન રુપ ભી ચરિત્ર નિર્માણ તથા એકતા નહીં લા સકતે.

હિંસા અનાચાર સે સમાજમેં નિયંત્રણ સમાપ્ત હોતા જા રહા હૈ. આપસી વિશ્વાસ ભી માનવ ખોતા જા રહા હૈ.

ઈસ પરિસ્થિતિ સે આપ સભી પૂર્ણ પરિચિત હૈ. બહુત કુછ અનુભવ ભી કિયા હોગા. ઈસ લિયે રાજનીતિ કે પ્રપંચ ઔર અર્થ લોલુપ બનને કી અપેક્ષા આપ સભી વૈષ્ણવ અ.ભા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા સંગઠિત હોકર સેવા, સમર્પણ એવં અનુગ્રહ માર્ગ કા આચરણ કરકે સદાચાર સે સમાજ કો નઈ પ્રેરણા ઔર આત્મબલ દેને મેં સમર્થ હૈ.

આપકા ત્યાગ, સ્નેહ ભાવના ઔર સમર્પણ કા પથ હી આજ સમસ્ત વિશ્વ કા માર્ગદર્શન કરને મેં સક્ષમ હૈ. હમેં પ્રભુ કા આશ્રય એવં સંબંધ આચાર્ય કૃપા સે સ્વતઃ પ્રાપ્ત હૈ.

ભગવાન કી શરણાગતિ ઔર ઉનકી સેવા તથા સમર્પણ સે સભી પ્રાણી દોષમુક્ત પાપમુક્ત હોકર ભગવદ્

ભક્તિ સે યહ લોક ઔર પરલોક સુધાર શકતે હૈ.

શ્રીહરિ આપકી સેવા સ્નેહ ભાવના ઔર સંગઠિત ધર્માચરણ સે પ્રસન્ન હોંગે. શ્રી પ્રભુ આપકી પ્રેમભરી દૃષ્ટિ સે રાહ દેખ રહે હૈ. સભી મિલકર ઉસ ભાવાત્મા ભગવાન કી સેવાર્થ તત્પર બને. ઉનકા કાર્ય કરેં. યહી શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્ય કા દિવ્ય સંદેશ હૈ.

ભારત તથા અન્ય દેશો કા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ એક હોકર સેવા કાર્ય મેં તત્પર બને ઔર અપને સંગઠન કો ત્યાગ ઔર સેવા, સમર્પણ દ્વારા સશક્ત બનાયે યહી એક માત્ર માર્ગ હમારે શ્રેય એવં પ્રેમકા સાધન હૈ. મતભેદો કો ભુલાકર આપ સ્વધર્મ કી સેવા મેં તન્મય બને યહી અનુરોધ એવં સદાગ્રહ હૈ. અસ્તુ.''

આપશ્રીનો આ દિવ્ય સંદેશ આજની પૂર્વવર્ણિત પરિસ્થિતિના સંદર્ભમાં કેટલો મનનીય છે તે કહેવાની જરૂર નથી. નીચેની કવિતામાં આપશ્રી કેટલું યથાર્થ વર્ણન કરે છે !

''દેખતે ચલતે હૈ ધર્મ કા આચરણ કહીં
દૃષ્ટિગત નહીં હોતા સુદૂર પર
ક્ષિતિજ કો દેખ સકતા હૂં કિન્તુ, સચાઈ તો
સશક્ત દૂરબીન સે ભી દિખાઈ દેતી નહીં,
કૈસે કરું કલ્પના આપસકી સભી સે સમન્વય કી,
સભી તો બંટ ચુકે હૈ વિચાર મેં, શેષ જો ગયે અનાચારોં મેં,
ભલે હી ગયે અનાચારોંમેં, ભલે હી કહતે રહોં,
યહ બધિર સેના હૈ, નક્કાર ખાના તો ક્યા-
બમ વિસ્ફોટ મેં ભી સોતે હૈ, કુમ્ભકર્ણ તો જગાને સે જાગ ગયા,
કિન્તુ ઈનકો ઉઠાને કા સાધન નહીં મિલા,
ક્યોંકિ હમ જાગતે સો રહે હૈ.''

સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન ગો.૧૦૮ શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી એ એક પ્રાસંગીક

પ્રવચનમાં માર્મીક પ્રહાર કરતાં કહ્યું હતું કે 'જો સંપ્રદાયની આજની પ્રચલિત પરિસ્થિતિમાં નવી પેઢીની આપણી વલ્લભીય પરંપરામાંથી શ્રદ્ધા ઉઠી જશે તો ક્યારેય ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન આપણે કરી બેસીશું.'

આપણે સંપ્રદાયની વાસ્તવિક પરિસ્થિતિનો વિચાર કરીએ. આપણા ગુરુજનોનું સાચું માર્ગદર્શન મેળવી યોગ્ય રસ્તે પ્રશસ્ત થઈએ. શ્રીમદાચાર્યચરણે તેમના વિશિષ્ટ ગ્રંથ તત્વાર્થદીપ નિબંધમાં પોતાના અનુઠા દાર્શનિક વિચારોને પ્રગટ કર્યા છે. તેને સમજીએ અને આચરણમાં મૂકવા પ્રયત્નશીલ બનીએ. ષોડશગ્રંથો એ આપણે માટે દીવાદાંડી રુપ છે. તેમાં યથાર્થ જીવન જીવવા માટેનું માર્ગદર્શન છે. આપણા વ્યવહારિક જીવનમાં અનુભવાતી મુશ્કેલીઓનો તેમાં ઉકેલ છે. આપણી લૌકિક-અલૌકિક સમસ્યાઓનું તેમાં સમાધાન છે. આવશ્યકતા છે-તે વિશે ઉંડાણપૂર્વક મનન-ચિંતન નિદિધ્યાસન કરવાની.

અંતમાં સંપ્રદાયના વિદ્વાન આચાર્ય નિ.લી.પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના વચનામૃતને* આપશ્રીના આશિવાર્દ માની માથે ચઢાવીએ.

“અસંગઠીત તથા વિશ્રુંખલ સમાજ અથવા કોઈ વર્ગવિશેષ ન તો કિસી સમાજ કે લીયે ઉપયોગી હોતા હૈ ઔર સ્વયં કે લીયે ભી, કાલાન્તર મેં ઉસકા અસ્તિત્વ નહીં રહેતા. ઈસકા અનેક ઉદાહરણો સે ઈતિહાસ કે પન્ને અંકિત હૈ.

'ઉત્તિષ્ઠ જાગ્રત પ્રાપ્ય વરાન્નિ બોધત કા શંખનાદ કર ઈસ પૂનર્જાગરણ કી બેલા મેં સ્વયં કો સજાગ હોના હિ પડેગા તથા જનમાનસ કો ભી સચેત કરતે હુએ ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ કા ઔર સર્વાત્મભાવ સે આત્મસમર્પણ કા શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ કા મહાન સંદેશ દેકર યુગ યુગ તક શરણ ભાવ સંગઠન તથા ભાતૃભાવ કા પાઠ શિખાના હૈ. યદી ઈસમેં હમેં થોડી ભી સફળતા મિલી તો જીવન કી અસંખ્ય ગુત્થિયાં સુલઝ જાયેંગી ઔર ઈહલૌકિક સુખ, સમૃદ્ધિ પ્રાપ્ત કરતે હુએ દેશ, સમાજ તથા વિશ્વ કલ્યાણ કે મહાન ઉદ્દેશ્ય મેં ભી હમ સફલતાં પ્રાપ્ત કર સકેંગે.”

* * *

---

*(આ.પૂ.વૈ.પરિષદ મહારાષ્ટ્ર પ્રદેશ અધિવેશન - સ્મારિકામાંથી સાભાર)

વાસ્તવિકતાનો વિચાર

આજે આપણે ઝડપથી પરિવર્તન થતાં યુગમાંથી પસાર થઈ રહ્યા છીએ. સાયન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રે આવેલ ક્રાંતિનો વિશિષ્ટ પ્રભાવ આજના યુગ ઉપર પડયો છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની તીવ્ર અસર હેઠળ આપણા જીવન મુલ્યો બદલાઈ રહ્યા છે. ભૌતિકવાદી વિચારસરણીનો પ્રભાવ આપણા દીલ-દિમાગ ઉપર વધી રહ્યો છે. તેની અસર આપણી યુવાપેઢી, આપણા સંતાનો ઉપર સવિશેષ થઈ છે. ટીવી જેવા પ્રસાર માધ્યમો નકારાત્મક વિચારોના ફેલાવા માટે મહત્વનું યોગદાન આપી રહ્યા છે જેનાથી બચવું અતિ કઠીન છે. આવા દુષિત વાતાવરણમાંથી આપણા સંતાનોને બચાવવા આજે સૌ કોઈ ચિંતિત છે. અવારનવાર એ વિશે આપણે બળાપો કાઢતા હોઈએ છીએ.

આજની આવી પરિસ્થિતિમાં આપણા બાળકોને વૈષ્ણવી સંસ્કાર કેમ પ્રાપ્ત થયા. તેઓની કઈ રીતે ભગવાન પ્રત્યેની આસ્થા વધે અથવા ભગવદ્ અભિમુખતા કેળવાય તે વિશે આપણે ચિંતિત રહીએ છીએ. ઘણી વખતે આપણે અન્ય ધર્મો કે સંપ્રદાયની વ્યવસ્થાની તુલના પણ કરતાં હોઈએ છીએ. અમુક સંપ્રદાયે કેટલી પ્રગતિ કરી છે. તેનો કેટલો ફેલાવો થયો છે. અન્ય ધર્મમાં કેટલી સુવિધાઓ છે. ઈત્યાદિ વિચારો આપણા મનને આંદોલીત કરે છે. તે સર્વની તુલનામાં આપણે ત્યાં શું વ્યવસ્થાઓ છે? આપણા બાળકો માટે પાઠશાળાઓની વ્યવસ્થા નથી. સત્સંગની વ્યવસ્થા નથી.

બહુધા એવું જોવા મળે છે કે આપણા સંપ્રદાયના સિદ્ધાંત અનુસાર જીવવા માટે આપણા વડિલવર્ગને ખાસ કરીને યુવાન માતા-પિતાને પણ રસ ઓછો હોય છે. તેઓ જાતે ધર્માચરણમાં શિથિલ હોય છે. પુષ્ટિમાર્ગને એક સંપ્રદાય કહેવા કરતાં એક વિશિષ્ટ પ્રકારની જીવન પ્રણાલી કહેવું વધુ ઉચિત ગણાય. આપણો બાહ્ય વ્યવહાર સામાન્ય જીવનથી ખાસ અલગ હોવો જરૂરી નથી, પરંતુ આપણો આંતરિક અભિગમ ભગવતોન્મુખ હોવો આવશ્યક છે.

આપણે ત્યાં ધર્મ વિશે માર્ગદર્શન મેળવવા કોઈ ચોક્કસ પ્રકારની વ્યવસ્થા નથી. આને કારણે આપણાં બાળકો અન્ય ભટકતાં થઈ ગયા છે. આપણી યુવા પીઢી તેમને જ્યાં સારું દેખાય ત્યાં જતી થઈ ગઈ છે. ઈત્યાદી અનેક પ્રકારે આપણે વિક્ષુબ્ધ બનીએ છીએ.

આવી પરિસ્થિતિ માટે જવાબદાર કોણ ? એ આંતરખોજનો વિષય છે. મા-બાપ તરીકે આ વિષયમાં આપણી કેટલી જવાબદારી છે અને શું તે આપણે વહન કરીએ છીએ તે એક વિચારણીય પ્રશ્ન છે. ઘણીવાર એવું બનતું હોય છે કે આપણે કાંઈ ન કરીએ ત્યારે તેવો આક્ષેપ આપણે માથે આવી ન પડે માટે દોષનો ટોપલો બીજાના માથે ઢોળી દઈએ છીએ. જ્યારે આપણે અન્ય ધર્મ કે સંપ્રદાયની વાત કરીએ ત્યારે તેમના અનુયાયીઓની નિષ્ઠા અને આગ્રહને સમજવા જરુરી છે. આપણે જોઈએ છીએ કે તેમાં માતા-પિતા પોતાના બાળકોને ચોક્કસ પ્રકારના પોશાક પહેરાવી પોતાની આંગળીએ વળગાવી મંદિર કે દેરાસરમાં લઈ જતાં હોય છે. દર્શન કર્યા પછી જ દૂધ-નાસ્તો બાળકોને આપે છે. ઘરમાં પણ પોતાના ઈષ્ટદેવની પૂજાનો અને ધર્માચરણનો આગ્રહ રખાય છે. બાળકોને પ્રતિદિન અથવા અઠવાડિયાના નિશ્ચિત દિવસે તેમની ધાર્મિક પાઠશાળામાં મક્કમતાથી મોકલાય છે. ત્યાં શીખવેલ પાઠ, શ્લોક કે આયાતો બીજા દિવસે બાળકે મોઢે કરી કે નહીં તેની ખાત્રી માતા કરે છે. તેમના ધર્મનાં ઉત્સવો અને તહેવારોમાં માતાપિતા તેમના બાળકોને આગ્રહપૂર્વક સામેલ કરે છે. તેમના ધર્મગુરુઓના વ્યાખ્યાનો સાંભળવા તેમને લઈ જાય છે. અમુક ધર્મમાં રવિવારે પોતાના દેવાલયમાં જઈ પ્રભુ પ્રાર્થના કરવા તે ધર્મના અનુયાયી નિયમીત રુપે આબાલવૃદ્ધ સર્વે જાય છે. બાળકો આમાં જોડાય તેવો વડિલોનો આગ્રહ હોય છે. અમુક કોમમાં અઠવાડિયાના ચોક્કસ દિવસે બપોરની પ્રાર્થના માટે સૌ કોઈ પોતાના ધર્મસ્થાનમાં જાય છે. અમુક દિવસો અથવા માસ દરમ્યાન ઉપવાસ ઈત્યાદીનો નિયમ પણ આબાળવૃદ્ધ સૌ કોઈ ચોક્કસપણે પાળ છે. શું આપણે આપણા ધર્મ પ્રત્યે આવી નિષ્ઠા ધરાવીએ છીએ ? શું આપણા બાળકોને આપણા ધર્માચરણ માટે

નાનપણથી જ ફરજ પાડીએ છીએ ?

બહુધા એવું જોવા મળે છે કે આપણા સંપ્રદાયના સિદ્ધાંત અનુસાર જીવવા માટે આપણા વડિલવર્ગને ખાસ કરીને યુવાન માતા-પિતાને પણ રસ ઓછો હોય છે. તેઓ જાતે ધર્માચરણમાં શિથિલ હોય છે. પોતે આજીવિકા માટે અને અન્ય પ્રકારે મોજશોખમાં જ રચ્યા પચ્યા રહે છે. તેઓ મહદંશે એમ જ વિચારે છે કે અમારાં બાળકો ખુબ ભણે અને ખુબ કમાય. પોતે પણ ધર્મનું ઉપર છલ્લું જ આચરણ કરે છે. જયાં આપણી પોતાની નિષ્ઠા જ જો આપણા ધર્મ પ્રત્યે દૃઢ ન હોય ત્યાં બાળકોના વૈષ્ણવી સંસ્કારોની કયાં વાત કરવી ?

પુષ્ટિમાર્ગમાં મરજાદ પ્રથાનો પણ એક યુગ આવી ગયો. પોતાના જીવનને સંપૂર્ણપણે સમર્પિત બનાવી અહર્નિશ કેવળ ભગવદ્ સેવા અને સ્મરણ કરવાની ભાવનાથી પ્રેરિત થઈ મરજાદી બનવાની એક પ્રથા સંપ્રદાયમાં રહી છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનુસાર સમર્પિત જીવન જીવવાનો આ એક આદર્શ કહી શકાય. પરંતુ વ્યવહારિક રુપમાં પોતાના બાળકો તથા કુટુંબને ગૃહસેવામાં ઓતપ્રોત ન કરાંતા અને તેઓને અળગાં રાખવાથી તેમજ ભગવદ્ સ્વરુપ અને સેવા એ વડિલ મરજાદી વ્યક્તિએ પોતિકી બનાવી દીધેલ હોવાથી, મહદ્અંશે આવી મરજાદ લીધેલ વ્યક્તિઓનું કુટુંબ અને બાળકો સંપૂર્ણપણે ભગવદ્ભાવ વિહિન અને વિમુખ બની ગયેલા જોવામાં આવે છે. નાની વયનો નિર્દોષ બાળક જે આભડછેટમાં કાંઈ ન સમજતો હોય તેને જો સાચી સમજણ આપ્યા વગર દૂર હડસેલવામાં આવે તો તેનામાં માનસિક પ્રત્યાઘાત પડયા વગર ન રહે અને તે કાયમ માટે ધર્મથી વિમુખ થઈ જાય. આ એક સમજાય તેવી વાત છે. આવા મરજાદ લીધેલ વડિલોએ આ વિચારવું જોઈએ કે શું તેમના બાળકોની બહિર્મુખતા માટે તેઓ પોતે જવાબદાર નથી ?

આપણે જમીનમાં બીજ ઉગાડીએ એટલે તે એક સુંદર વૃક્ષના રુપમાં પરિણમે તે આવશ્યક નથી. તેને સારુ ખાતર અને પાણી આપવું જરુરી હોય છે. સમય સમય પર તેની આસપાસ

નીંદામણ કરી કચરો સાફ કરવો પડે છે. તેની પુરી દેખભાળ રાખવી પડે છે. કમસે કમ બીજમાંતી અંકુર ફૂટે ત્યારથી એક છોડના રુપે વિકસિત થાય ત્યાં સુધી તો તેની ચીવટભરી માવજત આવશ્યક હોય છે. એકવાર તેના મુળ બરાબર વિકસિત થઈ જમીનમાં દઢ થઈ ગયા પછી તે તેની મેળે પોતાનો વિકાસ કરશે. પરંતુ ત્યાં સુધી તો તેની કાળજી લેવી આવશ્યક બને છે અને ત્યારે જ તે એક સુંદર પુષ્પના સ્વરુપમાં પલ્લવિત થઈ શકે.

એ જ વાત નાના બાળકો માટે પણ લાગુ પડે છે. આપણા બાળકોને સુસંસ્કૃત માનવી અને તેથી ય વિશેષ એક સાચો વૈષ્ણવ બનાવવો હોય તો નાનપણથી જ તેની દરકાર કરવી આપણે માટે આવશ્યક છે. જેટલો ખ્યાલ આપણે તેનામાં સામાન્ય જીવન વ્યવહારની આદતો માટે રાખીએ છીએ, તેઓના સ્કુલ-કોલેજના અભ્યાસ માટે રાખીએ છીએ, તેથી વિશેષ ધ્યાન તેઓમાં વૈષ્ણવી સંસ્કારો સીંચાય તે પરત્વે રાખવું જરૂરી છે. તેઓને આપણી સાથે સેવામાં પલોટવા જરૂરી છે. આચાર-વિચારની નાનીનાની બાબતો વિશે તેઓને સમજણ આપવી અને તે પ્રમાણેના આચરણનો આગ્રહ રાખવો જરૂરી છે. આ કામ પ્રત્યેક મા-બાપનું છે. આચાર-વિચાર ઈત્યાદિના સંસ્કાર નાનપણથી જ બાળકોમાં રેડાય તે જરૂરી છે. આપણે સંપ્રદાયના શિક્ષણ માટે પાઠશાળાના અભાવનો બળાપો કાઢીએ છીએ. પરંતુ પ્રત્યેક ઘરમાં પાઠશાળા હોવી તે આજના સમયની આવશ્યકતા છે. અંગ્રેજીમાં કહેવત છે. 'ચેરીટી બીગીન્સ એટ હોમ' અર્થાત્ 'દાનની શરુઆત ઘરથી થાય.' આપણા બાળકો માટે આપણે આપણા ઘરમાં પાઠશાળા ઉભી કરવી પડશે. આપણે તેઓને સંપ્રદાય વિશે પ્રારંભિક જ્ઞાન આપી તેઓમાં ધર્મ પ્રત્યેની રૂચિ પેદા કરવી પડશે. તે માટે આપણે પરિશ્રમ લેવો પડશે. આપણે પોતે આપણા ધર્મ પ્રત્યે સમર્પિત બનવું પડશે. આને પણ એક પ્રકારે સંપ્રદાયની સેવા કહી શકાય. આપણા સંગથી અગર અન્યને વૈષ્ણવ ન બનાવી શકાય, પરંતુ આપણા પોતાના જ બાળકોમાં જો વૈષ્ણવી સંસ્કારોનું સિંચન કરી તેને આવતી કાલનો નિષ્ઠાવાન વૈષ્ણવ બનાવીએ તો એ આપણા

જીવનની સાર્થકતા કહેવાય. પ્રત્યેક માતાપિતા જો પોતાના બાળકોમાં આગ્રહપૂર્વક વૈષ્ણવી સંસ્કારોનું સિંચન કરે તો સંપ્રદાયની આવતી કાલ કેટલી ઉજ્જ્વળ હશે તે સમજી શકાય છે.

પુષ્ટિમાર્ગને એક સંપ્રદાય કહેવા કરતાં એક વિશિષ્ટ પ્રકારની જીવન પ્રણાલી કહેવું વધુ ઉચિત ગણાય. આપણો બાહ્ય વ્યવહાર સામાન્ય જીવનથી ખાસ અલગ હોવો જરૂરી નથી, પરંતુ આપણો આંતરિક અભિગમ ભગવતોન્મુખ હોવો આવશ્યક છે. બ્રહ્મસંબંધ દ્વારા આપણે આપણું સર્વ કાંઈ પ્રભુને સમર્પિત કરી દીધેલું હોઈ આપણો સમગ્ર જીવન વ્યવહાર આપણે પ્રભુને કેન્દ્રબિંદુમાં રાખી કરવાનો હોય છે. તે જ પુષ્ટિમાર્ગની વિશેષતા છે. આ પ્રકારની જીવન શૈલી જો અપનાવવામાં આવે તો સર્વ કાંઈ આપણા પ્રભુ પરત્વે જ કરાતું હોઈ તેઓ જ આપણી સર્વ બાબતના નિયામક બને છે અને આપણે અનેક પ્રકારની માનસિક ઉપાધિઓમાંથી બચી જઈ શાશ્વત આનંદ અને શાંતિનો અનુભવ કરી શકીએ છીએ. આપણા બાળકોમાં જો નાનપણથી જ આપણે આવા સંસ્કારો રેડીએ, આવા વિચારોથી તેમની માનસિકતા ઘડીએ તો નિશ્ચિતપણે તેઓ પરિપક્વ થઈ શ્રીમદાચાર્ય ચરણોના સિદ્ધાંતોમાં અવિચલ નિષ્ઠા ધરાવતાં થશે, એટલું જ નહીં પરંતુ સમગ્ર સંપ્રદાય માટે તેઓ આશિર્વાદ રૂપ બનશે.

ક્યારેક ઘણાને થાય કે જ્યારે અમે પોતે પુષ્ટિ સંપ્રદાય વિશે અપૂરતું જ્ઞાન ધરાવીએ છીએ તો અમે અમારા બાળકોને કઈ રીતે દિશા બતાવી શકીએ ? આમાં સવાલ આપણી અજ્ઞાનતાનો નથી, આપણી જીજ્ઞાસાનો છે. આપણી નિષ્ઠાનો છે. આ વિશે પહેલાંથી વિશેષ સુવિધાઓ આજે ઉપલબ્ધ છે. શ્રીરમેશભાઈ પરિખના સરળ ભાષામાં અનેક પુસ્તકો પ્રકાશિત થયા છે. પુષ્ટિમાર્ગીય પાઠશાળા પાટણ દ્વારા અનેક નાની નાની પુસ્તિકાઓ પ્રકાશિત થઈ છે જે ખુબ જ સસ્તા દરે પ્રાપ્ય છે. વર્ષોથી શ્રીબાલકૃષ્ણ શુદ્ધા દ્વૈત મહાસભા દ્વારા પુષ્ટિમાર્ગીય પરિક્ષાનું સંચાલન ચાલુ છે. શ્રી વાક્પતિ ફાઉન્ડેશન, વડોદરા દ્વારા પ્રણિત શ્રી વલ્લભ વિદ્યાપીઠ ઓપન યુનિવર્સિટી આ દિશામાં અનોખું કદમ છે, જેના દ્વારા કેટલાક વર્ષોથી પત્રાચાર કોર્સ આરંભ કરાયો છે. તેનો લાભ હજારો

વૈષ્ણવો લઈ રહ્યા છે. તેમના દ્વારા અનેક ઠેકાણે શ્રીશુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા ઉપક્રમ શરૂ કરાયો છે જેને માટે ખાસ નાના બાળકો માટે પુષ્ટિ બાળપોથીઓ તૈયાર કરવામાં આવી છે. જે વડિલો પોતે વાંચી પોતાના બાળકોને સરળ ભાષામાં સમજાવી શકે છે અથવા બાળકો જાતે વાંચી શકે છે. શાળાના અભ્યાસક્રમનો કોઈ વિષય જેમ આપણે તેમના અભ્યાસના પુસ્તકો વાંચી બાળકોને સમજાવીએ છીએ તેમ આ પુસ્તિકાઓનો અભ્યાસ કરી ઘરમાં બાળકોને સંપ્રદાયના વિવિધ પાસાઓનું જ્ઞાન આપી શકાય છે. આવશ્યકતા છે વડિલોની પોતાની નિષ્ઠાની.

આજે યુવા ગોસ્વામિ આચાર્યોમાં પણ આ દિશામાં ખૂબ જ ઉત્સાહ પ્રવર્તે છે. અનેક પ્રકારના કાર્યક્રમો દ્વારા તેઓ પણ આવી પ્રવૃત્તિઓને વેગ આપવા તત્પર હોય છે. તેઓ તરફથી પણ ખુબ સારું માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે છે. આમ મુળભુત સવાલ વ્યવસ્થાનો નથી. કહેવત છે ને કે 'મન હોય તો માળવે જવાય.' મુખ્ય સવાલ આપણી કટીબદ્ધતાનો છે, આપણી તત્પરતાનો છે, આપણી પોતાની આસ્થાનો છે.

આપણે ખરેખર જો વિચારતા હોઈએ કે આપણે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં દૃઢવિશ્વાસ રાખવાના કારણે બ્રહ્મસંબંધ લઈ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બન્યા છીએ, આપણે હવે આપશ્રીના આદર્શોને અનુરુપ જીવન પદ્ધતિ અપનાવવી છે અને એવા જ સંસ્કાર આપણે આપણા બાળકોમાં રેડવા છે, તો તે માટે આપણે કટીબદ્ધ થવાનું છે. આપણે આપણાં જ ઘરમાં આપણા બાળકો માટે પાઠશાળા ઉભી કરવાની છે. અર્થાત પાયાનું શિક્ષણ આપણે સ્વયં તેને આપવાનું છે. આપણે સ્વયં સમર્પિત બની સંપ્રદાયની એક અનોખી સેવા તરીકે આપણા પોતાના બાળકોને આવતીકાલના ભાવિક નિષ્ઠાવાન વલ્લભીય વૈષ્ણવ બનાવવાના છે. આ વિશે આપણે અંતઃકરણપૂર્વક ચિન્તન કરીએ. આ વાત આપણે આવતીકાલ માટે ન છોડીએ. આજે જ તે માટે સંકલ્પિત થઈએ.

'બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદ પદ્મમ્ પ્રસીદતુ'

* * *

સ્વધર્માચરણ

કેટલું સંભવ-અસંભવ !

શ્રી હરિરાયજી કૃત શિક્ષાપત્ર વૈષ્ણવો માટે સદાચાર ગ્રંથ છે, જેમાં આચાર વિચાર અને વ્યવહારનું વિશ્લેષણ કરતાં શ્રી હરિરાય મહાપ્રભુએ વૈષ્ણવી જીવનમાં સ્વધર્મના કર્તવ્ય પાલનું મહત્વ વિસ્તારપૂર્વક વર્ણવ્યું છે. શ્રી મદાચાર્યચરણ નિબંધમાં સ્વધર્મના પાલન માટે આજ્ઞા કરતાં કહે છે - **'સ્વધર્માચરણં શક્ત્યા'**-શક્તિ મુજબ સ્વધર્મનું આચરણ આવશ્યક છે. ચતુર્વિધ પુરુષાર્થોમાં પુષ્ટિમાર્ગીય ધર્મ પુરુષાર્થ સમજાવતાં મહાપ્રભુજીશ્રી ચતુઃશ્લોકી ગ્રંથમાં આજ્ઞા કરે છે, **'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્ય ક્વાપિ કદાચન'** અર્થાત્ નિરંતર સર્વભાવ વડે વ્રજાધિપ શ્રીકૃષ્ણનું સેવન એ જ એક માત્ર પુષ્ટિમાર્ગીય જીવોને માટે ધર્મ છે, કોઈપણ કાલમાં અથવા સ્થળે તે સિવાય અન્ય ધર્મ નથી. વળી સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં પુનઃ ટકોર કરતાં આપશ્રી આજ્ઞા કરે છે : **'કૃષ્ણ સેવા સદા કાર્યા.'**

શ્રી વલ્લભાચાર્યજીએ વેદના પૂર્વકાન્ડમાં નિર્દિષ્ટ યજ્ઞરૂપ શ્રીહરિના સ્વરૂપનો નિબંધમાં સ્વીકાર કરી સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે **'યજ્ઞો વૈ વિષ્ણુઃ'** વેદમાં વિધાન છે કે **'યાવજ્જીવં અગ્નિ હોત્ર જુહુયાત્'** અર્થાત્ જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી પ્રત્યેક મનુષ્યે અગ્નિ હોત્ર કરવું આવશ્યક છે. આપશ્રીએ વેદની આ આજ્ઞાને પરિપૂર્ણ કરવા ભગવત્સેવાનો વિકલ્પ નિર્દેશ કર્યો છે. જેમને અગ્નિ હોત્રની પરંપરા પ્રાપ્ત નથી તેમને માટે

'સ્વધર્મનું આચરણ શક્તિ મુજબ કરવું' – શ્રી મહાપ્રભુજી. મનુષ્ય ભગવદીય હોય એટલા માત્રથી જ એના ગૃહવાસને ઉત્તમ માની ન શકાય.

એ જો ભગવાનની સાથે (ભગવાનને પધરાવીને) ગૃહમાં વાસ કરે અથવા જો ભગવાનના કાર્ય માટે (ભગવત્સેવા કરવાના હેતુથી) ગૃહમાં નિવાસ કરે તો તેનો ગૃહવાસ ઉત્તમ છે. અન્યથા ગૃહસ્થિતિ યોગ્ય નથી જ.



ભગવત્સેવા અને સ્મરણનું વિધાન વેદ સમ્મત છે. માટે પ્રત્યેક વૈષ્ણવે પોતાના ઘરમાં પ્રભુ સેવા અને કથા શ્રવણ તેમજ ઉપદેશને માટે સમિત્પાણિ થઈ ગુરુ સન્મુખ થવું તે વેદનું વિધાન છે. આ પ્રકારે સેવારૂપી બ્રહ્મયજ્ઞના અનુષ્ઠાન એવં દેહ ધર્મ તથા લોકધર્મની રક્ષા માટે દ્રવ્યની શુદ્ધિ સર્વ વસ્તુ શ્રી પ્રભુને સમર્પણ કરવાથી જ થાય છે, જે અન્યથા સંભવ નથી. આથી શ્રી મહાપ્રભુજી સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં બ્રહ્મસંબંધનું હાર્દ સમજાવતાં કહે છે : **બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ સર્વ દોષ નિવૃત્તિઃ’** અને આગળ આજ્ઞા કરે છે - **‘અસમર્પિત વસ્તુનાં તસ્માત્ વર્જનમાચરેત, નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ’** અર્થાત્ નિવેદિત ન થયેલ વસ્તુઓનો ત્યાગ અને સમર્પણ કરેલ વસ્તુઓ દ્વારા જીવન નિર્વાહનો અહિં નિર્દેશ કર્યો છે. બ્રહ્મસંબંધ દિક્ષા પ્રાપ્ત કરતાં જ્યારે ભગવાન સાથે જીવનો સ્વામી સેવકનો સંબંધ, લૌકિકમાં સ્ત્રીના તેના પતિ સાથેના લગ્નથયે સ્થાપિત થતો સંબંધ જેવો થાય છે ત્યારે ભગવત્સેવા એ વૈષ્ણવીજીવનનું અભિન્ન અંગ બની જાય છે. આત્મ નિવેદન કર્યા પછી વૈષ્ણવનું જીવન પ્રભુના સુખ માટે જ અનિવાર્ય બની જાય છે. હવે તે પોતાની કહેવાતી સંપત્તિનો માલિક રહેતો નથી, પરંતુ તેનો માત્ર ટ્રસ્ટી બની તેનો ઉપયોગ ભગવદ્ સુખાર્થે કરવાનો રહે છે. પોતાનો જીવન વ્યવહાર યથાવત્ રહે છે. પોતાની પ્રવૃત્તિઓ બદલાતી નથી. પરંતુ મનની વૃત્તિઓ બદલાય છે. પોતાના ઈષ્ટને, પ્રભુને, જેણે જીવન આપ્યું છે, તેને માટે, તેને કેન્દ્રમાં રાખી સર્વ કાર્ય કરવા તે જીવ માટે અનિવાર્ય બને છે. માટે જ ભક્ત કવિ દયારામભાઈ કહે છે - **‘સર્વ વસ્તુ છે શ્રી કૃષ્ણની, જેની છે તેને સૈં ન સમર્પે,**

આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપે,
ડરપે છે કાળની ઉચાટે, તેં પરનું માન્યું પોતાના માટે,
જેથી બંધાયો તે વસ્તુ દે મૂકી, તારી મા જાણીશ એ રાહ ચુકી,
સેવો શ્રી કૃષ્ણ કૃપાલ.’

આપણે ગુરુ દ્વારા બ્રહ્મસંબંધ કરીએ એટલે જ કૃતાર્થ થઈ ગયા તેમ માની બેસીએ છીએ. શ્રી વલ્લભાચાર્યજીને ગુરુ તો માની લીધા પરંતુ તેમની ઉપરોક્ત આજ્ઞાઓનું પાલન કેટલું કરીએ છીએ ? તેમણે નિર્દેશ કરેલા ઉપદેશોનું આચરણ આપણા જીવનમાં કેટલું કરીએ છીએ ? આ આત્મચિંતનનો વિષય છે. 'શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો મુજબનું જીવન આજના યુગમાં હાલની દેશકાળ પરિસ્થિતિમાં શક્ય નથી' એવી માનસિકતા આપણે ધરાવીએ છીએ. 'જે પ્રકારનું જીવનયાપન ચોર્યાસી - બસ્સો બાવન ભગવદીયોનું હતું તે આજના સમયમાં મુશ્કેલ જ નહીં, અસંભવ છે.' એવી દલીલો આપણે કરીએ છીએ. આજના ભૌતિક વાતાવરણમાં મહાનગરોનું અતિ વ્યસ્ત જીવન, સમયનો અભાવ, જગ્યાનો સંકોચ, પરિવારજનોનો અસહયોગ, આર્થિક મુશ્કેલીઓ વગેરે વગેરે અનેકાનેક બહાના, તર્ક-વિતર્ક દલીલો કરી આપણા ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ બતાવેલ માર્ગે ચાલવાની અસમર્થતા પ્રગટ કરી આપણે મનને મનાવી લઈએ છીએ. 'ગૃહસેવા તો આજના યુગમાં સંભવ જ નથી,' તે સાબિત કરવા અનેક કારણો આપણી પાસે છે. હાં, આપણે વૈષ્ણવ છીએ તેમ જરૂર કહેડાવવું છે. માટે ક્યારેક અનુકૂળતા એ ભગવન્મંદિરે જઈ શ્રી ઠાકોરજી આગળ હાજરી પુરાવી દઈએ છીએ. કદાચ થોડો સમય કાઢી અષ્ટાક્ષરની એકાદ માળા કરી લેતાં હોઈશું અને આર્થિક સમૃદ્ધિ હશે તો શ્રીનાથજી કે વ્રજની ક્યારેક યાત્રા પણ કરી લેતાં હોઈશું અને દાન-દક્ષિણા-ભેટ આપી કૃતાર્થતા અનુભવતાં હોઈશું. આમ એક સારા વૈષ્ણવ ભગવદિય હોવાની પ્રતિતિ આપણે સમાજને કરાવતાં રહીએ છીએ. પરંતુ જેમ કહ્યું છે.

'ગૃહસ્થિતેરુત્કૃષ્ટત્વં ન ભગવદિયત્વ માત્રેણ કિંતુ ।
ભગવતા સહ સ્થિત્વા, ભગવત્કાર્યાર્થ વા અન્યથા ન સ્થાતવ્યમ્ ।

અર્થાત્-મનુષ્ય ભગવદીય હોય એટલા માત્રથી જ એના ગૃહવાસને ઉત્તમ માની ન શકાય. એ જો ભગવાનની સાથે (ભગવાનને પધરાવીને) ગૃહમાં વાસ કરે અથવા જો ભગવાનના કાર્ય માટે

(ભગવત્સેવા કરવાના હેતુથી) ગૃહમાં નિવાસ કરે તો તેનો ગૃહવાસ ઉત્તમ છે. અન્યથા ગૃહસ્થિતિ યોગ્ય નથી જ.

આપણી ઉપરોક્ત તર્ક-વિતર્ક અને દલિલોનો ઉચ્છેદ કરનારું આપણી આંખ ઉઘાડનારું એક જીવતું જાગતું દૃષ્ટાંત (વાર્તા નહીં પરંતુ હકિકત) તરફ જરા દૃષ્ટિપાત તો કરીએ.

નામ છે તેનું સાર્જંટ 'પાર્થસારથિદાસ.' (કેટલું સૂચક !) ઈરાકમાં રહેતો પાર્થ સારથિદાસ અમેરિકન લશ્કરમાં સૈનિક છે. મૂળ રુઢિચુસ્ત અમેરિકન યહુદિ પરિવારનો દિકરો. ન્યુયોર્કના બ્રુકલિનમાં તેનો જન્મ અને ઉછેર. નજીકમાં જ ઈસ્કોન (આંતરરાષ્ટ્રિય કૃષ્ણ ભાવનામૃત સંઘ)નું રાધા ગોવિંદ મંદિર. રસ્તા પર પુસ્તકો અને પ્રસાદ વિતરણ કરતાં કૃષ્ણભક્તોને આ નાનકડો યહુદી બાળક રોજ જુએ. ક્યારેક તેના પપ્પાને દબાણ કરીને ભક્તોને ડોનેશન દેવડાવે. નાનપણથી જ કૃષ્ણનું વળગણ તેને લાગી ગયું. નાની વયથી ભગવદ્ ગીતાનું વાંચન તેણે શરૂ કરી દીધું. આ વાત છે ૧૯૯૪ની સાલની. યુવાન થતાં ૧૯૯૮-૯૯માં તેણે લશ્કરી તાલીમ પ્રાપ્ત કરી અને બોસ્નીયા - કોસાવામાં તેની નિમણુંક થઈ ત્યાં ભયંકર રક્તપાત વચ્ચે તેણે કાર્ય કર્યું. મનમાં મનોમંથન ચાલે ત્યાં એક મેગેઝિનમાં શેલ્ટર નામના એક હરેકૃષ્ણના સભ્યનો ઈન્ટર્વ્યુ વાંચી તે ઘણો જ પ્રભાવિત થયો અને જર્મનીમાં ઈસ્કોનના મંદિરે જઈ કૃષ્ણભક્તિના મિશનમાં જોડાઈ ગયો. સૈનિક તરીકેની નોકરી તો ચાલુ જ. બર્લિનના ઈસ્કોન મંદિરમાં ૧૫ એપ્રિલ ૨૦૦૫ના રોજ ત્યાંના સંન્યાસી કદમ્બ કાનન મહારાજ પાસે દિક્ષા ગ્રહણ કરી 'પાર્થ સારથિદાસ' નામ ધારણ કર્યું. ગુરુએ ઈસ્કોનના સંસ્થાપક શ્રી પ્રભુપાદના પુસ્તકોનું અધ્યયન અને કૃષ્ણભક્તિના પ્રચારની શીખ આપી જેનું ત્યારથી તે અક્ષરસઃ પાલન કરી રહ્યો છે. ઈરાક જેવા મુસ્લિમ દેશમાં પણ તે ગીતા અને વૈદિક સાહિત્યના કેટલાય પુસ્તકોનું અને ૫૦,૦૦૦થી વધુ પ્રસાદના પેકેટનું વિતરણ કરી ચૂક્યો છે.

જ્યારે તે લશ્કરી મિશન પર નીકળે ત્યારે પણ તેના ખિસ્સામાં પોકેટ ગીતા અચુક હોય.

તેની પાસે બે ગોવર્ધનની શિલાઓ છે. જેનો તે નિત્ય કૃષ્ણ-બલરામ તરીકે શણગાર કરે છે. પાર્થની બેરેક જુઓ તો બ્રહ્મચારીનો આશ્રમ લાગે, એ જમીન પર જ સૂવે છે. રાતે એક વાગે પથારીમાંથી બેઠો થઈ સાડા ત્રણ વાગ્યા સુધી હરેકૃષ્ણ મંત્રનો જાપ કરે. સાડા ચાર વાગે અન્ય સૈનિકોની હાજરીમાં મંગલા આરતી કરે. પછી છથી સાત વાગ્યા સુધી ફિઝીકલ ટ્રેનિંગ અને પરેડ. અઠવાડિયે છુટ્ટી મળે ત્યારે અન્ય સૈનિકો માટે મેડિટેશનનો કાર્યક્રમ, ભગવદ્ ગીતા પર ચર્ચા અને પુસ્તક વિતરણ. દિવસમાં માંડ ત્રણ કલાક સુવા મળે. તે કહે છે કે આર્મી મને પ્રભુની સેવા કરવા માટે સમય આપતી નથી. એટલે તે માટે મારે સમય ચોરવો પડે છે. પોતે કૃષ્ણ ભક્ત હોઈ કાંદા લસણનો ત્યાગ તો સ્વાભાવિક છે, પરંતુ લશ્કરના રસોડાનું માંસાહારી ભોજન કેમ ચાલે ? માટે તે કહે છે કે 'ફક્ત હળદરવાળી દાળ, ફળ અને સુકોમેવો મારા ભગવાનને ભોગ ધરાવી તેનાથી મારું જીવન નિર્વાહ કરું છું.'

પોતાની સૈનિક તરીકેની લશ્કરી ફરજ બજાવતાં પાર્થ સારથીદાસ કહે છે કે ત્યાંના સૈનિકો જે સંજોગોમાં મુકાયા છે, એની ભગવદ્ ગીતાની પાર્શ્વભૂમિ જેવી જ પરિસ્થિતિ છે. તેણે કૃષ્ણભક્તિના પોતાની છાવણીમાં પ્રચાર દ્વારા અમેરિકન લશ્કરના વીસેક જેટલા સૈનિકોને કૃષ્ણભક્ત બનાવ્યા છે, જેની સાથે તે નિત્ય સત્સંગ કરે છે. હિન્દુધર્મની પરંપરા મુજબ મરણ સન્મુખ રહેલા સૈનિકો સામે તે અવશ્ય ગીતાપાઠ કરે છે. જીવનના અંતકાળે ગીતાના શ્લોકો સાંભળનારા એ ઈરાકીઓના ચહેરા પર એક અજીબ સંતોષ જોઈ તે કહે છે કે કૃષ્ણ પરની મારી શ્રદ્ધા વધુ દઢત્તર થતી જાય છે.

કૃષ્ણ ભક્તિના પરિણામના અનેક અનુભવોનું ભાથું આ કૃષ્ણભક્ત પાસે છે. બગદાદમાં કામ કરતાં ભારતીયોનો તે ચહેતો છે. ગયા વર્ષે વિમાન રાખવાના અવાવરુ હેંગરને સાફ કરી તેણે ત્યાં ગોવર્ધન પૂજા (અન્નકોટ)નો કાર્યક્રમ યોજેલો. પૂરા દોઢસો ભારતીયો ત્યાં 'ગોવર્ધનનાથ કી જય' બોલાવવા એકઠા થયેલા. હાલમાં જ તેણે ઈરાકમાં કાર્યરત અમેરિકન કોન્ટ્રાક્ટરોના યોગદાનથી જાતે નાનકડો રથ બનાવી જગન્નાથ - બલદેવ - સુભદ્રાની પ્રતિમાને બિરાજમાન કરીને બપોરે બાર વાગે

બગદાદના સલામત વિસ્તારમાં રથયાત્રા કાઢી હતી. પાર્થ સારથિદાસ કહે છે કે રથયાત્રાનો માર્ગ નાનો હતો, પરંતુ આશરે પંચોતેર જેટલા ઉત્સાહી જનોએ એમાં ભાગ લીધો. દાળ-ભાત અને લોસ એન્જલીસથી રત્નભૂષણ દાસ નામના ભક્તે મોકલાવેલ અન્ય સામગ્રીનો પ્રસાદ ત્યાં હાજર રહેલ સૌ ભક્તોને વહેંચ્યો ત્યારે બગદાદની શેરીઓમાં 'જય જગન્નાથ'નો નારો ગુંજી ઉઠતાં જાણે ઈરાક વૈકુંઠમાં ફેરવાઈ ગયેલું લાગ્યું.

પાર્થ સારથિદાસ કહે છે કે સપ્ટેમ્બર ૨૦૦૮માં ઈરાકની ચોથી ટૂર પૂરી કર્યા પછી બ્રેક લઈને ભારત આવવાની તેની અદમ્ય ઈચ્છા છે જ્યારે આગામી વર્ષની ગોવર્ધન પૂજાનો તેને ખરેખર અલૌકિક લ્હાવો શ્રી ગિરીરાજજીની તળેટીમાં મળે. ઉત્સુક્તાપૂર્વક તે એ દિવસની રાહ જોઈ રહ્યો છે. ધન્ય છે એ સ્વધર્મ નિષ્ઠાવાન કૃષ્ણભક્તને ! (આધાર ચિત્રલેખા - જુલાઈ ૨૦૦૮)

૮૪-૨૫૨ ભગવદીયો ઉપરાંત પ્રાચીન - અર્વાચિન અનેક ભગવદિયોના દૃષ્ટાંત આપણને જોવા મળશે કે અનેક વિપરિતતાઓમાં પણ જેમણે યથાશક્તિ ભગવત્સેવા રૂપી સ્વધર્મનું પાલન નિષ્ઠાપૂર્વક કર્યું છે, કરી રહ્યાં છે.

આપણે આપણા મનને ટટોલીએ કે આપણે શ્રીમદાચાર્યચરણોની આજ્ઞાનું પાલન નથી કરી શકતાં કે નથી કરી રહ્યાં તે શું ખરેખર જ અસંભવ છે કે પછી આપણા મનની નબળાઈ કે આપણી આપણા ગુરુ પ્રત્યેની નિષ્ઠાનો અભાવ ! શું વિચારવા જેવી નથી લાગતી આ વાત ? શ્રીમહાપ્રભુજીએ **'સ્વધર્માચરણં શક્ત્યા'** કહી ક્યાંય આપણને કોઈ ચોક્કસ માળખામાં નથી બાંધ્યા. વિચારીએ !

* * *

શબ્દ બ્રહ્મ અને બ્રહ્મસંબંધ

શાસ્ત્રમાં કહેવાયું છે **'વાક્ એવ બ્રહ્મ'**, શબ્દ જ બ્રહ્મ છે. બ્રહ્મને **'શબ્દ બ્રહ્મ'** અથવા **'નાદ બ્રહ્મ'** પણ કહેવામાં આવે છે. અર્થાત્ શબ્દ કે નાદ અથવા મંત્ર અને સ્વર પણ બ્રહ્મનું જ સ્વરૂપ છે. પ્રાચીન ઋષિ મુનિઓએ હજારો વર્ષોની તપસ્યાને અંતે શબ્દો અને સ્વરની અસરોનું પરિક્ષણ કરી તેનો જીવન વ્યવહારમાં ઉપયોગ કર્યો છે. મંત્રોચ્ચાર દ્વારા કોઈ દેવના આહ્વાહનમાં આજ પ્રક્રિયા રહેલી છે. શબ્દ અથવા મંત્ર તે બ્રહ્મરૂપ હોઈ દેવ મંત્રાધીન બને છે અને તેથી મંત્ર દ્વારા તે પ્રત્યક્ષ પ્રગટ થાય છે.

માટી, ધાતુ, કાષ્ટ અથવા કાગળ પર ચિત્રિત મૂર્તિ કે ચિત્રને પણ મંત્રશક્તિ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા કરી તેમનામાં પ્રગટ થયેલ દેવ-દેવી દ્વારા ઈચ્છિત ફલ પ્રાપ્તિ પણ આ શબ્દ બ્રહ્મ કે નાદબ્રહ્મને કારણે જ સંભવ બને છે.

શ્રી મદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજી એ પણ આજ પ્રક્રિયાના માધ્યમથી પુષ્ટિમાર્ગની દીક્ષા એવમ્ સેવા પ્રણાલીને પ્રસ્થાપિત કરી છે. આપશ્રીને સ્વયં ભગવાન દ્વારા થયેલ 'બ્રહ્મસંબંધ'ની આજ્ઞા અને ભગવાને આપેલ નિવેદન મંત્રથી સેવકોને દીક્ષિત કરી તેમના દોષોની નિવૃત્તિ તથા તેમની ભગવદ્ સેવામાં પ્રવૃત્તિ અને તેના દ્વારા ભગવદ્ અનુગ્રહ પ્રાપ્ત થતા ભગવદ્ રસાનુભૂતિ એ સર્વ પ્રક્રિયાના મુળમાં શબ્દબ્રહ્મ કે નાદબ્રહ્મનું જ સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

બ્રહ્મસંબંધ દીક્ષાની પ્રક્રિયામાં ભગવાનને પ્રિય એવા તુલસીની સાક્ષીએ સ્વયં શ્રી વલ્લભ દ્વારા કરાવાતાં મંત્રોચ્ચારથી નિજ સેવ્યસ્વરૂપની સન્મુખ જીવની નિખાલસતા પૂર્વકની કબુલાત અને સમર્પણનો સત્ય સંકલ્પ ચોક્કસ અપેક્ષિત

> **જીવનનું ધ્યેય જો ભગવદ્ પ્રાપ્તિ જ હોય તો બ્રહ્મસંબંધના વાસ્તવિક તાત્પર્યને જાણી તેની યોગ્ય પ્રક્રિયા દ્વારા તેનો સ્વીકાર મનુષ્યને લક્ષ્ય પ્રાપ્તિ તરફ દોરી જઈ શકે છે.**



અસર પહોંચાડી શકે છે. આ સમયે શ્રીવલ્લભ 'ભગવાન કૃષ્ણથી વિખુટા પડે હજારો વર્ષોનો સમય વ્યતિત થવાથી' કહી જે પરિસ્થિતિ પેદા થઈ છે તેનું ભાન કરાવે છે. 'જે તાપઃક્લેશનો આનંદ લુપ્ત થઈ ગયો છે તેવો હું જીવ' કહી પોતાના વાસ્તવિક સ્વરૂપની પહેચાન કરાવે છે, જેણે શરણે તે હવે જઈ રહ્યો છે તેવા ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણની ઓળખ કરાવે છે અને પછી જેને તે અત્યાર સુધી પોતાની માની બેસવાની ભુલ કરી બેઠો હતો તે પ્રત્યેક વસ્તુને ગણી ગણીને કબુલે છે - હે પ્રભુ ! આ સર્વ તમારું છે, હું તો કેવળ આપનો દાસ છું, હું સ્વયં પણ આપનો જ છું.' શબ્દ બ્રહ્મના શબ્દોને અને તેના નાદને સાર્થક કરવાની ક્ષમતા ધરાવનાર સમર્થ ગુરૂ શ્રીવલ્લભાચાર્યજીના માધ્યમથી સ્વયં ભગવાન સામે કરેલ કબુલાત અને સમર્પણનો સંકલ્પ જીવને જગદીશ સાથે જોડવામાં ચોક્કસપણ સહાયરુપ બની શકે છે. અહીં શબ્દબ્રહ્મનું સાતત્ય અને મંત્રશક્તિનું સામર્થ્ય કારણભૂત છે તો સાથે એ શબ્દબ્રહ્મને પ્રગટ કરી શકે તેવા વ્યક્તિત્વનું પણ એટલું જ મહત્વ રહેલું છે. એવું સામર્થ્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીમાં હતું અને સ્વવંશમાં સંસ્થાપિત છે તેવા શ્રીવલ્લભકુલમાં છે તે નિર્વિવાદ છે.

આપણા પુરાણો એવા ચરિત્રોની અનેક કથાઓથી ભરેલાં છે જેમાં કોઈ વ્યક્તિએ શબ્દો ઉચ્ચાર્યા અને તેનું તાત્પર્ય વાસ્તવિક્તા બની જાય છે. ઋષિના શબ્દોચ્ચાર - 'આજથી સાતમા દિવસે આ દુષ્કૃત્ય કરનારનું મૃત્યુ તક્ષકનાગના દંશથી થશે' અને તે પછીની રાજા પરિક્ષિતની કથા જગજાહેર છે. વરદાન અને શ્રાપના અનેક દૃષ્ટાંતોમાં એ શબ્દબ્રહ્મનું સાતત્ય અને તેના ઉચ્ચારકોનું સામર્થ્ય જ કારણભૂત રહેલાં છે. આ સાતત્ય અને સામર્થ્ય ધરાવનાર વ્યકિતત્વમાં તે ત્યારે જ પ્રગટ થઈ શકે છે, જ્યારે તે મન-વચન અને કર્મની એકરુપતાસાધી ભગવત્ ચિંતન દ્વારા શ્રીપ્રભુને નિજહૃદયમાં ધારણ કરે છે.

'વૈશ્વાનર' શબ્દને સાર્થક કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યજી તો સ્વયં જ ભગવન્ મુખાર્વિન્દ અવતાર અથવા ભગવદ્ સ્વરૂપ હતાં અને આજે પણ નીજવંશમાં સ્વયં બીરાજી શબ્દબ્રહ્મને તાદૃશ

કરવાનું સામર્થ્ય ધરાવે છે.

બ્રહ્મસંબંધની દીક્ષાની પ્રક્રિયાથી જીવ દોષમુક્ત થતાં ભગવત્સેવાનો અધિકારી બને છે તો સાથે સાથે સર્વ સમર્પણ અને દાસત્વના સ્વીકાર સાથે 'ભગવત્સેવા' તેનો આવશ્યક ધર્મ બની રહે છે. અહીં પણ શબ્દબ્રહ્મ પ્રગટ કરવાના સામર્થ્યને કારણે કોઈ મૂર્તિ કે ચિત્રમાં મંત્રોચ્ચાર દ્વારા પુરુષોત્તમનો આવિર્ભાવ કરી શ્રીવલ્લભ જ્યારે જીવને માથે સેવ્ય સ્વરુપ પધરાવી તેમની સેવા કરવાની આજ્ઞા આપે છે ત્યારે તે સ્વરૂપમાં પ્રગટ પ્રભુ જીવ દ્વારા સમર્પવામાં આવતી પ્રત્યેક વસ્તુનો પ્રત્યક્ષ સ્વીકાર કરી તેને પોતાની રસાનુભૂતિ કરાવવાનો અનુગ્રહ કરે છે. આમ સેવાની પ્રક્રિયામાં પણ શબ્દબ્રહ્મ કે નાદબ્રહ્મની મીમાંસા જ કારણભૂત બને છે.

જીવનનું ધ્યેય જો ભગવદ્ પ્રાપ્તિ જ હોય તો બ્રહ્મસંબંધના વાસ્તવિક તાત્પર્યને જાણી તેની યોગ્ય પ્રક્રિયા દ્વારા તેનો સ્વીકાર મનુષ્યને લક્ષ્ય પ્રાપ્તિ તરફ દોરી જઈ શકે છે.

* * *

બ્રહ્મસંબંધ મંત્રને 'નિવેદનમંત્ર' પણ કહે છે. આ મંત્ર દ્વારા જીવાત્મા ભગવાન પાસે નિવેદન-પ્રતિજ્ઞા કરે છે. આ મંત્રમાં ૮૪ અક્ષર છે. '૮૪' અંકની વિશિષ્ટતા છે. જીવ યોનીની કુલ સંખ્યા ૮૪ શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે. ૮૪ અક્ષરો ૮૪ લાખ યોનિનાં ચક્કરોનું સુચન કરે છે. ફરી એ યોનિ ચક્રમાં ફસાવું ન હોય તો ૮૪ અક્ષરના મંત્રથી પ્રભુને સમર્પિત થવું જરૂરી છે. ભગવદ્ સ્વરૂપ દ્વાદશાંગ છે. પ્રત્યેક અંગમાં શ્રી પ્રભુના છ ધર્મો અને ધર્મીસ્વરૂપ વિદ્યમાન છે. તેથી ૧૨x૭ = ૮૪. આમ ૮૪ અક્ષરના નિવેદન મંત્રથી સમર્પિત જીવને આ દેહેજ ભગવાત્પ્રાપ્તિ થઈ શકે છે.

સત્સંગનો મહિમા

મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિ પાછળનો હેતુ સુખની શોધ કે આનંદની અનુભૂતિ કરવાનો હોય છે. આપણે સવારથી રાત સુધી જે કાંઈ કરીએ છીએ તે શાંતિ અને સુખ મેળવવા માટે કરીએ છીએ. સુખ અને શાંતિ પામવાના આપણા અનેક પ્રયત્નો હોવા છતાં કોઈને કોઈ વાતનું દુઃખ આપણને હંમેશા રહ્યા કરતું હોય છે, મનમાં કાયમ, અશાંતિ રહ્યાં કરે છે. ભૌતિક સુખોના ભોગથી આપણે સાચો આનંદ પ્રાપ્ત કરી શકતાં નથી. આપણને ખાવાનો શોખ હોય, પરંતુ વધુ ખવાઈ ગયું તો અકળામણ થવા માંડે. દાગીનાનો શોખ હોય તો સાથે તેને સાચવવાની ચિંતા સતાવે. રમતમાં આનંદ મેળવવાની કોશિષ કરી પરંતુ પ્રતિસ્પર્ધી સાથે ઝઘડો થતાં આપણો આનંદ નદારદ. આ બધી બાબતોનો વિચાર કરતાં આપણને સમજાશે કે તેમાં સાચું સુખ કે શાંતિ હોતી નથી. હકીકતમાં સુખ કે શાંતિ બહારથી મળતાં નથી. પરંતુ તે આપણાં અંતઃકરણમાંથી મળે છે.

અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. મન સૌથી વિશેષ ચંચળ અને અસ્થિર છે. તે જ્યાં ત્યાં ભટકયા કરે છે. ક્ષણવારમાં તે કોઈ એક સ્થાને હોય તો ઘડીકમાં અન્ય કોઈ વસ્તુમાં તે આસક્ત થાય છે. નવા ભોગ ભોગવાના વિચારો આવે છે. કોઈ નવી વસ્તુમાં તે આસક્ત થાય છે.

ગીતાજીમાં સમજાવવામાં આવ્યું છે કે મન ક્યારેય એકલું રહેતું નથી. તે કાયમ કોઈકનો સંગ ઈચ્છે છે. કોઈને કોઈ બાબતમાં તે પરોવાયેલું રહે છે. જ્યારે તે કોઈક ની પાસે એક વસ્તુ જુએ ત્યારે તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા જાગે છે. જો ઈચ્છાઓ સંતુષ્ટ ન થાય તો અસંતોષના કારણે મનમાં અશાંતિ ઉભી થાય છે.

ભગવદ્ ભક્તોનો સંગ એટલે 'સત્સંગ' અને ભગવાનથી બહિર્મુખ લોકોનો સંગ તે 'દુઃસંગ'. પુષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાની આજ્ઞા કરી નથી, બલ્કે ગૃહમાં રહી ગૃહસ્થાશ્રમના ધર્મનું પાલન કરતાં પરિવારજનો સાથે ભગવદ્ સેવાનો રાહ ચિંધ્યો છે.

સંગદોષના કારણે મનમાં કામ જાગ્રત થાય અને કામ ન સંતોષાય તો ક્રોધ ઉત્પન્ન થાય. ક્રોધની સાથે સાથે લોભ પણ વધે છે. કામ-ક્રોધ અને લોભ એ ત્રણે ભેગા થઈ મનમાં મોહ જન્માવે છે, જેના પગલે મદ અને મત્સર આવે છે. આમ આ સમગ્ર પ્રક્રિયાને જોઈએ તો સંગના કારણે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છએ પ્રકારના વિકારોથી મનુષ્ય ગ્રસીત થઈ જાય છે, જે અંતે વિનાશને નોતરે છે. માટે જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં ઉપદેશ આપ્યો છે કે 'તમારા મનને કોઈનો સંગ થવા દેશો નહીં.' આજ વાત શ્રી મહાપ્રભુજી આપણને પંચશ્લોકી ગ્રંથમાં સમજાવે છે કે 'સંગથી દૂર રહેવું જોઈએ, આપણી સર્વશક્તિથી સંગનો ત્યાગ કરવો જોઈએ.'

પરંતુ આપણે જાણીએ છીએ કે સામાન્યતઃ આપણે સંગનો ત્યાગ કરી શકતા નથી. જાણે અજાણે, જાગતાં અને સૂતાં આપણે અનેક લોકોનો અને વસ્તુઓનો સંગ કરતાં હોઈએ છીએ.

તો આનો ઉપાય શું ? એ એક વિચારણીય પ્રશ્ન બની જાય છે. શ્રી મહાપ્રભુજી આ મુંઝવણનો રસ્તો આપણને બતાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે સંગ જ્યારે આવશ્યક અથવા સહજ મનોવ્યાપાર છે તો તમે વિચારપૂર્વક નિર્ણય કરો કે આપણે કોનો સંગ કરવો અને કોનો ન કરવો. જેમના વિચારો દુષ્ટ છે, જેઓ કેવળ વિષયભોગોમાંજ પ્રવૃત્ત છે, જે લોકો ભગવાનથી તદ્દન વિમુખ છે, તેઓનો સંગ હંમેશા ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે આવા લોકોના સંગ આપણા મનને બગાડનાર હોય છે, આપણા ભગવદ્ ભાવને નષ્ટ કરનાર હોય છે.

તો સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે આપણે કેવાઓનો સંગ કરવો ? શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે એવી વ્યક્તિઓ જે સદાચારી છે, ભગવદ્ ભક્તો છે, ભગવદ્ ચિંતનમાં સદૈવ પ્રવૃત્ત રહે છે, તેવાઓનો સંગ કરવાથી આપણા મનને સાચી દિશા મળશે. આપણે બહિર્મુખ થતાં અટકીશું. તેવા સત્પુરુષો આપણને ષડદોષ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરથી ગ્રસ્ત થતાં અટકાવશે.

ભગવદ્ ભક્તોનો સંગ એટલે 'સત્સંગ' અને ભગવાનથી બહિર્મુખ લોકોનો સંગ તે 'દુઃસંગ'

કહેવાય. આ વાતને શ્રી હરિરાય મહાપ્રભુએ શિક્ષાપત્રમાં ખુબ સારી રીતે સમજાવી છે. જેમના મનમાં વિષયવાસનાના વિચારો આવે, લૌકિકતાના વિચારો આવે, શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોથી વિરુદ્ધવાત કરનારા હોય કે જેઓ ભગવાનથી વિપરીત વિચારો ધરાવતાં હોય, તેવા લોકોનો સંગ 'દુઃસંગ' કહેવાય. આવા લોકોનો સંગ એ આપણા મનને બગાડનારો છે, તેને અવળી દિશામાં લઈ જનાર હોય છે. આનાથી વિપરીત, એવા ભગવદીયોનો સંગ જેઓનું આચરણ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ હોય, જેઓ શ્રી ઠાકોરજીનું નિરંતર સેવા સ્મરણ કરતાં હોય, જેઓ આપણા ભગવદ્ ભાવને વધારવામાં સહાયક બની શકતા હોય, તેવા લોકોના સંગને સત્સંગ કહેવાય.

દુઃસંગ અને સત્સંગના સ્વરુપને સમજાવવા શ્રી હરિરાયજી એ ખુબ સુંદર ઉદાહરણ આપ્યું છે. તેઓ એ સમજાવ્યું છે કે જેમ પાણીને ગરમ કરવા અગ્નિ ઉપર એક વાસણ મૂકી તેમાં પાણી ભરવું જોઈએ. જો પાણીની ધાર વાસણ રાખ્યા વગર અગ્નિ ઉપર કરવામાં આવે તો પાણી તો ગરમ ન થાય પરંતુ અગ્નિ ઓલવાઈ જાય. અહીં આપણો ભગવદ્ ભાવ એ અગ્નિ સ્વરુપ છે, જ્યારે પાણી દુઃસંગનું રુપક છે. આપણા ભગવદ્ ભાવને દુઃસંગની અસરથી બચાવવું હોય તો સત્સંગ રુપી પાત્ર આવશ્યક છે. નિત્ય સત્સંગને જો આપણે દૈનિક જીવનમાં મહત્વના અંગ તરીકે અપનાવેલ હશે તો દુઃસંગની અવળી અસર આપણા પર થઈ શકશે નહીં, તે આપણા ભગવદ્ ભાવને નષ્ટ થવા દેશે નહીં.

અહીં ફરી એક પ્રશ્ન ઉદ્ભવે છે કે આપણે હંમેશા ભગવદીયોનો સંગ કે સત્સંગ નિત્ય કરવો આવશ્યક છે તે વાત સ્વીકારીયે છતાં જો એવા ભગવદીય ન મળે તો શું કરવું ? કારણ કે ઘણી વાર એવી પરિસ્થિતિ ઉદ્ભવે કે જ્યાં આપણે નિવાસ કરતાં હોઈએ ત્યાં આપણી આડોશ પાડોશમાં આપણે જેનો સત્સંગ કરી શકીએ તેવી કોઈ વ્યક્તિ ન હોય ત્યારે કોનો સંગ કરવો ? આ બાબતનો ખુલાસો કરતાં શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે 'એવી પરિસ્થિતિમાં આચાર્યશ્રીના ગ્રંથો,

ભગવદીયોની વાણી જેમાં આલેખાયેલી હોય તેવા સાહિત્ય ઈત્યાદિનું વાંચન-ચિંતન-મનન કરવું જોઈએ. ભગવદીયોની વાણી તેમના ભગવદ્ રસથી તરબોળ થયેલી હોય છે. તેનું વાંચન-મનન આપણા ભગવદ્ ભાવને પોષણ આપનારું બની રહે છે. શ્રી ભાગવતજી પણ સાક્ષાત શ્રીજીબાવાનું વાંગ્મય સ્વરૂપ હોઈ તેનાં પ્રત્યેક અક્ષરમાં પ્રભુ બિરાજેલ છે. શ્રી ભાગવતજીનું પઠન પણ આપણી ભક્તિને સુદૃઢ બનાવનારું હોય છે. કાંઈ પણ શક્ય ન બને તો નિરંતર અષ્ટાક્ષર મહામંત્રનો જાપ પણ આપણા ભગવદ્ ભાવને વધારનારો, અલૌકિક આનંદ તેમજ અલૌકિક ફળ આપનારો બની રહે છે.

સત્સંગના મહત્વને સ્પષ્ટ કરનાર કેટલાય પ્રસંગો આપણા વાર્તા સાહિત્યમાં મળી આવે છે. ચોર્યાસી - બસો બાવન વૈષ્ણવોના કેટલાય પ્રસંગો આપણા જીવન માટે પ્રેરક બળ બને તેવા હોય છે. એવા અનેક વૈષ્ણવોના દાખલા આપણા વાર્તા સાહિત્યમાંથી મળી આવે છે જેઓને માટે સત્સંગ એ તેમના નિત્યભોજનથી પણ અધિક મહત્વ ધરાવતું જીવનનું એક આવશ્યક અંગ હતું. શ્રી મહાપ્રભુજીના સેવક દિનકરદાસ શેઠ એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. તેઓ નાના હતાં ત્યારથી જ એમને સત્સંગનો ચસકો લાગી ગયો હતો. જ્યાં પણ ભગવદ્ વાર્તા થતી હોય ત્યાં અચુક તે પહોંચી જાય. પછી તેને ઘરબારની કોઈ સુધી રહેતી નહીં. આજ કારણે નારાજ થઈ તેમના ભાઈભાભીએ તેમને પહેરે કપડે ઘરમાંથી કાઢી મુક્યા હતાં. અનાયાસે તેમને શ્રીમહાપ્રભુજીનો મેળાપ થયો અને આપશ્રીની અમૃતવાણીનું પાન કરતાં તેમને ખાત્રી થઈ કે આવી ભગવદ્ વાણીના આનંદની તોલે બીજું કશું આવી શકે નહીં. જીવનનો સાચો સત્સંગ આના સિવાય અન્ય ક્યાંથી પ્રાપ્ત થઈ શકે ? જ્યાં પણ શ્રી મહાપ્રભુજી કથા વાર્તા કહે ત્યાં સમયસર પહોંચી જવાનો તેમનો નિયમ. આપશ્રીની મધુરવાણી સાંભળવાનું તેમને વ્યસન થઈ ગયેલું. એક દિવસ કોઈ કારણસર રસોઈમાં અવેર થાય તેમ હતું અને કથાનો સમય થઈ ગયો. મોડા પડવું કેમ પોસાય ? કાચી ભાખરી ખાઈ તેઓ કંથાશ્રવણ માટે દોડી ગયાં. એવી હતી સત્સંગ પ્રત્યે તેમની પ્રીતિ. જીવનભર તેમણે કથાશ્રવણ દ્વારા

ભગવદ્ રસનું પાન કર્યું.

બીજા એક વૈષ્ણવની વાત આવે છે. રોજ રાત્રે સત્સંગમાં જવાનો તેમનો નિયમ. સત્સંગ માટે રોજ રાત્રે પાંચ-છ માઈલ દૂર આવેલ બીજા ગામે તેઓ જતાં. અંધારી રાત્રે એક દિવસ આડે રસ્તે ચઢી ગયા. રાત્રીના અંધારામાં ધ્યાન રહ્યું નહીં. એ રસ્તામાં એક બ્રહ્મરાક્ષસ રહે. તેણે રસ્તામાં તે વૈષ્ણવને રોકયા અને કહ્યું : 'હું તમને ખાઈ જાઉં ?' શ્રી મહાપ્રભુજીના પર અટલ શ્રદ્ધાવાળા તે વૈષ્ણવ ગભરાય તો શાના ? શાંતિથી પેલા બ્રહ્મરાક્ષસને જવાબ આપ્યો : 'તું મને ખાઈ જાય તેનો મને વાંધો નથી પરંતુ આજે એકાદશી છે. હું ફલાણે ગામ સત્સંગ માટે જઈ રહ્યો છું ત્યાં આખી રાત કીર્તન થશે. મને તેનો આનંદ લઈ આવવા દે. સવારે જ્યારે હું પાછો ફરું ત્યારે તું મને ખાઈ જજે.' કેમ જાણે બ્રહ્મરાક્ષસને તે વૈષ્ણવની વાતમાં વિશ્વાસ બેઠો. વચન લઈ તેમને જવા દીધા. વૈષ્ણવ તો પહોંચી ગયા સત્સંગમાં. તેનો અલૌકિક આનંદ માણી સવારે પાછા તેજ રસ્તે તેઓ આવ્યા. તે સાચા બોલા વૈષ્ણવ પ્રત્યે બ્રહ્મરાક્ષસને શ્રદ્ધા જાગી. તેને થયું : જો મને આમના સત્સંગનું અલ્પફળ પણ પ્રાપ્ત થાય તો મારો ઉદ્ધાર થઈ જાય.' તેણે વૈષ્ણવને કહ્યું : 'તમે આખી રાત જે સત્સંગ કર્યો તેનું પુણ્ય મને આપો જેથી મારો ઉદ્ધાર થાય.' વૈષ્ણવે વિચાર કર્યો કે સત્સંગ એ તો અલૌકિક આનંદ રસ છે. તે કેવી રીતે અપાય ? તેમણે તો આનાકાની કરી કે 'ભાઈ આ શક્ય નથી. તું મને ભલે ખાઈ જા.' ત્યાં તેણે આકાશવાણી સાંભળી કે 'હે વૈષ્ણવ તમે કીર્તન કરતાં જે તાલીઓના તાલ આપેલા તેમાંથી એક જ તાલીનું ફળ આ ભ્રષ્ટ થયેલા જીવને આપો તો તેનો ઉદ્ધાર થશે.' વૈષ્ણવે તે પ્રમાણે કર્યું તો તે બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર થઈ ગયો.

આવો છે સત્સંગનો મહિમા.

સત્સંગના રસની રસાનુભૂતિનો એક બીજો પ્રસંગ પણ ખુબ જાણીતો છે. શ્રી ગુસાંઈજીના સેવક હતા અલીખાન પઠાણ. સત્સંગના ખુબ જ રસિક. શ્રી ગુસાંઈજીનું કથામૃત ખુબ જ ધ્યાનપૂર્વક

સાંભળે અને શબ્દે શબ્દ હૃદયમાં ઉતારે. એક સમયે એવો પ્રસંગ ઉદ્‌ભવ્યો કે કથા શ્રવણ પછી તેમણે શ્રી ગુસાંઈજીને વિનંતી કરી કે ‘મહારાજ, આપ આજ્ઞા કરો તો ગઈ કાલે કહેલી કથા હું ફરીથી કહું અથવા હું કથામાં આવતો થયો છું, તે દિવસથી શરુ કરીને ગઈકાલ સુધીની કથા કહી સંભળાવું. મારા રુંવે રુંવે આપની કથાના રસામૃતનું પાન કર્યું છે. આ સાંભળી શ્રીગુસાંઈજી અતિ પ્રસન્ન થયા.

આવી મસ્તી હતી ભગવદ્ રસપાનની, કથામૃતની, સત્સંગની. આવા સત્સંગમાં હોય છે.- અલૌકિક આનંદ, માનવજીવનના અસ્તિત્વનો સાચો આનંદ !

અહીં એક બીજી વાત વિચારવા જેવી છે. પુષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાની આજ્ઞા કરી નથી, બલ્કે ગૃહમાં રહી ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરતાં પરિવારજનો સાથે ભગવદ્ સેવાનો રાહ ચિંધ્યો છે. ગૃહસ્થાશ્રમ એટલે કૌટુંબિક જીવન. અહીં કુટુંબની જવાબદારી વહન કરવાની છે અને સામાજીક વ્યવહારો પણ સાચવવાના છે. અહીં વૈરાગ્યને સ્થાન નથી તો પારિવારિક જીવનમાં સમન્વય કેમ જાળવવો ?

આના સંદર્ભમાં શ્રી હરિરાયજીની આજ્ઞાઓ યાદ રાખવા જેવી છે. શ્રી હરિરાયજી પાસે પ્રત્યેક પરિસ્થિતિના ખુલાસા છે. પ્રત્યેક મુંઝવણોનો ઉકેલ છે. પ્રત્યેક પ્રશ્નોના જવાબ છે. માટે જ તેમના શિક્ષાપત્ર ગ્રંથમાંથી આપણને મળે છે સાચું શિક્ષણ.

આપશ્રીએ સમજાવ્યું છે કે કૌટુંબિક કે સામાજીક જવાબદારી વહન કરતાં આપણે ભગવાનથી વિમુખ ન બની જઈએ માટે આ સંબંધો અને વ્યવહારો ઉદાસીન ભાવે સાચવવા, એટલે કે તે કેવલ ફરજરુપે આચરવા અર્થાત્ યંત્રવત્ તેને નીભાવવા. તેમાં રસરુચિ ન રાખવા કે આસક્ત થઈ જવું નહી. આને કપટભાવ કહેવામાં આવે છે. વાસ્તવમાં પ્રેમ ન હોય છતાં તેનો દેખાવ કરવો તેનું નામ કપટભાવ. જીવનમાં સહજ કાર્યો કરતાં કરતાં પણ ભગવદ્ નામ કંઠે રહે, ભગવદ્ વિસ્મૃતિ ન થાય તેવા ઉપાયો કરવાં જોઈએ.

વાર્તા સાહિત્યમાં શ્રી ગુસાંઈજીના સેવક નારાયણદાસ દીવાનની વાત આવે છે. રાજ્યના દિવાનપદની જવાબદારી તેમના માથે હતી. ઓફિસ કામમાં વ્યસ્ત રહેતાં હોવાથી પ્રભુનું સ્મરણ આપોઆપ બનતું નહીં. એટલે એમણે એક યુક્તિ કરેલી. પોતાની ઓફિસમાં એક વ્રજવાસીને બેસાડી રાખેલો. તે વ્રજવાસી દર પાંચ મિનિટે તેમને એક પ્રશ્ન પૂછે : 'ભૈયા ગોકુલ કબ ચલેંગે ?' નારાયણ દાસને તે પ્રશ્ન સાંભળતાં જ શ્રીમદ્ ગોકુળની સ્મૃતિ થાય અને જવાબ આપે 'અબ ચલેંગે.' આમ કહી પાછા કામમાં લાગી જાય. આપણે પણ આપણા કામના સ્થળે શ્રીનાથજી, શ્રી મહાપ્રભુજી, શ્રી યમુનાજી, ગુરુદેવ ઈત્યાદિના ચિત્ર રાખેલા હોય તો કામ કરતાં કરતાં પણ શ્રી પ્રભુનું સ્મરણ ચાલુ રહી શકે.

શ્રી હરિરાય ચરણે બીજી એક આજ્ઞા કરી કે વૈષ્ણવે વાણીનો સંયમ કેળવવો જોઈએ. જીવનના વ્યવહારોમાં સંપૂર્ણ મૌન તો શક્ય નથી. પરંતુ જેટલું આવશ્યક હોય તેટલું જ બોલવું જોઈએ. ઘણી વ્યક્તિઓને મિથ્યાલાપની કુટેવ હોય છે. જરૂરી ન હોવા છતાં તેમનું ટેપરેકોર્ડર ચાલુ જ હોય છે. જ્યારે બિનજરૂરી વાર્તાલાપ કર્યા કરીએ તો ભગવદ્ નામ છૂટી જાય અને પ્રભુથી બહિર્મુખ બની જઈએ. માટે જ સાધુ સંતોએ મૌનનો મહિમા બતાવ્યો છે. મિથ્યાલાપ ટાળવા માટે મૌન સહાયરૂપ બને છે.

ભગવદ્ભિમુખ બની રહેવા માટે શ્રી હરિરાયજીએ આપણને સમજાવ્યું છે કે આપણું મન અન્ય આડી અવળી બાબતોમાં ન ભટકે તેને માટે કોઈ સારી પ્રવૃત્તિમાં જોડો. આપણી લૌકિક વૃત્તિઓ સામાન્યતઃ આપણને પજવતી હોય છે. તેના કારણે આપણું મન અશાંત બની જાય છે. આવી વૃત્તિને દૂર કરવાનો ઉપાય એ કે મનને સતત ભગવદ્ વિચારોમાં રોકી રાખો. પ્રત્યેક વૈષ્ણવના ઘરે શ્રી પ્રભુની સેવાનો કોઈને કોઈ પ્રકારનો ક્રમ હોય છે. જો આપણે આપણા કેન્દ્રસ્થાને આપણા શ્રી ઠાકોરજીને રાખ્યા હોય તો સતત આપણને તેમના જ વિચારો આવે. હમણાં આ ઉત્સવ આવશે.

હવે ઉષ્ણકાળ આવશે માટે શ્રી પ્રભુને આ પ્રકારના વસ્ત્ર જોયશે. ઝારી કુંજા લાવવા પડસે. મોતીના આભરણ સિદ્ધ કરાવવા છે. હવે 'શ્રી' નો પાટોત્સવ આવશે. ઈત્યાદિ અનેક પ્રકારે જો આપણા મનને આપણા પ્રભુમાં જોડી રાખીશું તો તે આમતેમ ભટકવાનું નામ નહીં લે.

અને જો સતત આપણું મન શ્રી ઠાકોરજીમાં પોરવાઈ જાય તો બેડો પાર થઈ જાય. શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર **'ચેતસ્તત્ પ્રવણમ્ સેવા'** ચિત્ત શ્રી ઠાકોરજીમાં ઓતપ્રોત થઈ જાય તેજ છે 'પુષ્ટિમાર્ગનું પરમ ફળ.' આપણી સેવા સત્સંગની તે ફલશ્રુતિ છે.

* * *

सन्मार्गः सत्संगो वा सद् बुध्ध्या भवति।
श्रीमदेन तु सद्बुध्धिः कदापि नोत्पद्यते ।

અર્થાત્ સન્માર્ગ અથવા સત્સંગ સદ્બુધ્ધિથી થાય છે, પણ લક્ષ્મીના મદદથી સદ્બુધ્ધિ કદાપિ ઉત્પન્ન થતી નથી.

(સુબોધિનીજી - ૧૦.૧૦.૮)

શું આપણે પણ 'ભગવદ્ વાર્તા' સાંભળવા ખાતર જ સાંભળતા નથી ને ?

એક વડિલ નિયમપૂર્વક રોજ ભગવદ્ કથા સાંભળવા જાય. એ તેમનો અતૂટ નિયમ. ક્યારેય ચૂકે નહીં. એક દિવસ તેમને તાવ આવી ગયો. પડોશમાં રહેતાં વૈષ્ણવે આવીને કહ્યું : 'ચાલો ભગવદ્ વાર્તામાં જવું છે ને ?'

વર્ષોના નિયમવાલા પેલા વડિલે કહ્યું : 'આજે તો મને તાવ આવી ગયો છે. માટે ઉઠી શકું તેમ નથી. મને ઘણું દુઃખ થાય છે કે મારો નિયમ તૂટશે અને અપરાધ પડશે.' તેઓ ગળગળા થઈ રડી પડયા.

પેલા વૈષ્ણવે તેમને સમજાવ્યું કે : 'તેનો ઉપાય છે. તમારો નિયમ ભંગ ન થાય તે માટે આજે ભગવદ્ વાર્તામાં તમારા દિકરાને મોકલો.' તે વડિલ તો રાજી થયાં. 'મારા દિકરાને સમજાવીને ભગવદ્ કથા સાંભળવા મોકલું તો મારો નિયમ સચવાશે.' તેમણે દિકરાને કહ્યું : 'આજ મારા વતી તું ભગવદ્ વાર્તામાં જા, તો મારો નિયમ ન તુટે.'

વડિલની આજ્ઞાથી દિકરો તે દિવસે ભગવદ્ વાર્તા સાંભળવા ગયો.

બીજા દિવસે દિકરો પોતાની દુકાનેથી થોડીવાર માટે દુકાન રેઢી મૂકી લઘુશંકા કરવા બાજુની ગલીમાં ગયો એટલે એક બકરી દુકાનમાં આવી અનાજ વગેરે ખાવા માંડી. ત્યાં તો બીજી બકરી આવી, ગાય આવી અને આનંદથી દુકાન સાફ કરવા માંડી. દિકરાએ આવીને જોયું તો દુકાનમાં ઘુસેલા ઢોર મીજબાની કરી રહ્યા છે. તેણે આગલે દિવસે ભગવદ્ વાર્તામાં સાંભળેલું કે 'કોઈને દુઃખ થાય તેવું કાર્ય કરવું નહીં.

'ભગવદ્ વાર્તા સાંભળવાનો નિયમ મહત્વનો તેમાં શ્રવણ કર્યા મુજબનું આચરણ આવશ્યક ?'

પ્રાણી માત્રમાં ભગવાનનો વાસ છે. માટે પ્રત્યેક જીવ ઉપર દયા રાખવી, બીજાને આનંદમાં જોઈને રાજી થવું.' દિકરો તો દુકાનનું દશ્ય જોઈ ખુબ રાજી થયો અને બહાર ઉભો ઉભો જોતો રહ્યો. તેણે વિચાર્યુ- 'આ ઢોરોને કાઢી મૂકું તો તેમને કેટલું દુઃખ થાય ?'

કોઈ હિતેચ્છુ એ જઈ તેના બાપાને વાત કરી કે 'તમારી દુકાન લુંટાઈ રહી છે.' તાવ હોવા છતાં વડિલ તાબડતોબ દુકાને આવી જુએ છે તો દિકરો નિર્લેપ ભાવે ઢોરોને દુકાન ઉજાડતી જોઈ આનંદ લઈ રહ્યો છે. દિકરાને ઠપકો આપણાં તેણે કહ્યું કે 'તું પાગલ તો નથી થઈ ગયો આ ઢોરોને હટાવતો કેમ નથી ?' તેમણે જાતે લાકડી મારી બધા ઢોરોને હટાવી દીધાં.

દિકરો કહે 'બાપા આ શું કરો છો ? કાલે ભગવદ્ વાર્તામાં સાંભળેલું કે 'પ્રાણી માત્ર ઉપર દયા રાખવી. તેમના આનંદમાં રાજી રહેવું.'

વડિલ કહે : 'અક્કલ વગરના, ભગવદ્ વાર્તા તો સાંભળવાની હોય તે મુજબ આચરણ કરીએ તો ભીખ માંગવાનો વખત આવે.'

દિકરાને બાપાની વાત સમજાઈ નહીં. ભગવદ્ વાર્તા સાંભળવાનો નિયમ મહત્વનો કે તે મુજબનું આચરણ આવશ્યક ? આપણે પણ આત્મચિંતન કરીએ !

* * *

यथा भगवति स्नेहो मुक्तये, तथा सत्संगो मोक्षद्वारम् ।
અર્થાત્ જેમ ભગવાનમાં સ્નેહ મુક્તિ કરાવે છે તેમ સત્સંગ મોક્ષનું દ્વાર છે.
(સુબોધિનીજી -૩.૨૫.૨૪)

તત્વ દર્શનમાં દૃષ્ટિ ભેદ

જગદીશ, જગત અને જીવ એ ત્રણ તત્વોનું અન્વેષણ એ દુનિયાના બધા જ તત્વવેત્તાઓના ચિંતનનો વિષય રહેલ છે, ચાહે તે પાશ્ચાત્ય ફીલોસોફી હોય કે ભારતીય તત્વદર્શન. જગદીશ અર્થાત્ પરમ સત્તા - **Ultimate Reality** શું છે, સૃષ્ટિની ઉત્પત્તિ કઈ રીતે થઈ અને પરમ સત્તા સાથે તેનો શું સંબંધ છે તથા હું કોણ ? - **'Know Thyself'** એ મનુષ્યમનને મુંઝવતા પ્રકિર્ણ પ્રશ્નો છે જેના ઉત્તર શોધવાની પ્રત્યેક તત્વચિંતકે, આચાર્યોએ, વિદ્વાનો એ કોશિષ કરી છે. પાશ્ચાત્ય દર્શનનો અભિગમ ભૌતિકવાદી હોઈ તેને માનવમનની આંતર્ખોજ દ્વારા અંતિમ સત્ય વિશે વિવિધ વ્યાખ્યાઓ આપી છે, જ્યારે ભારતીય દર્શન આધ્યાત્મિક દષ્ટિથી વિચારતું હોઈ તે આત્મા-પરમાત્મા અને પરમ તત્વને પામવાની દિશામાં અનેક દષ્ટિબિંદુઓ રજુ કરે છે.

ભારતીય તત્વજગતમાં અવૈદિક દર્શનો - ચાર્વાક - બૌદ્ધ અને જૈન વેદના પ્રમાણને ન સ્વીકારતાં હોવાથી તેમનો દષ્ટિકોણ અને વિચારધારા, વૈદિક દર્શનો-જેવા કે - ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, તથા પૂર્વ તેમજ ઉત્તર મીમાંસા, જે વેદાદિ શબ્દ પ્રમાણોને આધારરૂપ ગણે છે, તેનાથી ભિન્ન છે.

પ્રસ્થાન ત્રયીના આધારે પ્રસ્તુત કરેલો શ્રી શંકરાચાર્યનો કેવલાદ્વૈત અથવા માયાવાદ પણ શ્રીવલ્લભાચાર્યજીના પ્રમાણચતુષ્ટય વેદો, બ્રહ્મસુત્રો, ગીતા અને ભાગવતજીના આધારે પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત બ્રહ્મવદથી અલગ દષ્ટિકોણ ધરાવે છે. મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ જગદીશ - જગત અને જીવના સ્વરૂપ અને તેમના આપસી સંબંધોને 'અવિકૃતપરિણામવાદ' તથા 'આવિર્ભાવ - તિરોભાવ'ના

કંચન, કામિની, કાયા અને કુટુંબ જ નહીં પરંતુ આપણું સર્વ કાંઈ જેને આપણે આપણું માની બેઠા છીએ તે શ્રીપ્રભુને સમર્પણ કરવાથી મુક્તિને માર્ગ પ્રશસ્ત થઈ શકાય છે.

સિદ્ધાંતના આધારે સમજાવ્યા છે. **શરણાગતિ** અને **સમર્પણ** એ તેમની સાધના પ્રણાલીની આધારશીલાઓ છે. પ્રેમલક્ષણાભક્તિને તેઓએ સર્વોચ્ચ પરમ તત્વ શ્રીકૃષ્ણને પામવાના એક માત્ર સાધન તરીકે તેમણે બતાવી છે. તેમની સમગ્ર વિચારધારા તેમજ તેમના સિદ્ધાંતના વિવિધ પાસાને તેમણે પ્રમાણરૂપ અણુભાષ્ય, પ્રમેયરૂપ નિબંધ, સાધનરૂપ ષોડષગ્રંથો અને ફલરૂપ એવા સુબોધિનીજીમાં વિસ્તારપૂર્વક નિરુપિત કર્યા છે. પ્રમેય રુપ શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાના ઉપાયમાં વિવિધ પાસાઓની ખુબ સુંદર છણાવટ શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથોમાં કરી છે.

એક વિદ્વાન જૈનમુનિએ સંસારરુપી ઈમારતના ચાર પાયા જે ‘ક’ અક્ષરથી શરુ થાય છે, તેના વિશે જૈનદર્શન મુજબનો દષ્ટિકોણ રજુ કર્યો છે. (અહીં સંસારની વ્યાખ્યા જૈન દર્શનના સંદર્ભમાં સમજવી. શ્રી વલ્લભાચાર્યજી જીવની અહંતા - મમતાત્મક સંકલ્પનાને સંસાર તરીકે બતાવે છે, જે મિથ્યા છે.) આ ચાર ‘ક’ અક્ષરથી શરુ થતા પાયા છે - **કંચન, કામિની, કાયા** અને **કુટુંબ**, જે સંસારરુપી તોતીંગ ઈમારતને ધરાશાયી કરવા સમર્થ બની શકે છે, જો તેને જૈનદર્શન મુજબ ચાર પ્રકારની ધર્મસાધના - **દાન, શીલ. તપ** અને **ભાવના**નો આધાર ન મળે. સુવર્ણથી તમામ પ્રકારની સંપત્તિ રુપ ‘કંચન’નો લગાવ, ‘કામિની’ અર્થાત્ સ્ત્રીના આકર્ષણના કારણે સર્જાતી વિવિધ વિભીષિકાઓ તથા યુદ્ધો, ‘કાયા’ તેમજ ‘કુટુંબ’ પ્રત્યેના મમત્વના કારણે ઉત્પન્ન થતો મોહ તેમજ આધિ-વ્યાધિ અને ઉપાધિ એ બધા માનવજીવનને હચમચાવી નાંખનાર, અધોગતિ એ પહોંચાડનાર પરિબળો છે. જૈન દર્શન આ ચારેય તત્વોને અલગ અલગ રીતે જીતવાના અને તેના કુભાવને નષ્ટ કરવાના રસ્તા બતાવે છે. ‘કંચન’ અર્થાત્ સંપત્તિને દાન દ્વારા, ‘કામિની’ને શીલ દ્વારા, ‘કાયા’ને તપ દ્વારા અને ‘કુટુંબ’ને ભાવના દ્વારા મનુષ્ય પોતાની જાતને બચાવી શકે છે. કંચન, કામિની, કાયા અને કુટુંબના કુપ્રભાવથી બચવાનો આ દષ્ટિકોણ છે, જૈન દર્શનનો અને તેને અભિવ્યક્ત કરનાર વિદ્વાન જૈન મુનિશ્રીનો. (ગુજરાત સમાચારમાં લેખ)

ઉપરોક્ત ચારેય તત્વોને મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોના પરિપેક્ષ્યમાં વિચારીએ તો એક વિરલ અનોખો દષ્ટિકોણ આપણને મળે છે. માત્ર કંચન, કામિની, કાયા અને કુટુંબ જ નહીં પરંતુ આપણે અહંતા અને મમતાના કારણે દુનિયાની પ્રત્યેક વસ્તુને પોતાની માની બેઠા હોઈએ છીએ, 'હું' અને 'મારાપણા'ના ખોટા ખ્યાલોમાં આપણે રમતા હોઈએ છીએ, તેમાંથી મુક્ત થવાનો સરલ ઉપાય શ્રીવલ્લભાચાર્યજીએ આપણને બતાવ્યો છે. ભગવાનનું દાસત્વ સ્વીકારવાથી આપણો અહંકાર દૂર થાય છે અને જેને આપણે પોતાનું માની બેઠા હોઈએ છીએ તે સ્ત્રી, સંતતિ, પરિવાર, ઘરબાર, સંપત્તિ ઈત્યાદિ સર્વ કાંઈ બ્રહ્મસંબંધ દીક્ષા દ્વારા શ્રીપ્રભુને સમર્પણ કરી તેમની બિનશરતી શરણાગતિ સ્વીકારવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજી એ કરી છે. સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં આપશ્રીએ આ સિદ્ધાંતનું નિરુપણ કર્યું છે. તદનુસાર બ્રહ્મસંબંધ કરતી વખતે પ્રતિજ્ઞાપૂર્વક જીવ પોતાનો દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ, સ્ત્રી પુત્રાદિ સમસ્ત પરિવાર. ગૃહ, સંપત્તિ, આલોક-પરલોક વગેરે સર્વ કાંઈ ભગવાન કૃષ્ણને - શ્રી ગોપીજન વલ્લભને સમર્પિત કરી દે છે અને પોતાને ભગવાનનો દાસ હોવાનું કબુલ કરે છે. આમ નિવેદન મંત્ર દ્વારા જીવને સર્વ કાંઈ - સ્ત્રી - પુત્રાદિની લૌકિક આસક્તિ છોડાવી તેને કારણે ઉત્પન્ન થયેલ મમતાના પરિહારનો સર્વોત્તમ ઉપાય શ્રી મદાચાર્યચરણે બતાવ્યો છે. સંપત્તિનું દાન કરવાથી રાજસભાવની વૃદ્ધિ થાય છે, જે અહિતકર્તા છે. સ્ત્રી, કાયા, કુટુંબ તેમજ સંપત્તિનો ભગવદ્ સેવામાં વિનિયોગ કરવાથી, તેમાં જીવનું મમત્વ રહેતું નથી. નિવેદન, સમર્પણ તેમજ વિનિયોગ ઉત્તરોત્તર એકબીજાના રહસ્યરુપ છે અથવા તાત્પર્યરુપ છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં આજ રહસ્ય પ્રગટ કરતાં કહે છે -

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોસિ દદાસિ યત્ ।
તત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ।।

તથા



યે તુ સર્વાણિ કર્માણિ મયિ સન્યસ્ય મત્પરાઃ
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે
તેષાંમહં સમુધ્ધર્તા મૃત્યુ સંસાર સાગરાત્

અર્થાત્ તું જે કરે છે, જે ભોગવે છે, જે હોમે છે, જે આપે છે, જે તપ કરે છે, તે (સર્વ), હે કૌન્તેય, મને અર્પણ કરી દે જે લોકો સર્વ કર્મનો સંન્યાસ (ત્યાગ) મારામાં કરી, સન્નિષ્ટ થાય છે, અનન્ય યોગથી મારુ ધ્યાન ધરે છે, મને ઉપાસે છે, તેનો મૃત્યુ સંસાર સાગરથી ઉદ્ધાર કરનાર હું છું.'

આમ જૈન મુનિએ જે ચાર વસ્તુઓને સંસારમાં બાધારુપ ગણી જૈન દર્શન અનુસાર ઉપાયો બતાવ્યા છે જયારે તેમાંથી મુક્ત થવાનો વિશિષ્ટ દષ્ટિકોણ શ્રી વલ્લભાચાર્યજી એ પોતાના ગ્રંથો દ્વારા બતાવ્યો છે. તેમના એ વિશિષ્ટ સિદ્ધાંતને ઉપરોક્ત સ્વયં ભગવાને કહેલા ગીતા વાક્યથી પુષ્ટિ મળે છે. શ્રીવલ્લભાચાર્યજીનો દષ્ટિકોણ કેટલો વિશાળ છે તે આથી સ્પષ્ટ થાય છે.

* * *

'भगवतः... सेवामात्रेणैव मृत्योर्जयो भवति।... सर्वस्थापि द्वयमभीष्ठं दुःख हानिः सुखावाप्ति श्चेति।
तत्र सुखं भगवतैव सिध्धयति नान्यथा।... दुःख हानिरपि भगवत्सेवयैव नान्यया।।'

અર્થાત્ ભગવાનની માત્ર સેવાથી મૃત્યુને જીતાય છે... સર્વને પણ બે ઈષ્ટ છે, દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ, તેમાં સુખ ભગવાનથી સિધ્ધ થાય છે, બીજીરીતે થતું નથી... દુખનો નાશ પણ ભગવાનની સેવાથી જ થાય છે, બીજી રીતે થતો નથી.

(સુબોધિનીજી - ૧૦.૮૪.૨૭)

બ્રહ્મસંબંધથી ઉદ્ધાર નિશ્ચિત છે !

આ જગતમાં જન્મ લેનાર બધા જ જીવો ભવસાગરમાં તણાઈ રહ્યા હોય છે. પરંતુ પુષ્ટિજીવોનો ઉદ્ધાર તો સ્વયં ભગવાન આ સાગરમાં જાતે ડુબકી મારી પોતાના જીવને પોતાની તરફ ખેંચી લઈ કરે છે.

શ્રી ગુસાંઈજીના બસો બાવન સેવકોની વાર્તામાં એક વૈષ્ણવની વાર્તા આવે છે. અમદાવાદ શહેરના તે રહેવાસી. જ્ઞાતીએ વણીક. એક સમયે શ્રી ગુસાંઈજી પાસે આવ્યા. આપશ્રીને કહ્યું : 'મહારાજ હું વૈષ્ણવ તો થાઉં, પરંતુ મારાથી આપ જે સેવા કરવાની આજ્ઞા કરો છો તે બનશે નહીં. જો મને સેવા કરવાનો આગ્રહ ન રાખો. તો હું આપની પાસે કંઠી બંધાવું.'

શ્રી ગુસાંઈજીએ વિચાર કર્યો કે આ છે તો લીલાનો જીવ, પ્રભુની નિત્ય લીલામાંથી છુટો પડ્યો છે, પરંતુ તે તેના સ્વરૂપને ઓળખી શકતો નથી. લૌકિક દુઃસંગથી તે ભટકી ગયો છે. તેને પોતાને પોતાનો ફાયદો શેમાં છે તે ખબર નથી પરંતુ તેના ઉપર કૃપા તો કરવી જ રહી, તેનો ઉદ્ધાર તો કરવો પડશે.

શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે 'ભલે મારે તમારી પાસે બળજબરીથી કશું જ કરાવવું નથી. પરંતુ તમારે મારી એક વાત તો જરૂર માનવી પડશે. જ્યારે અમે અહીંથી જઈએ ત્યારે તમારે અમારી સાથે વ્રજયાત્રા કરવા આવવું પડશે. વૈષ્ણવે જીવનમાં એક વખત તો શ્રીનાથજી, શ્રી ગીરીરાજજી, શ્રી યમુનાજીના દર્શન કરવા જોઈએ.'

વાણીયો કહે, 'મહારાજ હું તો વેપારી છું અને એકલા હાથે ધંધો કરુ છું. વ્રજમાં આવવા બે ત્રણ મહિના જોઈએ. એટલો સમય મારી દુકાન બંધ રહે તો ધંધો વિખરાઈ જાય. માટે મને થોડો સમય આપો. મારે ત્યાં દિકરાનો જન્મ થાય, તે મોટો થાય, ધંધો સંભાળે તો પછી મને નિરાંત થાય ત્યારે હું આવું.'

શ્રી ગુસાંઈજી પેલા વાણીયાની ચતુરાઈ સમજી ગયા. વાતવાતમાં દિકરો પણ માંગી લીધો. પાછો જુવાનજોધ થાય તેમ પણ ઈચ્છે છે. આપશ્રી કહે 'ભલે. તમારી

મરજી પરંતુ મને આપેલું વચન યાદ રાખજો અને પાળજો.' એમ કહી આપશ્રી વિદાય થયા.

આ વાતને વીસ વર્ષ વીતી ગયાં. વેપારીને ઘેર દિકરો થયો. તે વીસ વર્ષનો થયો. તેને પરણાવ્યો. તેને દુકાને પણ લગાડી કામ શીખવ્યું. છોકરો હવે દુકાન સંભાળતો હતો.

શ્રી ગુસાંઈજીએ એક વ્રજવાસીને તે વેપારી પાસે મોકલ્યો અને તેનું વચન યાદ કરાવવા આજ્ઞા કરી. વ્રજવાસીએ વેપારી પાસે આવી તેણે આપશ્રીને આપેલ વચનની યાદ દેવડાવી.

વેપારી કહે 'તમારી વાત તો સાચી છે. મને પણ વ્રજમાં આવવાનું ઘણું મન છે. પરંતુ મેં હજી મારા દિકરાનું લગ્ન કરાવ્યું નથી. એક વાર તેને પરણાવી દઉં, તેને ઘેર દિકરો થાય તો તેને રમાડી લઉં, તે થોડો મોટો થાય પછી જો હું આવું તો મને કોઈ ચિંતા નહીં. માટે દશેક વર્ષ પછી હું જરૂરથી આવીશ, એમ આપશ્રીને કહેજો.'

બીજા દશ વર્ષ વીતી ગયા. શ્રી ગુસાંઈજીએ ફરીથી પેલા વ્રજવાસીને વેપારી પાસે મોકલ્યો. અહીં વેપારીને તો વ્રજવાસીને જોઈ ને જ પેટમાં તેલ રેડાયું, કારણ કે હવે કાંઈ બહાનું કાઢવા જેવું ન હતું. છતાં વેપારીએ વ્રજવાસીને કહ્યું કે 'હવે મારી તબિયત પણ નરમ ગરમ રહે છે. ઘડપણ આવ્યું છે. એટલે મારી અનુકૂળતા એ જરૂર આવીશ. તમે હવે ધક્કો ખાતા નહીં.' વ્રજવાસી પાછો ગયો. પેલા વેપારીને તો હજુ પણ ચિંતા હતી કે કેટલી મહેનત કરી દ્રવ્ય કમાયો છું. છોકરો બરાબર સાચવશે કે નહીં તેની તે ચિંતા કરવા લાગ્યો. તેમ કરતાં તેનો દેહ છુટી ગયો. કહેવાય છે અંતમાં તે સર્પ થયો અને તેના જ ઘરમાં રહી પોતે કમાયેલ ધનની રક્ષા કરવા લાગ્યો.

શ્રી ગુસાંઈજીએ ફરી પેલા વ્રજવાસીને મોકલ્યો અને સાપ બનેલા તે શેઠને લઈ આવવા કહ્યું. વ્રજવાસી એ આવી તે સાપને પાછલા જન્મની યાદ અપાવી અને હજી પણ વચન પાળવા કહ્યું. પરંતુ તે ગયો નહીં. થોડા મહિનામાં તે સર્પની યોની પણ છુટી ગઈ અને તેના ઘર પ્રત્યેના મોહને કારણે તેનો તે પછીનો જન્મ કુતરાનો થયો. તે તેના ઘરના રોટલા ખાતો ત્યાં જ રહેવા લાગ્યો હતો.

થોડા સમય પછી શ્રી ગુસાંઈજીએ ફરીથી વ્રજવાસીને મોકલી તેને બોલાવી લાવવા કહ્યું. પરંતુ કુતરાની યોનીમાં પણ તેને વ્રજમાં જવાની જરા પણ ઈચ્છા થઈ નહીં. તે વ્રજવાસી પાછો ગયો.

થોડા મહિના વિતે તેની કુતરાની યોની પણ છૂટી ગઈ અને તે એક ગટરનો કીડો થયો.

શ્રી ગુસાંઈજીએ પેલા વ્રજવાસીને આજ્ઞા કરી કે હવે તેને પુછયા વગર જ તે જે હાલમાં હોય તેને સાથે જ લઈ આવજો. વ્રજવાસીએ આવી તે કીડાને પકડી એક સ્વચ્છ જળની ડબ્બીમાં મૂકી દીધો અને પોતાની સાથે લઈ ગયા અને શ્રી ગુસાંઈજી સમક્ષ રજૂ કર્યો.

શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે તેને શ્રી યમુનાજીમાં પધરાવી દો. શ્રી યમુનાજીમાં તે કીડાને પધરાવતાં તેનો ઉદ્ધાર થઈ ગયો. આમ તે પુષ્ટિજીવ હોવા છતાં માયામાં એવો તો લપેટાઈ ગયો હતો કે ન તો તેને પોતાના સ્વરૂપનું ભાન રહ્યું હતું કે ન સ્વધર્માચરણની કોઈ ઈચ્છા થતી. આમ છતાં કરુણા સાગર શ્રી ગુસાંઈજીએ સ્વેચ્છાથી તે જીવનો ઉદ્ધાર કર્યો.

શ્રી મહાપ્રભુજી 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ' ગ્રંથમાં પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહિજીવોના ઉદ્ધારની પ્રક્રિયા સમજાવતાં કહે છે કે આ જગતમાં જન્મ લેનાર બધા જ જીવો ભવસાગરમાં તણાઈ રહ્યા હોય છે. પ્રવાહી જીવોનો તો પ્રલય કાલ પર્યંત તણાતાં જ રહે છે, તેમના ઉદ્ધારની સ્થિતિ બનતી જ નથી. મર્યાદા જીવો ક્યાંક કાઠા ઉપર પહોંચી કોઈ અવલંબન મેળવી લે છે, કોઈ નૌકાના સહારે તરી જાય છે, આમ કોઈને કોઈ સાધન દ્વારા તેનો ઉદ્ધાર થાય છે. પરંતુ પુષ્ટિજીવોનો ઉદ્ધાર તો સ્વયં ભગવાન આ સાગરમાં જાતે ડુબકી મારી પોતાના જીવને પોતાની તરફ ખેંચી લઈ કહે છે.

ઉપરોક્ત વાણિયાનું ઉદાહરણ આ તથ્યનું સ્પષ્ટ ઉદાહરણ છે. ચાર-ચાર જન્મ પર્યંત તે ભવાટવીમાં અટવાતો રહેવા છતાં શ્રીગુસાંઈજીએ સ્વયં તેના પર કૃપા કરી તેનો ઉદ્ધાર કર્યો. એક નહીં તો બીજા જન્મમાં, બીજા નહીં તો ત્રીજા જન્મમાં, પણ પુષ્ટિ જીવોનો ઉદ્ધાર તો નિશ્ચિત છે!

* * *

પુષ્ટિમાર્ગની સાંસ્કૃતિક ધરોહર

(આચાર્ય ચરણોના બેઠકજીઓ)

પુષ્ટિમાર્ગના પ્રણેતા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના પ્રતિપાદક જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પાંચ સૈકા પહેલા માયાવાદ મંડિત દેશકાલ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સમગ્ર ભારતમાં ત્રણ ત્રણ વખત યાતાયાતની આધુનિક સુવિધાઓનો અભાવ હોવા છતાં પગે ચાલીને પદયાત્રા કરી હતી અને જીવ, જગત, ઈશ્વર ઈત્યાદિની સાચી સમજણ સમાજને આપી પ્રભુ પ્રાપ્તિનો વિશિષ્ટ માર્ગ-પુષ્ટિભક્તિ માર્ગ બતાવ્યો હતો. આ યાત્રાઓ દરમ્યાન અનેક સ્થળોએ અન્ય મતવાદીઓ-વિતંડાવાદીઓ સાથે શાસ્ત્રાર્થ કરી તેમને પરાસ્ત કર્યા હતા અને લોકોને તેમના ભ્રમણાયુક્ત પ્રભાવમાંથી બહાર કાઢી ભગવદ્ સેવાને રસ્તે વાળ્યા હતા. ઈીતિહાસ આ હકિકતનો સાક્ષી છે. આપશ્રીની પદયાત્રા દરમ્યાન જે જે સ્થળો એ આપે બેઠો મુકામ રાખી શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ કર્યુ તે સ્થળો 'બેઠકજી' તરીકે ઓળખાવા લાગ્યા. આ સ્થળોએથી આપની અલૌકિક વાણી ગ્રંથ રુપે પ્રગટ થઈ છે. આવી ૮૪ બેઠકજીઓ ઈીતિહાસના પાને આલેખાઈ છે. આપશ્રીના પ્રાકટ્યના અનેક કારણોમાંના એક, શ્રીમદ્ ભાગવતજીના ગુઢાર્થને પ્રકાશમાં લાવવાનો હતો. આ ૮૪ બેઠકો આપશ્રીના આ મહત્વપૂર્ણ કાર્યનું ઉદ્ગમ સ્થાન કહી શકાય અને તેથી જ આ બેઠકજીઓનું વૈશિષ્ટ્ય રહેલું છે. તેનું પુષ્ટિમાર્ગમાં એક સાંસ્કૃતિક મુલ્ય છે.

પુષ્ટિમાર્ગ ભાવાત્મક છે. પ્રભુની નિત્યલીલામાં શ્રદ્ધા ધરાવે છે. શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના વદનાવતાર મનાય છે, એટલે ભગવદ્ સ્વરુપ જ છે.

**આ બેઠકજીઓ પુષ્ટિ
સંપ્રદાયની
મહામુલ્યવાન
આધ્યાત્મિક એવમ્
સાંસ્કૃતિક ધરોહર
હોવા છતાં અલગ
અલગ પરંપરાગત
માલિકીયતમાં
હોઈ અને તેમના
દ્વારા સુનિયંત્રિત
સંચાલનના
અભાવમાં ખુબ
જ દયનીય
સ્થિતિમાં
રહેલ છે**

પાંચસો થી વધુ વર્ષ વીતિ ગયા હોવા છતાં આપ આ સર્વે બેઠકજીઓમાં સાક્ષાત સ્વરૂપે બિરાજે છે એવી દૃઢ આસ્થા છે અને એટલે જ પરંપરાગત રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આ વિવિધ બેઠકજીઓમાં દર્શનાર્થે જાય છે, મેવો દૂધ ધર ઈત્યાદી ધરે છે, શ્રીયમુનાજીના ભાવથી જળની ઝારી ભરે છે અને કૃતકૃત્ય થાય છે. આજે પણ અનેક ભગવદીયોને આપશ્રીના 'નિજ સ્વરૂપ'ના દર્શન-સાનુભાવ અહીં થતા રહે છે.

આપશ્રીના આ બેઠકજીઓ ઉત્તરમાં બદ્રી-કેદારથી લઈ દક્ષિણમાં રામેશ્વર અને પૂર્વમાં ગંગાસાગરથી લઈ પશ્ચિમમાં બેટ દ્વારકા સુધી સ્થાપિત થયેલ છે. ઘણાં બધા સ્થળોએ આ બેઠકજીઓ પ્રગટ થયેલ છે, જ્યારે કેટલાક સ્થાનોમાં હજી ગુપ્ત છે. તેમ છતાં ઐતિહાસિક સંદર્ભમાં તે બેઠકજીઓના સ્થાનનો અંદાજ કરી શકાય છે. ઐતિહાસિક પુરાવાના આધારે આ બેઠકજીઓનું નિર્માણ તત્કાલીન અનુકૂળતાઓ મુજબ અલગ અલગ સમયે થયું હશે. આમ આ સ્થળો સૈકાઓ પુરાણા છે અને સ્વાભાવિક રીતે જીર્ણ થયેલ છે. પાછળના સમયથી અનુકૂળતા મુજબ તે સ્થાનોનો વિસ્તાર કે વિકાસ થતો રહ્યો હોવો જોઈએ.

અનેક સ્થળોએ આ બેઠકજીઓનું સ્થાન નૈસર્ગિક વાતાવરણયુક્ત મનોહર અને બાંધકામની દૃષ્ટિએ પણ સુંદર અને સુવિધાપૂર્ણ છે, જ્યારે કેટલીક જગ્યાએ તે એકદમ બિસ્માર હાલતમાં, નાનકડી જગ્યાઓમાં કોઈ આવશ્યક સગવડો રહિત છે. કેટલાક સ્થાનો દુર્ગમ હોઈ બહુ ઓછા વૈષ્ણવો તેની મુલાકાત લેતાં હશે અને તેથી તેના તરફ દુર્લક્ષ થતું દેખાય છે, જ્યારે કેટલાક બેઠકજીઓમાં જવાની યાતાયાતની સુવિધાઓ તેમજ વિકાસની દૃષ્ટિથી સમૃદ્ધ અને તેનું સંચાલન પણ સુરૂપથી ચાલે છે. પરંતુ એવા બેઠકજીઓ ગણ્યા ગાંઠ્યા હશે, જ્યારે મહદ્અંશે આ બેઠકજીઓ જીર્ણ હાલતમાં, આવશ્યક સગવડો કે સુવિધાઓ રહિત છે.

આ બેઠકજીઓમાંથી પચાસ ટકાથી વધુ નાથદ્વારા ટેમ્પલ બોર્ડને આધિન છે. અન્ય અલગ

અલગ વલ્લભકુલ આચાર્યશ્રીઓના માથે બિરાજે છે. આ બેઠકજીઓમાં સેવાર્થે તેના માલિકો દ્વારા મુખ્યાજીઓની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેમાંના કેટલાક તો પેઢ-દરપેઢીઓથી આ વ્યવસ્થા સંભાળે છે. આજની મોંઘવારીનો આંક ઘણો ઉંચો ગયો હોવા છતાં આ મુખ્યાજીઓને સાવ નજીવો પગાર આપવામાં આવે છે. કેટલીક જગ્યાએ વર્ષોથી પગાર રૂા. ૨૫/- મહિને મળે છે, તેમ જાણવા મળ્યું છે. સ્વાભાવિક રીતે આટલા સાધારણ પગારમાં જેઓ દુર્ગમ સ્થળોમાં પોતાના કુટુંબ સાથે રહેતાં હોય તેનો નિભાવ ન થઈ શકે એટલે બેઠકજીમાં થતી શ્રી મહાપ્રભુજીની સેવાની આવકમાંથી તેઓ પોતાનો નિર્વાહ કરતાં હોય છે. ઘણી જગ્યાએ મુળ માલિકો દ્વારા આવશ્યક દેખરેખ ન રખાતા આ મુખ્યાજીઓ પોતે આવનાર વૈષ્ણવોમાં ટહેલ નાંખી જરૂરી વધારા-સુધારા પોત પોતાની સુવિધાનુસાર કરાવતાં રહે છે. મહદ્અંશે શ્રી મહાપ્રભુજીના સ્થાન કે વૈષ્ણવોની સેવા સુવિધા કરતાં નિજ આવશ્યકતાઓને લક્ષમાં લઈ આ વિકાસ થતો રહે છે. પરંપરાગત રીતે એક જ કુટુંબ આ રીતે રહેતાં કેટલીક બેઠકજીઓમાં પોતે જ માલિક હોય તેમ વર્તતા હોય છે, અથવા પોતાની માલિકીનો દાવો કરતાં હોય તેવા પણ કેટલાક દાખલા સાંભળવા મળે છે. આવા કારણથી જ સર્વોચ્ચ અદાલતના ચુકાદા દ્વારા એક મુખ્યાજી ટેમ્પલ બોર્ડ હસ્તકના એક બેઠકજીના માલિક બની ગયાનું કહેવાય છે. કોઈક બેઠકજી ટેમ્પલ બોર્ડને આધિન હોવા છતાં કોઈ ટ્રસ્ટ જેવી સંસ્થાના આધિપત્યમાં છે અને તેનું સંચાલન તેઓ તેમજ ટેમ્પલ બોર્ડના દ્વારા નિયુક્ત મુખ્યાજી એમ બન્ને દ્વારા કરવામાં આવે છે. આમ બેવડો વહીવટ પણ ચાલે છે. અમુક બેઠકજીઓનો વહીવટ ઠેકા પદ્ધતિથી ચલાવવામાં આવે છે, જેમાં વાર્ષિક ચોક્કસ રકમના એવજમાં ઠેકેદારને ધંધાકીય ધોરણે બેઠકજી સોંપાય છે. તેનું તે એક વ્યાપારિક પેઢીના રુપે સંચાલન કરે છે અને વધુમાં વધુ આવક પ્રાપ્ત થઈ શકે તેની તજવીજ કરે છે. પરિણામ સ્વરૂપે બેઠકજીએ આવનારને એક ગ્રાહકના રુપે જોવાય છે, જેની પાસેથી યેન કેન પ્રકારેણ વધુમાં વધુ વળતર મેળવવાની પેરવી થતી હોય છે. આમ આવી બેઠકોનું વ્યાપારિકરણ થતાં

ન તો શ્રી મહાપ્રભુજીની ભાવાત્મક સેવાનો હેતુ જળવાતો હોય છે. ન બેઠકજીઓની મુલાકાતે આવનાર વૈષ્ણવોની ભાવનાને પોષણ મળતું હોય છે અને ઝારી ચર્ણસ્પર્શ એક ક્રિયાત્મક વ્યવહાર બની રહે છે. વ્રજયાત્રા દરમ્યાન વ્રજમાં સ્થિત શ્રી મહાપ્રભુજીની બેઠકોની પરિસ્થિતિ વધુ વણસે છે. કારણ ત્યારે મોટા સમુહના ધસારો આવશ્યક વ્યવસ્થાના અભાવમાં ન તો વૈષ્ણવોને સુખ આપે છે ન શ્રીમદ્ આચાર્યચરણ માટે સુખ રુપ હોય છે. કેવળ એક વ્યાપારિક આદાન પ્રદાન થતું હોય તેવો ચિતાર નજરે પડે છે.

આમ આ બેઠકજીઓ પુષ્ટિ સંપ્રદાયની મહામુલ્યવાન આધ્યાત્મિક એવમ્ સાંસ્કૃતિક ધરોહર હોવા છતાં અલગ અલગ પરંપરાગત માલિકીયતમાં હોઈ અને તેમના દ્વારા સુનિયંત્રિત સંચાલનના અભાવમાં ખુબ જ દયનીય સ્થિતિમાં રહેલ છે. બાહ્ય દૃષ્ટિથી વ્યાપારિક દૃષ્ટિકોણ દૃષ્ટિગોચર થતો હોવાથી અને સ્નાન-અપરસ તથા અન્ય સેવાઓની અસુવિધાઓ હોવાથી નવી પેઢી આ બેઠકજીઓ પ્રત્યે ઉદાસીન બનતી જશે જેથી સંપ્રદાયના ઐતિહાસિક મુલ્યનો હ્રાંસ થશે તેમ વર્તાય છે.

હકિકતમાં આ બેઠકજીઓ પુષ્ટિમાર્ગની આધારશિલા ગણાય. પુષ્ટિમાર્ગના પ્રણેતા વાક્પતિ શ્રી મહાપ્રભુજી આજે પણ આ બેઠકજીઓમાં ભાવાત્મક રુપે બિરાજે છે, પોતાની સ્વરુપાત્મક કાર્યશક્તિ (એનર્જી)થી વ્યાપ્ત છે. એટલે આપશ્રીના સિદ્ધાંતોના પઠન-પાઠન માટે બેઠકજીઓના સ્થાન વધુ ઉપયુક્ત ગણાય. આપશ્રીના તત્વદર્શનના દુનિયાભરમાં પ્રચાર-પ્રસાર માટેના આ મહત્વના કેન્દ્રસ્થાનો બની શકે. પુષ્ટિજીવોને ભગવતોન્મુખ થવાનું તે માધ્યમ બની શકે. કદાચ પુષ્ટિ સંપ્રદાયના અન્ય મંદિરોથી પણ આનું વિશેષ મુલ્ય આંકી શકાય કારણ કે પુષ્ટિ પુરુષોત્તમને બતાવનાર પુષ્ટિમાર્ગના આદ્ય ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી આજે પણ અહીં બિરાજે છે. ગોવિંદ કરતાં ગુરુની મહત્તા શાસ્ત્રોએ બતાવી છે. આમ ઉંડાણપૂર્વક જો વિચાર કરીએ તો શ્રી મહાપ્રભુજીની આ ૮૪ બેઠકજીઓનું યોગ્ય નિર્માણ / જીર્ણોદ્ધાર તેમજ તેમની સુખરુપ સેવાની સુંદર વ્યવસ્થા એ સમગ્ર

વલ્લભીયજનો માટેનું અગ્રીમકાર્ય હોવું ઘટે.

ઘણી ખરી બેઠકોમાં મુળભુત જરૂરીયાતોનો અભાવ વર્તાય છે. પ્રત્યેક બેઠકોમાં પધારનાર આચાર્ય બાળકો તેમજ વૈષ્ણવોને માટે યોગ્ય ઉતારાની, વિશ્રામની વ્યવસ્થા હોવી જોઈએ. રાત્રી વિશ્રામની સગવડ પણ આવશ્યક ગણાય. અપરસ સ્નાન કરવા માટે સ્ત્રી-પુરુષો માટે અલગ અલગ ઠંડા-ગરમ જળની સુવિધાવાળા સ્વચ્છ સ્નાનગૃહ હોવા તે પાયાની જરૂરત ગણાય. સ્ત્રી પુરુષો માટે વસ્ત્ર બદલવાના અલગ રૂમ પણ જરૂરી છે. શ્રી મહાપ્રભુજીને બિરાજવાનું સ્થાન હવા ઉજાસવાળું તથા પર્યાપ્ત મોટું હોવું જોઈએ, જેથી ઝારી-ભરતાં કે ચરણસ્પર્શ કરતાં ભીડ ન થાય. બાજુમાં હવાયુક્ત શૈયાગૃહ હોય. નિજ મંદિરની બાજુમાં ઝારીજી ભરવા જળપાન ગૃહ તેમજ દૂધઘર મેવો સિદ્ધ કરવાની અલાયદી રૂમ હોવી જોઈએ. ચરણામૃત-તિલક કરવા તેમજ હાથ ખાસા કરવાની વ્યવસ્થા સ્નાન ગૃહની બાજુમાં જ હોવી આવશ્યક ગણાય. દૂધ ઘરની બાજુમાં જ રસોઈ બાલભોગના રુમોની પણ વ્યવસ્થા કરવી જોઈએ, જેથી આચાર્ય બાલકો પધારે ત્યારે તપેલી આરોગાવવાની સુવિધા રહે. જળની પર્યાપ્ત માત્રા મળી રહે તેની વ્યવસ્થા પણ જરૂર કરવી જોઈએ.

આ ઉપરાંત પ્રત્યેક બેઠકને રમણીય સ્થળ તરીકે વિકસાવવું જોઈએ જેની આસપાસ સુંદર વન-ઉપવન બગીચો હોય. બેઠકજીના પ્રાંગણમાં તે બેઠકનું ચરિત્ર, ઐતિહાસિક મહત્વ, શ્રી મહાપ્રભુજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર, સર્વોત્તમજી, ષોડષગ્રંથ ઈત્યાદી આલેખાયેલ હોવા જોઈએ. નાનકડા પુસ્તકાલયની પણ વ્યવસ્થા કરી શકાય. જ્યાંથી આપશ્રીના ગ્રંથો, સાંપ્રદાયિક સામાયીકો વગેરે ઉપલબ્ધ થઈ શકે. યથા સંભવ કિર્તન, નિત્ય સત્સંગ ઈત્યાદીની વ્યવસ્થા પણ કરવી જોઈએ. આમ પ્રત્યેક બેઠકનો સર્વાંગિંણ વિકાસ આવશ્યક છે, જેથી ત્યાં જનાર વલ્લભીયજનને શ્રી વલ્લભાચાર્યજીની નિશ્રામાં આદ્યાત્મિક ચેતનાનો અનુભવ થઈ શકે, પોતાના ભાવોને શ્રીમદાચાર્ય ચરણોમાં સમર્પિત કરી ધન્યતા અનુભવી શકે. રહેઠાણ ઉપરાંત આવનાર વૈષ્ણવોના પ્રસાદની

વ્યવસ્થા પણ કરવી આવશ્યક ગણાય, જેથી દૂરથી આવનાર વૈષ્ણવો ક્ષુધા શાંતિ કરી શકે કારણ ઘણી બેઠકો નિર્જન પ્રદેશમાં હોઈ અન્ય સાધન ત્યાં ઉપલબ્ધ હોતું નથી.

ઉપરોક્ત સર્વ પાયાની જરૂરત ગણાય અને એ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તે બેઠકોના માલિક અથવા વ્યવસ્થાપકની મુખ્ય જવાબદારી સમજવી જોઈએ. બેઠકજીનું ભવન અતિ ભવ્ય કે ભવ્યતાયુક્ત હોવું જરૂરી નથી, પરંતુ સાદા બાંધકામવાળું છતાં ઉપરોક્ત સર્વ સુવિધાઓ સમાવિષ્ટ હોય તેવું હોવું આવશ્યક ગણાય. નગર કે ગામના રેલ્વે સ્ટેશને, બસ સ્ટેન્ડે પણ જરૂરી માર્ગદર્શન વાળા બોર્ડ મુકવાની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી અજાણ્યા વૈષ્ણવો પણ જે તે બેઠકના સ્થળે આસાનીથી પહોંચી શકે.

હાલની બેઠકોની જે રીતની વ્યવસ્થા છે કે જે પ્રકારના વહિવટનું માળખું છે, તેમાં વ્યાપારિક ધોરણનો આધાર હોઈ ઉપરોક્ત સર્વે બાબતોનો અભાવ વર્તાય છે. જેને માથે આ બેઠકો બિરાજે છે તે તેમાંથી થતી દ્રવ્ય પ્રાપ્તિ અપુરતી હોવાના કારણે કદાચ ઉપરોક્ત સુવિધાઓ ઉપલબ્ધ ન કરાવી શકે તે સ્વાભાવિક છે. અવારનવાર શ્રીમહાપ્રભુજીની પ્રેરણાથી કોઈ વ્યક્તિ વિશેષ કે સંસ્થા છૂટક છૂટક કોઈ વિશિષ્ટ બેઠકજીના કોઈ કાર્યને હાથમાં લે છે અથવા જીર્ણોદ્ધાર કરવાનો પ્રાયસ કરે છે. પરંતુ તેમાં વૈધાનિક તેમજ વ્યવહારિક મુશ્કેલીઓ નડે છે. જેમને માથે બેઠકજી બિરાજતાં હોય તેમની પરવાનગી આવશ્યક ગણાય. તે પ્રાપ્ત કરવામાં ઘણી અડચનો આવતી હોય છે. ક્યારેક જીર્ણોદ્ધાર કરાવનાર પાસે પોતે તે કાર્ય કરાવવાની આવશ્યક વ્યવસ્થા અથવા જાણકારીના અભાવમાં જે તે બેઠકજીના મુખ્યાજી ઈત્યાદીની સલાહ-સુચન ઉપર નિર્ભર રહેવું પડે છે. તેમાં સ્વયં તેઓના હિતનું ધ્યાન શ્રી મહાપ્રભુજી કે વૈષ્ણવો કરતાં વિશેષ રખાય છે. પરિણામ સ્વરૂપે વૈષ્ણવો દ્વારા કરાતી દ્રવ્યસેવા પુરતા પ્રમાણમાં કારગત નિવડતી નથી. ક્યારેક એવી પણ સ્થિતિ આવે છે કે જ્યાં સુધી જીર્ણોદ્ધાર થતો નથી ત્યાં સુધી જેમને માથે તે બેઠકજી બિરાજતા હોય તેઓ બેઠકજી પ્રત્યે ઉદાસીન રહે છે અને

જીર્ણોદ્ધાર દ્વારા સુવિધાઓ વધતાં વૈષ્ણવોની અવરજવર વધે છે, આવકની માત્રા વધે છે ત્યારે તેના વહિવટ કે માલકીયત માટે વિવાદ પણ સર્જાય છે. કેટલીક બેઠકોમાં જીર્ણોદ્ધાર દ્વારા ભૌતિક સુવિધાઓનો વધારો થાય છે, પરંતુ સેવા-સંચાલનની સુચારુરુપ વ્યવસ્થા કે નિયંત્રણના અભાવમાં જે લાભ એ દ્રવ્ય સહાયતાનો પહોંચવો જોઈએ તે પહોંચતો નથી. આમ અનેક વિડંબણાઓનો સામનો કરવાનો રહે છે. ભૌતિક બાંધકામ અને સગવડો ઉભી કરવાની સાથે બેઠકજીમાં સંચાલન ઉપર પણ જો જરૂરી ધ્યાન ન અપાય તો આ સુવિધાઓ બેઠકજીના કર્મચારીઓની સગવડ જરુર વધારે પરંતુ શ્રી મહાપ્રભુજીની સેવાની મુળભુત જરુરતમાં કાંઈ વિશેષ ફેર પડી શકતો નથી. માટે બેઠકજીઓના જીર્ણોદ્ધારની સાથે સુવ્યવસ્થિત અને સુનિયંત્રિત સેવાની નીતિ રીતી આવશ્યક છે અને તો જ બેઠકજી જીર્ણોદ્ધારનો પાયાનો હેતુ સાચવી શકાય.

ઉપરોક્ત મુશ્કેલીઓનો ઉપાય શું ? એ એક ગંભીર વિચારણીય પ્રશ્ન છે. જટીલ સમસ્યા હોવા છતાં તેના તરફ દુર્લક્ષ કરી શકાય તેમ નથી. આ કોઈ વ્યક્તિ વિશેષ કે સંસ્થાનો પ્રશ્ન ન હોઈ શકે પરંતુ સમગ્ર વલ્લભીજનોએ ચિંતનપૂર્વક વિચારવું આવશ્યક ગણા. ઉપર કહ્યું તેમ આ બેઠકજીઓની ભૌતિક માલિકીયત કોની છે તે ગૌણ છે, પરંતુ તેમાં સાક્ષાત્ બિરાજતા શ્રી મહાપ્રભુજીના સુખરુપ સેવા અને વલ્લભીયજનોની સુવિધાનું મહત્વ વિશેષ હોઈ તે વિશે સર્વે વૈષ્ણવો એ વિચારી કોઈ વિશિષ્ટ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ જેથી ઉપરોક્ત મુખ્ય હેતુ સાધી શકાય.

ઉપર કહ્યું તેમ આ બેઠકજીઓ તે પુષ્ટિમાર્ગની ઐતિહાસીક અને સાંસ્કૃતિક ધરોહર છે, જેના વિશે પ્રત્યેક વલ્લભીયજને સંવેદનશીલ બનવું જોઈએ. પ્રત્યેકે તેમાં પોતાનું યથાસંભવ યોગદાન આપવું જોઈએ. બેઠકજીના આ પ્રકિર્ણ પ્રશ્નનો જો કોઈ ઉકેલ લાવવો હશે તો સમગ્ર વલ્લભીયજનોમાં એક વૈચારિક આંદોલન જગાડવું પડશે.

આનો એક ઉકેલ એ હોઈ શકે કે સમસ્ત બેઠકજીઓની એક કેન્દ્રિય વ્યવસ્થા ઉભી કરવી

જોઈએ. જેના દ્વારા સમગ્ર બેઠકજીઓનો જીર્ણોદ્ધાર પણ કરી શકાય, આવશ્યક સુવિધાઓ ઉભી કરી શકાય. સેવા માટેની આવશ્યક વ્યવસ્થાનું સુચારુ રૂપે નિયંત્રણ કરી શકાય. જો સર્વે બેઠકોની માલિકીયત સત્તાનું એકીકરણ કરી આવી કેન્દ્રિય સંસ્થા ઉભી કરવામાં આવે તો તે ઉત્તમ જ ગણાય. નહીંતર ઓછામાં ઓછું બેઠકોના માલિકીયત હક્ક પોતપોતાની પાસે રાખવા છતાં પણ જો તેના સ્થાનો, ભવનોના પુનઃ નિર્માણ-જીર્ણોદ્ધાર, સંચાલન વ્યવસ્થા મિલકતના એવમ્ સેવાક્રમના વિશેષ સર્વે અધિકાર અબાધિત પણે જો આવી કોઈ કેન્દ્રિય વ્યવસ્થાને સોંપવામાં આવે, જેમાં સર્વે લાગતા વળગતાઓનું પ્રતિનિધત્વ હોય, સંપ્રદાયના વિદ્વત્ગણો, આચાર્યો, આર્કિટેક્ટ-એન્જીનીયર અને મેનેજમેન્ટના નિષ્ણાતોનું પ્રતિનિધિત્વ હોય, તો આ બધી બેઠકનો સર્વ પ્રકારનો વિકાસ અને સેવા સુવિધાના ધોરણને ઉચ્ચતમ બનાવવામાં કારગત નિવડી શકે. આ એક અસંભવિત સ્થિતિ લાગે છતાંય શ્રી મહાપ્રભુજી દુર્ગમને સુગમ બનાવવાની ક્ષમતા ધરાવે છે. આપશ્રીની સર્વ સમર્થતા અતુલ છે. થોડી બેઠકો દ્વારા પણ જો આ દિશામાં પગલું ભરાશે તો પણ ક્રમશઃ તેવી કેન્દ્રિય વ્યવસ્થાનો વ્યાપ તબક્કાવાર વધી શકશે અને જેમના થકી પુષ્ટિમાર્ગનું અસ્તિત્વ છે, તે પ્રાણપ્યારા શ્રી વલ્લભના વિચારોને સંગઠીત રૂપે સમગ્ર વિશ્વમાં ગુંજતો કરવાનું એક વિસ્તૃત ફલક પ્રાપ્ત કરી શકાશે.

શ્રી હરસાનીજી પબ્લીક ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા હાથ ધરાયેલ સૌરાષ્ટ્રની તેમજ અન્ય કેટલીક બેઠકોના સર્વેમાં પ્રાપ્ત થયેલ માહિતિના આધારે લેખકે સ્વાનુભવે આ વિચારો રજૂ કર્યા છે. આ ટ્રસ્ટે બેઠકજી જીર્ણોદ્ધારની એક પરિયોજના બનાવી છે. જે અનુસાર ક્રમશ : કેટલીક બેઠકજીઓનો જીર્ણોદ્ધાર કરવા કટીબદ્ધ થયેલ છે. પરંતુ સમગ્ર બેઠકજીઓનો વ્યાપક વિચાર જો ઉપરોક્ત દ્રષ્ટિકોણના સંદર્ભમાં કરી શકાય તો પુષ્ટિસંપ્રદાયની તે અતિ મહત્વની સેવા અને ઉપલબ્ધિ હશે. સમસ્ત વલ્લભીજનો આ દિશામાં વિચારે એજ શ્રીમહાપ્રભુજીના યુગ્મ ચરણાર્વિંદમાં અભ્યર્થના !

* * *

સમસ્ત વલ્લભીયજનોની

એક સૂત્રતાની આવશ્યકતા !

નિ.લી.ગો. ૧૦૮ શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ લખેલ 'જાગરણ ગીત' ખુબ વિચારણીય છે. આપશ્રી કહે છે - **'લાઓ ફીરસે શુદ્ધ એકતા !'** એ જ ગીતમાં આગળ કહે છે : **'આહુતિ કી બેલા આઈ.'** આજના પ્રવર્તિત સમયના સંદર્ભમાં કેટલી સાચી વાત આપશ્રીએ કહી છે.

શ્રીગોકુલનાથજીના સમયના માલા-તિલકના પ્રસંગને યાદ કરીએ. પાખંડી ચિદ્રુપની કાન ભંભેરણીથી બાદશાહ જહાંગીરે વૈષ્ણવોના માલા - તિલક ધારણ કરવા સામે પ્રતિબંધ મુકયો. શ્રીવલ્લભમાં અનન્યતા તેમજ દ્દઢ સંકલ્પ ધરાવનાર પરમ વૈષ્ણવ દેવાભાઈ સરાણીયા અત્યાચાર સામે જરા પણ ડગ્યા નહીં. સ્વયં શ્રીગોકુલનાથજીએ ત્યારે અથાગ પરિશ્રણ લઈ, કાશ્મીર સુધીનો દુર્ગમ પ્રવાસ ખેડી પુષ્ટિમાર્ગની આચાર પરંપરા ઉપરના કુઠારાઘાતને દૂર કરાવ્યો.

વિદ્યાનગરની રાજસભામાં ધર્મ વિશે ઉગ્ર વાદ-વિવાદ ચાલી રહ્યો છે. માયાવાદીઓનો વિજયઘોષ થવાની અણી ઉપર છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી પૃથ્વી પરિક્મા કરતાં વિદ્યાનગર પધારે છે. રાજદરબારમાં ચાલી રહેલ ચર્ચાથી પોતે અવગત થાય છે. માયાવાદીઓના વિજયની વાત સાંભળી આપ સંતપ્ત થાય છે. 'માયાવાદ નિરાકર્તા' શ્રીવલ્લભથી આ સહન કેમ થાય ? બીજે દિવસે સ્વયં રાજા કૃષ્ણદેવરાયથી નિમંત્રણ પ્રાપ્ત કરી ધર્મ ચર્ચામાં ભાગ લેવા રાજદરબારમાં પોતે પધાર્યા અને શાસ્ત્રીય પ્રમાણો પર આધારીત દલીલો દ્વારા માયાવાદીઓને પરાસ્ત કરી 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કર્યું. પ્રસ્થાપન કર્યું.

લાખ રૂપિયાનો સવાલ છે - આપણી જાગરૂકતાનો, આપણી એક સુત્રતાનો, આપણા સુસંગઠીત પ્રયાસનો.

સમાજની ધરાતલ ઉપર સમય સમય પર એવા ચિદ્રુપ પેદા થતા રહે છે, માયાવાદીઓ માથુ ઉચકતાં રહે છે, તકવાદીઓ મોકો ચુકતા નથી. કલીયુગની આ બલિહારી છે. માટે જ શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાશ્રયમાં આજ્ઞા કરી છે - **'કલૌચ ખલ ધર્મીણી', 'પાખંડ પ્રચુરે લોકે'** ઈત્યાદી. આવી પરિસ્થિતિમાં યાદ રાખવા જેવું સુત્ર છે - **'સંઘે શક્તિ કલૌયુગે,'** સંઘબળ વિના કોઈ જ કાર્ય આજના સમયમાં થઈ શકશે નહીં.

આ લેખનો વિષય બ્રહ્મસંબંધ કે તે વિશેનો વર્તમાન વિવાદ નથી. એક ભાઈજીનો એક વિવાદ સમશે ત્યાં કાલે બીજા ભાઈજી ઉભા થશે. એ તો થતું જ રહેવાનું છે. પરંતુ લાખ રુપિયાનો સવાલ છે - આપણી જાગરુક્તાનો, આપણી એક સુત્રતાનો, આપણા સુસંગઠીત પ્રયાસનો. સુજ્ઞ વાચકોને યાદ હશે 'સલમાન રશીદી' નામક મુસ્લીમ લેખકનું નામ. 'શૈતાનીક વર્સીસ' નામક તેમના પુસ્તકમાં તેણે કરેલા કેટલાક ઉદ્ધરણોથી વિશ્વભરનો મુસ્લીમ સમાજ તેની વિરુદ્ધ થઈ ગયેલો અને તેને દેહાંત દંડની સજા સંભળાવી દીધેલી. પરિણામ સ્વરૂપ લાંબા સમય સુધી અન્ય દેશમાં આશ્રય લઈ તેને ગોંધાઈ રહેવું પડયું.

બ્રહ્મસંબંધનો વિવાદ છેડાતાં સુરતના વૈષ્ણવ સમાજે દેખાડેલી જાગરુકતા અને એકતા માટે તેમાં જોડાનાર સૌ કોઈ ધન્યવાદને પાત્ર છે. આ પ્રશ્ન સુરતના વૈષ્ણવ સમાજનો ન હતો. આવી પરિસ્થિતિમાં વિશ્વભરનો વલ્લભીય સમાજ એક થઈ નક્કર પગલાં લે તે આવશ્યક છે. કારણ કે સવાલ વલ્લભીય અસ્મિતાનો છે. પરંપરાનો છે, પાયાગત સિદ્ધાંતોનો છે.

વર્ષો પૂર્વે અગ્નિકુમાર સામયીકના ૧૯૭૩ના અંક ૩માં ગો.વા.શ્રી.દ્વારકાદાસ પરીખે લખેલ લેખનું ઉદ્ધરણ આજના સંદર્ભમાં વિચારવા લાયક છે. તેમણે લખેલું -

'આજના સમયમાં ભગવત્સેવાના મૂળભૂત સાધન સ્વરૂપે કુવા ઈત્યાદિની રક્ષા વ્યક્તિગત પ્રયત્નોથી નથી થઈ શકતી એ જ પ્રકારે આપણા નિધી સ્વરૂપોની

સુરક્ષા વ્યક્તિગત પ્રયત્નોથી અસાધ્ય નહીં તો દુઃસાધ્ય અવશ્ય છે. એટલા માટે સંગઠિત સમષ્ટિગત પ્રયત્નોથી આવશ્યકતા અનિવાર્ય છે. યદિ સંગઠિત થઈને આપણે આપણો પ્રયત્ન અને પ્રચાર નહીં કરીએ તો નિશ્ચિત રૂપથી આપણને કૃતકાર્યતા નહીં થાય. એવી પરિસ્થિતિમાં આપણે આપણા વ્યક્તિગત સેવા સ્મરણને પણ નહીં કરી શકીએ. કેમ કે સાધનરૂપા તનુવિત્તજા સેવા અન્ય સાપેક્ષ છે. એટલા માટે આપણે સમષ્ટિગત સેવા પ્રણાલીને સબલ બનાવવાની પરમાવશ્યકતા છે. આ પ્રણાલી સબળ ત્યારે જ થઈ શકે છે જ્યારે શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીના વચનરૂપ છત્રછાયામાં રહેતા થકી પરસ્પર ભ્રાતૃભાવથી અને આચાર્યકુળની મર્યાદા રાખીને પોતાના અધિકારાનુસાર સમય સમય પર ગોસ્વામિ બાળકોને પણ પ્રેમપૂર્વક આવશ્યક નિવેદન કરવાના પોતાના અધિકારોના પ્રયોગો કરતાં રહીએ. ત્યારે આપણે વૈષ્ણવ-વૈષ્ણવોમાં અને આચાર્યકુલ અને વૈષ્ણવોમાં પ્રેમની વૃદ્ધિ કરતાં સંગઠિત થઈ શકીશું. પરસ્પરનું છિદ્રાન્વેષણ, નિંદા, સ્તુતિ, તેજોદ્વેષ, અસહિષ્ણુતા આદિનો ત્યાગ કરી, હરિ ગુરૂ, વૈષ્ણવના ઐક્યને અપનાવવું આપણે માટે આજ અનિવાર્ય બની ગયું છે.’

સાંપ્રત પરિસ્થિતિમાં અતુટ સંગઠનની આવશ્યકતા વિશે ધ્યાન દોરવાના આશયથી લેખકે ‘વૈષ્ણવ પરિવાર’ માસિકમાં **‘ઉત્તિષ્ઠ, જાગૃત પ્રાપ્ય વરાન્નિબોધત’** શિર્ષક હેઠળ લેખમાળા લખી હતી. વધું મોડું થાય તે પહેલાં આવો આપણે ચેતીએ. બાળપણમાં વાંચેલી બાળવાર્તાઓને પુનઃ દોહરાવીએ. પારધીની જાળને બધાં કબુતરોએ સંઘબળથી સૌ એક સાથે ઉપાડી લઈ આવેલ સંકટને પાર કર્યું હતું. એક એક લાકડી અલગ અલગ તોડવી આસાન છે. પરંતુ લાકડીનો ભારો એક સાથે તોડવાનું કોઈનું સામર્થ્ય નથી. ઈત્યાદી.

નિ.લી.પૂ.પા.ગો.૧૦૮ શ્રી પ્રથમેશજીનો નિમ્ન લેખ આપણી આંખ ઉઘાડનારો છે.

સાંપ્રત પરિસ્થિતિમાં સ્વાર્થ ખાતર વિસરાઈ રહેલી સંગઠનની ભાવના

શ્રીમદ્ વલ્લભાચાર્યના કલ્યાણકારી માર્ગની જે વિઘટનાત્મક પરિસ્થિતિ અત્યારે જોવા મળે છે, તેનાથી જ વૈષ્ણવ, આચાર્યશ્રી મહાપ્રભુના સિદ્ધાંતો પર સાચી નિષ્ઠા રાખતો હશે તેના હૃદયને ઉંડી વેદના થાય તે સ્વાભાવિક છે. છતાં વર્તમાન ધર્માચાર્યોની પાછળ શ્રદ્ધાથી અનુસરણ કરનારા લોકોને માટે માર્ગના સિદ્ધાંતોનું જ્ઞાન અને સંગઠનની મહત્તા આચાર્ય બાળકો એ અને શાસ્ત્રીઓ એ સમાજમાં રજૂ કરવી જોઈએ. પરંતુ તે કરવાની કોઈને પણ દિલથી તમન્ના દેખાતી નથી અને જે શ્રી મહાપ્રભુ માટે આજે ત્યાગ કરવાની જરૂરત હતી, તે પોતાના સ્વાર્થની ખાતર લોકો વિસરી ગયા; અને જે શ્રીવલ્લભાચાર્ય પંચશતાબ્દિ મહોત્સવની રુપરેખા અખિલ ભારતીય સ્તર ઉપર સંગઠિત રુપે થવી જોઈતી હતી તે આજે જાણે નહીં જેવી પ્રક્રિયામાં દેખાય છે.

જેમ બધા દિકરાઓ બાપનો વારસો લેવા સરાવવા કેમ બેઠા હોય તેવું કાંઈક જણાય છે. ભલે આ શ્રદ્ધાની ભાવના શ્રદ્ધાકારક ન હોય છતાં વારસો મેળવવાની જે ભાવના છે તે સ્પષ્ટ તરી આવે છે. આજે મતભેદોના પ્રશ્નો કરવામાં આવ્યા ત્યારે આપણે સમજી નથી શકયા, જે શ્રી વલ્લભાચાર્યજીના મતમાં આસ્થા રાખનારાના મનમાં ભેદનો અવકાશ જ ક્યાં રહે છે ? કેવળ અહં અને સ્વાર્થ પ્રદર્શનમાં જ આવા વિક્ષેપો સંભવે છે. પણ જે માર્ગના મૂળમાં દિનતાની ભાવના પ્રધાન વીત્યા આવા વિચિત્ર પ્રશ્નો ઉભા કરીને સમાજને ગેર રસ્તે દોરવાની ભૂમિકાનો શું હેતુ હશે તે બધી હકિકત વૈષ્ણવ સમાજને વિચારવાની જરુર અવશ્ય જણાસે. જે તેઓ સ્વધર્મથી શુદ્ધ બુદ્ધિ પૂર્વક વિચાર કરશે તો તેના અંતરમાં આવો જ અવાજ આર્તસ્વરે પ્રકટશે.

આજના વિષમ વાતાવરણમાં જયારે સ્વધર્મ માનવના જીવનમાં વિચાર અને આચરણનું

નિર્માણ કરીને માનસિક વિષમતા અને વિરુદ્ધ આચારથી થતાં ઉદ્વેગોના નિવારણ માટે સમર્થ સાધન બનવું જોઈએ તેના બદલે આજે આચર્યશ્રીજીના દાર્શનીક વિચાર અને કર્તવ્યની ભાવના બન્ને સ્વાર્થના સંઘર્ષમાં અથડાતી દેખાય છે.

વૈષ્ણવોમાં એક સમર્થ સમુદાય આચાર્ય બાળકોને કર્તવ્યનો બોધ આપી પોતાની નિષ્ક્રિયવૃત્તિને આક્ષેપોના ઓટામાં આવરી લઈ જ્યારે શાસ્ત્રીઓ પોતાની ઉપેક્ષા કે અપેક્ષાના સૂત્રો પોકારતા દોષારોપણ અને દોષદર્શનથી પોતાની નિષ્ક્રિય વૃત્તિને સક્રિય દેખાડી સંતોષ અનુભવે છે. આટલામાં જ સમસ્ત વલ્લભ સંપ્રદાયના અનુયાયીઓનું સ્વરુપ સ્પષ્ટ થઈ જાય છે. આનાથી જે બાહ્ય વાતાવરણ વિકૃત બનીને આચાર્યશ્રીના ઉજ્વળ સિદ્ધાંતોને આવરણ રુપ બને છે અને તેના નિવારણ માટે અને સંપૂર્ણ સમાજના સંગઠનથી ભારતીય જનજીવનમાં આવતી અસંતોષની સ્થિતિનો સામનો કરવા માટે કોઈ વ્યક્તિ સર્વથા દુરાગ્રહનો ત્યાગ કરી નિશ્ચિત દિશામાં કાર્ય કરવા વિશ્વાસપૂર્વક તૈયાર નથી. આ દશ્ય જોતાં લોભી ગુરુ અને લાલચી ચેલાની સંતાકુકડીની કથા સ્મરણમાં સાધના સર્જી હશે ? આ પ્રશ્નચિન્હ સમાધાનની અપેક્ષા રાખી સ્વસ્થાને સ્થિત છે.

ધર્મથી જો સંતોષ અને આત્મબળ ન મળે તો તેવા ધર્મની સમાજમાં શું અપેક્ષા છે તેના ઉપર વિચાર કરવાની સામુદાયિક જરુર જણાય છે. ભાવુક ભક્તોની વાતથી કહેતા ભક્તિની વિશેષતા ‘તેરી બી જય જય, મેરી બી જય જય’ જેવી છે. છતાં આ માર્ગમાં જે પરિસ્થિતિ જોવા મળે છે. તેનાથી આંતરિક પ્રશ્નોનો ઉકેલ સ્પષ્ટ લાગતો નથી. જેવી રીતે રાજનીતિની મૃગમરીચીમાં વાડાવાદ મળે છે. તેમજ **‘ધર્મમાં પણ વાડાવાદને વખોડતાં વાડાવાદના નિર્માણમાં ઘણા ખરા સુધારાવાદી આચાર્ય બાળકો ગુપ્તરૂપે સંલગ્ન છે.’** શું આવા સમયમાં ભાન ભૂલેલા સમાજને ધર્મની અપેક્ષા છે ? અને હોય તો આ રીતે તે પુરી પાડી શકાય ખરી ? આ સહુને સમજવાની

બાબત બની જાય છે. **'આજે ધાર્મિક સમાજના વલણને જોતાં આ એક સામુહિક આત્મહત્યાની જેમ ધર્મમાં કંઈક થતું જણાય છે.'**

મને આશા છે કે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના અનુયાયીઓ અંતરથી આ વિષમ અને ગંભીર સ્થિતિ ઉપર વિચાર કરી, માર્ગના વિઘટનને અટકાવવાના નક્કર ઉપાયો હાથ ધરવા અગ્રેસર થશે. આ મારા વક્તવ્યને નિંદા કે અવજ્ઞારુપ ન લેતાં વાસ્તવિક ચિંતનમાં સ્થાન અપાય તેવો હાર્દિક અનુરોધ છે. બુદ્ધિપ્રેરક ભગવાન પૂર્ણ પુરુષોત્તમ સહુને વાસ્તવિક સ્વધર્મનું સ્વરૂપ સમજવાનું સામર્થ્ય આવે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

તા.૧૫-૯-૧૯૭૮ના શ્રીવલ્લભ સંદેશમાંથી સાભાર)

આજના સંદર્ભમાં આપશ્રીની દિવ્ય વાણી કેટલી યથાર્થ છે.

આપણે સૌ શાહમૃગ વૃત્તિ છોડી એક માત્ર શ્રીવલ્લભની છત્રછાયામાં સંગઠીત થઈએ, એકરૂપ થઈએ, સાચી એકતા સાધીએ ત્યારે જ આપણે આપણી વલ્લભીયજન તરીકેની આગવી ઓળખ જાળવી શકીશું. આપણી પરંપરા અને અસ્મિતાની રક્ષા કરી શકીશું. આપણી વૈષ્ણવી મર્યાદાઓને અક્ષુણ્ણ રાખી શકીશું.

સંગચ્છધ્વમ્ - આવો, ધર્મ એવમ સંસ્કૃતિના અભ્યુત્થાનના ભગીરથ કાર્યમાં ભગવદ્ભિમુખ થઈ પરસ્પર સહકારની ભાવના સાથે પોત-પોતાના સામર્થ્ય અનુસાર એકબીજાનો સાથ આપીએ, સંપ્રદાયના પરમારાધ્યની એવમ્ સંપ્રદાયની સેવામાં તત્પર બનીએ અને તેના દ્વારા કૃપાસિંધુની મહત્ કૃપાનો અનુભવ કરીએ!

* * *

પ્રમેયનું પ્રમાણ

મુન્નો એનું નામ. સત્તર વર્ષની તરવરતી યુવાની. હજી એફ.વાય.બી.કોમમાં ભણે. ઘરમાં સૌ માતાજીના ઉપાસક. કુટુંબમાં વૈષ્ણવતાના કોઈ સંસ્કાર નહીં.

દસ બાર વર્ષની ઉંમરમાં મુન્નાને કોઈ મિત્રનો સંગ લાગ્યો. મિત્રનું કુટુંબ વૈષ્ણવ. પોતાના ઘરમાં થતી માતાજીની ઉપાસના કરતાં તે મિત્રના ઘરમાં થતી ભગવદ્‌સેવાની પ્રક્રિયા કાંઈક જુદી લાગે. મુન્નાને એ બધું ગમતું.

વૈષ્ણવના આચાર વિચારની થોડી સમજણ પડતાં તેને પોતાનું મિત્ર મંડળ તે પ્રકારનું રાખવા માંડ્યું. બહારના ખાનપાન પર અરુચિ થવા માંડી. પંદરેક વર્ષનો થતાં મુન્નાને સેવા કરવાની ઈચ્છા થઈ. 'મારો પણ પોતાનો લાલો હોય તો ?' મનમાં વિચાર આવ્યો. બજારમાંથી એક લાલનનું સ્વરૂપ લાવી ગામમાં બિરાજતાં યુવા આચાર્ય પાસે પહોંચી ગયો. 'જૈ જૈ આ સ્વરૂપને પુષ્ટાવી આપો', આચાર્યશ્રીને વિનંતિ કરી. અવાર નવાર તે મિત્ર જોડે દર્શને જાય, એટલે આચાર્યશ્રી તેને ઓળખે.

'હમણાં લાલા સાથે ખેલ, પછી પુષ્ટાવી આપીશ', ગો. બાલકે આજ્ઞા કરી. થોડા થોડા સમયે આચાર્યશ્રી ને વિનંતી કરે. પરંતુ તેઓ વાત ઠેલ્યા કરે.

દિવસે દિવસે મુન્નાનો તાપ વધવા માંડયો. બે વર્ષ વીતી ગયા. મનમાં થયા કરે 'પ્રભુ હજુ કેટલો વિરહ કરાવવો છે ?'

દોઢેક વર્ષ પૂર્વે આચાર્યશ્રીએ સ્વરૂપ પુષ્ટ કરી આપ્યું અને મેવો દૂધ ધરવાની આજ્ઞા આપી. મુન્નાનું મન પ્રસન્ન થઈ ગયું.

આ વર્ષના અન્નકોટોત્સવને દિવસે મુન્નાને પ્રભુએ પ્રેરણા કરી. તેને જાતે અન્નકોટની વિવિધ સામગ્રી સખડી-અનસખડી ઈત્યાદી તેને આવડી તે રીતે જાતે બધું

ભગવાન જીવનું વરણ કરવા ઈચ્છે તો કોઈપણ પ્રતિકુળતા બાધા કરતી નથી.

સિદ્ધ કર્યું. પોતાને ચા પણ બનાવતા ન હતી આવડતી છતાં પ્રભુએ સર્વ પ્રકારની સામગ્રી સિદ્ધ કરાવી. પોતાના પ્રભુને અન્નકોટ આરોગાવી તેને આનંદ માણ્યો, ઘરવાળાને મિત્રોને બોલાવી પ્રસાદ લેવડાવ્યો.

હાલમાં જ બરડીયાની શ્રીગુંસાઈજીની બેઠકે મુન્નાનો પરિચય થયો. નાતાલની ત્રણેક દિવસની રજામાં અન્ય મિત્રો સાથે ક્યાંક બીજે ફરવા જવાનું છોડી તે એક મિત્રને લઈ શ્રી ગુસાંઈજીની બેઠકે આવ્યો હતો. ભાવપૂર્વક શ્રી ગુસાંઈજીની સેવા કરી. ધોળ કિર્તન ગાયાં, પ.ભ.શ્રી હિરામા જોડે સત્સંગ કર્યો. કહે-'આઈસ્ક્રીમ સિવાય બજારનું કાંઈ ખાન પાન કરતો નથી. ઘરનાની સહાય નથી પણ વિરોધ પણ નથી. એટલી પ્રભુની કૃપા છે.'

ભગવાન જીવનું વરણ કરવા ઈચ્છે તો કોઈપણ પ્રતિકુળતા બાધા કરતી નથી. પ્રભુના પ્રમેય બળનું પ્રત્યક્ષ પ્રમાણ નિહાળી હૃદય ગદ્ગદ્ થઈ ગયું. પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદનું આથી વિશેષ ઉદાહરણ શું હોઈ શકે ?

* * *

शरणागमनं प्रथमतो मानसं पश्चात्कायिकम्।

અર્થાત્ ભગવાનને શરણે જવાનું પ્રથમ મનથી અને પછી કાયાથી થાય છે.

(સુબોધિનીજી - ૧૦.૩૭.૩૦)

‘યહ અન્તિમ ફેરા હૈ, ચલના હો તો ચલો.’

કલકત્તા શહેરમાં એક બંગાળી બાબુ રહે. આ એ વખતની વાત છે જ્યારે હાવડાનો પુલ બન્યો ન હતો. સામે પાર જવા માટે લોકો નાવનો ઉપયોગ કરતાં. હાવડામાં એક સુંદર બગીચો હતો. લોકો ત્યાં ફરવા માટે નાવમાં બેસીને જતાં. આ બંગાળી બાબુ પણ જતાં. રાત પડે સૌ નાવમાં પાછા આવતાં.

એક સમયની વાત છે. બંગાળી બાબુ બગીચામાં કોઈ વિચારોમાં ખોવાઈ ગયા. રાત પડવા આવી, તેનું ધ્યાન ન રહ્યું. બગીચો ખાલી થઈ ગયો. રાત પડતાં પહેલા સૌ નાવમાં બેસી પાછા ફરતાં. બધી નાવો જતી રહી પરંતુ એક નાવ હજી કાંઠે હતી. થોડા મુસાફર પાછા ફરવા તેમાં બેઠા હતાં. નાવ ભરાઈ ન હતી.

નાવિકને થયું ‘લાવ બગીચામાં આંટો મારી આવું. કોઈ રહી ગયું હોય તો બોલાવી લાવું.’ બગીચામાં જઈ જુએ છે તો બંગાળી બાબુ ત્યાં બેઠા હતાં. નાવિકે કહ્યું ‘આજે દિવસભર ઘણા મુસાફરોને પેલી પાર પહોંચાડયા છે. હવે આ મારો છેલ્લો ફેરો છે. ચાલવું હોય તો ચાલો.’ પેલા બાબુજી એકદમ ધ્યાનભંગ થયા. તેના કાને શબ્દો અથડાયા હતાં. ‘યહ

સામાન્ય મનુષ્ય જ્યારે સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરે, સ્વાસ્થ્ય સારું રહે, ખ્યાતિ પ્રાપ્ત કરે, ભૌતિક ઉપલબ્ધિઓ ઈત્યાદિ મેળવે તો તેને ‘ભગવદ્ કૃપા’ થઈ એમ માને છે. તે જ પ્રમાણે જો તેના જીવનમાં કાંઈ ઉપાધિ આવે, વ્યાધિ આવે, ધંધામાં નુકસાન જાય વગેરે વિપરિત અસર વર્તાય તો તેને ભગવાનની અપ્રસન્નતા તે માની બેસે છે. માટે ગ્રંથોનું વાંચન અને અનુશીલન કરવું જોઈએ, ચિંતન કરવું જોઈએ. ગ્રંથ એક વાર વાંચી જવાથી તેનો ગુઢાર્થ સમજમાં આવતો નથી. જ્યારે કોઈ ગ્રંથને અનેકવાર વાંચીએ ત્યારે ક્યારેક લાગે કે અરે, આ વાત તો પહેલાં સમજાઈ જ ન હતી.

અંતિમ ફેરા હૈ, ચલના હો તો ચલો.' શબ્દો તેના હૃદયમાં પ્રતિધ્વનિત થયા અને એકદમ જ્ઞાનનો પ્રકાશ થયો. **હેં ! સાચે જ આ છેલ્લો ફેરો છે ?** બસ હૃદયમાં એટલો વૈરાગ્ય છવાઈ ગયો કે ભગવદ્ પ્રાપ્તિની લગની લાગી ગઈ અને પોતાનું સર્વસ્વ ત્યાગી વૃંદાવન જતા રહ્યા અને શેષ જીવન ભગવદ્ ભક્તિમાં વિતાવ્યું. આ સત્ય હકિકત છે.

એક સાધારણ વાકય ક્યારેક જીવનમાં કેટલી ઘેરી અસર કરે છે તેની પ્રતિતી આ વૃતાંત કરાવે છે.

આવા વાક્યો તો કદાચ નાવિક અનેકવાર બોલ્યો હશે. તે બંગાળીબાબુએ અગાઉ સાંભળ્યા પણ હશે, પરંતુ તેમનું હૃદય અત્યારે ઉન્મુખ હતું. માટે તેને તુરંત અસર થઈ. આવું આપણા જીવનમાં પણ ઘટતું હોય છે. જ્યારે આપણું હૃદય ભગવદીયોની વાણીનું શ્રવણ કરવા ઉત્સુક હોય ત્યારે જ તેની અસર આપણા હૃદય ઉપર થાય છે. મનની તત્પરતા વગરનો 'સત્સંગ' નિવડતો નથી, અર્થાત્ અસરકારક હોતો નથી.

ભગવદ્ આશ્રયનું મૂળ ભગવદ્ કૃપા છે. ભગવાનની કૃપા થાય તો જ જીવને 'ભગવદાશ્રય' પ્રાપ્ત થાય છે, અન્યથા તેનું ભગવાન તરફ ધ્યાન પણ નથી જતું કારણ કે જીવનના અનેક લૌકિક કાર્યોમાં જ તેનું મન પરોવાયેલું રહે છે. જીવને જો અસરકારક સત્સંગ પ્રાપ્ત થાય તો તેનું ચિત્ત ભગવાન તરફ પ્રવૃત્ત થાય છે. પરંતુ સત્સંગ પણ ભગવદ્ કૃપા વગર પ્રાપ્ત થતો નથી.

તો ભગવદ્ કૃપા થઈ ક્યારે મનાય? આવો પ્રશ્ન આપણને થાય.

સામાન્ય મનુષ્ય જ્યારે સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરે, સ્વાસ્થ્ય સારું રહે, ખ્યાતિ પ્રાપ્ત કરે, ભૌતિક ઉપલબ્ધિઓ ઈત્યાદિ મેળવે તો તેને 'ભગવદ્ કૃપા' થઈ એમ માને છે. તે જ પ્રમાણે જો તેના જીવનમાં કાંઈ ઉપાધિ આવે, વ્યાધિ આવે, ધંધામાં નુકસાન જાય વગેરે વિપરિત અસર વર્તાય તો તેને

ભગવાનની અપ્રસન્નતા તે માની બેસે છે. પરંતુ આ માન્યતા ભુલ ભરેલી છે, ખોટી છે. ભગવાનની કૃપા-અવકૃપાના આ લક્ષણ નથી. ભગવાનની કૃપા તો સંપન્નતા અને વિપન્નતા બન્ને અવસ્થામાં સંભવી શકે છે. તો એવું કયું લક્ષણ છે જેથી સમજી શકાય કે જીવના ઉપર ભગવદ્ કૃપા થઈ છે ?

આચાર્ય ચરણોએ સમજાવ્યું છે કે મનુષ્યને સત્સંગની પ્રાપ્તિ થવી તે ભગવદ્ કૃપાનું સર્વોત્તમ લક્ષણ છે. કારણ કે પોતાની ઈચ્છા કે પ્રયત્ન દ્વારા સત્સંગ ઉપલબ્ધ થઈ શકતો નથી. પ્રભુ જ્યારે કૃપા કરે ત્યારે જ ભગવદીયોનો સંગ પ્રાપ્ત થઈ શકે છે. ભગવદીયોનો સંગ માત્ર સંસારને તરવાનું મુળ સાધન છે, કેમ કે ભગવદીય દ્વારા ભગવાન પ્રત્યે ભાવ ઉત્પન્ન થાય છે. જ્ઞાન તો પુસ્તકોથી પણ મેળવી શકાય. પરંતુ ભગવદીયોના હૃદયની કોમળતાના કારણે તેમનો સંગ સર્વોત્તમ કહેવાયો છે. સત્સંગની અસર પણ ત્યારે જ થઈ શકે છે જ્યારે આપણું હૃદય કોમળ હોય. કઠોર હૃદયને આપણને લાભ કરવાવાળી વાતો સ્પર્શી શકતી નથી. જ્યારે હૃદય કોમળ બને છે ત્યારે જીવ ભગવતોન્મુખ બને છે અને ત્યારે જ તેને સત્સંગથી લાભ પહોંચે છે.

આપણને પ્રશ્ન થાય છે કે એવા ભગવદીયો ક્યાં મળે જેનો સંગ ભગવદ્ કૃપાનું નિમિત્ત બને. શ્રીહરિરાયજી સ્વયં આજ્ઞા કરે છે કે 'હું ભાગ્યહીન છું કે મને ભગવદીયો સંગ પ્રાપ્ત નથી.' શ્રીહરિરાયજી તો હંમેશા સેવામાં પ્રવૃત્ત રહેતાં અને ભગવદ્ ભાવમાં નિમગ્ન રહેતાં. પરંતુ જીવોને સમઝાવવા તેઓ આ વાત કરે છે. ભગવદીયોના જો દર્શન પણ દુર્લબ હોય તો તેમનો સંગ તો ક્યાંથી પ્રાપ્ત થાય અને ભગવદીયોના સંગ વગર હૃદયની કઠોરતા ઓછી થઈ શકતી નથી. હૃદય આર્દ્ર ન બને તો ભગવાન હૃદયમાં ક્યાંથી પધારે ?

આ પરિસ્થિતિમાં એમ કહેવાયું છે કે જો ભગવદીયોનો સાક્ષાત સંગ ન પ્રાપ્ત થાય તો ભગવદીયોની ભાવનાનો સંગ કરવો જોઈએ. ભગવદીયોના હૃદયની ભાવના પણ ભગવદીયોના સંગ



જેટલી જ અસર કરનારી હોય છે. અર્થાત્ ભગવદીયોની ભાવનાનું અનુસંધાન સતત કરવું આવશ્યક ગણાય. વાસ્તવમાં ભગવદીયોનો સંગ પણ તેમની ભાવના દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે.

ફરી આપણે વિચારીશું કે ભગવદીયોની ભાવના ક્યાંથી મેળવવી ? તો આનું સ્થાન બતાવવામાં આવ્યું છે કે ભગવદીયોની ભાવના તેમના દ્વારા રચાયેલ ગ્રંથોમાંથી પ્રાપ્ત થઈ શકે છે. ભગવદીયોનું આલેખન કોઈ પ્રસિદ્ધિ કે પુરસ્કાર માટે હોતું નથી. તેઓ તો પોતે જે ભાવનાનો આધાર લઈ ભવસાગર પાર કર્યો અને પ્રભુના ચરણાર્વિંદની પ્રાપ્તિ કરી તેનો જ આધાર અન્ય જીવો લઈ પોતાના જીવનનું ઉત્કર્ષ કરી શકે માટે આ ગ્રંથોનું લેખન કરતાં હોય છે. તે સિવાય તેમનો કોઈ હેતુ હોતો નથી. તેમનું પોતાનું જીવન તો ભગવતોન્મુખ જ હોય છે અને સ્વયં કૃતાર્થ થયેલ હોય છે. એમના આ ગ્રંથોનો સંગ એ જ ભગવદીયોની ભાવનાનો સંગ છે.

માટે ગ્રંથોનું વાંચન અને અનુશીલન કરવું જોઈએ, ચિંતન કરવું જોઈએ. ગ્રંથ એક વાર વાંચી જવાથી તેનો ગુઢાર્થ સમજમાં આવતો નથી. જ્યારે કોઈ ગ્રંથને અનેકવાર વાંચીએ ત્યારે ક્યારેક લાગે કે અરે, આ વાત તો પહેલાં સમજાઈ ન હતી. ક્યારેક તેમાં રહેલો હાર્દ સમજાય છે, તેમાં રહેલા ભાવનાનો મર્મ હૃદયમાં ઉતરે છે. અનેકવાર ચિંતન કરવાથી ક્યારેક જ આવો અનુભવ થાય છે ત્યારે આપણને થાય છે કે આ વાત પહેલાં કેમ ન સમજાઈ ? આનું કારણ એ છે કે તે વખતે આપણું હૃદય તે શબ્દોના મર્મને ગ્રહણ કરવા ઉન્મુખ ન હતું. જ્યાં સુધી આપણું મન ગ્રંથમાં નિર્દિષ્ટ ભાવનાને સમજવા માટે ઉત્સુક અને તત્પર ન હોય ત્યાં સુધી ગમે તેટલી વાર ગ્રંથનું અવલોકન કરવા છતાં તેનો ગુઢ અર્થ સમજાતો નથી. ક્યારેક કેટલાક શબ્દો ખુબ જ સાર ગર્ભિત હોય છે. અનેક વખત વાંચવા છતાં તેનો અર્થ સમજાતો નથી. પરંતુ જ્યારે આપણું હૃદય અભિમુખ હોય ત્યારે જ તેનો યથાર્થ સમજાય જો એ મર્મને આપણે પકડી શકીયે તો જીવન ધન્ય બની જાય છે. સમસ્ત જીવનમાં

આવી ક્ષણો જવલ્લે જ આવતી હોય છે.

ફરી પ્રારંભનું વૃતાંત યાદ કરીએ. બાબુએ નાવિકના શબ્દો કદાચ પહેલાં પણ સાંભળ્યા હશે. પરંતુ ઘટના સમયની તેની મનઃસ્થિતિ ઉન્મુખ હશે જેથી નાવિકના સહજ શબ્દોમાં તેને મર્મ સાંપડયો અને તેનું જીવન ઉર્ધ્વમુખી બની ગયું.

કહેવાનું તાત્પર્ય એ જ કે સત્સંગરૂપી ભગવદીયોની ભાવનાનો સંગ કરવો હોય તો તેમના ગ્રંથોનો નિયમિત પાઠ અને તેનું અનુશીલન કરવું જોઈએ અને ત્યારે જ પ્રભુકૃપાથી હૃદય કોમળ બનશે અને તેમાં ભગવદાર્વિભાવ સંભવ બનશે.

❀ ❀ ❀

‘सात्त्विका भगवम्दक्ता ये मुक्तावधिकारिणः
भवान्तसम्भवा दैवात्तेषामर्थे निरुप्यते ।।’

જે સત્ત્વગુણાશ્રિત ભગવદ્‌ભક્તો મુક્તિના અધિકારી છે અને પૂર્વજન્મોપાર્જિત કર્મ સંયોગાનુકૂલે જેમનો છેલ્લો જ જન્મ છે તેઓને માટે નિરુપણ કરવામાં આવે છે. (નિબંધગ્રંથના અધિકારી જીવ)

(નિબંધ- શાસ્ત્રાર્થપ્રકરણ-શ્લોક-૨)

અનન્ય નિષ્ઠા

ગોકુલ ગામ. આજે માલાતિલક રક્ષક શ્રીગોકુલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ છે. નંદોત્સવ વત્ ઉજવવામાં આવ્યો. પલના રાજભોગના દર્શન પછી અનોસર થઈ ગયા.

શ્રીગોકુલનાથજીએ ગોકુલના વૈષ્ણવોને મહાપ્રસાદ લેવાનું નોતરું આપ્યું છે. સમયસર સૌ આવી ગયા. પાતલ પીરસાઈ ગઈ. મહાપ્રસાદ પીરસાઈ જતાં 'શ્રીગિરિરાજ ધરણ કી જય' બોલાવીને સૌ વૈષ્ણવો આનંદથી પ્રસાદ લેવા માંડયા.

પંગતમાં એક નિષ્કિંચન વૈષ્ણવ બેઠા છે. પાતળમાં વિવિધ પ્રકારની સખડી-અનસખડી પીરસાયેલ જોઈ તેમનાં નેત્રોમાંથી અશ્રુધારા ચાલી. તેને મહાપ્રસાદ લેવાની ઈચ્છા ન થઈ. મનમાં વિચાર આવ્યો : 'મારા શ્રીઠાકોરજીને દાળ બાટી આરોગાવીને આવ્યો છું અને અહીં ભાતભાતમાં વ્યંજન છે. મારા ઠાકોરજીને સાધારણ સામગ્રી આરોગાવી હું આ ઉત્તમ વસ્તુ લઉં તો મારો સેવક ધર્મ લાજે.' બીજી બાજુ એમ પણ વિચાર આવ્યો કે ભોજન ન કરું તો ગુરુદેવની આજ્ઞાનું ઉલ્લંઘન થાય. આપશ્રીએ કૃપા કરી નિમંત્રણ આપ્યું છે. તેને ભારે દ્વિધા ઉત્પન્ન થઈ. આ ધર્મ સંકટનો વિચાર કરતા તેનું હૃદય ભરાઈ આવ્યું.

પાસે બેઠેલા અન્ય વૈષ્ણવો તેને જોઈ જ રહ્યા. આ કેવો મૂર્ખ વૈષ્ણવ છે. સૌ ગુરુદેવના જન્મોત્સવનો આનંદ માણી રહ્યા છે અને આ અભાગી આંસુ સારી રહ્યો છે. પેલા વૈષ્ણવની અંતરવ્યથા તેઓ શું જાણી શકે ?

શ્રીગોકુલનાથજીને આ વાતની ખબર પડતાં તેઓ ત્યાં પધાર્યા. વૈષ્ણવોએ ફરિયાદ કરી. 'મહારાજ, આ વૈષ્ણવ પ્રસાદ લેતો નથી અને અશ્રુ સારે છે.'

અંતર્યામી તે વૈષ્ણવનું અંતર પામી ગયા. આજ્ઞા કરી 'ઉનકો યહાં સે ઉઠાય

> 'મારા શ્રીઠાકોરજીને દાળ બાટી આરોગાવીને આવ્યો છું અને અહીં ભાતભાતમાં વ્યંજન છે. મારા ઠાકોરજીને સાધારણ સામગ્રી આરોગાવી હું આ ઉત્તમ વસ્તુ લઉં તો મારો સેવક ધર્મ લાજે.'

દો.' આપશ્રીની આજ્ઞા મળતાં પેલા વૈષ્ણવ પ્રસન્નતાથી ઉઠી ગયા.

સૌ પ્રસાદ લઈ રહ્યા ત્યારે સેવક કલ્યાણભટ્ટજીએ શ્રીગોકુલનાથજીને વિનંતિ કરી 'કૃપાનાથ આજે ગોકુલના બધા જ વૈષ્ણવ અહીં એકત્ર થયા છે, તો તેમાં મને તાદશી વૈષ્ણવનાં દર્શન કરાવો.'

ત્યાં એકત્રિત પ્રત્યેક વૈષ્ણવને થયું 'આપશ્રી હમણાં મને તાદશી વૈષ્ણવ તરીકે ગણાવશે.' બધાનો આવો અહંભાવ જોઈ આપશ્રીએ કહ્યું 'હમણાં જે વૈષ્ણવ પ્રસાદ લીધા વિના ઉઠી ગયા તે તાદશી વૈષ્ણવ છે.'

આ સાંભળતાં સૌ અચંબામાં પડી ગયાં.

આપશ્રીએ તે વૈષ્ણવે અનુભવેલ મૂંઝવણનો ખુલાસો કર્યો. પોતાના પ્રભુ પ્રત્યેની અનન્યતાની પ્રશંસા કરી.

ધન્ય છે આવા તાદશી વૈષ્ણવને !

આવી જ એક સત્ય હકીકત અર્વાચીન યુગની છે.

એક પૂ.ગો.આચાર્ય કોઈ કાર્યવશ મોટર રસ્તે મુસાફરી કરી રહ્યા હતા. રાત પડી ગઈ એટલે કોઈ યોગ્ય સ્થળે વિશ્રામ કરવા રોકાઈ ગયા. બહાર મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો.

પ્રભાત થતાં પોતે જાગીને બિરાજ્યા. 'લોટી' (ચા)આરોગી રહ્યા હતા, ત્યાં એક વૈષ્ણવ આવી ચઢ્યા અને આપશ્રીને દંડવત કર્યા. આપશ્રીએ પૂછ્યું, 'ક્યાંથી આવ્યા ?'

વૈષ્ણવે ખુલાસો કર્યો, 'બાજુના ગામમાં રહું છું. કાર્યવશ બીજા ગામે જઈ રહ્યો હતો. અચાનક વરસાદ તૂટી પડયો એટલે નજીકના છાપરા નીચે રાત ગાળી. વૈષ્ણવ છું અને આપ અહીં બિરાજો છો તેવી જાણ થઈ એટલે દંડવત કરવા આવી ગયો.'

આપશ્રીએ સહજ પૂછયું 'ચા લેશો ?'

વૈષ્ણવે સવિનય જવાબ આપ્યો ‘કૃપાનાથ, મારા ઠાકોરજીની સેવા અન્ય વૈષ્ણવને સોંપીને આવ્યો છું. હજુ સુધી મારા ઠાકોરજીને મંગળભોગ નહીં આવ્યા હોય એટલે ક્ષમા યાચું છું.’

આપશ્રી આ વૈષ્ણવના અનન્યભાવને જોઈ નતમસ્તક બન્યા.

આજે પણ આવા વૈષ્ણવ વિરલાઓ ભૂતળ ઉપર વિદ્યમાન છે. સેવકની પોતાના સ્વામી પ્રત્યેની અનન્યતા, તત્‌ સુખનો વિચાર, એ પુષ્ટિમાર્ગનો પાયો છે.

* * *

પ્રભુ ઉપર દૃઢ વિશ્વાસ રાખીએ તો નિષ્ઠા બંધાય. સર્વ કાર્યો કરતાં એની જ યાદ રહે. તેને જ મોખરે રાખીને બધા વ્યવહાર થાય. હરતાં-ફરતાં, ખાતા-પીતા, ઉઠતા-બેસતાં, પ્રભુજ આપણી પાસે સદૈવ સર્વત્ર છે એવો ભાવ જાગ્રત થાય ત્યારે નિષ્ઠા થઈ એમ કહેવાય

(સાભાર- પુષ્ટિ સ્વાધ્યાય)

બ્રહ્મસંબંધ કોણ આપી શકે ? એક વિવાદ

કેટલાક સમયથી એક વિવાદ ચગાવવામાં આવી રહ્યો છે. શરૂઆત કેટલાક વર્ષ પૂર્વે થઈ, ત્યારે આ વિવાદે જોર પકડ્યું હતું. એક કથાકારને કહેવાય છે કે, ભગવાજ્ઞા થઈ અને પોતે બ્રહ્મસંબંધની દીક્ષા આપશે તેવી જાહેરાત તેમણે કરી. કેટલાકને તેમણે દીક્ષા આપી પણ ખરી. એ દીક્ષા કયા પ્રકારની હતી અને તે કેવી રીતે આપી તેતો લેનાર અને આપનાર જાણે. પરંતુ શરૂઆતમાં તેનો વિરોધ થયો નહીં, તેથી કથાકારની હિંમત ખુલી ગઈ. ત્રણેક માસ પહેલાં પુનઃ તેમણે સુરતમાં આ વિશે જાહેરાત કરી અને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં વિરોધનો વંટોળ ઉઠયો. કેટલાક ગોસ્વામી આચાર્યોએ પણ એનો વિરોધ કર્યો. સમાધાનની વાતો બહાર આવી તો કેટલાક વિરોધાભાસી વિધાનો સમાચાર પત્રોમાં પ્રકાશિત થયા. 'બ્રહ્મસંબંધ એટલે શું અને શાને માટે ?' એ પ્રશ્ન ગૌણ બની ગયો અને તે કોણ આપી શકે ? તે મુદ્દો વિવાદાસ્પદ બની ગયો. સાચાં ખોટાં વિધાનો કરી કથાકારે આને ચગાવ્યો. પોતાને પુનઃ શ્રીઠાકોરજીની આજ્ઞા નહીં થાય ત્યાં સુધી તેઓ બ્રહ્મસંબંધ નહીં આપે, એમ કહી કથાકારે આ પ્રશ્નને અલ્પવિરામ આપ્યો, પરંતુ તે વર્ષની ગુરુપૂર્ણિમાના દિવસે ઠેકઠેકાણે પ્રેસ કોન્ફરન્સો કરી તેમણે આ વિવાદને પુનર્જીવિત કર્યો. તેમણે કરેલા વિધાનોમાં સમાજને ગુમરાહ કરવાનો તેમનો પ્રયત્ન હતો. પોતે આ સંપૂર્ણ બાબતમાં નિર્દોષ છે અને સમાધાનકારી વલણ અપનાવવા માંગે છે, તેમની ભાવના પુષ્ટિમાર્ગના ઉત્કર્ષની છે, અને તેઓ શ્રી વલ્લભાચાર્યજીને આદર્શરૂપ ગણે છે,

પુષ્ટિમાર્ગમાં પ્રવેશ જીવની સ્વેચ્છા પર અવલંબિત નથી, પરંતુ સ્વયં ભગવાનની કૃપા પર આધારિત છે. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ ભગવાન દ્વારા નિયંત્રિત છે. તેમાં કોઈ કથાકારની ભલામણ કે અનધિકાર ચેષ્ટા કામ લાગી શકે તેમ નથી.



ઈત્યાદી બાબતો પ્રસિદ્ધ કરી તેમણે લોકલાગણી જીતવાનો પ્રયાસ કરવાનું તાત્પર્ય દષ્ટિગોચર થયું. આ વિવાદ વિશે પોતે સમાધાન કરવા માટે તત્પર છે, તેવો સંદેશ પણ તેમણે આપ્યો. આવી કુટિલ નીતિ તેમણે અપનાવી.

પુષ્ટિમાર્ગ માટે આ એક વિડંબના છે. સમગ્ર પહેલું ઉપર ગંભીરતાપૂર્વક વિચારવાની આ એક વેળા આવી છે. આ વિવાદને નજર અંદાજ કરી બેસી રહેવાની આ ક્ષણ નથી. પુષ્ટિમાર્ગનું હિત જેમના હૈયે વસે છે, તે સૌ કોઈએ આ બાબત શાંત ચિત્તે વિચારી આવશ્યક પગલાં લેવા જરૂરી છે. ડોશી મરે તેનો વાંધો નથી પરંતુ જમ ઘર ન ભાળી જાય તે જોવું જરૂરી છે. ભૂતકાળમાં પણ પુષ્ટિમાર્ગ ઉપર અવાર નવાર અનેક પ્રહારો થયા છે. વિઘ્ન સંતોષીઓએ અનેક વખત હોબાળા મચાવ્યા છે, અનેક કુઠારાઘાત થાય છે. છતાં સવા પાંચસોથી વધુ વર્ષોથી પુષ્ટિમાર્ગીય પરંપરા યથાવત જળવાઈ રહી છે, તેનો વ્યાપ વધ્યો છે. તેના અનુયાયીઓની શ્રદ્ધા અક્ષુણ્ણ છે. એનું કારણ છે તેના સંસ્થાપકની ભગવદ્રુપતા, તેમના સિદ્ધાંતોની શાસ્ત્ર સંમતતા અને નક્કરતા અને તેમના આદર્શો પ્રત્યે નિષ્ઠા ધરાવનાર એક બહોળો વિશ્વવ્યાપી સમુદાય. આથી જ પુષ્ટિમાર્ગની ગરિમા યથાવત્ જળવાઈ રહી છે.

પરંતુ આજે પુનઃ કસોટી કાળ આવ્યો છે. સમસ્ત વલ્લભીયજનોએ સુસંગઠિત થઈ આ સમસ્યાના નિવારણ માટે સામૂહિક પ્રયત્નો કરવાની આ ઘડી છે. સૌ વલ્લભીજનો એક થાય, એકમતથી વિચાર કરે અને આવા તથાકથિત પ્રભુપ્રેરણા પ્રાપ્ત દંભી લોકોને વાચાવિહિન કરે એ સાંપ્રત સમયની માંગ છે.

આ વિવાદને બે દષ્ટિકોણથી વિચારી તેને માટે યોગ્ય પગલાં ભરવા આવશ્યક છે.

પહેલો દષ્ટિકોણ છે - પુષ્ટિમાર્ગની અસ્મિતાનો, તેની ગરિમાનો, તેની પરંપરાની અક્ષુણ્ણતાને જાળવવાનો. વિવાદ જગાડનાર કથાવાચકે કેટલાક આપત્તિજનક વિધાનો કરી

પુષ્ટિમાર્ગની પરંપરાને, તેના ગૌરવને હાનિ પહોંચાડી છે. પુષ્ટિમાર્ગની મર્યાદા વિરુદ્ધ સમાજને બહેકાવવાના પ્રયત્નો કર્યા છે. તે કથા વાંચે, ધર્મોપદેશ કરે, પોતાના શિષ્યો માટે ગુરુ બની તેમના પથપ્રદર્શક બને તે વિશે કોઈને કાંઈ વાંધો હોઈ શકે નહીં. પોતાની રીતે કોઈ શાસ્ત્રોક્ત મંત્રની દીક્ષા પણ તેમના શિષ્યોને આપે તે માટે પણ કોઈ વિરોધનો પ્રશ્ન નથી. પરંતુ સ્વયં ભગવાનની આજ્ઞાથી જગદ્‌ગુરુ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી દ્વારા શરૂ કરાયેલ ગોપનીય બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા, પોતાને ઈશ્વરનો આ વિશે સાક્ષાત્કાર થયો છે, તેમજ પોતાને તેની આજ્ઞા પ્રાપ્ત થઈ છે, તેમ કહી સમાજને ગુમરાહ કરવાની જે ચેષ્ટા આ કથાકાર કરી રહ્યા છે તેની પોકળતા પ્રગટ કરવી આવશ્યક ગણાય. જે પુષ્ટિમાર્ગના ઉત્કર્ષની, શ્રીવલ્લભાચાર્યજીના આદર્શો સ્વીકારવાની તેઓ વાત કરે છે, જે ભગવદ્‌ આજ્ઞા થવાની પોતે બાંગ પોકારે છે, તે વિશે તેમને કેટલું જ્ઞાન છે ?, જે શાસ્ત્રો આધારિત શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો પ્રતિપાદિત થયા છે, તેનો અભ્યાસ તેમણે કેટલો કર્યો છે ? શ્રીવલ્લભાચાર્યજીના સ્વયંના રચેલ ગ્રંથો - તેમના ઉપદેશોની ગહનતાની જાણકારી તેમને કેટલી છે ? તે વિશે તેમનો ખુલાસો માંગવો જોઈએ. પોતે સ્વયં કદાચ કોઈ વલ્લભકુળ ગોસ્વામી આચાર્ય દ્વારા દીક્ષિત બનેલા છે, તો એક પુષ્ટિમાર્ગીય પરંપરાનુસાર તેના અનુયાયી તરીકેનાં લક્ષણ વિશે કે તદનુસાર તેમનું આચરણ તેઓ કેટલું કરે છે તે આ વિશે તેમને પડકાર કરવો જોઈએ. આ બાબતે તેમની ક્ષમતાનો, તેમની યોગ્યતાનો સાચો પરિચય સમાજને કરાવવો આવશ્યક ગણાય. તેમના વિધાનોની પોકળતા લોકો સમક્ષ ખુલ્લી કરવી ખૂબ જ જરૂરી છે.

આ વિવાદનો બીજો પણ એક દૃષ્ટિકોણ છે. 'આજે બ્રહ્મસંબંધ કોણ આપી શકે ?' એ એક ચર્ચાનો વિષય બનેલો છે. બ્રહ્મસંબંધના નામથી સમાજમાં કુતૂહલ જગાડવામાં આવી રહ્યું છે. બ્રહ્મસંબંધ શબ્દને પ્રકાશિત (ગ્લોરીફાય) કરવામાં આવી રહ્યો છે. પરંતુ વાસ્તવમાં આ શબ્દનું તાત્પર્ય શું છે ?, આ દીક્ષાનું તાત્પર્ય શું છે ?, તેના મંત્રની યથાર્થતા શું છે?, તેનું ફલ શું છે ?,

ઈત્યાદી બાબતની જાણકારી આમ સમાજને નહીંવત છે. આજે કદાચ કથાવાચકના વાક્ચાતુર્યથી કેટલાક લોકો તેમની શબ્દજાળમાં ફસાઈ તેમના દ્વારા દીક્ષિત બને પરંતુ ઉપરોક્ત બાબતોની જો સાચી જાણકારી તેઓને પ્રાપ્ત થાય તો તેઓનો નીર-ક્ષીર વિવેક જાગ્રત થાય, લોકો સાચી હકિકતથી વાકેફ થાય.

આજની પરિસ્થિતિમાં વાસ્તવિક આવશ્યકતા છે - 'બ્રહ્મસંબંધના વિવિધ પહેલું પર પ્રકાશ પાડવાની, લોકોને આ વિશે સાચી જાણકારી આપવાની, બ્રહ્મસંબંધના તથ્યની યથાર્થ સમજણ આપવાની. વૈષ્ણવોને જો આ બાબત સાચી માહિતી પ્રાપ્ત થશે, તેઓ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોને સમજતા થશે, તેમના આદર્શોને સ્વીકારતા થશે, તેમની આજ્ઞાને આચરણમાં મૂકવાની તત્પરતા બતાવશે તો આ પ્રશ્ન આપોઆપ ઉકેલાઈ જશે. ભૂતલ ઉપર આજે બહુ મોટી સંખ્યામાં શ્રીવલ્લભાચાર્યજીના પ્રતાપબળયુક્ત વલ્લભકુળ બિરાજે છે, અનેક વિદ્વાનો, શાસ્ત્રીજીઓથી પુષ્ટિમાર્ગ સંપન્ન છે, અનેક પુષ્ટિમાર્ગીય મંદિરો, સંસ્થાઓ કાર્યરત છે. એ પ્રત્યેક ઉપરોક્ત બ્રહ્મસંબંધ વિશેના મૂળભૂત પ્રશ્નો બાબતે વૈષ્ણવોને સમાજને પ્રશિક્ષિત કરવાનું કાર્ય હાથ ધરે, સિદ્ધાંત રહસ્યના મર્મને સમજાવે, એક વિશેષ કાર્યક્રમ રુપે બ્રહ્મસંબંધની આવશ્યકતા વિશે, તેની ફલદાયીતા વિશે, સાચો દૃષ્ટિકોણ રજુ કરવાનું કાર્ય ઉપાડી લે, તો લોકો સાચી માહિતી પ્રાપ્ત થતાં આ વિવાદનું મૂળ જ સમાપ્ત થઈ જશે. કથાવાચક સાથેના વિવાદનો પછી પ્રશ્ન જ નહીં રહે.

તેમની પાસે દીક્ષિત થવા જનાર જ પોતે તેનો પ્રતિકારક બની જશે અને તેમ છતાંય જો કોઈ તેમના અનુયાયી બનવાની તત્પરતા બતાવશે તો તે તેમના પોતાના અધિકારની મર્યાદા હશે, જેની ચિંતા કરવાની આવશ્યકતા નથી. બ્રહ્મસંબંધ એ પુષ્ટિમાર્ગનો પાયો છે. પુષ્ટિમાં પ્રવેશનું દ્વાર છે. પુષ્ટિમાર્ગ એ જીવના સાધન ઉપર આધારિત નથી, ભગવદ્ અનુગ્રહ જ તેમાં નિયામક છે. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ જીવની સ્વેચ્છા પર અવલંબિત નથી, પરંતુ સ્વયં ભગવાનની કૃપા પર આધારિત

છે. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ ભગવાન દ્વારા નિયંત્રિત છે. તેમાં કોઈ કથાકારની ભલામણ કે અનધિકાર ચેષ્ટા કામ લાગી શકે તેમ નથી. શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય દૈવી સૃષ્ટિના ઉદ્ધારાર્થે થયેલ છે. નિજકુળ દ્વારા તેમનું કાર્ય પાંચસોથી વધુ વર્ષોથી અવિરત ચાલી રહ્યું છે, અને આગળ પણ ચાલશે. આપણો પ્રયત્ન સામાન્ય વૈષ્ણવોને ગુમરાહ થતા અટકાવવાનો છે. તેમને ભ્રમિત થતા રોકવાનો છે.

આચાર્ય ચરણના જીવનનો પ્રસંગ અત્રે ઉલ્લેખનીય છે. જ્યારે આપ કાશીમાં બિરાજતા હતા ત્યારે અનેક પંડિતો વિદ્વાનો તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા આવવા લાગ્યા. પોતે પત્રાવલંબન નામે ગ્રંથ રચી કાશી વિશ્વનાથના મંદિરે લગાડાવી દીધો અને જાહેર કર્યું કે આ ગ્રંથ વાંચી કોઈ પ્રશ્નો શેષ બચે તો તેમણે આપશ્રી સાથે પ્રત્યક્ષ શાસ્ત્રાર્થ કરવા આવવું. પત્રાવલંબન વાંચ્યા પછી આપશ્રીની સાથે શાસ્ત્રાર્થ કરવાની ધૃષ્ટતા કરવાની કોઈને આવશ્યકતા રહી ન હતી.

આપણે પણ સમાજ આગળ બ્રહ્મસંબંધનો નિશ્ચયાત્મક તેમજ રચનાત્મક સ્પષ્ટ પહેલું રજૂ કરીએ. ભગવાન સ્વયં સમાજનો નીર-ક્ષીર વિવેક જાગ્રત કરશે, તેવી આપણે શ્રદ્ધા રાખીએ.

બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મમ્ પ્રસીદતુ !

❀ ❀ ❀

> ‘મહાપુરુષ સાધનો દ્વારા કાર્ય કરે છે, વધુ મહાન હોય તે આજ્ઞા દ્વારા કાર્ય કરે છે, પરંતુ સર્વશક્તિમાન ઈશ્વર પોતાની ઈચ્છા માત્રથી કાર્ય કરે છે.’
>
> (સુબાધિનીજી- ૧.૧૫.૨૬)

પુષ્ટિમાર્ગ - સ્નેહમાર્ગ

પુષ્ટિમાર્ગનું તત્વજ્ઞાન એટલું ગહન છે કે તે બુદ્ધિગમ્ય નથી. બૌદ્ધિક વિચારોથી કે તાર્કિક દષ્ટિથી પુષ્ટિમાર્ગને સમજી શકાય તેમ નથી. બુદ્ધિનો અતં આવી ગયા પછી અંતઃકરણના સંબંધો શરુ થાય અને તેમાં ઉઠતાં ભાવોને આર્દ્રચિત્તથી દીનતાપૂર્વક જો ઝીલવામાં આવે તો પુષ્ટિમાર્ગીય દર્શન સમજી શકાય.

પુષ્ટિમાર્ગ એ સ્નેહનો માર્ગ છે અને સ્નેહએ બુદ્ધિનો વિષય નથી પરંતુ હૃદયનો વિષય છે. અંતઃકરણથી તેને અનુભવી શકાય છે. સ્નેહમાં વળતર લેવાની કે કશું પામવાની ભાવના હોતી જ નથી. તેતો આપવાનું જ જાણે છે. જેણે કોઈના પ્રત્યે સ્નેહની ભાવના જાગે ત્યારે તે સ્નેહીના ગુણ, લક્ષણ, વિદ્વતા, ચતુરાઈ, સમૃદ્ધિ કે એવું કોઈપણ કારણ લક્ષમાં લેતો નથી. પ્રેમીજનને પોતાનો પ્રેમનો સામેથી સ્વીકાર થાય છે કે નહીં તેની પરવાહ પણ હોતી નથી. જો એવી કોઈ બદલાની કે પાછું પામવાની ભાવના હોય તો તે સાચો પ્રેમી જ શાનો ? પ્રેમમાં તો સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની લાગણી જ તીવ્ર હોય છે. સમર્પણ એ પ્રેમ માર્ગનો આધાર સ્તંભ છે. તેમાં ધર્મ કર્મ બધુ બાધક હોય છે. તેમાં ન કોઈ આપવા - લેવાના સમીકરણ હોય કે ન કોઈ નિયમ બદ્ધતા. ક્યારેક બુદ્ધિ કામ ન કરે તેવી વિચિત્રતા પણ વર્તાય, કારણ કે નિર્વ્યાજ પ્રેમ એ જ પ્રેમમાર્ગનો પાયો છે. ભગવાન પ્રત્યે આવો પ્રેમ એ જ પુષ્ટિમાર્ગની આધારશિલા છે. કેવલ તત્સુખનો જ વિચાર, પોતાના પ્રભુને કેમ સુખ થાય, તેને કેમ રાજી રાખી શકાય, બસ એ જ એક માત્ર ધ્યેય. પુષ્ટિમાર્ગ આવા પ્રભુ પ્રત્યેના અક્ષુણ્ણ પ્રેમ - સુદઢ અને સર્વતોવિધ સ્નેહનો માર્ગ છે.

અનંત જન્મોથી વિખુટા પડેલા દૈવીજીવો કે જેઓ પ્રભુની નિત્ય લીલાસ્થળી ગોલોકધામમાંથી ભુતલ ઉપર આવી સ્વસ્વરૂપ ને સદંતર ભુલી ગયેલા અને તેમ થતાં માયાના પ્રાબલ્યને કારણે તેમનામાંથી તાપઃ ક્લેશનો આનંદ નિરોહિત થવાના કારણે

પુષ્ટિમાર્ગ એ જીવનને રસાર્દ્ર બનાવવાનો, પ્રેમમય બનાવવાનો માર્ગ છે. જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે - ભક્તકવિ દયારામ.

આ ભવાટવીમાં અટવાઈ પડેલા. ભગવદાજ્ઞાથી આવા જીવોને સ્વસ્વરૂપનું ભાન કરાવી શ્રીમદાચાર્યચરણ કરુણા કરી ભુતલ ઉપર પધાર્યા. આથી વેદ, શાસ્ત્ર, પુરાણ શ્રીમદ્ ભાગવત, ગીતા ઈત્યાદિ ગ્રંથોમાંથી પરમ સત્ય તારવીને પ્રેમલક્ષણા ભક્તિનો દિવ્ય માર્ગ નિજ સૃષ્ટિને તેમણે બતાવ્યો. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગથી વિચક્ષણ તેમજ વિલક્ષણ એવા પુષ્ટિભક્તિમાર્ગ દ્વારા પ્રભુ પ્રાપ્તિનો સરલત્તમ ઉપાય નિજ્જનોને શ્રીવલ્લભે પોતાના અનેકાનેક ગ્રંથો દ્વારા સમજાવ્યો.

આપે સમજાવ્યું કે **'શુદ્ધા પ્રેમણાતિ દુર્લભા'** અર્થાત્ શુદ્ધ પ્રેમી મળવો અતિ દુર્લભ છે. જેઓ ભગવાનને સાચો પ્રેમ કરી શકે તેવા માટે જ શ્રીવલ્લભાચાર્યજીએ આ સંપ્રદાય સ્નેહમાર્ગ - પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો છે. આ માર્ગમાં તો કેવલ પ્રેમીઓનો જ અંગીકાર હોય. જ્યારથી જીવ પોતાના પ્રિયતમ એવા શ્રી ગોપીજન વલ્લભથી વિખુટો પડી આ ભવાટવીમાં અટવાઈ ગયો છે ત્યારથી તેનામાંથી આનંદ તત્વ તિરોહિત થઈ ગયું છે. આવા દૈવી જીવને શરણે લઈ આત્મ નિવેદન કરાવી તેનો હાથ શ્રીપ્રભુને સોંપી શ્રી વલ્લભ તેને પુષ્ટિમાર્ગના પંથે પશસ્ત કરે છે.

પુષ્ટિમાર્ગ એ જીવનને રસાદ્ર બનાવવાનો, પ્રેમમય બનાવવાનો માર્ગ છે. દયારામભાઈએ ગાયું છે - **'જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમ રસ તેના ઉરમાં ઠરે.'** જેના હૃદયમાં આનંદઘન નંદનંદન શ્રી કૃષ્ણચંદ્ર વિશે પ્રેમની ઉર્મીઓ પ્રગટ થાય તે જ સાચો પુષ્ટિમાર્ગીય જીવ હોઈ શકે. અહીં શુષ્કતાનું કોઈ સ્થાન નથી. રાગ ભોગ શ્રીંગાર દ્વારા અનેક પ્રકારે **'રસો વૈ સઃ'** એવા રસપુંજ રસનાયક નંદનંદનને રીઝવવા એ જ પુષ્ટિમાર્ગીય જીવનું ધ્યેય હોય છે. વ્રજ વનિતાઓની રસમય ગાથાઓ તેમનો જીવન મંત્ર હોય છે. કૃષ્ણ પ્રેમમાં રસતરબોળ રહેવાં માટે ગોપીજનો પુષ્ટિમાર્ગનો આદર્શ છે અને તેથી જ પ્રેમઘેલા ગોપીજનોને શ્રીમદાચાર્યચરણે પુષ્ટિમાર્ગના 'ગુરુ' કહ્યા છે.

પુષ્ટિમાર્ગીય સેવા પદ્ધતિ, અષ્ટસખાઓ દ્વારા રચિત અનેકાનેક પદો, ૮૪-૨૫૨ વૈષ્ણવોના જીવન ચરિત્રો વગેરેમાં પુષ્ટિ પુરુષોત્તમ પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ જ નિર્દિષ્ટ થાય છે, જ્યાં સાધન પ્રેમ છે અને ફલપ્રાપ્તિ પણ પ્રેમ છે. માટે જ પુષ્ટિમાર્ગ એ સ્નેહમાર્ગ છે તેમ ફલિત થાય છે.

બુદ્ધિનાશ થતો અટકાવીએ !

ગીતાજીમાં ભગવાને આજ્ઞા કરી છે કે -

ધ્યાયતો વિષયાન પુંસઃ સંગસ્તેષૂ પ્રજાયતે ।
સંગાત્ સંજાયતે કામઃ કામાત્ ક્રોધોભિજાયતે ॥
ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્ સ્મૃતિ વિભ્રમઃ ।
સ્મૃતિ ભ્રંશાદ બુદ્ધિનાશો, બુદ્ધિ નાશાત્ પ્રણશ્યતિ ॥

અર્થાત્ વિષયોનું ચિંતન કરનારા મનુષ્યને એ વિષયોમાં આસક્તિ ઉત્પન્ન થાય છે. આસક્તિથી કામના ઉદ્ભવે છે. કામના (પૂર્ણ ન થતાં) ક્રોધથી વિવેકહીનતા ઉત્પન્ન થાય છે. વિવેકનો નાશ થવાથી સ્મૃતિભ્રમ થાય છે. સ્મૃતિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિ નાશ થતાં તેનો સંપૂર્ણપણે નાશ થાય છે.

આ બે શ્લોકોમાં ભગવાને વિષયોનું ચિંતન કરનાર મનુષ્યનું પતન કેવી રીતે થાય છે તે બતાવ્યું છે. મનુષ્યને પાંચ જ્ઞાનેદ્રિયો છે જેના દ્વારા તે શબ્દ, સ્પર્શ, રુપ, રસ અને ગંધ એ પાંચ વિષયોનો અનુભવ કરે છે. શબ્દ કાનનો, સ્પર્શ ત્વચાનો, રુપ આંખનો, રસ જીભનો અને ગંધ નાકનો વિષય છે.

કહેવાય છે કે **કુરંગ** (હરણ), **માતંગ** (હાથી), **પતંગ** (પતંગીયુ), **મીન** (માછલી) અને **ભૃંગ** (ભંમરો) એ પ્રત્યેકને એક એક વિષય પ્રધાન છે, તો પણ તેનો નાશ થાય છે, એટલે કે તે પ્રત્યેકને અલગ અલગ વિષયોમાં વિશેષ રુચિ હોય છે. તેથી તે પ્રત્યેક ભિન્ન ભિન્ન વિષયોના પ્રતિક છે. તેના કારણે તે પ્રત્યેક ફના થાય છે. મનુષ્યને તો તે પાંચેય વિષય લાગેલા છે તો તે વિષયોનું ધ્યાન કરનાર મનુષ્યનો નાશ થાય તેમાં આશ્ચર્ય શું ?

વિવિધ વિષયોને ભોગવનારી ઈન્દ્રિયોને જો રાત-દિવસ શ્રીપ્રભુની સન્મુખ રાખી તેમને ભક્તિમાં યોજવામાં આવે તો તે વિષયોને કારણે અંતતોગત્વા થતા બુદ્ધિ નાશને અટકાવી શકાય છે.

કઈ રીતે ઉપરોક્ત પ્રાણીઓ અલગ અલગ વિષયોના કારણે નાશ પામે છે તે જોઈએ.

૧. **શબ્દ** - કુરંગ - મૃગને શબ્દ વિષય પ્રિય છે. પારધી તેને સંગીતમાં લુબ્ધ કરી તેનો શિકાર કરે છે અને તેનો નાશ થાય છે.

૨. **સ્પર્શ** - માતંગ - હાથીને સ્પર્શ એટલે કામ સુખ અતિ પ્રિય છે. જંગલી હાથીને પકડવા એક મોટો ખાડો કરી તેના ઉપર વાંસ ગોઠવી એક બનાવટી હાથણી તેના ઉપર ઉભી કરવામાં આવે છે. હાથી તે હાથણીના સ્પર્શના લોભે જેવો તેની પાસે જાય છે કે તરત જ તેના ભારથી વાંસનો માંચડો તૂટી પડે છે અને તે ખાડામાં પડી જાય છે અને વિનાશને નોંતરે છે.

૩. **રૂપ** - પતંગ - પતંગિયું દિવાની જ્યોત પ્રત્યે મુગ્ધ બની તેના ઉપર ઝપટે છે અને પોતાની કાયા બળીને નષ્ટ થઈ જાય છે.

૪. **રસ** - મીન - માછલાંને રસ વિષય પ્રિય હોય છે. શિકારી કાંટામાં સ્વાદિષ્ટ વસ્તુ ભરાવી પાણીમાં નાંખે છે જેના કારણે માછલી જેવી તે ખાવા માટે તરાપ મારે છે તો કાંટામાં ભરાઈ તે મૃત્યુને નોંતરે છે.

૫. **ગંધ** - ભૃંગ - ભમરો સુગંધનો લોભી છે. મકરંદની લાલસામાં તે કમળમાં પ્રવેશ કરે છે. પરંતુ સૂર્યાસ્ત થતાં જ્યારે કમળ બીડાઈ જાય છે ત્યારે ભમરો બહાર નીકળી શકતો નથી અને મૃત્યુ પામે છે.

આમ આ જુદા જુદા વિષયોની લાલસા આ પ્રાણીઓના વિનાશનું કારણ બને છે. માટે જ શાસ્ત્રોએ વિષયોનો ત્યાગ કરવાની સલાહ આપી છે. મનુષ્ય જે સર્વ પ્રકારના વિષયો ભોગવવાની લાલસા ધરાવે છે તેનું શું પરિણામ આવે તે સમજી શકાય છે.

ગીતાજીના ઉપરોક્ત શ્લોકોમાંથી સ્પષ્ટ થાય છે કે વિષયોના ઉપભોગથી ઉત્તરોત્તર બુદ્ધિનાશ સુધીનું પરિણામ આવે છે તો તેને કેવી રીતે અટકાવી શકાય ?

આના સંદર્ભમાં ભગવાને ગીતાજીના દશમા અધ્યાયમાં આજ્ઞા કરી છે કે -

મચ્ચિત્તા મદ્ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।
કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ॥
તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ । દદામિ બુદ્ધિ યોગં તં યેન મામુપયાન્તિ તે ॥
તેષાંમેવાનુકમ્પાર્થ મહમજ્ઞાન જં તમઃ । નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાન દીપેન ભાસ્વતા ॥

અર્થાત્ 'મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, મારો પરસ્પર બોધ કરતા તથા નિત્ય મારી કથા કરતાં (સંતો) સંતોષ પામે છે અને રમે છે, એટલે કે આનંદ કરે છે.

તેવા નિરંતરયુક્ત અને પ્રીતિપૂર્વક ભજનારાઓને હું બુદ્ધિયોગ આપું છું. તેથી તેઓ મારી સમીપ આવે છે.

તેઓ ઉપર જ કૃપા કરવા તેઓના આત્મભાવમાં રહીને પ્રકાશમાન જ્ઞાનરૂપી દિપકથી હું તેઓના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અંધકારને દૂર કરું છું.'

ભગવાનની આ વાણીથી ફલીત થાય છે કે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણના ધ્યાનથી બુદ્ધિનો નાશ થતો અટકે છે અને તેમની સમીપ જઈ શકાય તેવા બુદ્ધિયોગનું દાન થાય છે.

નવરત્નના ધોળમાં ભગવદીએ ગાયું છે.

'એકાદશ ઈન્દ્રિય પ્રભુને સન્મુખજી, સેવામાં દિવસ અને રાત,
એકો ઈન્દ્રિય વિમુખ નવ કિજીએજી, સર્વાત્મા ભક્તિ કરો અહોરાત.'

વિવિધ વિષયોને ભોગવનારી ઈન્દ્રિયોને જો રાત-દિવસ શ્રીપ્રભુની સન્મુખ રાખી તેમની ભક્તિમાં યોજવામાં આવે તો તે વિષયોને કારણે અંતતોગત્વા થતા બુદ્ધિ નાશને અટકાવી શકાય છે.

તેથી જ શ્રીમહાપ્રભુજીએ બુદ્ધિનાશ થતો અટકાવવા માટે સ્વધર્મનું પાલન કરતાં અસર્પિત વસ્તુઓના ત્યાગપૂર્વક ઈન્દ્રિયો સમા અશ્વોનો નિગ્રહ કરી શ્રી વ્રજાધીશ પ્રભુનું સ્મરણ અને ભજન નિરંતર કરવાની સ્પષ્ટ આજ્ઞા કરી છે.

❀ ❀ ❀

સત્સંગનું સ્વરૂપ

'મદ્ ભક્તાઃ યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ' ભગવાનની આ અમૃતવાણી છે. તેની પૃષ્ઠભૂમિમાં એક કથાનક છે.

એક સમયની વાત છે. દેવકીમાતાના મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણની આઠે પટરાણી ભેગી થઈ. પ્રભુની બાળલીલાઓના સંસ્મરણો સંભળાવવા તેમને વિનંતી કરી. દેવકીજી કહે : 'મેં કૃષ્ણને જન્મ તો આપ્યો પરંતુ તેને ઉછેરવાનું સૌભાગ્ય મને સાંપડયું નથી. બાલકૃષ્ણની બાળરમતોના આનંદનો લ્હાવો તો નંદરાણી યશોદાને પ્રાપ્ત થયો છે. પરંતુ વ્રજની વ્રજાંગનાઓ દહીં વેચવા મથુરા આવતી ત્યારે તેમના મુખેથી મારા લાલની અદ્ભુત લીલાઓના પ્રસંગો સાંભળી હું આનંદ પામતી. મારાં એ સંસ્મરણો હું જરૂરથી તમને કહીશ. પહેલાં આ દ્વાર બંધ કરો અને મારી આજ્ઞા વગર કોઈને પણ અંદર ન પ્રવેશવા દેવા કડક સૂચના આપો.'

આમ કહી બંધ દ્વારે માતા દેવકીજીએ પોતાની આઠેય પુત્રવધૂની આગળ શ્રીકૃષ્ણના બાળપણની સ્મૃતિઓ વાગોળવા માંડી.

થોડા સમયમાં શ્રીકૃષ્ણ મોટાભાઈ બલરામ સાથે ત્યાં પધાર્યા. દ્વારપાળે માતાની આજ્ઞા વિશે તેમને કહેતાં બન્ને ભાઈઓ બહાર ઉભા રહ્યાં અને અંદર થતી વાતોનું એકાગ્ર ચિત્તે શ્રવણ કરવા લાગ્યા. ભગવાન પોતાના જ ગુણાનુવાદ સાંભળવામાં તલ્લીન છે એટલામાં નારદજી 'નારાયણ નારાયણ' કરતાં ત્યાં આવી ચઢયા અને સ્વયં ભગવાનને દ્વારની બહાર આમ ઉભા રહેલ જોઈ નવાઈ પામ્યા. શ્રીકૃષ્ણે પોતાના જ ગુણગાન સાંભળવાથી પ્રાપ્ત થતાં આનંદ વિશે જણાવી નારદજીને ત્યાં આવવાનું પ્રયોજન પૂછયું. નારદજી કહે : 'પ્રભુ આપની જરૂરત પડે તો આપને

પ્રભુ જયારે સાક્ષાત સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે તો નિજભક્તોને ભજનાનંદનું દાન કરે છે. પરંતુ તેમની અનવતાર દશામાં પ્રભુ તેમના નામ દ્વારા ભક્તોને આનંદનું દાન કરે છે.

શોધવા ક્યાં તે પૂછવા હું આવ્યો હતો.' અને પ્રભુએ ઉપરની અમૃતવાણી ઉચ્ચારી.

જ્યાં ભગવાનનો ગુણાનુવાદ થતો હોય, ભગવદ્ કિર્તન ગવાતાં હોય ત્યાં પ્રભુ સ્વયં અચુક પધારે છે. આ એક સનાતન સત્ય છે. માટે જ ભગવદ્ મંડલી થતી હોય ત્યાં 'શ્રી' ને બિરાજવાનું આસન બિછાવવાનનો શિરસ્તો છે.

ગોપીજનોએ ગોપીગીતમાં ગાયું છે - **'તવકથામૃતમ્ તપ્તજીવનં કવિભિરીડીતમ્ કલ્મષાપહમ્ ! શ્રવણમંગલં શ્રીમદાતતમ્ ભુવિ ગૃણન્તિ તે ભુરિદા જના : ।'** પ્રભુનું સ્વરૂપ જેમ અમૃતરૂપ છે તેમ પ્રભુની કથા પણ અમૃતરૂપ છે. માટે જ ભક્તો હંમેશા ભગવદ્ કથાનું પાન કરવાની અભિલાષા અને આગ્રહ રાખતાં હોય છે.

પ્રભુ જ્યારે સાક્ષાત્ સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રકટ થાય છે ત્યારે તો નિજ ભક્તોને પ્રત્યક્ષમાં ભજનાનંદનું દાન કરે છે પરંતુ તેમની અનવતાર દશામાં પ્રભુ તેમના નામ દ્વારા ભક્તોને આનંદનું દાન કરે છે. તેથી શ્રીમદ્ ભાગવત, અન્ય ભગવદ્ વાર્તાઓ, અષ્ટ સખાના કિર્તનો ઈત્યાદિ પ્રભુના નામ સ્વરૂપો છે. જે પ્રભુના રૂપ સ્વરૂપની માફક જ આનંદરૂપ હોઈ ભક્તોને અલૌકિક આનંદની અનુભૂતિ કરાવે છે.

ઉપરોક્ત વાતની પુષ્ટિ શ્રી હરિરાયજીના પ્રસંગથી પણ થાય છે. શ્રી હરિરાયજીને નિત્ય સત્સંગ માટે ભારે આગ્રહ. રોજ રાત્રે ભગવદ્ વાર્તા કરે. સાંભળનારા વૈષ્ણવો પણ એકાગ્ર ચિત્તે સાંભળે. સમય, સ્થળ કે દેહનું ભાન ન રહે. મોડી રાત્રે મંડલીમાંથી બહાર નિકળી વૈષ્ણવો પાછા રસ્તામાં ઉભા રહી સાંભળેલી વાતોનું અવગાહન કરે, મનન-ચિંનત કરે, ધોળપદ ઈત્યાદિ ગાય. તેથી ત્યાં બાજુમાં રહેનારા કેટલાંક જૈન કુટુંબોને રાત્રે પોતાની ઉંઘમાં ખલેલ પડવાથી શ્રી હરિરાયજીને ફરિયાદ કરી અને તેમના વૈષ્ણવો દ્વારા થતો શોરબકોર રોકવા કહ્યું. આપશ્રીએ આ વિશે તપાસ કરવા ખાત્રી આપી.

નિત્ય નિયમ મુજબ બીજે દિવસે ભગવદ્ વાર્તમાંથી છૂટા પડી સૌ રસ્તા ઉપર આવી ધોળપદ

ગાવા લાગ્યા. શ્રી હરિરાયજી ત્યાં તપાસ કરવા પધાર્યા તો આપને અદ્‌ભુત દર્શન થયાં. સ્વયં શ્રી ગોવર્ધનનાથજી તેઓની મધ્યે બિરાજી આનંદ લઈ રહ્યાં છે. શ્રી હરિરાયજી આ જોઈ નતમસ્તક થઈ પડયા અને આપના મુખમાંથી શબ્દો સરી પડયા. **‘હો વારૌ ઈન વલ્લભિયન પર.’** તેઓ વૈષ્ણવો પર ઓળઘોળ થઈ ગયા.

વાર્તા સાહિત્યનું સંકલન કરનાર માલા તિલક રક્ષક શ્રી ગોકુલનાથજીનો પ્રસંગ પણ જાણીતો છે. રોજ રાત્રે ભગવદ્ વાર્તા કરવાનો તેમનો નિયમ હતો. અન્ય ગ્રંથો ઉપરાંત શ્રી સુબોધિનીજીની કથા પણ પોતે નિત્ય કરતાં.ઘણાં વૈષ્ણવો નિયમિત આ કથા સાંભળવા આવતાં. એક દિવસ શ્રીગોકુલનાથજી સત્સંગમાં દામોદરદાસ હરસાનીજીના દિવ્ય ચરિત્રનું વિશ્લેષણ કરતાં એવા ભાવવિભોર થઈ ગયા કે તેમને સમયનું અનુસંધાન ન રહ્યું અને મધરાત થઈ ગઈ. તે દિવસ સુબોધિનીજીની કથા ન કહેવાતાં એક વૈષ્ણવે વિનંતિ કરી ‘કૃપાનાથ આજે કથા ન થઈ.’ શ્રી ગોકુલનાથજીએ મંદ સ્મિત કરતાં કહ્યું : ‘વૈષ્ણવ આજે તો મેં કથાનું ફળ કહ્યું છે.’ ૮૪-૨૫૨ વૈષ્ણવોના જીવન પ્રસંગો જ ફળરૂપ છે તે કહેવાનું આપશ્રીનું તાત્પર્ય હતું. તેમના ચરિત્રોમાંથી ભગવદ્ રસનો આસ્વાદ મળે છે, ભગવદ્ સ્વરૂપની અનુભૂતી કરી શકાય છે, ભગવદ્ આનંદની પ્રાપ્તિ થાય છે.

પુષ્ટિમાર્ગમાં સત્સંગનું ખુબ જ મહત્વ છે. સત્સંગ પ્રાપ્ત થવો એ જ ભગવત્કૃપાનું સર્વોત્તમ લક્ષણ છે, કારણ કે પોતાની ઈચ્છાથી કે પ્રયત્ન દ્વારા સત્સંગ ઉપલબ્ધ થઈ શકતો નથી. પ્રભુ જ્યારે સ્વયં કૃપા કરે ત્યારે જ ભગવદીયોનો સંગ પ્રાપ્ત થઈ શકે છે. ભગવદીયોનાં સંગ માત્ર ભવસાગરને તરવાનું મૂળ સાધન છે, કેમ કે ભગવદીય દ્વારા જ ભગવાન પ્રત્યેનો ભાવ હૃદયમાં ઉત્પન્ન થાય છે. જ્ઞાન પુસ્તકોમાંથી મળી રહે પરંતુ ભગવદીયોના હૃદયની કોમળતાનો અનુભવનો તેમના સંગથી જ પ્રાપ્ત થઈ શકે, જેના દ્વારા ભગવદ્ સાનુભાવ સંભવ બને. માટે જ ભગવદીયોના મુખેથી ભગવદ્ વાર્તા શ્રવણ કરવાનું વિશેષ મહત્વ છે.

* * *

જીવન્ મુક્તિ

અર્ધરાત્રીએ ખડભટાડ સાંભળી અચાનક ઉઠી જોયું તો ફળીયામાં આવેલા કુવામાંથી માજી પાણી ખેંચી રહ્યા છે. આશ્ચર્યથી ઉભા થઈ મેં કહ્યું : 'માજી હજી તો માંડ અઢી ત્રણ વાગ્યા હશેને અત્યારે રાત્રીમાં પાણીની શું જરૂર પડી ? લાવો હું કાઢી આપું.'

'ના ભઈલા, તું તારે સુઈ જા, હું મારી જાતે કાઢી લઈશ.' હું કાંઈ સમજુ તે પહેલાં તો માજીએ એક ડોલચી પાણી ખેંચી સ્નાન કરી લીધું અને બીજી ડોલચી ભરી પોતાના ઉપરના માળના નિવાસે જતા રહ્યા.

આ સંવાદ છે દશેક વર્ષ પૂર્વે શ્રી મહાપ્રભુજીના સેવક જીયાદાસસૂરિના શ્રી લાડિલેશ પ્રભુ જ્યાં બિરાજે છે તે બુરહાનપુરમાં રહેતાં કૃષ્ણામાજી અને તેમના મકાનમાં ભોળતળીયે ભાડુઆત તરીકે રહેતાં ડોકટર વચ્ચેનો. બુરહાનપુર પ્રસિદ્ધ છે એ 'વહુજી મહારાજના મંદિર' ઉપરાંત જગવિખ્યાત પખાવજી પ.ભ.શ્રી કૃષ્ણદાસજી અને કિર્તનમાં તાલના ખાં એવા પ.ભ.શ્રી ગોરધનદાસ નાગરના કારણે.

સવારે તે ડોકટરે બાજુમાં જ રહેતાં માજીના દિકરીને ત્યાં જઈ રાત્રે બનેલો કિસ્સો જણાવ્યો અને ઉંમરલાયક વયોવૃદ્ધ માજીનું ધ્યાન રાખવા તેને તાકીદ કરી. તે દિવસે જ બપોરે દિકરીએ આવી માજીને અર્ધરાત્રીએ કુવામાંથી પાણી ખેંચવાનું કારણ પૂછ્યું. પહેલા તો માજીએ ટાળમટોળ કરી પરંતુ દિકરીએ આગ્રહપૂર્વક કારણ જાણવા જીદ કરી ત્યારે કૃષ્ણામાજીએ આંખમાં અશ્રુ સાથે ખુલાસો કરતાં કહ્યું :

'રાત્રે હું શયનની ઝારી ભરવાનું ભૂલી ગઈ હતી. અડધી રાતે મને શ્રી ઠાકોરજીએ જગાવી જણાવ્યું કે તેમને તૃષાથી પરિશ્રમ પડી રહ્યો છે. ત્યારે રાત્રે જળ ન ભરું તો શું કરું ?' માજી આગળ કહે 'હમણાં ઉમરનાં કારણે યાદદાસ્ત કમજોર

ભગવદ્ અનુગ્રહના કારણે પુષ્ટિસ્થ જીવોના બધા દોષો જ્યારે નષ્ટ થઈ જાય ત્યારે તેના સર્વ પ્રતિબંધો સમાપ્ત થઈ જાય છે. તેના પ્રારબ્ધ કર્મોનો નાશ થાય છે ત્યારે તે નિરંતર ભગવાનમાં નિરૂદ્ધ થઈ રહે છે. આવી રસાત્મક અવસ્થા એ જીવની 'જીવન મુક્તિ' છે.

પડી ગઈ છે. થોડા દિવસ પહેલાં પણ શ્રીને રાત્રે પોઢાડતી વખતે રજાઈ ઓઢાળવી ભુલી ગઈ હતી. ત્યારે પણ શ્રી ઠાકોરજીએ અર્ધરાત્રિએ મને જગાડી ફરિયાદ કરેલી કે હું ઠંડીમાં ધ્રુજી રહ્યો છું.'

દિકરી તો માતાની વાતો સાંભળી દંગ રહી તેને જોઈ જ રહી. નતમસ્તક થઈ કશો ઠપકો આપ્યા વગર તે પાછી ગઈ.

શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીજીના આરંભમાં **'નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિ શાયિનમ્, લક્ષ્મી સહસ્ત્ર લીલાભિઃ સેવ્યમાનમ્ કલાનિધિમ્'** એ પ્રસિદ્ધ કારિકા દ્વારા સમજાવ્યું છે કે ભગવદ્ અનુગ્રહના કારણે પુષ્ટિસ્થ જીવના બધા દોષો જ્યારે નષ્ટ થઈ જાય ત્યારે તેના સર્વ પ્રતિબંધો સમાપ્ત થઈ જાય છે. તેના પ્રારબ્ધ કર્મોનો નાશ થાય છે ત્યારે તે નિરંતર, ભગવાનમાં નિરુદ્ધ થઈ રહે છે. આવી રસાત્મક અવસ્થા એ જીવની 'જીવન-મુક્તિ' છે. પુષ્ટિભક્તની જીવન મુક્તિ એ જ ભજનોપયોગી તનુનવત્વની સ્થિતિ છે, જેનો નિર્દેશ શ્રી મહાપ્રભુજીએ સેવાફલ ગ્રંથમાં કર્યો છે. 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ' ગ્રંથમાં **'ભગવાનેવ હિ ફલમ્'**ની સ્પષ્ટતા આપશ્રીએ કરતાં કહ્યું છે પુષ્ટિમાર્ગમાં ભગવાન જ ફલ છે.

ઉપરોક્ત ભગવદીયા કૃષ્ણામાજીનું જીવન તદ્વિષયક ઉદાહરણ સ્પષ્ટતયા પુરૂ પાડે છે.

માજી કાંકરોલી ઘરના સેવક. અનન્યભાવથી શ્રી ગિરિરાજજીની સેવા કરે. પુત્ર-પુત્રી-પૌત્રોનું બહોળું કુટુંબ છતાં પચાસેક વર્ષથી ઘરમાં એકલાં રહે. ઘરમાં વસ્તી રહે તેથી નીચેનો ભાગ એક ડોકટરને ભાડે આપેલો. અવારનવાર કુટુંબીજનો ખબર કાઢવા આવે પરંતુ સૌની સાથે પ્રેમપૂર્વકનો છતાં લૌકિક આસક્તિ વગરનો નિર્લેપ ભાવ સંબંધ રાખે. વૃદ્ધાવસ્થામાં પણ ઘરની પરસાળમાં આવેલ કુવામાંથી જાતે જળ ખેંચી, સેવકી ખાસાની અપરસ નભાવે. છેલ્લા પચાસેક વર્ષથી અન્નગ્રહણ કરતાં નહીં. દૂધમાં તપખીર નાંખી ખીર બનાવી 'શ્રી'ને ધરીને લે, છતાં શ્રી ઠાકોરજીને યથાશક્તિ લાડ લડાવે. સેવાના અનવસરમાં સતત્ ભગવદ્ નામ - ધોળપદનું રટણ કર્યા કરે.

સને ૧૯૮૬માં ગુરુધર તૃતીય ગૃહાધિપતિ પૂ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીની વ્રજયાત્રા તેમણે ત્યારે એંશી વર્ષની ઉંમરે પોતાના શ્રી ઠાકોરજીને સાથે પધરાવી પગે ચાલીને કરેલી. સહાયમાં પોતાની પુત્રી-પરિવાર હતો પરંતુ પોતાનું સર્વ કાર્ય જાતે જ કરવાનો આગ્રહ. યાત્રા દરમ્યાન પગે ગુમડું થયેલું જે પાકી ગયેલું. કુટુંબના આગ્રહ છતાં ડોક્ટર પાસે ન જતાં કેવલ શ્રી ઠાકોરજી પર શ્રદ્ધા રાખી વ્રજ રજ લગાડીને મટાળી દીધું. તેની દિકરી કહે 'માજીએ જીવનભર ડોક્ટરની મુલાકાત લીધી ન હતી. એક સમય કોઈક રીતે ઘરમાં નીચે પડી ગયાં. માથામાં લોહી વહી ગયું પરંતુ પોતે ઉપર પોતાના નિવાસમાં જઈ જાતે પાટાપીંડી કરી લીધી. ભાડુઆત ડોક્ટરે પરસાળમાં લોહીના ધાબા જોઈ ગભરાઈને ઉપર જઈ માજીને આવશ્યક સારવાર આપવા તત્પરતા બતાવી તો તે તેમણે નકારી કાઢેલી. તેમને ભગવાનનો દ્રઢ આશ્રય. ભગવાન જે કરશે તે યોગ્ય જ કરશે તેવો અટલ વિશ્વાસ.

દિકરી ક્યારેક માજીને કહે કે ક્યારેક દવાખાને જવું પડશે. તો નળના પાણીનો ઉપયોગ કરવો પડશે તો શું કરશો ? માજી કહે 'હું ત્યારે જળનો જ ત્યાગ કરી દઈશ.' બન્યું પણ એવું જ. પંચાણુ વર્ષની ઉંમરે દેહ ત્યાગ કર્યો ત્યારે છેલ્લે દિવસે માજી કોમામાં સરી પડયા અને તેમને દવાખાને લઈ જવા પડયા. ડોક્ટરે પાણી આપવાની જ ના કહી દીધી અને ચોવીસ કલાકમાં માજીએ દેહ ત્યાગ કર્યો. પ્રભુએ માજીની ટેક નિભાવી. ચોર્યાસી બસો બાવન ભગવદીયોના જીવન પ્રસંગો આવા જ સાતત્યપૂર્ણ છે. તેઓ પણ આવાજ 'જીવનમુક્ત' જીવો હતાં, જેમને શ્રીપ્રભુએ તનુનવત્વ અલૌકિક સામર્થ્ય ઈત્યાદિ ફલ આપ્યા હતાં. કદાચ કોઈ એ વાર્તાઓને દંતકથા કે દ્દષ્ટાંતકથાઓ કહી મૂલવે, પરંતુ કૃષ્ણામાજી જેવા અર્વાચિન ભગવદીઓ આજે પણ ભારતભરના ખૂણે ખાંચરે વિદ્યમાન છે, જેઓ ભગવદ્ ઈચ્છા પર્યંત સંદેહે ભગવદ્ સેવા કરી 'ભગવાનૈવ ફલમ'નો અનુભવ કરે છે અને દેહ ત્યાગ કર્યા પછી સદૈવ ભગવાનની નિત્ય લીલાના અંગભૂત બને છે.

કોટી કોટી વંદન એ ભગવદ્ ચરણાનુરાગી ભગવદીયા કૃષ્ણામાજીને !

❀ ❀ ❀

'શિક્ષાશ્લોકી'

અર્થાત્ શ્રી વલ્લભાચાર્યજીનું વસીયતનામુ

પુષ્ટિમાર્ગની એ વિશેષતા છે કે ભગવાન જ સાધન અને ભગવાન જ ફલ. કર્મમાર્ગ જ્ઞાનમાર્ગમાં વેદ પ્રતિપાદિત સાધનોના આધારે મોક્ષરૂપી ફલ પ્રાપ્તિ થાય છે, પરંતુ પુષ્ટિમાર્ગમાં તો ભગવદ્ અનુગ્રહ જ ફલ પ્રાપ્તિ માટે નિયામક છે. માટે શ્રુતિ કહે છે. **'યમવૈષ વૃણુતે તેન લભ્યઃ'**

જ્યારે શ્રી મહાપ્રભુજી ઉત્તરાવસ્થામાં સંન્યાસ ગ્રહણ કરી કાશીમાં હનુમાન ઘાટ પર બીરાજતાં હતા ત્યારે શ્રી ગોપીનાથજી, શ્રી ગુસાંઈજી પરિવારજનો તથા નીજ સેવકોએ આપની પાસે આવી પૂછ્યું કે 'હવે અમારું કર્તવ્ય શું છે ?' ત્યારે પોતે મૌન ધારણ કરેલું હોઈ ગંગાજીની તટભૂમિ પર સાડા ત્રણ શ્લોકો લખી ઉપદેશ આપ્યો, જે **'શિક્ષાશ્લોકી'** નામથી પ્રસિદ્ધ છે. આ લઘુ ગ્રંથમાં ઉપદિષ્ટ આજ્ઞાઓ અતિસારગર્ભિત છે. તે પુષ્ટિમાર્ગીય અનુયાયીઓ માટે ખૂબ જ મહત્વની છે અને તેથી તેને આપશ્રીનું **'વસીયતનામું'** પણ કહેવાય છે, કારણ કે પોતાની ગેરહાજરીમાં તેમની બિન્દુસૃષ્ટિરૂપ વંશજોએ અને નાદ સૃષ્ટિરૂપ સેવકોએ કેવું આચરણ જીવનયાપન કરવું તેનો નિર્દેશ એ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથ કેવલ સાડા ત્રણ શ્લોકનો છે અને કહેવાય છે કે આપશ્રીની આજ્ઞા પશ્ચાદ્ સ્વયં શ્રી ઠાકોરજીએ પ્રગટ થઈ શ્રી મહાપ્રભુજીની આજ્ઞા યોગ્ય છે તેવી મહોર મારવા નિમ્ન દોઢ શ્લોકમાં સ્વંય આજ્ઞા કરી છેઃ

શ્રી મહાપ્રભુજીએ નિજ સૃષ્ટિને સંબોધિને આ અંતિમ આજ્ઞા કરી છે જેનું અક્ષરસઃ પાલન કરવું તેમના પ્રત્યેક અનુયાયીઓ માટે આવશ્યક છે, કારણ કે આ તેમનું આખરી વસીયતનામું છે.



'મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રી ગોપીજન વલ્લભે
તદા કૃતાર્થા યૂયં હિ શોચનીય ન કર્હિચિત્
મુક્તિર્હિત્વાન્યથા રૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતઃ'

અર્થાત્ ગોપીજન વલ્લભ એવા મારામાં જો તમને વિશ્વાસ છે તો તમે કૃતાર્થ છો, તમારે કશો શોક કરવાનો નથી. કેમ કે તમારું અન્યથા રુપ (બહિર્મુખતા - એટલે કે લોકમાં આસક્તિ) છોડીને શ્રીકૃષ્ણાભિમુખ રહેવું તે જ તમારી મુક્તિ છે. આ ભગવદાજ્ઞા જીવન્મુક્તિની સૂચક છે.

શ્રી મહાપ્રભુજી સાક્ષાત ભગવાનના મુખાર્વિંદ સ્વરૂપ છે. સ્વયં શ્રીપ્રભુની આજ્ઞાથી પોતે ત્રણ ભગવદ્ કાર્યો કરવા ભૂતલ ઉપર પધાર્યા હતાં. (૧) નિત્યલીલાના દૈવીજીનો પુષ્ટિજીવોનો ઉદ્ધાર, (૨) માયાવાદનું નિરસન અને બ્રહ્મવાદનું સ્થાપન અને (૩) શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થનું પ્રકાશન.

પ્રથમ બે કાર્યો આપશ્રીએ ત્રણ વખત સમગ્ર ભારતની પદયાત્રા કરી પરિપૂર્ણ કર્યા. તે સમય દરમ્યાન દૈવીજીવોને શરણે લઈ, શ્રી ઠાકોરજી સાથે તેમનો બ્રહ્મસંબંધ કરાવી ભગવત્સેવા દ્વારા તેમને ભગવત્પ્રાપ્તિ કરાવી તેમનો ઉદ્ધાર કર્યો. કન્યાકુમારીથી બદ્રિકેદાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી ભારતના ખૂણેખૂણે વસેલા માયાવાદી આચાર્યો અને વિદ્વાનો સાથે શાસ્ત્ર ચર્ચા કરી તેમણે બ્રહ્મવાદનું સ્થાપન અને તેના દ્વારા માયાવાદનું સંપૂર્ણ ખંડન કર્યું. શ્રી ભાગવતના ગૂઢ અર્થને પ્રકટ કરવા તેમણે શ્રી ભાગવતનો સાત પ્રકારે અર્થ પ્રગટ કર્યો. સુબોધિનીજીના લેખન કાર્ય દરમ્યાન જ આપને બે વખત નિજધામમાં પાછા પધારવા ભગવદ્ આજ્ઞા થઈ, જેનું તેમણે પાલન ન કર્યું, પરંતુ ત્રીજી ભગવદાજ્ઞા થતાં જ ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરી 'પૂર્ણાનંદ' નામ ધારણ કરી તેઓ કાશી પધાર્યા અને ગંગાજીના કિનારે હનુમાનઘાટ પર બિરાજયા જ્યાં છેલ્લા આઠ દિવસ અનશન સાથે મૌન વ્રત ધારણ કર્યું.

ત્યારે આપના બન્ને પુત્રો, પરિવાર અને સેવકોએ આપની પાસે આવી નિજકર્તવ્ય વિશે પૂછતાં આપે ગંગાજીની રેતીમાં સાડા ત્રણ શ્લોક લખી ઉપદેશ આપ્યો જે 'શિક્ષાશ્લોકી'ના નામથી પ્રસિદ્ધ છે.

આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ મુખ્ય પાંચ ઉપદેશ આપ્યા છે.

(૧) પુષ્ટિમાર્ગીય જીવે ક્યારે પણ બહિર્મુખ થવું ન જોઈએ.

(૨) પુષ્ટિમાર્ગીય જીવે પોતાના પુષ્ટિપ્રભુની ભક્તિ કે શરણાગતિ લોકાર્થી થઈ ન કરવી કે સ્વીકારવી જોઈએ.

(૩) આ લોક તેમજ પરલોકમાં પુષ્ટિજીવનું સર્વસ્વ કેવળ પુષ્ટિ પ્રભુ શ્રી કૃષ્ણ જ છે.

(૪) માટે સર્વથા કેવળ કૃષ્ણાર્થી બનીને જ સર્વભાવથી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ.

(૫) જે પુષ્ટિજીવનું જેમાં પણ હિત હોય તે બધું જ કાર્ય શ્રી ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ જ કરવાવાળા છે. કાલ, કર્મ, સ્વભાવ, અન્ય દેવ અથવા અન્ય કોઈનું પણ એમના જેટલું સામર્થ્ય નથી એવો અટલ વિશ્વાસ સર્વદા રાખવો જોઈએ.

આ ગ્રથમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે.

'યદા બહિર્મુખાઃ યુયં ભવિષ્યથ કથંચન, તદા કાલ પ્રવાહસ્થા દેહ ચિત્તાદયોપ્યુત,
સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિમતિર્મમ.'

અર્થાત્ - જો તમે કોઈપમ કારણથી બહિર્મુખ થશો એટલે કે પ્રભુથી વિમુખ થશો તો કાળના પ્રવાહમાં તમારું શરીર, ચિત્ત વગેરે ખેંચાઈ જશે અર્થાત્ કાળ પ્રવાહ તમારું સર્વ પ્રકારે ભક્ષણ કરી જશે એવો મારો અભિપ્રાય છે.

બહિર્મુખતાના બે મુખ્ય લક્ષણો છે. (૧) આપણા મૂળ સ્વરુપ અને કર્તવ્યને વિસરી જવું અને (૨) ભગવાનને વિસરી જવા. બહિર્મુખ થવાના કારણે જીવ ચોર્યાસી લાખયોનિમાં જન્મ

મરણના કાળપ્રવાહમાં અટવાતો અથડાતો રહે છે. તે આહાર, નિંદ્રા, ભય અને મૈથુનમાં જીંદગી વેડફતો રહો છે. ક્ષણિક દુન્યવી સુખો ભોગવવા માટે ફાંફા મારતો રહો છે, જે કારણે તેને અને દુઃખો ભોગવવા પડે છે.

બહિર્મુખતાના કારણો :

શ્રી હરિરાયજી બહિર્મુખતાના ચાર કારણો બતાવે છે - (૧) અન્યાશ્રય, (૨) અસમર્પિતનો ઉપભોગ (૩) અસદાલાપ (૪) દુઃસંગ

(૧) **અન્યાશ્રયનો** અર્થ છે કે આપણે જેમને આપણું સર્વ સમર્પણ કરી જેમની સાથે બ્રહ્મસંબંધથી જોડાયા, જેમના શરણાગત બન્યા, જેમને આપણા સ્વામી સર્વસ્વ તરીકે સ્વીકાર્યા તેમનામાં, તેમની કૃપામાં, તેમની સર્વોચ્ચ શક્તિમાં વિશ્વાસ ન રાખતાં અન્યનો આશ્રય કરવો. શરણાગતિ અને ભક્તિ બન્નેમાં અન્યાશ્રય બાધક છે. ભક્તિમાર્ગ એ પ્રેમનો માર્ગ છે અને પ્રેમમાં વ્યભિચારથી મોટો કોઈ દોષ નથી. અન્ય દેવોની ઉપાસના ભક્તિ કરવા હેતુ તેમના મંદિરમાં દર્શન, પૂજા, સેવન, પ્રસાદ ગ્રહણ કરવા સ્વતઃ ચાલીને જવું તેને અન્યાશ્રય ગણાવ્યો છે. તે જીવને બહિર્મુખતા તરફ દોરી જાય છે.

(૨) **અસમર્પિતનો** ઉપભોગ એ બહિર્મુખતાનું બીજું કારણ છે. અસમર્પિત એટલે પ્રભુને સમર્પણ કર્યા વગરના પદાર્થો. આત્મનિવેદન કરતી સમયે આપણે આપણા કહેવાતા સર્વ પદાર્થો શ્રી પ્રભુને સમર્પિત કરી દઈએ છીએ અને આપણે પ્રભુના દાસ હોવાનું કબુલીએ છીએ. ભક્તિના સેવાકલ્પમાં આપણા ઘરમાં આપણા શ્રીઠોકરજી સ્વામીભાવથી બિરાજે છે. તેથી અસમર્પિતના ઉપભોગથી નિજ સ્વરૂપની ભાવાત્મકતા અને સ્વામીત્વ બન્ને નષ્ટ થઈ જાય છે. જેથી સામીભુક્ત એટલે કે અર્ધભુક્ત સમર્પણ તેમજ અસમર્પિત ઉપભોગ એ બન્ને બહિર્મુખજનક બને છે.

(૩) **બહિર્મુખતાનું** ત્રીજું કારણ છે **'અસદાલાપ'** એટલે કે 'અસત્ આલાપ'. જેમનુ

મન પ્રભુમાં અને તેમના ગુણગાનમાં લાગેલું નથી તેવા બહિર્મુખ જીવો સાથે લૌકિક વાતો કરવી તેને 'અસદાલાપ' કહે છે. સર્વ નિર્ણય ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ત્રણ બાબતોનો સર્વથા ત્યાગ કરવો તે છે, શ્રી ઠાકોરજીને લગતી જે ક્રિયાઓ ન હોય, શ્રી ઠાકોરજી સંબંધી જે વિચારો ન હોય અને શ્રી ઠાકોરજી સંબંધી જે વાણી ન હોય, તે ત્રણેય વર્જ્ય છે.

(૪) **દુઃસંગ** એ બહિર્મુખતાનું મુખ્ય કારણ છે. જેઓને શ્રી મહાપ્રભુના વચનોમાં શ્રદ્ધા નથી અને તેથી જેઓ આપશ્રીના વચનોથી વિરુદ્ધ વાત કહે છે અને આચરે છે, તેઓને શ્રી હરિરાયજી દુષ્ટ ગણાવે છે. તેઓનો સંગ એ દુઃસંગ છે. જે આપણા માટે દોષરૂપ છે. કામાવેશ, ક્રોધ, સંસારાસક્તિ, લોભ, નિર્દયતા, અસંતોષ, શોક, ભય, અભિમાન, ક્રુરતા વગેરે દુઃસંગના અનેક કારણો છે. તેના કારણે જીવ બહિર્મુખ બને છે.

ઉપરોક્ત સર્વ કારણોમાંના એક અથવા વધુને લઈને બહિર્મુખતા પ્રગટ થાય છે તે નિઃસંદેહ છે. બહિર્મુખતા આવવાથી આસુરાવેશ આવે છે અને તેના કારણે કાલપ્રવાહમાં તણાવાથી સર્વ નાશ થવાનો સંભવ રહે છે.

બહિર્મુખતા દૂર કરવા માટે શ્રી હરિરાયજીએ નિમ્ન ઉપાયો સૂચવ્યા છે.

(૧) આપણા દાસધર્મનું બરાબર પાલન કરવું. તેને જરા પણ આંચ આવવા દેવી નહીં.

(૨) આપણા બધા દોષોનું દહન કરી શ્રી મહાપ્રભુજીના ચરણ કમલોને કાયમ માટે હૃદયમાં પધરાવી રાખવા.

(૩) ભગવદીયોનો જ સંગ કરવો.

(૪) અસત્પુરુષોનો સંગ ક્યારેય ન કરવો.

(૫) ભગવદીયોની સાથે સર્વદા નિવેદનનું સ્મરણ કરવું.

(૬) દશલીલા વિશિષ્ટ પ્રભુના લીલારસનો અનુભવ ભગવદીયોના હૃદયમાં પ્રગટ થયેલી

વાણી દ્વારા જ થાય છે. માટે ભગવત્સેવા પરાયણ ભગવદીયોના મુખથી શ્રી ભાગવતની કથા શ્રવણ કરવી.

ઉપરોક્ત શ્લોકમાં **'યદા'** શબ્દ પ્રયોગથી શ્રી મહાપ્રભુજી એ સ્પષ્ટ કરે છે કે જે સમયમાં શ્રી ઠાકોરજીની સન્મુખ ન રહી શકાય એ સમયમાં એક ક્ષણ માત્ર માટે પણ બહિર્મુખતા આવી શકે છે. અહીં **'યુયમ'** શબ્દ દ્વારા શ્રીમહાપ્રભુજીએ પોતાની બિન્દુસૃષ્ટિરુપ 'નિજ વંશજો' અને નાદસૃષ્ટિ એવા 'નિજ સેવકો' બન્નેને આ બોધ આપ્યો છે.

આગળ વધુ સ્પષ્ટતાં કરતાં શ્રી મહાપ્રભુજી આ ગ્રંથમાં આગળ કહે છે કે.

'ન લૌકિકઃ પ્રભુ કૃષ્ણો મનુને નૈવ લૌકિકમ્
ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચસઃ'

ભગવાન કૃષ્ણ કોઈ લૌકિક પ્રભુ નથી. તેમનું ભજન સેવન કરવાવાળા તેમને લૌકિક ભાવથી માનતા નથી. તેમનામાં આપણો ભાવ એવો રાખવો કે આલોકમાં અને પરલોકમાં જો કોઈ આપણું સર્વસ્વ હોય તો કેવળ શ્રી કૃષ્ણ જ છે, અન્ય કોઈ નહીં.

'કૃષ્ણ' પદનો પ્રયોગ કરી અહીં શ્રી મહાપ્રભુજી સર્વ સમર્થ પૂર્ણાનંદ શ્રી હરિ જ આપણા ફલાત્મા છે, એમ સમજાવી રહ્યા છે. ભગવાન કૃષ્ણને આપણા સ્વાર્થનું સાધન ન બનાવવા જોઈએ, અર્થાત્ આપણો સ્વાર્થ સિદ્ધ કરવા માટે આપણે પ્રભુનો ઉપયોગ ન કરવો જોઈએ કે ન પ્રભુને લૌકિક માનીને તેમની સાથે વ્યવહાર કરવો જોઈએ.

અંતમાં શ્રીમદાચાર્યચરણ સમજાવે છે :-

'પરલોકશ્ચ તેનાથં સર્વભાવેન સર્વથા
સેવ્યઃ સ એવ ગોપીશો વિધાસ્યત્ય ખિલં હિ નઃ'

તેથી શ્રી ગોપીજન વલ્લભને જ સર્વ ભાવથી સર્વ પ્રકારે ભજવા-સેવવા જોઈએ. કારણ કે તેઓ

જ આપણું પરલોક અને આ લોકનું બધું જ કરશે.

શ્રી મહાપ્રભુજી જ્યારે આ આજ્ઞા કરી રહ્યા હતાં ત્યારે તે સમયે ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પ્રગટ થયા. તેમણે ઉપર શરૂઆતમાં કહ્યું તેમ દોઢ શ્લોક કહી તેના દ્વારા શ્રી મહાપ્રભુજીની ઉપરોક્ત આજ્ઞા પર મહોર મારી.

સમસ્ત વલ્લભીય સૃષ્ટિ માટે આ ગ્રંથ નાનો છતાં ખુબ સાર ગર્ભિત અર્થ સૂચક છે. શ્રી મહાપ્રભુજીએ નિજસૃષ્ટિને સંબોધિને આ અંતિમ આજ્ઞા કરી છે. જેનું અક્ષરસઃ પાલન કરવું તેમના પ્રત્યેક અનુયાયી માટે અતિ આવશ્યક ગણાય. આ તેમનું આખિરી વસીયતનામું છે. જેમ લૌકિક માં વડીલોના વસીયતનામાનું પાલન અનિવાર્ય ગણાય છે, તેમ સમગ્ર વલ્લભીય સૃષ્ટિએ તદનુસાર પાલન કરવા બંધાયેલ ગણાય.

* * *

‘एक एव भगवान् सर्व प्राणिनामन्तः पुरुषरुपेण वर्तति, बहिः कालरुपेण,...
बहिर्मुखान, कालरुपेण भक्षयति, अन्तर्मखी पुरुषेणाप्याययति’

અર્થાત્ એકજ ભગવાન સર્વ પ્રાણીઓની અંદર પુરુષરુપે રહે છે, બહાર કાળ રુપે રહે છે... બહિર્મુખોનું કાળ રુપથી ભક્ષણ કરે છે, અન્તર્મુખોને પુરુષરુપથી પ્રફુલ્લ કરે છે.

(સુબોધિનીજી- ૩.૨૬.૧૮)

અનન્યતા

થોડા સમય પહેલાં એક ભાઈનો ભેટો થયો. નામ કેપ્ટન કિશન. ઉમર આશરે ૪૭ વર્ષ. પાયલોટ તરીકે સારા પગારની નોકરી પરંતુ કોઈ શારિરીક ખામીના કારણે નોકરી છૂટી ગયેલી. જાતે પંજાબી, પુષ્ટિમાર્ગથી સાવ અજાણ પણ તેની કૃષ્ણભક્તિ અનન્ય. શ્રીકૃષ્ણને ઈષ્ટ તરીકે તેમણે હૃદયારુઢ કરેલા. ગીતામાં અતૂટ શ્રદ્ધા. વાતવાતમાં તેમના જીવનનો એક માર્મીક અને પ્રેરણાદાયક પ્રસંગ જાણવા મળ્યો. આવો, તેમની જ જુબાનમાં સાંભળીયે.

“મેં પાયલોટની નોકરી છોડયા પછી અનેક વ્યવસાય કર્યા. લાખોના ન્યારા-વ્યારા હતાં. પરંતુ બે હજારની સાલની વાત છે, મારી આર્થિક પરિસ્થિતિ એકદમ કથળી ગઈ. બધી જ બાજી અવળી પડે. એક સમય એવો આવ્યો કે મારું બેંક બેલેન્સ માંડ ત્રણેક મહિનાના ખર્ચ પૂરતું બચ્યું. હવે મનનો વિષાદ વધી ગયો. ખુબ ચિંતા થવા માંડી.

કોકે સલાહ આપી કે થાણા પાસે એક પાદરીનો આશ્રમ છે. પાદરી ખુબ ચમત્કારી છે. ભલભલાના ગમે તેવા દુઃખ દૂર કરી દે છે. ડુબતો માણસ તણખલાનો સહારો લે તે ન્યાયે મારું મન ત્યાં જવા લલચાયું. પરંતુ બુદ્ધિએ પડકાર ફેંકયો – ‘શું તને તારા કૃષ્ણમાં શ્રદ્ધા નથી ?’ વળી વિચાર આવ્યો કે જીવનના લૌકિક વ્યવહાર માટે શું તેને તકલીફ અપાય ? શારિરીક દર્દ માટે દવાખાને ડોકટર પાસે ઈલાજ માટે જવું જ પડે છે ને ? એક વખત પ્રયત્ન કરી જોવામાં શું વાંધો ? બુદ્ધિએ આ દલીલનો સ્વીકાર કર્યો, અને એક દિવસ પહોંચ્યો હું પાદરી પાસે. મારા જેવા અનેક દુઃખીયા તેની પાસે આવતાં. મારી કથની તેમણે ધ્યાનપૂર્વક સાંભળી તેઓ કહે :

વિવેકધૈર્યશ્રિમમાં શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ગમે તેટલી વિપત્તિમાં પણ ધૈર્યનો ત્યાગ ન કરવો જોઈએ અને ચાતકપક્ષીની માફક આપણા ઈષ્ટ-આપણા સ્વામી શ્રી કૃષ્ણમાં અનન્ય વિશ્વાસ રાખવો જોઈએ.

'કાલે સવારે આઠ વાગે પ્રાર્થનામાં આવજો. જીસસ (ઈસુ ખ્રિસ્ત) ખુબ જ કરુણા સાગર છે. તેના શરણે જનાર સર્વના તે દુઃખ દૂર કરે છે.' મારા મનમાં દુવિધા તો હતી કે શું હું યોગ્ય કરી રહ્યો છું ? પરંતુ પુનઃ એ વિચાર સાથે બીજા દિવસે ત્યાં જવાનું નક્કી કર્યું કે જોઈએ આ ડોકટર શું ઈલાજ કરે છે ?

બીજે દિવસે સમયસર આશ્રમમાં પહોંચી ગયો. ચર્ચના વિશાળ હોલમાં દરી પાથરેલી હતી. માણસોની ઘણી બધી ભીડ હતી. બધાને હારબંધ છુટા છુટા બેસી જવા કહ્યું. પાદરીએ સત્તાવાહી અવાજમાં કહ્યું - 'હવે બધાં આંખો બંધ કરી હું કહું તે એક ચિત્તે સાંભળો.' તેણે બાઈબલમાંથી ઈસુની પ્રશંસાના શબ્દો ઉચ્ચાર્યા : 'ઈસુ કરુણાનો સાગર છે, દુઃખીયાનો બેલી છે, તેણે શરણે આવનાર સૌને તે તારે છે, ઈત્યાદિ.' પછી તેણે બધાને ચત્તા સુઈ જઈ ડાબો હાથ ઉંચો કરવા કહ્યું. પાદરી કહે કે, 'કોઈએ આંખો ખોલવી નહીં. હમણાં તમારો ઉંચો હાથ કોઈ પકડશે, તેવો અનુભવ થશે.' કેટલીક ક્ષણો પછી મેં અનુભવ્યું કે કોઈકે મારો હાથ ઝાલ્યો. થોડીવાર પછી બધાને બેઠા થઈ બે હાથ ઘસવા કહ્યું. હાથમાં ફૂલોની સુગંધ પ્રસરી ગઈ. હવે પાદરી કહે 'મનમાં ઈસુનું ધ્યાન ધરી બંધ આંખે બેસી હું કહું તે ધ્યાનપૂર્વક સાંભળો. થોડીવારમાં જીસસ કાઈસ્ટ તમારી સામે પ્રગટ થશે ત્યારે હું જે કહી રહ્યો છું. તે મુજબ તમારે તેની સમક્ષ કબુલાત કરવાની છે.' તે કહે બોલો 'હે ગોડ જીસસ, તું ખૂબ દયાલું છે. મારું મન, શરીર, આત્મા સર્વ કાંઈ તારું છે હું કેવલ તારે શરણે છું.' આ સાંભળીને હું ચમકયો. મારું મન સત્વરે જાગૃત થયું. શું આવી કબુલાત મારાથી થઈ શકે ? ત્યાં તો અનુભવ થયો જાણે ઈસુ મારી સામે આવી મને પૂછી રહ્યા છે. 'બેટા તેં સાંભળ્યું ને ! તને કબુલ છે ને ! કશી ચિંતા કરીશ નહીં.' મારા મને તેને જવાબ આપ્યો : 'ના હું આ કબુલી શકું નહીં. કેમ કે તમે ભગવાન નથી. તમને લોકો ભગવાનના પુત્ર કહે છે. મારા ભગવાન તો કૃષ્ણ છે. તેમને હું મારુ તન-મન-આત્મા વગેરે બધું જ આપી ચુક્યો છું. હવે તે તેમને કેવી રીતે આપી શકું ?' આવી મનમાં સ્પષ્ટતા થતાં મારું મન

શાંત થઈ ગયું. હું અન્મનસ્ક ભાવે બેસી રહ્યો. થોડીવારે પાદરીનો અવાજ સંભળાયો. 'આંખો ખોલો, ઈસુએ તમારી પ્રાર્થના સાંભળી છે, હવે કાલે સવારે ફરી આવજો.'

કુતુહલવશ બીજા દિવસે ફરી તે આશ્રમમાં ગયો. એક કમરાની આગળ લાઈન લાગેલી હતી. અંદર બેઠેલી કોઈ ખ્રિસ્તી સાધ્વી વારાફરતી એક એકને બોલાવી વાત કરતી હતી. મારો નંબર આવ્યો એટલે હું તેની સામે જઈ ખુરશી ઉપર બેઠો. મને આવકારી તેણે પૂછ્યું : 'કાલે તમારો હાથ ઈસુએ પકડેલો તેવો અનુભવ થયો હતો ને ? તેની ખુશબુ માણી હતી ? તેની આગલ તમે કબુલાત કરી હતીને ? હવે શું કરવાનું છે તે ધ્યાનથી સાંભળો. તમારા ઘરમાં મંદિર છે ?' મેં હા પાડી. મને કહે 'તેમાં જે મૂર્તિ ચિત્ર ઈત્યાદિ હોય તે સર્વને સમુદ્રમાં પધરાવી દઈ આ મધર મેરી અને જીસસના ચિત્રને તમારા મંદિરમાં મૂકી એક મીણબત્તી સળગાવવાની અને આ ક્રોસને તમારા ઘરના દરવાજે ટાંગી દેજો. હવે તમારા ભાગ્યનો ઉદય થશે. તે માટે નિશ્ચિંત રહેજો.'

હું તો આ સાંભળી આભો જ બની ગયો. આતો ખ્રિસ્તી ધર્મ પરિવર્તનનો ખેલ હતો. મેં મક્કમ અવાજમાં કહ્યું : 'બાનુ, સાંભળો. મારો ઈષ્ટ ભગવાન કૃષ્ણ છે. મારી સંપૂર્ણ આસ્થા અને ભક્તિ કેવલ તેમના પ્રત્યે જ છે. તેના સિવાય અન્ય કોઈ મારો તારણહાર હોઈ શકે નહીં. તમે કહો છો એવી કોઈ કબુલાત મેં કરી જ નથી.' તેણે મને પૂછ્યું કે તો પછી શા માટે અહીં આવ્યા હતાં ? મેં જવાબ આપ્યો કે 'હું તો આને એક અસ્પતાલ સમજીને આવ્યો હતો કે જોઉં અહીંના ડોક્ટર મારો કેવો ઈલાજ કરે છે ? આમ કહી તેને ધન્યવાદ આપી હું ઝટપટ ઘેર પહોંચી ગયો અને મારાં મંદિરમાં બિરાજતાં કૃષ્ણને પગે પડી વિનંતી કરી મારા અપરાધની ક્ષમા માંગી : 'હે પ્રભુ ! હે દયાનિધાન !, મને ક્ષમા કર. હું મરીશ કે જીવીશ કેવળ તારા શરણે. મારા ઉપર એવી કૃપા કર કે મારું ચિત્ત તારા ચરણમાંથી ન હટે.''

એકી શ્વાસે કહેલી વાત તેણે પૂરી કરી. ખુશીપૂર્વક તેણે કહ્યું, 'જાન બચી લાખો પાયે.'

હું મનોમન એ કૃષ્ણભક્ત પરમ વૈષ્ણવને વંદી રહ્યો. ધન્ય છે તેની શ્રદ્ધાને, તેની અનન્યતાને ! નાની અમથી લૌકિક તકલીફોમાં અન્ય દેવી-દેવતા-સાધુ-બાવાઓનું શરણ શોધતાં આપણાં કહેવાતા વૈષ્ણવોમાં આપણે માથે બિરાજતાં પૂર્ણ પુરુષોત્તમ નંદનંદન શ્રીકૃષ્ણ પ્રત્યેની આવી અનન્યતા હોય તો !

શ્રીમહાપ્રભુજીએ આ વાત 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં સમજાવી છે. ગમે તેટલી વિપતિમાં 'ધૈર્ય'નો ત્યાગ ન કરવો જોઈએ અને ચાતક પક્ષીની માફક આપણા ઈષ્ટ - આપણા સ્વામી શ્રીકૃષ્ણમાં અનન્ય વિશ્વાસ રાખવો જોઈએ. તે આપણું જેમાં શ્રેય હશે તે કરશે જ તેવો અટલ અનન્યાશ્રય આપણે કેળવવો જોઈએ. અસ્તુ.

* * *

'ભજનીય તેજ હોય છે કે જે(૧) પોતે ભયરહિત હોય, (૨) એકવાર પણ શરણે આવનારને સર્વ તરફના ભયથી મુક્ત કરે, (૩) આ લોકની અને પરલોકની ઋદ્ધિ તથા મોક્ષ આપે (૪) ભજનનો સંદેહ હોય તો પણ અનુષંગથી પણ મુક્તિ આપે (૫) પોતે દોષ રહિત હોય અને પૂર્ણ ગુણવાળા વિગ્રહવાળો હોય (૬) અધિકારી વિનાનાને પણ મોક્ષનું દાન કરે, (૭) બીજાને માટે પોતે કરેલા નિયમનો પણ વિરોધ ન માને. આ પ્રમાણે સાત ગુણવાળો હોય, છ અંગ માટે ઉપયોગી મહાગુણવાળો હોય તે ભજવા યોગ્ય છે.

(સુબોધિનીજી- ૩.૨.૧૮)

દુઃખ પ્રભુની દયાનું દાન છે !

એક પૌરાણિક કથા છે.

મહાભારતના યુધ્ધ પછીની વાત છે. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે દ્વારકા પધારી રહ્યા હતાં ત્યારે કુંતિજીને કહ્યું ‘ફોઈ કાંઈ માગો, તમારી સર્વે ઈચ્છા હું પૂર્ણ કરીશ.’

કુંતિજી કહે ‘પ્રભુ, જો કાંઈ આપવું જ હોય તો મને જન્મોજન્મ દુઃખ મળે તેવા આશિર્વાદ આપો.’

શ્રી કૃષ્ણ કહે ‘અરે ! આ શું માગ્યું ? આ જન્મમાં તો તમે કેવળ દુઃખ જ ભોગવ્યું. કેટકેટલા દુઃખ પડયા તમને ? પતિ ખોયો, રાજપાટ ગુમાવ્યું, પુત્રો ઉપર અનેક આપત્તિઓ આવી, પૌત્રોનો સંહાર થયો, કેટલું વિત્યું તમારા ઉપર. આખી જીંદગી દુઃખોમાં જ વિતાવી છતાં ફરી દુઃખની જ માંગણી શીદને કરો છો ? કાંઈ સમજાયું નહીં’.

કુંતિજીનો જવાબ હતો ‘આ દુઃખોના કારણે જ કૃષ્ણ તમે સતત અમારી પડખે ઉભા છો. અમને તમારું સતત સાનિધ્ય પ્રાપ્ત થયું છે. જો આ દુઃખો ન પડયા હોત તો શ્રીકૃષ્ણ મારી સાથે હોત શું ? શ્રીકૃષ્ણનું સ્મરણ પણ થાત શું ? ભગવદ્ નિકટતા આ દુઃખો સિવાય કેવી રીતે પ્રાપ્ત થઈ શકી હોત ?’

ધન્ય છે કુંતિજીને ! કેવો યથાર્થ અભિગમ !

આવી જ એક વાત અર્વાચિન યુગની છે.

જર્મનીના જ્યુઈશ કુટુંબની આ વાત છે. વિશ્વયુધ્ધ વખતે ભારત આવેલ પતિ-પત્ની અહીં જ રોકાઈ ગયેલા. પતિ કોઈ કંપનીમાં નોકરીએ જોડાયા.

સમયાંતરે સંતાન થયું. કુદરતની કરામત કે જન્મ વખતે સંતાનમાં કેટલીએ

ઈશ્વરમાં અને ઈશ્વરની કૃપાળુતામાં કેટલી શ્રદ્ધા ! કેટલો યથાર્થ અભિગમ ! આવી વિડંબનાને દુઃખ ન માનતા ભગવાન પોતાનું સાનિધ્ય આપે એવી ગોઠવણ માની.



શારીરિક વિસંગતિઓ. એનું શરીર એક માંસના લોચા જેવું. માનવ બાળ છે એવું જ ન લાગે. ન ખભા, ન પગ. માત્ર હૃદય ધબકતું હતું. ડોકટરે માન્યું કે માંડ કલાક બે કલાક જીવશે.

પરંતુ જયુઈશ દંપતિની આ પુત્રી જીવી. એકાદ બે કલાક નહીં, અઠવાડીયું વીતી ગયું. ડોકટરને લાગ્યું કે કદાચ આ છોકરી જીવી પણ જાય. પણ ચિંતા એવી કે હાથ પગ વગરની આ છોકરી જીવે તોય તેનું જીવન કેટલું તકલીફ ભર્યું, કેટલું પરાવલમ્બી હશે ? કેટલું કષ્ટદાયક હશે ? પત્ની તો દિકરીનો દેખાવ જોઈને સુનમુન બની ગઈ હતી. તેના હૃદયમાં જબરદસ્ત આકંદ ઉઠયું હતું કે બધાંને કેવાં સરસ છોકરાં હોય છે ને અમને જ કેમ આવી દીકરી ? એકાદ ખોડ હોય તો ઠીક છે પણ આતો ધડને માથું જ છે. કોને ખબર આ છોકરીનો વિકાસ કેવો થશે ?

'મારી દીકરીને જીવાડી શકશો ?' પતિએ ડોકટરને પૂછયું.

'હા, પ્રયત્ન જરૂર કરીશ પણ આ શરીરની વિરુપતા તો જુઓ! એના અંગ ઉપાંગોને આકાર આપવા અને યોગ્ય સ્થાને ગોઠવવા એ બહુ મોટો પડકાર છે. એ માટે અનેક ઓપરેશનો કરવા પડશે અને છતાંય કેટલી સફળતા મળે તે કહેવાય નહીં. કદાચ ખોડ પણ રહી જાય.'

'સફળતાની ચિંતા ન કરો, તમે પ્રયત્ન કરો.'

'પણ ખર્ચ ઘણો થશે, કરી શકશો ?'

'ખર્ચો ગમે તેટલો થાય તમે ફીકટ ન કરો. હું મહેનત કરીશ, મજૂરી કરીશ. પરંતુ ભગવાને સોંપેલું કાર્ય મારે પુરું કરવું છે.' પતિએ મક્કમ નિર્ધાર કર્યો.

ડોકટર વિસ્ફારીત નજરે જોઈ જ રહ્યા.

પત્ની તો ડઘાઈ જ ગઈ હતી. દિંગ્મૂઢ બની ગઈ હતી. પતિએ તેને સમજાવી. 'ઈશ્વરે આ આખી દુનિયા સુંદર બનાવી છે, પણ ક્યાંક એણે એનું કામ અધૂરું છોડી દીધું હોય તો તે આપણે પૂરું કરી લેવાનું.'

પત્નીએ દલીલ કરી ‘બીજા કોઈના માથે નહીં અને આપણે માથે જ આવી જવાબદારી કેમ ? આ જવાબદારી નહીં પણ સજા છે. શેની સજા ઈશ્વરે આપણને આપી ?’ પત્ની આક્રંદ કરી ઉઠી.

પતિ ફરી સમજાવે છે. ‘ઈશ્વરે આપણને આપેલા કામને સજા ન ગણાય. એના કામમાં શંકા ન કરાય. એના દરેક કામ પાછળ શુભ હેતુ જ હોય છે. ઈશ્વરે આ કામ માટે આપણને યોગ્ય ગણ્યા તે એની વિશેષ કૃપા છે અને એ કામ ક્યાં આપણે એકલાં એ જ કરવાનું છે ? એ પણ આપણી સાથે જ રહેશે. આપણને પોતાની નિકટ રાખવા તો એણે આ જવાબદારી સોંપી છે.’

ઈશ્વરમાં અને ઈશ્વરની કૃપાળુતામાં કેટલી શ્રદ્ધા ! કેટલો યથાર્થ અભિગમ ! આવી વિડંબનાને દુઃખ ન માનતા ભગવાન પોતાનું સાનિધ્ય આપવા માંગે છે તેવી ગોઠવણ માની.

પૌરાણિક કથા અને અર્વાચિન વાસ્તવિક પ્રસંગમાં કેટલું સામ્ય છે! કુંતિજી એ પ્રભુ હંમેશા સાથે રહે માટે દુઃખની માંગણી કરી. જયુઈશ દંપતિએ આવી રહેલા દુઃખને ઈશ્વરના સાનિધ્ય પ્રાપ્તિનું કારણ માન્યું.

ધન્ય છે જર્મનીના આ જયુઈશ શ્રદ્ધાવાનને તેની ભગવદ્ ભક્તિ કુંતિજીથી ક્યાંય ઉતરતી નથી. પછી તો આ દંપતિએ પાછું વાળીને ન જોયું. પતિએ ખર્ચને પહોંચી વળવા અથાગ પરિશ્રમ કર્યો. પત્ની એ પુત્રીની પડખે ખડે પગે રહી તેની સારવારમાં કોઈ કસર ન રાખી. ડોકટરોએ અનેક ઉપચાર, ઓપરેશન કર્યા. પ્લાસ્ટીક સર્જરી કરી. ધીરે ધીરે છોકરીના શરીરનો આકાર મળતો ગયો. ગાત્રો કામ કરતાં થયાં. મગજ પણ કામ કરતું થયું.

છોકરી મોટી થઈ, ભણી, કમાતી થઈ અને પાંત્રિસ વર્ષનું આયુષ્ય ભોગવી ભગવાન પાસે પહોંચી ગઈ. આ પાંત્રીસ વર્ષનો સમય એ દંપતિ માટે કસોટીનો કાળ હતો. ઈશ્વરના અનુભવનો એ સમય હતો. સતત તેમણે ઈશ્વરના સાનિધ્યનો અહેસાસ થતો રહ્યો.

દિકરીનું નામ રાખ્યું હતું ‘સુસાન’ જેનો અર્થ થાય ‘આશિર્વાદ.’ ખરેખર દિકરી આ દંપતિ

માટે આશિર્વાદ સમાન સિદ્ધ થઈ. તેઓએ નોંધ્યું છે :

'અમારા જીવનમાં સુસાન આવી પછી અમે ખુબ જ નમ્ર અને લાગણીશીલ બની ગયા હતા. ઈશ્વરને સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયાં હતા. અભિમાન, ક્રોધ, ઈર્ષા જેવા અવગુણો અમારામાંથી સમુળગા નષ્ટ પામ્યા હતા. હર ક્ષણે ઈશ્વર સાથે સંવાદ ચાલતો હતો. પ્રાર્થનારુપે ઈશ્વર અમારી સાથે જ છે, એવુ અનુભવાતું હતું. અમે સમુળગા બદલાઈ ગયાં હતાં. સાચે જ લાગતું ઈશ્વરની અમારા ઉપર વિશેષ કૃપા છે.'

આપણા પર આવી પડતી વિપત્તિઓ પાછળ કોઈ ઈશ્વરીય સંકેત હોય છે. પ્રભુની પોતાની અનુગ્રહ વરસાવવા ઈચ્છતા હોય છે પરંતુ તેનું હાર્દ ક્યારેક આપણે સમજી શકતા નથી હોતાં. પ્રભુ જ્યારે કોઈ જીવના ઉપર વિશેષ કૃપા કરવા ઈચ્છે ત્યારે તેના જીવનમાં અનેક વિડંબનાઓ આવતી હોય છે. જેના કારણે તે સતત્ ભગવાનનું સાનિધ્ય અનુભવતો થાય છે. માટે જ શ્રી હરિરાય મહાપ્રભુ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે 'દુઃખ એ પ્રભુની દયાનું દાન છે', અને દાન તો સુપાત્ર નેજ, કૃપાપાત્રનેજ મળે!

* * *

દુઃખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોય,
જો સુખમેં સુમિરન કરે, તો દુઃખ કા હે કો હોય.

અસમર્પિત ત્યાગ

શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે - **'વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ'** અર્થાત્ વિષયોના આવેશવાળા હૃદયમાં શ્રીહરિનો આવેશ સર્વથા થતો નથી. આપશ્રીની આ આજ્ઞા ગંભીરતાપૂર્વક સમજવા જેવી છે. પાંચ પ્રકારના વિષયો, શબ્દ, સ્પર્શ, રસ અને ગંધ તે અનુક્રમે કાન, ત્વચા, આંખ, જીવ અને નાક એ પાંચ ઈન્દ્રિયો દ્વારા અનુભવાય છે. કામસુખ એ પણ સ્પર્શના વિષયમાં આવી જાય છે. આમાંથી જો એકાદ વિષયમાં પણ મનુષ્ય આસક્ત બને તો તે પ્રભુથી વિમુખ બની જાય છે.

પ્રત્યેક મનુષ્યના જીવનમાં ઉપરોક્ત વિષયોનો ઓછા વતે અંશે પ્રભાવ અવશ્ય હોય છે. બલ્કે મનુષ્ય માત્ર આ વિષયોમાં લપટાયેલો રહે છે. જ્યાં સુધી આ વિષયોમાંથી આપણું ચિત્ત મુક્ત થઈ અને શ્રીપ્રભુમાં નિરુદ્ધ ન થાય ત્યાં સુધી ભગવદ્ પ્રાપ્તિ સંભવ બની શકતી નથી. શાસ્ત્રકારોએ ચિત્તના નિરોધ માટે અનેક પ્રકારના સાધનોનો નિર્દેશ કર્યો છે. પરંતુ આજના યુગમાં તે સાધનો કારગત નીવડી શકતાં નથી. તો પછી આનો ઉપાય શું ?

તે માટે શ્રી મહાપ્રભુજીએ આપણને એક સરલ અને સર્વથી શ્રેષ્ઠ ઉપાય બતાવ્યો છે. આપ આજ્ઞા કરે છે કે **'સંસારાવેશ દુષ્ટાનામ્ ઈન્દ્રિયાણાં હિતાય વૈ, કૃષ્ણસ્ય સર્વ વસ્તુનિ ભૂમ્નઈશસ્ય યોજયેત્'** એટલે કે સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઈન્દ્રિયોના હિત માટે સર્વ પદાર્થોનો શ્રીપ્રભુને વિનિયોગ કરાવવો. કહેવાનું તાત્પર્ય એ છે કે જે પદાર્થોનો અનુભવ ઈન્દ્રિયો દ્વારા કરી શકાય છે તે તમામનો વિનિયોગ શ્રી ઠાકોરજીને કરાવી પછી આપણા ઉપયોગમાં

હે ભગવાન ! આપને ચર્ચિત ચંદન તથા પ્રસાદી માળાને સુંઘવાથી તથા આપના પ્રસાદી વસ્ત્રોને પરિધાન કરવાથી તેમજ આપે આરોગેલ પ્રસાદી અન્નનું ભોજન કરવાથી અમે આપની માયાને તરી જઈએ છીએ.

લેવાથી તે બાધક બનતી નથી. ઉદાહરણ રુપે જોઈએ તો એવી કેટલીક ઔષધીઓ છે જે સામાન્યતઃ પ્રાણ ઘાતક હોય છે. પરંતુ તેનું સોધન મારણ કરી સેવન કરવાથી તે અમૃતતુલ્ય એટલે કે જીવનદાન કરનારી બની જાય છે. તે જ પ્રમાણે સામાન્યતઃ બાધક એવા વિષયો જેનું સેવન કરવાથી મનુષ્ય ભગવદ્ વિમુખ બને છે, તે જ્યારે ભગવદ્ સમર્પિત કરવામાં આવે ત્યારે તે સાધક બની જાય છે.

ભાગવતજીમાં પણ પરમજ્ઞાની ઉધ્ધવજીએ આજ વાત કહી છે : **‘ત્વયોપભુક્ત સ્ત્રાગગંધ વસ્ત્રોડલંકાર ચર્ચિતાઃ, ઉચ્છિષ્ટ ભોજિનો દાસાસ્તવમાયાં જયોમહિ’** અર્થાત્ હે ભગવાન ! આપને ચર્ચિત ચંદન તથા પ્રસાદી માલાને સુંઘવાથી તથા આપના પ્રસાદી વસ્ત્રોનું પરિધન કરવાથી તેમજ આપે આરોગેલ પ્રસાદી અન્નનું ભોજન કરવાથી અમે આપની માયાને તરી જઈએ છીએ.

ઉપરોક્ત બન્ને કથનો સિદ્ધ કરે છે કે જ્યારે કોઈપણ પદાર્થોને ભગવદ્ સમર્પિત કરવામાં આવે છે ત્યારે તેમાં રહેલા રાજસ-તામસાદી ગુણો દૂર થઈ તે નિર્ગુણ બને છે અને એવા નિર્ગુણ પદાર્થોનું સેવન કરવાથી મનુષ્યમાં પણ નિર્ગુણતા આવે છે તે કારણથી જ શ્રી મહાપ્રભુજીએ સિદ્ધાંત રહસ્યમાં આજ્ઞા કરી છે કે **‘અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જન મા ચરેત્ !’** એટલે કે ભગવાનને સમર્પિત કરવામાં ન આવેલ વસ્તુઓનો કદી ઉપયોગ કરવો નહીં. આ પ્રકારની આજ્ઞા ભગવાને અર્જુનને સંબોધીને ગીતાજીમાં પણ કરી છે. **‘યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોસિ દદાસિ યત્ યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્’** અર્થાત્ હે અર્જુન, તું જે કરે છે, જેનો ભોગ કરે છે, જે હોમ કરે છે જે દાન કરે છે અને જે તપ કરે છે તે તું મને અર્પણ કર. અહીં પણ ભગવાને સર્વ વસ્તુ કાર્ય ભગવાનને સમર્પિત કરવાની આજ્ઞા કરી છે.

તેથી જ પુષ્ટિમાર્ગમાં અસર્પિત ત્યાગ માટે ભાર મૂકવામાં આવ્યો છે. વૈષ્ણવો એ પ્રત્યેક વસ્તુ શ્રીપ્રભુને વિનિયોગ કરાવી પછી તે પ્રસાદી પદાર્થોથી જ પોતાનો બધો જીવન વ્યવહાર ચલાવવો

જોઈએ. આમ કરવાથી ઉપર કહ્યું તેમ આસુરાવેશમાંથી મુક્ત થઈ ચિત્તનો નિરોધ સરલતાથી થઈ શકશે અને ત્યારે જ ભગવદ્ પ્રાપ્તિમાં બાધા રુપ બનતા અંતરાયો દૂર થઈ તે દિશામાં અગ્રેસર બની શકાશે.

અહીં ધ્યાનમાં લેવાની બાબત એ છે કે વિષયોના ઉપભોગનો પ્રતિબંધ નથી. પરંતુ તેનો ભગવદ્ વિનિયોગ કરવા માટેનો આગ્રહ છે તે વાત સ્પષ્ટ રુપે સમજવી જોઈએ. આથી જ અસમર્પિત ત્યાગને વૈષ્ણવી જીવનનું એક મહત્વનું અંગ માનવામાં આવ્યું છે.

❀ ❀ ❀

સર્વ વસ્તુ છે શ્રી કૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે;
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપે; ડરપે છે
કાળથી ઉચાટે, તે પરનું માન્યુ પોતાને માટે, જેથી બંધાયો તે વસ્તુ
છે મુકી, તારી મા જાણીશ, એ રાહ ચુકી, સેવો શ્રીકૃષ્ણ કૃપાલ!
(ભક્ત કવિ દયારામ)

સંશયાત્મા વિનશ્યતિ

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

અજ્ઞશ્ચાશ્રદ્ધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ
તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્ય વ્યવસ્થિતૌ
જ્ઞાત્વા શાસ્ત્ર વિધાનોક્તં કર્મકર્તુમિહાર્હસિ ।

અર્થાત્ - જ્ઞાન રહિત, અશ્રદ્ધાવાન તથા શંકાશીલ મનુષ્યનો વિનાશ થાય છે, માટે શાસ્ત્રની આજ્ઞાને જાણીને તદનુસાર કર્મ કરવાં જોઈએ. કેમ કે શું કરવું જોઈએ તે માટે શાસ્ત્ર જ માત્ર પ્રમાણ છે.

અજ્ઞાનનો અર્થ છે 'જ્ઞાનનો અભાવ' અથવા 'થોડું જ્ઞાન' અથવા 'અન્યથા જ્ઞાન.' મહાભારતમાં જ આના અનેક ઉદાહરણ પ્રાપ્ત થાય છે. અભિમન્યુને યુદ્ધના ચક્રવ્યૂહમાં પ્રવેશ કરવાનું જ્ઞાન હતું પરંતુ તેમાંથી બહાર નિકળવાના અજ્ઞાનને કારણે તે વીરગતિ પામે છે. તે જ પ્રમાણે અશ્વત્થામાએ અર્જુન પર બ્રહ્માસ્ત્ર તો છોડ્યું પરંતુ તેને પરત કરવાની આવડત તેમાં ન હતી. ફલસ્વરુપ પેણે પોતાના લલાટનો મણિ ગુમાવ્યો અને ભગવાનથી શાપિત થયો. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જ્યારે શ્રીકૃષ્ણની અગ્રપૂજા કરવામાં આવી ત્યારે શિશુપાલથી તે સહન નહીં થતાં તેમને ગાળો ભાંડવા માંડી. અંતે સંહાર નોતર્યો. આ તેના 'અન્યથા જ્ઞાન'નું ઉદાહરણ છે.

સત્યનો સ્વીકાર કરવો એ શ્રદ્ધા છે અને તેનો અસ્વીકાર, અલ્પ સ્વીકાર કે વિરોધને 'અશ્રદ્ધા' કહેવાય. દુર્યોધન કહે છે કે ધર્મ શું છે તે જાણવા છતાં તે મુજબનું આચરણ હું કરી શકતો નથી તથા અધર્મને પણ જાણું છું પરંતુ તેનો ત્યાગ મારાથી થઈ શકતો નથી. તે જ પ્રમાણે ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ વગેરે પણ શાસ્ત્રોના વિધાનોથી

સત્યનો સ્વીકાર કરવો એ શ્રદ્ધા છે અને તેનો અસ્વીકાર, અલ્પ સ્વીકાર કે વિરોધને 'અશ્રદ્ધા' કહેવાય.

અવગત હોવા છતાં તે મુજબ આચરણ કરી શકયા નહીં. આ અશ્રદ્ધાના પ્રમાણ છે.

આવી જ ભસ્માસુરની કથા આવે છે. ઘોર તપસ્યા કરી શિવજીને પ્રસન્ન કરી તેણે વરદાન મેળવ્યું કે, તે જેના માથે હાથ રાખે તે ભસ્મ થઈ જાય. પરંતુ વરદાન વિશે શંકા જતાં તેની ખરાકરી કરવા શિવજીને માથે જ હાથ મૂકવાની ચેષ્ટા કરી. પરંતુ ભગવાન વિષ્ણુએ સ્વયં ભસ્માસુરના પોતાના જ માથે હાથ મૂકાવી દીધો અને તે વિનાશ પામ્યો.

આમ અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશય આ ત્રણેય વિનાશ નોતરે છે. સામાન્યતઃ આ ત્રણેય અન્યોન્ય સંકળાયેલ છે. અજ્ઞાની મનુષ્યમાં અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને તેમાંથી સંશય જન્મ છે. સાધકની સાધના આ ત્રણેય અથવા તેમાનાં કોઈ એક દુર્ગુણના કારણે પણ વિફલ થઈ જાય છે. માટે જ શ્રીમદાચાર્યચરણ નિબંધમાં આજ્ઞા કરે છે : **'શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ'** અર્થાત ભગવદ્ શાસ્ત્રોના તાત્પર્યને સારી રીતે સમજીને મન, વાણી અને દેહથી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ. આપશ્રીનો શાસ્ત્રાનુસાર આચરણનો અહીં સ્પષ્ટ નિર્દેશ છે.

આથી એક વાત સ્પષ્ટ સમજવી જોઈએ કે, શ્રીમહાપ્રભુજીની વાણી અને આજ્ઞાઓને સારી રીતે સમજી તદ્નુસાર આપણું આચરણ, આપણો જીવન વ્યવહાર, આપણી ભગવદ્સેવા હોવી આવશ્યક છે. તેમના સિદ્ધાંતોને સમજવા અથવા તેને જાણવા છતાં તેનો અનાદર કરીને કે તેમાં શંકા લાવીને જો મનસ્વી પ્રમાણે આચરણ કરવામાં આવે તો તે અજ્ઞાન, અશ્રદ્ધા કે સંશયનું સ્વરુપ બને છે, અને આપણું કર્મ કે ભગવત્સેવા વિફળ જાય છે. ઘણાં લોકો સિદ્ધાંતોનું અર્થઘટન પોતપોતાની રીતે કરી આચરણમાં મૂકતાં હોય છે, અથવા અન્યને બહેકાવતાં હોય છે, જે અન્યથાજ્ઞાનનો પ્રકાર છે. આવા અન્યથાજ્ઞાન ધારકોના દુઃસંગથી પણ બચવાની આવશ્યકતા છે. કારણ કે તે આપણને અવળે માર્ગે દોરે છે, જેના પરિણામ સ્વરુપ આપણું કર્મ નિષ્ફળ જાય છે, સેવા ફલપ્રાપ્તિ કરાવી શકતી નથી.

માટે જીવનની ઉર્ધ્વગતિ માટે, અપેક્ષિત ફળ પ્રાપ્તિ માટે શ્રીમદાચાર્યચરણોના સિદ્ધાંતોની સાચી સમજ કેળવવી, તેમાં અતૂટ શ્રદ્ધા ધરાવવી અને નિઃશંકપણે તેને આચરણમાં મૂકવી એ વૈષ્ણવ માત્રનું અત્યાવશ્યક કર્તવ્ય છે. શાસ્ત્રોનું અધ્યયન, ગ્રંથોનું વાંચન-ચિંતન-મનન કેટલું આવશ્યક છે તે આનાથી સ્પષ્ટ થાય છે.

* * *

'ભક્તોના નિર્ભય વાસ માટે ભગવાને પોતાના ચરણમાં ધજા સ્થાપેલી છે, સુખેથી સેવા થઈ શકે તે માટે કમળ રાખેલું છે, રક્ષા માટે ચક્ર રાખેલું છે, મનનો નિગ્રહ કરવા માટે અંકુશ રાખેલું છે, કીર્તિ સિદ્ધ કરવા માટે યવ રાખેલો છે, પાપના પર્વતો વિગેરેનું નિરાકચણ કરવા માટે વજ્ર વિગેરે એમ 'આદિ' શબ્દથી કહેલું છે.

(સુબોધિનીજી - ૧૦.૨૭.૨૫)

ધર્મો રક્ષતિ રક્ષિતઃ

'ધર્મની રક્ષા કરનારનું ધર્મ રક્ષણ કરે છે.' આ વાત ગંભીરતાપૂર્વક સમજવા જેવી છે. મનુષ્યના જન્મની સાથે જ તેના કર્તવ્યો જોડાયેલ હોય છે. વિવિધ સ્તરે તેની ફરજોની અદાયગી તેને માટે આવશ્યક હોય છે. પોતાના પરિવાર પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યેની ફરજો તેને નિભાવવાની હોય છે. એનું કારણ એ છે કે તે સ્વતંત્ર નથી પરંતુ પરિવાર સાથે, સમાજ સાથે, રાષ્ટ્ર સાથે જોડાયેલ છે. તદનુસાર જીવ એ ભગવાનનો અંશ હોઈ ભગવાન સાથેનો પણ તેનો અતૂટ નાતો છે. તે કારણે તેનો 'આત્મધર્મ' બજાવવાનું પણ તેને માટે અનિવાર્ય છે. વાસ્તવમાં મનુષ્યના પારિવારીક, સામાજીક કે રાષ્ટ્રીય સંબંધો અનુષાંગિક છે, અશાશ્વત છે, તાત્પુરતા છે. જ્યારે તેનો ભગવાન સાથેનો સંબંધ શાશ્વત છે, કાયમનો છે. માટે આત્મધર્મને જાણવો અને તેનો નિભાવ કરવો પ્રત્યેક પ્રાણીમાત્ર માટે આવશ્યક ગણાય.

શાસ્ત્રોમાં કહેવાયું છે. **'ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ'** ધર્મનું આચરણ ન કરનાર મનુષ્ય પશુ સમાન છે. આમ ધર્માચરણ જ મનુષ્યની ઓળખ છે. ધર્મ જ મનુષ્યનો આધાર છે, મૂળ છે. જેમ મૂળ નષ્ટ થતાં વૃક્ષ ટકી શકતું નથી તેમ ધર્મનો આધાર ન રહેતાં મનુષ્યતા જ નષ્ટ પામે છે. માટે જ ધર્મની રક્ષા કરવાથી ધર્મ મનુષ્યની રક્ષા કરે છે, તેને ટકાવી રાખે છે, તેને મનુષ્યત્વ પ્રદાન કરે છે.

ધર્મની રક્ષા કરવાના બે પહેલું છે. એક તો ધર્મ શું છે તે સમજવું, જે ધર્મશાસ્ત્રોના અભ્યાસથી જાણી શકાય અને બીજું તેનું આચરણ. ધર્મને જાણ્યા

આપણે આપણી પ્રાચીન પરંપરાને ટકાવી રાખવી હશે, સનાતન ધર્મને સાથે સાથ સનાતન રાખવો હશે, નવી પેઢીમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવું હશે અને માનવ જાતિને ઉત્કર્ષના પંથે અગ્રેસર થવું હશે તો ઠેર ઠેર પાઠશાળાઓ પ્રસ્થાપિત કરવી પડશે.

વગર તેનું પાલન શકય બની શકે નહીં. માટે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ એ જીવનનું અભિન્ન અંગ હોવું જોઈએ. દુનિયાના વિવિધ પ્રચલિત ધર્મોની સ્થિતિ વિશે જો આપણે દૃષ્ટિ કરીએ તો સમજાશે કે જ્યાં જે તે ધર્મોમાં તેના ધર્મશાસ્ત્રોનું આવલંબન રહ્યું છે ત્યાં તે ધર્મ ટકી રહ્યો છે. કુરાનના અવલંબનને કારણે ઈસ્લામ ધર્મ ટકી રહ્યો છે. જ્યારે બાઈબલના આધારે ઈસાઈ ધર્મ ટકી રહ્યો છે. આજ વાત પ્રત્યેક ઈતર ધર્મ માટે સાચી છે. જેતે ધર્મશાસ્ત્રો પ્રત્યેની નિષ્ઠાને કારણે પ્રત્યેક ધર્મો ટકી રહ્યા છે. પરંતુ ખેદની વાત છે કે વેદાદિ અધ્યયનના અભાવમાં હિન્દુધર્મમાં શિથિલતા આવેલી જણાય છે. આપણી ધર્મનિષ્ઠાનો અભાવ વર્તાય છે. પ્રાચીનકાળમાં દૃષ્ટિ કરતાં જણાશે કે વેદાદિ શાસ્ત્રોનું વિધિવત્ અધ્યયન એક અવિચ્છિન્ન પરંપરા રહેલી હતી. તેના કારણે સેંકડો વર્ષોથી આતતાયીઓ દ્વારા અનેક પ્રકારના પ્રહારો થવા છતાં આપણી ધર્મનિષ્ઠા ટકી રહેલી, પરંતુ જ્યારથી ધર્મશાસ્ત્રોના અવલંબનમાં આપણી આસ્થા ઘટતી ગઈ ત્યારથી અનેક પ્રકારે સમાજ અસ્થિર બનવા માંડ્યો છે. સાંપ્રત ધર્મનિરપેક્ષતાની સંકુચિત અથવા સ્થાપિત હિતો દ્વારા કરવામાં આવતી વ્યાખ્યાના કારણે તો સ્થિતિ ખૂબ જ વિષમ બની ગઈ છે અને જો ધર્મશાસ્ત્રોનું જ્ઞાન જ નહીંવત્ હોય તો પછી તેનું આચરણ તો સંભવી જ કેવી રીતે શકે ? ધર્માચરણની શિથિલતા જ આજની વિષમ પરિસ્થિતિનું કારણ છે.

પ્રાચીન કાળમાં ધર્માધ્યયનની વ્યવસ્થા ગુરુ-શિષ્ય પરંપરાથી અવિચ્છિન્ન રુપે ચાલતી હતી. આચાર્ય અને અંતેવાસી અથવા શિષ્ય એ વિદ્યાભ્યાસને જોડવવાળી કડી રુપ હતાં. પ્રાચીન ગુરુકુળ, પાઠશાળાઓ, આશ્રમો વગેરે આ વ્યવસ્થાના માધ્યમો હતા, જે આજે નષ્ટપ્રાપ થઈ ગયાં છે. એક શૂન્યાવકાશ છવાઈ ગયો છે. આપણી આ પ્રાચીન પદ્ધતિને પુનર્જિવીત કરવાની આવશ્યકતા છે. ધર્મના રક્ષણ માટે ધર્મશાસ્ત્રોનું અધ્યયન, અભ્યાસ જરુરી છે અને ધર્મશાસ્ત્રોના અભ્યાસથી જ ધર્માચરણ સંભવ બની શકશે અને તો જ ધર્મની રક્ષા થઈ શકશે, જે મનુષ્યના રક્ષણ

માટે સક્ષમ હશે.

આપણે આપણી પ્રાચીન પરંપરાને ટકાવી રાખવી હશે, સનાતન ધર્મને સાચે સાચ સનાતન રાખવો હશે, નવી પેઢીમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવું હશે અને માનવ જાતિને ઉત્કર્ષના પંથે અગ્રેસર થવું હશે તો ઠેર ઠેર પાઠશાળાઓ પ્રસ્થાપિત કરવી પડશે. ગુરૂકુળ પદ્ધતિ દ્વારા ધર્મશાસ્ત્રોના અધ્યયનની વ્યવસ્થા ગોઠવવી પડશે, ગુરુ-શિષ્ય પરંપરાને પુનર્જિવિત કરવી પડશે, તો જ આપણા ધર્મનું રક્ષણ થઈ શકશે. ધર્મ આપણું રક્ષણ નિશ્ચિતપણે કરશે.

* * *

'धर्म मार्ग परित्यज्य छलेना धर्म वर्तिन : ।
पन्तति नरक धोरे पाषण्डमतर्वनात् ।।'

અર્થાત્ વેદ માર્ગને છોડીને છલ વડે અધર્મનું આચરણ કરવાવાળા છે તેઓ પાખંડ વેષનો સ્વીકાર કરવાનો કારણે ધોર નરકમાં પડે છે. તેથી આપત્કાલ વિના જ જે જીવ મ્લેચ્છાના વેષ-ભાષા-આચરણને ધારણ કરી લે છે એમની સદ્ગતિ થતી નથી.

(નિબંધ- સર્વનિણય-૨૧૧)

‘તત્વમસિ’ને
શું મહાકાવ્ય કહી શકાય ?

છાંદોગ્ય ઉપનિષદના આરુણિ-શ્વેતકેતુના ઉપાખ્યાનમાં **‘તત્વમસિ’** પદ આવે છે. બ્રહ્મ-જીવ-જગતના આપસી સંબંધોનું રહસ્ય આમાં છુપાયેલું છે. શબ્દો-**‘તત્-ત્વમ-અસિ’** એ રીતે છૂટા પાડી તેનું અર્થઘટન કરતાં કહે છે - ‘તે તુંજ છે.’ આ પદની આગળ શબ્દો છે - **‘સ આત્મા’**, અર્થાત્ તે બ્રહ્મ-પરમ તત્વ તું છે. આ શબ્દાર્થને કારણે ‘આત્મા સો પરમાત્મા’ કહેવામાં આવ્યું છે. ‘અવિદ્યાગ્રસ્ત આત્મા જ્યારે જ્ઞાનના પ્રકાશ દ્વારા પરિષ્કૃત થાય છે ત્યારે તે પરમાત્મા બને છે, આત્મા-પરમાત્મામાં કોઈ ભેદ રહેતો નથી.’ આવો મત ધરાવતા શંકરાચાર્ય, માટે જ, આ પદને ‘મહાવાક્ય’ તરીકે ઓળખાવે છે.

‘વેદાંત’ એટલે ‘શાંકરમત’ એવી સામાન્ય ધારણા વિદ્વદ્ સમાજમાં પ્રવર્તે છે. તેથી જ ભારતના મૂર્ધન્ય વિદ્વાન-ચિંતક ડો. રાધાકૃષ્ણન્ પણ લખે છે - **‘ઉપનિષદોના મોટામાં મોટા વિવેચક શંકરાચાર્ય છે. ઉપનિષદોના ચિંતનનો સમુચિત અર્થ ઘટાવીએ તો તેમાંથી શંકરાચાર્યનો સિદ્ધાંત (કેવલાદ્વૈત મત) જ ફલિત થાય છે.’ તેઓ એમ માને છે કે “અદ્વૈત” એ શંકરાચાર્ય દ્વારા કરાયેલ ઉપનિષદોનું અર્થઘટન નથી, પરંતુ એ ઉપનિષદોની પોતાની જ વિચારધારા છે.’** તેથી તેઓના મતે બાહ્ય જગતમાં વિલસતું બ્રહ્મતત્વ અને પ્રત્યેકના અંતરમાં વિરાજતું આત્મતત્વ ભિન્ન નથી, બન્ને એક જ છે.

શ્રીવલ્લભચાર્યજીના સિદ્ધાંતોમાં નિષ્ઠા ધરાવનાર પ્રત્યેક જણે બ્રહ્મ, જીવ, જગત તેમજ સંસાર વિશે આપશ્રીના દૃષ્ટિકોણને યથાર્થ રૂપે સમજી લેવો આવશ્યક ગણાય જેથી ગેરમાર્ગ દોરવાઈ જવાની સંભાવના ન રહે.

આચાર્યચરણ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીશંકરાચાર્યના ઉપરોક્ત મતનો સ્વીકાર કરતા નથી. તેમના મતે કેવળ આ પદને જ 'મહાવાક્ય' ગણાવી શકાય નહીં. તેમને 'તત્ત્વમસિ' પદનું કરાયેલું ઉપરોક્ત અર્થઘટન માન્ય નથી. આનો ખુલાસો આપશ્રીએ પોતાના નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણના એકસઠમાં શ્લોકમાં કર્યો છે. તેમના મતે કેવલ 'તત્ત્વમસિ' પદને જ 'મહાકાવ્ય' કહી શકાય નહીં, પરંતુ છાંદોગ્ય ઉપનિષદના તે સંપૂર્ણ વાક્ય કે જેમાં પિતા આરુણી દ્વારા શ્વેતકેતુને આ પદથી બોધ અપાયો છે તેને મહાવાક્ય તરીકે સંબોધી શકાય, કારણ કે આગળ પાછળના સંદર્ભ વગર કોઈ એક શબ્દ કે પદનું યથાર્થ અર્થઘટન થઈ શકે નહીં.

છાંદોગ્ય ઉપનિષદનું એ સંપૂર્ણ શ્રુતિ વાક્ય છે - **'સઃ યઃ એષઃ અણિમ્ એતદાત્મ્યમ્ ઈદમ્ સર્વમ્ તત્ સત્યમ્ સ આત્મા તત્વમસિ શ્વેતકેતો'**. આ ઉપાખ્યાનના પ્રારંભમાં આરુણિ શ્વેતકેતુને પૂછે છે કે 'એવું એક કયું તત્વ છે જેને જાણવાથી ન જાણેલું જાણી શકાય, અર્થાત્ તે તત્વને સમજવાથી જગતના બાકી બધા જ તત્વને સમજી શકાય ? જેમ સોનાને જાણવાથી તેમાંથી બનતા દાગીનાઓ વિશે જાણી શકાય.' શ્વેતકેતુ આ વિશે પોતાનું અજ્ઞાન જણાવતાં પિતા તેને જુદા જુદા ઉદાહરણો આપી નવ વખત ઉપરોક્ત વાક્ય સંભળાવે છે.

તે વાક્યમાં **'ઈદં સર્વં'** પદ જગતના જડ પદાર્થોનો નિર્દેશ કરે છે જ્યારે **'ત્વમ્'** શબ્દ 'જીવ' માટે વપરાયો છે. આ બન્ને વચ્ચે **'સ આત્મા'** પદ જગત અને જીવને **'બ્રહ્માત્મક'** હોવાનું બતાવે છે, એટલે કે આ જડ જગત સદાત્મક - બ્રહ્માત્મક છે, તેમ જીવ પણ તદાત્મક-બ્રહ્માત્મક છે. આમ જગતના જડ પદાર્થોમાં બ્રહ્મનો ચિદંશ પ્રગટ છે, તેમ જીવમાં બ્રહ્મનો ચિદંશ પ્રગટ છે, અને તે રીતે જગત - જીવ 'બ્રહ્માત્મક' છે. આ રીતે જોતાં કેવળ તત્વમસિ પદને જ નહીં પરંતુ ઉપરોક્ત સંપૂર્ણ વાક્યને 'મહાકાવ્ય' કહી શકાય તેમ શ્રીવલ્લભાચાર્યજીનો મત છે.

આમ ‘તત્વમસિ’નો સાચો અર્થ, સમગ્ર શ્રુતિવાક્યનું વિશ્લેષણ કરતાં અને તેના સંપૂર્ણ સંદર્ભને ધ્યાનમાં લેતા જ યથાર્થ રીતે સમજી શકાય. આ શ્રુતિ વાક્યના આધારે શ્રીવલ્લભાચાર્યજીનો બ્રહ્મવાદનો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે કે જગત એ બ્રહ્મનું જ તાદામ્ય સ્વરૂપ છે અને આત્મા એ બ્રહ્મના અંશરૂપ છે જેમાં બ્રહ્મના સત્ અને ચિત્ તત્વો આર્વિભૂત છે, અને આનંદ તત્વ તિરોહિત છે. જગત (જડ પદાર્થો)માં સત્ તત્વ આવિર્ભૂત છે પરંતુ ચિત્ તથા આનંદ તત્વ તિરોહિત છે. આમ જડ-ચેતન યુક્ત જગત એ બ્રહ્મનું જ સ્વરૂપ હોઈ તે બ્રહ્મ જેટલું જ સત્ય છે. શંકરાચાર્ય માને છે તેમ મિથ્યા અથવા બ્રહ્મના પ્રતિબિંબ રુપ વિવર્ત નથી. શાસ્ત્રોના અર્થઘટનમાં કે વેદાંતની મીમાંસામાં સામાન્યતઃ શાંકરમતને અનુસરનારા વિદ્વાનો દ્વારા અન્યથા સ્વરૂપ પ્રદર્શિત કરવામાં આવતું હોય છે. માટે શ્રીવલ્લભચાર્યજીના સિદ્ધાંતોમાં નિષ્ઠા ધરાવનાર પ્રત્યેક જણે બ્રહ્મ, જીવ, જગત તેમજ સંસાર વિશે આપશ્રીના દષ્ટિકોણને યથાર્થ રુપે સમજી લેવો આવશ્યક ગણાય જેથી ગેરમાર્ગે દોરવાઈ જવાની સંભાવના ન રહે. શ્રીવલ્લભાચાર્યજીએ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં સ્વસિદ્ધાંતોનું નિરૂપણ નીચે મુજબ કર્યું છે -

૧. શ્રીકૃષ્ણ જ સૃષ્ટિમાં સર્વોચ્ચ તત્વ પરબ્રહ્મ છે.
૨. શ્રીકૃષ્ણે લીલાસૃષ્ટિને પ્રકટ કરવા માટે પોતાનામાંથી પ્રકટ કરેલ રુપ ‘અક્ષરબ્રહ્મ’ છે, જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તે અવ્યક્ત છે.
૩. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તેને પોતાનું અધિષ્ઠાન બનાવે છે તેથી તે શ્રીકૃષ્ણનું નિત્ય લીલાધામ પણ છે.
૪. જડ-જીવની ઉત્પત્તિ અક્ષરબ્રહ્મમાંથી થાય છે. તેઓ અક્ષર બ્રહ્માત્મક છે, સત્ય છે.
૫. જીવો બ્રહ્મના અંશ છે. (શંકરાચાર્ય કહે છે તેમ બ્રહ્મરૂપ નથી.)

૬. જગત બ્રહ્મનું 'આધિભૌતિક સ્વરૂપ' છે, અક્ષરબ્રહ્મ 'આધ્યાત્મિક સ્વરૂપ' છે, પુરુષોત્તમ સ્વરૂપ શ્રીકૃષ્ણ એ 'આધિદૈવિક સ્વરૂપ' છે.

૭. ત્રિગુણાત્મક જગતનું નિયમન કરવા માટે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ પોતે જ બ્રહ્મા-વિષ્ણુ-શિવ એ ત્રિદેવના રૂપમાં પ્રકટ થયા છે, જે પરબ્રહ્મની આજ્ઞાનુસાર અનુક્રમે સૃષ્ટિનું સર્જન, પાલન અને નાશ કરવાનું કાર્ય સંભાળે છે.

૮. શ્રીકૃષ્ણની સેવા કરવી એ પ્રત્યેક પુષ્ટિજીવનો સ્વધર્મ છે.

૯. અહંતા-મમતાત્મક જીવે માની લીધેલી કલ્પના એ સંસાર છે, જે મિથ્યા છે.

* * *

“ ભગવાનનું જ્ઞાન થવામાં પ્રથમ વેદો પ્રમાણ છે, તપ સાધન છે. પ્રમાણોનું જ્ઞાન, મનન અને નિદિધ્યાસનરૂપ છે. અંતરંગ સાધન યોગ છે. તેનું ફળ ચિત્ત એકાગ્ર થાય તે છે. તે થતાં ઉત્તમાધિકારીને ભગવાનનો સાક્ષાત્કાર થાય છે.'' એમ ન માનવું ... ભક્તિથી જ ભગવાન વશ થાય છે. અને જણાય છે, બીજી કોઈ રીતે નહીં, એવો નિશ્ચય છે.

(સુબોધિની ૨-૬-૩૪)

સેવાયાં વા કથાયાં વા (ભગવત્ સેવા અને સત્સંગ)

આચાર્યચરણ શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરે છે **'સેવાયાં વા કથાયાં વા, યસ્યાસક્તિ દૃઢા ભવેત, યાવજજીવં તસ્ય નાશો, ન ક્વાપીતિ મતિ મમઃ'** અર્થાત્ જે ભક્તને ભગવત્સેવા તથા ભગવત્કથામાં જીવન પર્યંત આસક્તિ રહે છે, તેના ભક્તિભાવનો ક્યારે પણ નાશ થતો નથી.

અષ્ટછાપ કુંભનદાસજીનો પ્રસિદ્ધ પ્રસંગ છે. શ્રી ગુંસાઈજીએ પૂછયું 'કુંભનદાસ, તમારે કેટલા પુત્ર છે ? દોઢ કૃપાનાથ', કુંભનદાસનો જવાબ હતો. લૌકિક દૃષ્ટિથી આઠ પુત્ર હોવા છતાં આ જવાબનો ખુલાસો કરતાં કહે 'ચતુર્ભુજદાસ સેવા અને સત્સંગ બન્ને કરે છે, માટે તે આખો પુત્ર અને કૃષ્ણદાસ કેવળ ગાયોની સેવા કરે છે તે અડધોપુત્ર બાકીના દેહ સંબંધિ પુત્રો ને તો મારા પુત્ર જ ગણતો નથી.'

શ્રીમહાપ્રભુજી પ્રતિપાદિત પુષ્ટિમાર્ગ સ્વીકાર્યા પછી સેવા અને સત્સંગ બન્ને કરે તે પુર્ણ, એક કરે તે અપુર્ણ. વૈષ્ણવી જીવન રથના બેપૈડા-સેવા અને સત્સંગ. બન્નેનું સરખું મહત્વ છે. બન્ને એકબીજાના પુરક. એક વિના બીજું અધૂરું ગણાય. સેવા અને સત્સંગ ઉભયને પોષણ આપનારા છે. આમ સત્સંગ અને ભગવત્સેવા એ બન્ને જીવનના અમુલ્ય રત્નો છે. એક પક્ષથી આચરણ સુધરે છે અને બીજા પક્ષથી વિચારો પવિત્ર બને છે તેમજ તેનું નિર્માણ થાય છે. વેદમાં વ્યક્ત થયેલ ભગવાનની ક્રિયા શક્તિ અને જ્ઞાનશક્તિનું આ નિરુપણ છે.

આજના યુગની પરિસ્થિતિમાં આ વાત સમજવી હોય તો એમ કહેવાય કે એક 'પ્રેક્ટીકલ' (પ્રાયોગીક) પક્ષ છે અને બીજો 'થિયોરેટીકલ' (સૈદ્ધાંતિક) પક્ષ

પુષ્ટિ માર્ગમાં સાધન અને ફળ બન્ને એક જ છે. તેમાં ભેદ નથી. શરૂઆતની સાધનરૂપા તનુવિત્તજા સેવા જયારે માનસી સેવાની કક્ષાએ પહોંચે ત્યારે તે ફલરૂપા બની જાય છે.

છે. સિદ્ધાંતને સમજ્યા વગર પ્રયોગાત્મક વ્યવહાર અસંભવ છે અને પ્રયોગમાં કે આચરણમાં ન મુકીએ તો સિદ્ધાંતની સાર્થકતા નથી. બન્ને પક્ષ મહત્વના છે, આવશ્યક છે.

ભગવત્સેવામાં ભાવસુદૃઢ થાય તે માટે સત્સંગનું મહત્વ સ્વીકાર્યું છે. પરંતુ સત્સંગ કોનો કરવો તે એક વિચારણીય પ્રશ્ન બની રહે છે. એક સર્વ સાધારણ સ્વીકૃત બાબત છે કે ભગવદીયો અને ભગવદ્ ભક્તોનું આચરણ પ્રમાણરુપ માની શકાય કારણ કે તે પ્રભુની લીલાના ચિંતન દ્વારા પરિપક્વ થયેલ હોય છે. ભગવદ્ સાનુભાવના આધારે તે આચરણ ઘડાયેલું હોય છે, જે આપણા વાર્તા સાહિત્યમાં સ્પષ્ટ પ્રતિત થાય છે. એને જ આપણે ભગવદ્ વાર્તા કહીયે છીએ. વાર્તા સાહિત્યમાં 'બે ઘડી જીવ્યા'નો પ્રસંગ આવે છે. તે સ્પષ્ટ કરે છે કે અનન્ય ભજનથી જેને સંતોષ થાય છે, તેજ સત્સંગના અધિકારી બને છે. તેઓને જ સત્સંગથી સ્વધર્મ અને સેવામાં અભિરુચિ થાય છે અને તેમ થતાં તેમને પ્રપંચની નિવૃત્તિ અને ભગવદ્ અનુરક્તિ થઈ શકે છે. અર્થાત્ આવા ભગવદિયોના સત્સંગથી નિરોધ સિદ્ધ થઈ શકે છે.

પુષ્ટિ માર્ગમાં સાધન અને ફળ બન્ને એક જ છે. તેમાં ભેદ નથી. શરુઆતની સાધનરુપા તનુવિત્તજા સેવા જ્યારે માનસી સેવાની કક્ષાએ પહોંચે ત્યારે તે ફલરુપા બની જાય છે. જો ફળ અને સાધન બન્નેમાં ભેદ બુદ્ધિ હોય તો ફળની પ્રાપ્તિ પછી સાધનને છોડી દેવામાં આવે. પરંતુ ભગવત્કાર્યમાં આવી ભેદબુદ્ધિ બાધક છે. ભગવદીયોના આચરણને આપણે સૂક્ષ્મ રીતે નિહાળીયે તો આ વાતની આપણને પ્રતિતિ થશે. માટે ભગવદીયોના આચરણનું અવગાહન આપણા ભગવદ્ ભાવનું પોષણ કરે છે, આપણા ભાવની વૃદ્ધિ કરે છે.

સેવા અને કથા થી આપણને પ્રભુમાં સ્વરુપા સક્તિ અને પ્રભુમાં ભક્તિભાવના સિદ્ધ થાય છે. કારણ બન્નેનો અન્યોન્ય સંબંધ છે. આમ જો પરસ્પર સંબંધ ન હોય તો એકબીજાની અન્યોન્ય પ્રાપ્તિ કરાવી શકે નહીં. જગતમાં પણ કાર્ય કારણનો ભેદ દેખાવા છતાં બન્ને સ્વરુપોમાં પ્રભુની જ

અભિવ્યક્તિ અનન્ય ભાવથી થાય છે. હૃદયના સુદૃઢ થયેલા ભાવોની પરિપક્વતાનું આ લક્ષણ છે. ભક્તોના હૃદયમાં બિરાજેલાં પ્રભુનું નામ-સ્મરણ જપ કરતી વખતે તેમના રસાત્મક રૂપમાં આવી ભાવના કરવાથી ભગવદ્ રૂપ અને નામમાં ભેદ નહીં પણ વિભેદના દર્શન કરી શકાય છે. આ વિભેદ લીલાત્મક છે. જ્યારે ભેદબુદ્ધિ એ અવિદ્યા કે માયાથી ઉત્પન્ન થતાં વાસનાત્મક પ્રપંચની પ્રવૃત્તિ કરાવે છે. જો આપણને સાચા સ્વરૂપમાં સત્સંગની પ્રાપ્તિ થાય તો તે પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદાસક્તિ કરાવે છે.

સત્સંગ દ્વારા પ્રાપ્ત થતો ભગવદીયોનો સંગ ભગવત્કૃપાનું નિમિત્ત બને છે. ભગવદીયોના સંગ વગર હૃદયની કઠોરતા ઓછી થઈ શકતી નથી અને જો હૃદય આર્દ્ર ન બને તો તેવા હૃદયમાં ભગવાન ક્યાંથી પધારે ? માટે કથા દ્વારા ભગવદીયોના ભાવનું અનુશીલન કરવાનો આગ્રહ રખાયો છે. ભગવદ્ વાર્તા દ્વારા પ્રાપ્ત થયેલ ભગવદીયોનો ભાવ જ આપણા કઠોર હૃદયને આર્દ્ર બનાવી ભગવાનને સાક્ષાત બિરાજવાનું સુખધામ બનાવી શકે છે. માટે પ્રત્યક્ષ સેવા અને અન-અનવસરમાં સ્મરણ વિશે શ્રીમદાચાર્ય ચરણે વિશેષ ભાર મૂક્યો છે.

* * *

'सेवार्था सत्संग इति प्रथमं साधनम्।'
અર્થાત્ - સેવા માટે સત્સંગ એ પ્રથમ સાધન છે.
(સુબોધિની - ૧-૫-૨૫)

આનું નામ ત્યાગ

નરસિંહ મહેતાની પ્રસિદ્ધ કવિતામાં તેઓ કહે છે **'મોહમાયા વ્યાપે નહીં જેને.. વૈષ્ણવજન તો તેને કહીએ..'**

જગદીશ્વરનો સમોવડીઓ પોતાની જાતને ગણતો દિલ્હીશ્વર બાદશાહ અકબર ત્યારે ફતેહપૂર સિક્રીમાં રહેતો હતો. તે સંગીતનો ઉત્તમ જ્ઞાતા અને ચાહક હતો. તેમાંય ભક્તિરસનાં સંગીતનો તે દિવાનો હતો. તેના એક ગવૈયાએ એક દિવસ ઉમદા બંદિશની ગાયકી અકબરને સંભળાવી. તેમાં વર્ણન હતું શ્રીકૃષ્ણની ગૌચારણ લીલાનું. પ્રભુ અનેક સખાઓ સાથે ગાયો ચરાવીને શ્રીગોકુલમાં પધારી રહ્યા છે તેનું અદ્ભુત આલેખન તેમાં કરેલું હતું. તે સાંભળીને સમ્રાટનું હૃદય ડોલી ગયું.

અકબરે ગવૈયાને પૂછ્યું : 'કોણે બનાવ્યું છે આવું સુંદર કિર્તન ? શું એના શબ્દો અને કેટલું મધુર તેમાં વર્ણન ?'

'પરવરદિગાર, પાકમહોબ્બત ધરાવનાર ખુદાના એક બંદાની આ કૃતિ છે. અહીં પાસે જ જમનાવતા ગામમાં તે રહે છે.' ગવૈયાએ જવાબ આપ્યો.

બાદશાહ તો ગવૈયાની બંદિશ સાંભળી દિવાનો બની ગયો હતો. હુકમ કર્યો : 'હમણાંને હમણાં જાઓ અને પૂરા માન સન્માન સાથે ખુદાના એ ઓલિયાને અહીં લઈ આવો.'

ગવૈયો ઘોડા પાલખી રથ સાથે માણસો લઈ જમનાવતા ગામ પહોંચ્યો. ભક્તકવિ કુંભનદાસ પોતાના ખેતરમાં પ્રભુ ભક્તિમાં લીન હતાં. ત્યાં આવી ગવૈયાએ ભક્તરાજને વિનંતી કરી : 'બાબા ! બાદશાહ સલામતે આપને યાદ કર્યા છે. આપને ફતેહપૂર સિક્રી લઈ જવા માટે સાધનો મોકલ્યા છે. ચાલો તૈયાર થઈ જાવ.'

અકબર જ્ઞાનીઓ અને ભક્તોથી પરિચિત હતો. તેણે વિચાર્યું 'આવા ખુદાના બંદા શું કામ મારી ખુશામત કરે ? કદાચ તેની આહ પણ મારું અહિત કરી શકે.

ભક્તરાજે ઉંડો નિશ્વાસ નાંખી કહ્યું : 'હું ગરીબ વ્રજવાસી છું. હું રાજનો નોકર નથી. મારે બાદશાહનું શું કામ હોય ? શા માટે હું આવું ?' નોકરોએ સમજાવ્યું કે 'બાબા અમે તો ચીટ્ઠીના ચાકર, આપને લીધા વગર જઈએ તો મોતને જ ભેટીએ. વળી બાદશાહ સલામત આપના ઉપર ખુશ થયા છે. સમજો આપનો ભાગ્યોદય થયો છે. આપનો ઉદ્ધાર થઈ જશે.'

બાદશાહના માન-સન્માનની જેમને અપેક્ષા નથી કે મોહમાયા જેના હૃદયને સ્પર્શી શકતા નથી તેવા કુંભનદાસજીએ વિચાર કર્યો કે આ આફત ટળી શકતી નથી. બાદશાહ નો હુકમ છે એટલે ગયા વગર ચાલશે નહીં. નોકરોને કહે 'મારે આ રથ સવારીની આવશ્યકતા નથી. ચાલો, હું તો પગે ચાલીને જ આવીશ.' અને પોતાના પ્રભુને યાદ કરતાં કરતાં ભક્તરાજ ચાલી નીકળ્યા. ૪૦ માઈલની સફર હતી.

ફતેહપૂર સિક્રી પહોંચતા બાદશાહે હુકમ કર્યો કે 'તે ઓલિયાને મારી પાસે લાવો.' અકબર ત્યારે સુવર્ણ જટીત એક સુંદર રાવટીમાં બિરાજમાન હતો. મોતીની ઝાલરોથી તે સુશોભિત હતી. અત્તરની સુવાસથી વાતાવરણ ખુશનુમા હતું. બાદશાહના દરબારીઓ પણ આસપાસ ગોઠવાયેલાં હતાં. ફાટેલ તુટેલા વસ્ત્રો સાથે લઘરવઘર વેશમાં કુંભનદાસ રાવટીમાં પ્રવેશ્યા. પોતે જાણે નરકમાં આવી પહોંચ્યા હોય તેવી વેદના તેમણે અનુભવી. વ્રજભૂમિના અલૌકિક સૌંદર્ય સામે અહીંનું વાતાવરણ તેમને તુચ્છ લાગ્યું. પોતાના પ્રાણપ્રિય શ્રી ગોવર્ધનધરણ યાદ આવી ગયાં.

'આઈએ, બેઠીયે. આપકે મુંહ સે ખુદા કી બંદગી કે કુછ કિર્તન મેં સુનના ચાહતા હું.' અકબરે ભક્તરાજને કહ્યું.

કુંભનદાસ સહેમી ગયા. પોતાના પ્રાણપતિ શ્રીનાથજી આગળ પોતાની જે કળાનો વિનિયોગ કરવાનો હોય તે આવા વિધર્મીની આગળ નિવેદીત કરવાની વેળા આવી તેથી તેમનું હૃદય ધ્રુજી ઉઠ્યું. પોતાના પ્રિતમથી વિખુટો પાડી આ નર્કાગારમાં બોલાવનારની આગળ શું ગાઉં ? આવા વિચાર તરંગો મનમાં ઉઠતાં તેમના મુખમાંથી શબ્દો સરી પડયા.

ભક્તન કો કહા સીકરી સો કામ
આવત જાત પન્હૈયા તૂટી, બિસર ગયો હરિ નામ,
જા કો મુખ દેખત દુઃખ ઉપજત, તાકો કરનો પર્યો પ્રનામ.
કુંભનદાસ લાલ ગિરધર બિન, યહ સબ ઝુઠો ધામ..

કહે છે : ભક્તને આ ફતેહપુર સિકીનું શું કામ હોય ? જમુનાવતાથી અહીં આવતાં મારા પગરખાં તૂટી ગયા અને શ્રીહરિનું નામ લેવું ભૂલાઈ ગયું. જેનું મોં જોતાં ગ્લાનિ થાય તેને મારે પ્રણામ કરવા પડયાં. મારા શ્રેષ્ઠ શ્રી ગિરધર લાલ સિવાય આ બધું મૃગજળ સમાન છે.

કિર્તનના શબ્દો સાંભળતાં પહેલાં તો બાદશાહના ક્રોધનો પારો ઉપર ચઢવા લાગ્યો. દરબારીઓ પણ વિચારી રહ્યાં કે હમણાં જ બાદશાહ આનું મસ્તક ગરદન પરથી ઉડાવી દેશે. આની આવી હિંમત ?

કુંભનદાસ પ્રભુ વિરહની વેદનાથી બેહોશ બનવાની અણી ઉપર હતાં. તેમની આંખમાંથી અશ્રુધારા ચાલી રહી હતી.

અકબર જ્ઞાનીઓ અને ભક્તોથી પરિચિત હતો. તેણે વિચાર્યું 'આવા ખુદાના બંદા શું કામ મારી ખુશામત કરે ? કદાચ તેની આહ પણ મારું અહિત કરી શકે.' તેને હુકમ કર્યો 'આ મહાત્માને તેમના ગામ પહોંચાડી આવો.' કુંભનદાસને પૂછયું 'આપની નિડર ભક્તિથી હું પ્રસન્ન થયો છું. આપની શું ખાતિર કરું ?' કુંભનદાસ કહે 'એક જ વસ્તુ માંગું છું, મને પુનઃ ક્યારેય અહીં બોલાવશો નહીં.' આવી ત્યાગમુર્તિને બાદશાહ મનોમન વંદી રહ્યો.

બાદશાહના માણસો કુંભનદાસને જમુનાવતા પહોંચાડી આવ્યા.

ધન્ય છે આવા વિરલ વ્યક્તિત્વવાળા ભક્ત કવિ કુંભનદાસને જેને બાદશાહનો વૈભવ લલચાવી ન શકયો.

* * *

પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ

મનુષ્ય માત્રની પ્રત્યેક પ્રવૃત્તિ કોઈનિ કોઈ 'ફલ' પ્રાપ્તિ માટે હોય છે, ચાહે તે લૌકિક ફલ હોય કે અલૌકિક. આપણે પ્રત્યેક કાર્ય કશુંક મેળવવા માટે કરતાં હોઈએ છીએ. વેદના પૂર્વકાંડમાં યજ્ઞયાગાદિની પ્રક્રિયાઓ બતાવવામાં આવી છે, જેના દ્વારા વિવિધ પ્રકારના ફલની પ્રાપ્તિ કરી શકાય છે. 'ફલ' મેળવવા માટે 'સાધન'ની આવશ્યકતા રહે છે. યજ્ઞયાગાદિ ક્રિયાઓ એ ફલ પ્રાપ્તિના સાધન છે. ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર-પૌત્રાદિ, ઘરબાર, પદપ્રાપ્તિ વગેરે લૌકિક ફલ છે. જ્યારે મોક્ષપ્રાપ્તિએ આધ્યાત્મિક ફલ છે તો ભગવદ્ પ્રાપ્તિએ અલૌકિક ફલ છે. શ્રી મહાપ્રભુજી કહે છે - **'ભગવાનેવ હિ ફલમ્'**. જે પ્રકારના ફલની કામના હોય તદનુસાર મનુષ્ય તે માટે આવશ્યક સાધનોનો આશ્રય લે છે.

જે **'ફલ'** અપેક્ષિત હોય તે વિશે જાણવું આવશ્યક છે. ફલના સ્વરુપના જ્ઞાનને તત્વજ્ઞાનની ભાષામાં **'પ્રમેય'** કહેવામાં આવે છે. ભગવદ્ પ્રાપ્તિ એ જો આપણું લક્ષ્ય છે. તો ભગવાનના સ્વરૂપને જાણવું જરૂરી છે, અર્થાત્ 'પ્રમેય' વિશે આપણને જ્ઞાન હોવું જોઈએ. પરંતુ કોઈ પ્રમાણ વગર 'પ્રમેય'ને સમજી શકાય નહીં. કોઈપણ વસ્તુના યથાર્થજ્ઞાનને શાસ્ત્રો **'પ્રમા'** તરીકે ઓળખાવે છે. **'પ્રમાનું સાધન'** એટલે કે જ્ઞાનના સાધનને **'પ્રમાણ'** કહેવામાં આવે છે. 'પ્રમાણ' દ્વારા 'પ્રમેય'ને જાણી શકાય. આમ આ સમગ્ર પ્રક્રિયા એ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલની શ્રૃંખલા છે. આ પ્રક્રિયા 'પ્રમાણ'થી શરુ થઈ 'ફલ'માં પરિણમે છે.

મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું ચિંતન પણ પ્રમાણ, પ્રમેય, સાધન અને

જો ષોડશગ્રંથોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો તેમાં નિર્દિષ્ટ સિદ્ધાંતો મનુષ્ય જીવનના લૌકિક તેમજ અલૌકિક બન્ને પક્ષોને ઉર્ધ્વગામી બનાવવામાં ઉપયોગી નિવડી શકે છે.

ફલના સોપાનોને અનુલક્ષીને રહેલું છે. આપે શ્રીભાગવતજીના દશમ સ્કંધને સુબોધિનીમાં જન્મ પ્રકરણ, તામસ પ્રકરણ, રાજસ પ્રકરણ, સાત્વિક પ્રકરણ અને નિર્ગુણ પ્રકરણ એમ પાંચ પ્રકરણોમાં વિભાજીત કર્યા છે અને તે પ્રત્યેકને પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એમ ઉપ-પ્રકરણોમાં વિભાજીત કરી સમજાવ્યા છે. તદનુસાર રાસ પંચાધ્યાયીની લીલા વર્ણવતું પ્રકરણ એ **'તામસ ફલ પ્રકરણ'** છે જે જીવમાત્ર માટે સર્વોત્તમ ફલરૂપ કહેવાય છે. મંગલાચરણનો શ્લોક - **'ચતુર્ભિશ્ચચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા, ષડભિર્વિરાજતે યોસૌ પંચધા હૃદયે મમ'** આ પાંચ પ્રકરણો-ઉપપ્રકરણોનો જ નિર્દેશ કરે છે.

આપશ્રીના વાંગમય સાહિત્યને પણ ઉપરોક્ત ચાર વર્ગોમાં વહેંચવામાં આવ્યું છે. આપના મુખ્ય ગ્રંથો છે. **અણુભાષ્ય, તત્વાર્થ દીપ નિબંધ, ષોડશગ્રંથો** અને **સુબોધિની.** આ ગ્રંથોનું વર્ગીકરણ તેના હેતુને અનુલક્ષીને કરવામાં આવ્યું છે. અણુભાષ્યને **'પ્રમાણ ગ્રંથ'** ગણવામાં આવે છે. કારણ કે તેમાં બ્રહ્મ વિશે સમજાવવા બ્રહ્મસુત્રોના પ્રમાણોનો આધાર લેવામાં આવ્યો છે. નિબંધને **'પ્રમેય ગ્રંથ'** કહેવાય છે. કારણ કે પ્રમેયને સમજાવતાં શ્રી મદાચાર્યચરણ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે.

'એકં શાસ્ત્રં દેવકી પુત્ર ગીતમેકો દેવો દેવકી પુત્રએવ,
મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા.'

પ્રમેય એવા પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાના સાધનોનું નિરુપણ આપશ્રીએ ષોડશગ્રંથોમાં કર્યું છે. ભક્તિ-સેવા-સમર્પણ-શરણાગતિના સિદ્ધાંતોની સ્પષ્ટતા આપે આ 'ગ્રંથ-સમુહ'માં કરી છે, માટે તેને **'સાધન ગ્રંથ'** કહેવામાં આવે છે. તેના દ્વારા સુબોધિનીમાં વર્ણિત પરમફલને પ્રાપ્ત કરી શકાય છે, માટે જ સુબોધિનીજી ને **'ફલગ્રંથ'** કહેવામાં આવ્યો છે.

જો ષોડશગ્રંથોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો તેમાં નિર્દિષ્ટ સિદ્ધાંતો મનુષ્ય

જીવનના લૌકિક તેમજ અલૌકિક બન્ને પક્ષોને ઉર્ધ્વગામી બનાવવામાં ઉપયોગી નિવડી શકે છે. ઉદાહરણાર્થ ચતુઃશ્લોકી ગ્રંથમાં આલેખાયેલ ચાર પુરુષાર્થોની મીમાંસા લઈએ કે વિવેકધૈયાશ્રયમાં સમજાવેલ માનવ જીવનને સુચારુરુપે જીવવાના આવશ્યક ઘટકો તરીકે વિવેક, ધૈર્ય અને તે માટે જરૂરી ભવગવ્રદાશ્રયને આત્મસાત કરીએ, કૃષ્ણાશ્રયમાં નિરુપિત સાંપ્રત સમયમાં અનિવાર્ય એવી શ્રીકૃષ્ણની શરણાગતિનું મૂલ્ય સમજીએ કે નવરત્નમાં ઉપદિષ્ટ ચિંતામુક્તિના ઉપાયોને જીવનમંત્ર બનાવીએ, પ્રત્યેક ગ્રંથ માનવજીવનને સુખી અને સમૃદ્ધ બનાવવાની સંજીવની પૂરવાર થઈ શકે છે.

આચાર્ય ચરણોના દિવ્ય સિદ્ધાંતો, ચાહે તે આપશ્રીના વિવિધ ગ્રંથ સાહિત્યમાં પ્રદર્શિત હોય, ભગવદીયોની વાર્તા સાહિત્યમાં તે દષ્ટિગોચર થતા હોય કે આપના અનુગામી આચાર્યો - વિદ્વાનો દ્વારા રચાયેલ ભાષ્ય-ટીકામાં તે પ્રબોધિત થતાં હોય, મનુષ્ય જીવનને યથાર્થરુપે જીવવા દીવાદાંડીરુપ બની અંતિમ ઉચ્ચતમ ફલ પ્રાપ્તિ કરવવાની તે ક્ષમતા ધરાવે છે.

❁ ❁ ❁

> ‘भगवदपेक्षयापि चरणा महान् आपदि ध्यान मात्रैणवापदं दूरी करोति।’
>
> અર્થાત્ આપત્તિમાં કેવલ ધ્યાનથી જ (ભગવાનના ચરણ આપત્તિ દૂર કરે છે, તેથી ભગવાન કરતાં પણ તેમના ચરણ મોટા છે.)
>
> (સુબાધિની ૧૭-૨૮-૧૩)

આધિદૈવિક દુઃખ

સૌને સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે દુનિયામાં દુઃખ કેમ છે ? અનેક મનુષ્યોને આપણે દુઃખી જોઈએ છીએ. પ્રશ્ન ઉઠે છે કે ભગવાન દુઃખ કેમ આપે છે ?

આ વાત ગંભીરતાથી વિચારવા જેવી છે. દુઃખ અને સુખની વ્યાખ્યા સમજવી આવશ્યક છે. હકકીતમાં ભગવાન દુઃખ આપે છે તેવો વિચાર જ અસ્થાને છે, કારણ કે ભગવાનને બધા જ ધર્મોમાં દયાળુ, કરુણાસાગર, કૃપાનિધાન, પરવરદિગાર ઈત્યાદી અનેક વિશેષણોથી નવાજવામાં આવે છે. તો પછી ભગવાન દુઃખી કરે છે તેવો આરોપ તેમના ઉપર કેવી રીતે મૂકી શકાય?

ભગવાન એકને સુખ આપે છે અને બીજાને દુઃખ આપે છે તેવું પણ સામાન્ય પણે પ્રતિત થતું હોવા છતાં તે સંભવ નથી. જો તે સર્વનો પિતા છે તો તેવો પક્ષપાત કરવો ઈશ્વર માટે સંભવ જ નથી. પરમપિતા પરમાત્મા એકને વ્હાલો ગણી સુખ આપે અને બીજાને અળખામણો ગણી દુઃખ આપે તેવું બની શકે જ નહીં. સત્યના પર્યાયરુપ ઈશ્વર અન્યાય કે પક્ષપાત કરી જ કેમ શકે ?

જો ઉંડાણપૂર્વક વિચાર કરીશું તો સમજાશે કે દુઃખ એ આપણી પોતાની પેદાશ છે. તે માટે સુખ અને દુઃખની પરિસ્થિતિનો વિચાર કરવો જોઈએ. જ્યારે આપણી ચોપાસ બધુ વ્યવસ્થીત રહે, આપણી અપેક્ષા મુજબનું થતું રહે, ત્યારે આપણે સુખની લાગણી અનુભવીએ છીએ અને તેનાથી વિપરીત જ્યારે વ્યવસ્થામાં ગરબડ થાય, આપણી અપેક્ષાઓ ન સંતોષાય ત્યારે આપણે દુઃખની લાગણી અનુભવીએ છીએ. આ વ્યવસ્થા તોડનારા, તેમાં ગરબડ કરનારા હકકીતમાં આપણે પોતે જ હોઈએ છીએ.

આ વાતને જરા વિસ્તારથી સમજીએ.

લૌકિક દુઃખ એ ભગવાનની કૃપાનું દાન છે. જેને તે પોતાનો સમજે છે તેને જ તે આપે છે. ભગવદીયો ક્યારેય પણ લૌકિક દુઃખોથી દુઃખી થતાં નથી, લૌકિક દુઃખ તેના ચિત્તને ચલિત કરી શકતું નથી.

પ્રત્યેક વસ્તુના ત્રણ રુપ હોય છે. તેમ દુઃખ પણ ત્રણ પ્રકારના હોય છે. ૧. આધિભૌતિક દુઃખ, ૨. આધ્યાત્મિક દુઃખ, ૩. આધિ દૈવિક દુઃખ.

આધિભૌતિક દુઃખ એ શરીર સંબંધિ, આપણી ભૌતિક સ્થિતિ સંબંધિ કે બાહ્ય પરિબળોના કારણે ઉત્પન્ન થતાં દુઃખ છે. એને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. ૧. '**આધિ**' એટલે કે માનસિક દુઃખ. માનસિક વ્યથાઓને કારણે ઉત્પન્ન થતી ચિંતાઓ તેને '**આધિ**' કહેવાય છે. મનુષ્યના સ્વભાવને કારણે આવા દુઃખોની અનુભૂતિ થતી હોય છે. ૨. '**વ્યાધિ**' એટલે કે શારિરીક રોગો. જ્યારે આપણે સ્વાસ્થ્ય સંબંધી બાબતોની ઉપેક્ષા કરીએ છીએ અથવા કુદરતાના નિયમોનું અતિક્રમણ કરીએ છીએ ત્યારે આપણે રોગીષ્ટ અથવા વ્યાધિ ગ્રસ્ત થઈએ છીએ અને ૩. '**ઉપાધિ**' તે કુટુંબીજનો, ચીજવસ્તુઓના મમત્વને કારણે ઉત્પન્ન થાય છે. આ ત્રણેય પ્રકારના દુઃખો તે આધિભૌતિક દુઃખો છે. તેને માટે મનુષ્ય પોતે જ જવાબદાર હોય છે. પ્રત્યેક ઘટના ભગવાની ઈચ્છા પ્રેરિત હોય છે, તેવી અટલ આસ્થા મનુષ્યને માનસિક વ્યથા માંથી મુક્ત બનાવી શકે છે. યથા યોગ્ય આહાર વિહાર શારિરીક સ્વાસ્થ્યને જાળવવામાં મદદરુપ બને છે અને દુન્યવી ચીજવસ્તુ કે પ્રાણીમાત્ર પ્રત્યેનો નિર્લેપ ભાવ રાખવાથી ઉપાધિમુક્ત થઈ શકાય છે.

બીજા પ્રકારના દુઃખને આધ્યાત્મિક દુઃખ કહેવાય છે. તે મનુષ્યના કર્મોની સાથે જોડાયેલ છે. જીવને અનેક પ્રકારની યોનીઓમાં જન્મ લેવો પડે છે અને કાળાંતરે તે મૃત્યુ પામે છે અને આમ જન્મમરણની ઘટમાળ ચાલ્યા જ કરે છે. એ રીતે જન્મ-મરણમાં અટવાવાથી ઉત્પન્ન થતું દુઃખ, પાપકર્મો કર્યાના પસ્તાવાનું દુઃખ ઈત્યાદી આધ્યાત્મિક દુઃખ છે. પોતે કરેલ કર્મોનું ફળ પ્રત્યેક જીવે ભોગવવું પડે છે. કર્મોને કારણે જન્મ-મરણ આવે છે. પુનર્જન્મ માટે સંચિત કર્મો જવાબદાર હોય છે. તે માટે મનુષ્ય પોતે જવાબદાર છે. કર્મનું બંધન કોઈનિ છોડતું નથી. માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં આનો ઉપાય બતાવ્યો છે. તેમને સ્પષ્ટ આજ્ઞા કરી છે કે કર્મ કરો પરંતુ તેના ફળની આશા ન રાખો.



અહીં કર્મના ત્યાગની વાત નથી કરી પરંતુ નિષ્કામ બુદ્ધિથી કર્મ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. દુષ્કર્મ કે સત્કર્મ તે બન્ને જો ફલની આશા રાખી કરવામાં આવે તો તે બંધન કર્તા બને છે. દુષ્કર્મે કે પાપ તે લોખંડની બેડી છે અને સત્કર્મ કે પુણ્યને સોનાની બેડી છે. તે બન્ને મનુષ્યને બાંધે છે અને તેના ખોટા કે સારા ફળ મનુષ્યને ભોગવવા પડે છે. સત્કર્મો પણ જો ફરજ માત્ર સમજીને નિષ્કામભાવે કરવામાં આવે તો જ તે ફળમુક્તિનું માધ્યમ બની મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. અન્યથા તે પુણ્યના ફળને ભોગવવા પુનર્જન્મ તો લેવો જ પડે છે અને જન્મ-મરણનું ચક્કર ચાલુ જ રહે છે. પાપ કે પુણ્યનું જ્યાં સુધી બેલેન્સ રહે ત્યાં સુધી જન્મ-મરણની ઘટમાળમાંથી મુક્તિ મળતી નથી. પાપ-પુણ્યનું બેલેન્સ શુન્ય થાય ત્યારે જ મોક્ષપ્રાપ્તિ સંભવ બની શકે છે. તેથી જ પાપ-કર્મ ન થાય તેની તકેદારી રાખવાની સાથે જપ-તપ વ્રત, દાન, તીર્થયાત્રા ઈત્યાદી પુણ્ય પ્રાપ્ત કરાવનારા સત્કર્મો પણ કેવળ ભગવદ્ સુખના હેતુ માટે સહજ ધર્મ સમજી નિર્લેપ ભાવથી જ કરવા જોઈએ. તે સ્વસુખ માટે ક્યારેય ન કરવા જોઈએ. તેનું ફળ સંકલ્પપૂર્વક કૃષ્ણાર્પણ કરી દેવું જોઈએ. જ્યારે આપણે આપણા માટે કશું જ ન કરતાં હોઈએ ત્યારે દુઃખનો પ્રશ્ન જ રહે. માટે જ સંસારમાં સાક્ષીભાવે રહેવું જોઈ તેમ શાસ્ત્રોએ સમજાવ્યુંછે.

તો પછી આધિદૈવિક દુઃખ એટલે શું ? આ એક વિચારણીય પ્રશ્ન છે.

આપણે જાણીએ છીએ કે જીવની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થયેલ છે. જીવાત્માને પરમાત્માથી વિખુટા પડે અગણિત વર્ષો વીતી ગયા છે. જેને કારણે તે દીન, હીન, અજ્ઞાની અને આનંદ વિહીન બની ગયો છે. તે પોતાના સ્વરૂપને અને જેનો તેની સાથે અતુટ સંબંધ રહ્યો છે તે પરમાત્માને ભુલી ગયો છે. તેની સાથેનો સંબંધ તેને યાદ નથી. તે પોતાના લક્ષ્યને ભુલી ગયો છે. સદ્‌ગુરુની કૃપા અને પ્રેરણાથી જીવાત્માને જ્યારે આ બધું યાદ આવે ત્યારે તેના હૃદયમાં પરમાત્માને ફરી પામવા માટેનો તાપઃક્લેશ થાય છે, એક અકલ્પ્ય વેદનાનો અનુભવ થાય છે. તેવા પ્રકારની અનુભૂતિ તેને

'આધિદૈવિક દુઃખ' કહેવાય છે.

વાસ્તવિકતાની ધરાતલ ઉપર ઉભા રહી વિચારીશું તો સમજાશે કે આપણે સતત આધિ-વ્યાધિ અને ઉપાધિ નામક આધિભૌતિક દુઃખોમાં અટવાયેલા છીએ. ક્યારેક આ જન્મસ્મરણના ફેરા વિષયક આધ્યાત્મિક દુઃખ બાબતે પણ સભાન બનીએ છીએ. પરંતુ ઉપર કહ્યું તેવા આધિ દૈવિક દુઃખની ભાવના આપણા હૃદયને સ્પર્શતી નથી તેનું કારણ શું ? આ વાત વિચારવા અને સમજવા જેવી છે.

આપણા સૌના અનુભવની વાત છે કે જ્યારે આપણું શરીર અને મન સંવેદનશીલ હોય છે. ત્યારે જ આપણને દુઃખનો અનુભવ થાય છે. શરીરનું કોઈ અંગ પક્ષપાત (પેરેલેસીસ)ના કારણે જુઠ્ઠુ પડી જાય પછી ત્યાં સોયો ભોંકો કે ચીમટો ખણો તો પણ તેમાં વેદના થતી નથી. તે જ પ્રમાણે આપણું મન સંવેદના વિહિન થઈ ગયું છે. સંસારની અહંતા અને મમતાના કારણે તે પેરેલેટીક અસરવાળું થઈ ગયું છે. તેને કારણે પ્રભુના મિલન માટેનો આપણા હૃદયમાં જે તાપઃક્લેશ થવો જોઈએ તે થતો નથી.

ભાગવતજીનો જાણીતો પ્રસંગ છે. શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને સંદેશો લઈ મથુરાથી ગોકુળ મોકલે છે. ગોકુળના ગોંદરે આવી ઉદ્ધવજીનો રથ અટકે છે. સામે એક ગોવલણી મળે છે. ઉદ્ધવજી તેને નંદ ભવનનો રસ્તો પૂછે છે. ગોવાલણી કહે 'આ પાણીનો જે રેલો ચાલ્યો આવે છે તે તરફ ચાલ્યા જાઓ. તેના બીજા છેડે પહોંચશો એટલે નંદભવન દેખાશે. ઉદ્ધવજી નવાઈ પામ્યા. આતે કેવી વાત ? આટલું જળ ક્યાંથી આવી રહ્યું છે. ગોવાલણીએ ખુલાસો કર્યો કે જ્યારથી અમારો કનૈયો મથુરા ગયો છે ત્યારથી નંદબાબા અને યશોદાજીના આંસુ થંભ્યા નથી. એ આંસુનું આ જળ છે. કૃષ્ણના વિરહમાં ગોકુળવાસીઓના મનમાં અત્યંત તાપઃક્લેશ રહેલો. તેજ આધિ દૈવિક દુઃખની સંજ્ઞા છે. પ્રભુને પામવાની લગની લાગે ત્યારે આધિદૈવિક દુઃખની અનુભુતિ થાય.

આધિદૈવીક દુઃખના સ્વરુપને વધુ ઉંડાણપૂર્વક સમજીએ.

શ્રી વલ્લભાચાર્યજી એ નિરોધલક્ષણ ગ્રંથમાં માગ્યું છે 'હે પ્રભુ, જે તાપઃક્લેશનું દુઃખ નંદ યશોદાને મળ્યું તેની થોડીક કણિકા મને પણ મળજો.' વાત જરા વિચિત્ર લાગે પણ સમજવા જેવી છે. આપશ્રી તાપઃક્લેશનું દુઃખ શા માટે માંગતા હશે ? કારણ કે આવું આધિદૈવિક દુઃખ તે તો અલૌકિક સુખરુપ છે. વ્રજસિમંતીનીઓને શ્રીકૃષ્ણના મથુરાગમન પહેલાં જે અનુભવ પ્રત્યક્ષ આંખો દ્વારા થતો હતો તેવો જ અનુભવ તેમના વિરહના કારણે તેમને તેમના અંતઃકરણમાં થવા લાગ્યો હતો. શાસ્ત્રોની પરિભાષામાં તેને 'વિપ્રયોગાનુભવ' કહેવાય છે. ભગવાનનું જેમ બાહ્યરમણ છે, તેમ તેમનું ભક્તોના હૃદયમાં આંતર્ રમણ પણ હોય છે. જ્યારે પ્રભુ ભક્તના હૃદયમાં બિરાજી તેને પોતાની અનુભુતિ કરાવે છે, તેને ભજનાનંદનું દાન કરે છે, ત્યારે તેને વ્યસન દશા સિદ્ધ થાય છે. આવી અવસ્થાએ સર્વાત્મ ભાવની સર્વોચ્ચ સ્થિતિ છે. આવી સ્થિતિમાં ભક્ત બાહ્યરુપથી દુઃખી જણાય પરંતુ તેને પોતાના હૃદયમાં પરમ આનંદનો અનુભવ થાય છે. આમ આધિદૈવિક દુઃખ એ પરમોચ્ચ ફળની પ્રાપ્તિ છે.

ભક્તના હૃદયની આ સ્થિતિ સમજવી કઠીન છે. બાહ્યરુપથી આપણને લાગે કે પ્રભુના ભક્તો દુઃખ વેઠે છે. જ્યારે દુનિયામાં શેઠ લોકો સુખમાં મહાલે છે. આ હકીકત ઉંડો વિચાર માંગી લે છે.

શ્રી મહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરી છે.

વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થોહિ હરિઃ સ્વતઃ
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।

અર્થાત્ શ્રીહરિ પોતાના અંગીકૃત જીવોને લૌકિક કે વૈદિક કાર્યો સ્વસ્થતાથી સુખશાંતિથી કરવા દેતા નથી. આ વાત સ્પષ્ટ કરવા બાઈબલનું વાક્ય વિચારવા જેવું છે. **'No man can serve two Masters. Either you serve the world and leave the God or**

you serve the God and leave the world.' જગત કે જગદીશમાંથી એકને તો છોડવું જ પડશે. ભક્ત ભક્તિ છોડી લૌકિક વૈદિકમાં પરોવાય તે ભગવાનને મંજુર નથી. માટે ભક્તને પોતાના બનાવી રાખવા પોતાની તરફ ખેંચવા આ તેની લીલા છે. ભગવાન પોતાના ભક્તોને લૌકિક સુખશાંતિથી વંચિત રાખવાનો પ્રયત્ન કરે છે. વાસ્તવમાં લૌકિક દુઃખ એ ભગવાનની કૃપાનું દાન છે. જેને તે પોતાનો સમજે છે તેને જ તે આપે છે. ભગવદીયો ક્યારેય પણ લૌકિક દુઃખોથી દુઃખી થતાં નથી, લૌકિક દુઃખ તેના ચિત્તને ચલિત કરી શકતું નથી.

જો ભક્તનું હૃદય ક્યાંય જગતના પ્રપંચમાં ફસાય તો પ્રભુ કાંઈક ઉથલપાથલ કરે છે. ભાગવતજીમાં શકટભંજન લીલાનો પ્રસંગ છે. બાલકનૈયાને યશોદાજી ઘરના આંગણામાં ગાડા નીચે એક ઘોડીયું બાંધી સુવાડી દે છે અને પોતે પોતાના લૌકિક ઘરકામમાં પરોવાઈ જાય છે. પ્રભુને આ ગમતું નથી. યશોદાજીનું ધ્યાન પોતાની તરફ દોરવા પોતે લાત મારી ગાડું ઉથલાવી મારે છે અને ઉપદ્રવ ઉપજાવે છે. આમ યશોદાજીનું ચિત્ત કનૈયા તરફ ફરી પરોવાય છે.

શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજીએ પણ આજ વાત સમજાવી છે. **'લૌકિક ક્લેશ સંબંધો હ્યંગીકૃત લક્ષણમ્'**. અર્થાત્ શ્રીહરિએ આપણો અંગીકાર કર્યો છે એનું લક્ષણ એ છે કે આપણને લૌકિકમાં ક્લેશ થાય. લૌકિક દુઃખો આપીને પ્રભુ ભક્તનું ચિત્ત પોતાનામાં સ્થિત રાખવા પ્રયત્નશીલ હોય છે. સાચા ભક્તો પણ હંમેશા પ્રભુ પાસે દુઃખની યાચના કરે છે. કુંતીજીનું દૃષ્ટાંત આપણી સમક્ષ છે. તેઓએ લૌકિક દુઃખોને દુઃખ ગણ્યું જ નથી. પરંતુ ભગવાનનું સતત સાનીધ્ય પ્રાપ્ત કરવાનું તેને સાધન માન્યું છે.

એવા આધિદૈવિક દુઃખની ઝંખના એ આપણું ધ્યેય હોવું જોઈએ. પ્રભુના વિરહનો તાપઃક્લેશ એ વાસ્તવમાં દુઃખ નથી પરંતુ આનંદની અનુભૂતિ છે એને તેની પ્રાપ્તિ તે પુષ્ટિમાર્ગીય લક્ષ્ય છે.

* * *

ફિકર નોટ ! મૈ હું ના !!

શરણે જવાથી ભગવાને ગજેન્દ્રની ગ્રાહથી, દ્રૌપદીની દુષ્ટ કૌરવોથી, વ્રજભક્તોની ઈન્દ્રકોપથી, અર્જુન-ઉત્તરાની બ્રહ્માસ્ત્રથી, પ્રહ્લાદ જેવા ભક્તોની અનેક વિપત્તિઓથી રક્ષા કરી છે, તેમને નિર્ભય બનાવ્યા છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પ્રિય સખા અર્જુનને સંબોધીને કહ્યું છે :

‘સર્વ ધર્માન્ પરિત્યજય, મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વ પાપેભ્યો, મોક્ષયિષ્યામિ માશુચઃ ।।’

અર્થાત્ હે અર્જુન ! સર્વ ધર્મોનો ત્યાગ કરી તું કેવલ મારે શરણે આવ, હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરાવીશ, તું ચિંતા કરીશ નહીં.

અહીં ‘અહં ત્વાં મોક્ષયિષ્યામિ’ અને ‘મા શુચઃ’ એ શબ્દ સમૂહો ચમત્કારી અને સાર ગર્ભિત છે. ભગવાન જાણે કહી રહ્યા છે : **‘ફિકર નોટ, મૈ હું ના !’**

ભગવાન શ્રીકૃષ્ણની આવી જ વાણીનો સુર ગીતાજીના નવમાં અધ્યાયમાં પણ નીકળે છે. જ્યાં તેઓ કહે છે : **‘યોગક્ષેમ વહામ્યહમ્’** - ‘ન મળેલી વસ્તુ મેળવી આપવાનો અને મળેલી વસ્તુને સાચવવાનો ભાર હું ઉઠાવું છું.’ કેવી બાંહેધરી ભગવાને આપી છે ?

ભગવાનના ઉપરોક્ત વચનોમાં શરત માત્ર એટલી જ કે, **‘મામેકં શરણં’**, કેવળ મારે શરણે આવ. અન્યત્ર પણ ભગવાને એવી જ આજ્ઞા કરી છે - **‘અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે’** - અનન્ય ભાવે નિષ્ઠાપૂર્વક જે મને ભજે છે. ભગવાનમાં સંપૂર્ણપણે દ્દઢાશ્રય હોવો તે પૂર્વ શરત છે. જો ભગવદાશ્રય દ્દઢ થયેલો હોય તો ભગવાન બાંહેધરી આપે છે - **‘ફિકર નોટ, મૈ હું ના !’**. ભગવાને કરેલ આજ્ઞાનું પાલન આપણે કરીએ, બાકી બધું તે સંભાળશે. હજાર હાથવાળો તે આપણો ધણી છે. તે આપણે ન ભુલીએ.

ભાગવતજીમાં પણ ભગવાને શરણાગતિનો આવો જ ઉપદેશ આપ્યો છે :

'મામેકમેવ શરણાત્માનં સર્વદેહિનામ્ ।
યાહિ સર્વાત્મભાવેન મયા સ્યા હ્યકુતો ભયઃ ॥'

અર્થાત્, સર્વ પ્રાણીઓના આત્મા એવા ભગવાનને - એકમાત્ર ભગવાનને સર્વાત્મભાવે શરણે જવાથી, એમના જ કારણે જીવ સર્વ તરફથી નિર્ભય થશે.

શરણે જવાથી ભગવાને ગજેન્દ્રની ગ્રાહથી, દ્રૌપદીની દુષ્ટ કૌરવોથી, વ્રજભક્તોની ઈન્દ્રકોપથી, અર્જુન-ઉત્તરાની બ્રહ્માસ્ત્રથી, પ્રહ્લાદ જેવા ભક્તોની અનેક વિપત્તિઓથી રક્ષા કરી છે, તેમને નિર્ભય બનાવ્યા છે. આવા અનેક પ્રમાણો પુરાણોમાં મળે છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી પણ આવી જ વાત બીજી રીતે પોતાના ચતુઃશ્લોકી ગ્રંથમાં સમજાવતાં કહે છે - **'પ્રભુઃ સર્વ સમર્થોહિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્'**, કર્તુમ, અકર્તુમ, અન્યથાકર્તુમ એવા પ્રભુની સર્વ સમર્થતા પર જો આપણે વિશ્વાસ મૂકીએ તો નિશ્ચિતપણે **'ફિકર નોટ'**એ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. નવરત્ન ગ્રંથમાં પણ આવો જ ઉપદેશ તેઓ આપે છે - **'ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપિતિઃ'** અગર તમે અષ્ટાક્ષર મંત્રથી દીક્ષિત થઈ શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારી છે, નિવેદન મંત્ર દ્વારા નિવેદિત થતાં 'હે કૃષ્ણ હું તારો છું' એવી હૃદયપૂર્વક કબૂલાત કરી છે તો ભગવાન પણ પ્રતિબદ્ધ છે - **'ફિકર નોટ - મૈં હું ના !'**

શ્રીમદાચાર્યચારણના અંતિમ લઘુગ્રંથ શિક્ષા શ્લોકીના ઉપદેશના સંદર્ભમાં સાક્ષાત્ શ્રીગોપીજન વલ્લભે પ્રગટ થઈ કાંઈક આવા જ અર્થમાં આજ્ઞા કરતાં કહ્યું હતું કે :

'મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે ।
તદા કૃતાર્થા યૂયં શોચનિયં ન કર્હિચિત્ ॥'

અર્થાત્, જો મારામાં - શ્રીગોપીજન વલ્લભમાં તમને વિશ્વાસ છે તો તમે કૃતાર્થ જ છો. તમારે

કોઈપણ પ્રકારનો શોક કરવાનો રહેશે નહીં. શરત માત્ર એટલી જ કે, બહિર્મુખતાનું જે ભયસ્થાન શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે તેનાથી દૂર રહેશો, એટલે કે ભગવદ્ અંતર્મુખતા - ભગવાનના શરણાગત થઈને જો તમે રહેશો તો - તો પછી **‘ફિકર નોટ, મૈં હું ના !’** એવો અવાજ સંભળાશે.

ઉપરોક્ત પુરાણ કથાઓ કે અર્વાચિન ભગવદ્ ભક્ત - નરસિંહ, મીરાં, જ્ઞાનેશ્વર, તુકારામ, દક્ષિણના આલ્વાર સંતો ઈત્યાદિ સર્વના પ્રસંગો એક જ બોધ આપે છે કે, ભગવાનની અનન્યભાવે શરણાગતિ સ્વીકારનારના ‘યોગક્ષેમ’નું વહન ભગવાને કર્યું છે. એ સર્વ ભક્તોના જીવનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતાં સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે કે, તેમણે ‘ષડવિધ શરણાગતિ’ને તેમના જીવનનો મૂલમંત્ર બનાવ્યો હતો.

‘આનુકુલસ્ય સંકલ્પઃ પ્રતિકૂલ વિસર્જનમ્
રક્ષીષ્યતીતિ વિશ્વાસો ભર્તુત્વે વરણં તથા
આત્મનૈવૈધ કાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ’

અર્થાત્, ભગવાનને અનુકૂળ થઈ રહેવાનો સંકલ્પ, એમને જે જે અનુકૂળ નથી એનો ત્યાગ, એ રક્ષા કરશે જ - એવો વિશ્વાસ, તેમનો સ્વામી તરીકે સ્વીકાર, આત્મનિવેદન અને દીનતા - કાલાવાલા કરવા એ છ પ્રકારની શરણાગતિ બતાવવામાં આવી છે. તેનું અક્ષરશઃ પાલન આ સંતોના જીવનમાં સ્પષ્ટપણે દેખાય છે.

શરણાગતિના મૂળમાં નિઃસાધનતા રહેલી છે. ઉપરોક્ત પુરાણ કથાઓમાં પ્રત્યેક પાત્રમાં નિઃસાધનતાની સ્થિતિ રહેલી સ્પષ્ટ દેખાય છે. ચાહે તે ગજેન્દ્ર હોય, દ્રૌપદી હોય કે ઉત્તરા હોય. જ્યાં સુધી જીવ પોતાના સાધનો ઉપર મદાર રાખે છે ત્યાં સુધી તેનો ભગવદાશ્રય સિદ્ધ થતો નથી. તે ભગવદ્ શરણાગત બની શકતો નથી. માટે જ ગીતાજીના ઉપરોક્ત શ્લોકમાં ભગવાનની પૂર્વ શરત છે - **‘સર્વધર્માન્ પરિત્યજ્ય’**

એક બોધ કથા છે - એક સમયે ભગવાન ભોજન કરવા આસન ઉપર બિરાજ્યા. લક્ષ્મીજી હજી ભાણું પીરસે છે ત્યાં જોયું કે ભગવાન આસન પરથી ગાયબ થઈ ગયા. તેઓ વિચારે છે કે 'હમણાં તો અહીં બિરાજેલ હતાં અને હું ભાણું લઈ આવી એટલામાં ક્યાં જતાં રહ્યાં'. થોડી જ વારમાં ભગવાન પરસેવે રેબઝેબ ઉંડા શ્વાસ લેતાં પાછા આવી ગયા અને આસન પર બિરાજ્યા. લક્ષ્મીજીએ પૂછ્યું : 'ભગવન્ ! ક્યાં જઈ આવ્યા ?'

ભગવાન કહે : 'એક ભક્તે મને પુકાર્યો એટલે તેની રક્ષા કરવા હું તરત દોડ્યો, કોઈકે તેને મારવા પથ્થર ઉપાડ્યો હતો.'

'આપે બચાવ્યો તેને ?' લક્ષ્મીજીએ પૂછ્યું.

'ના, જરૂર ન પડી. કારણ કે તેણે પણ સામો પથ્થર ઉપાડી લીધો હતો.' ભગવાને ખુલાસો કર્યો.

આ પ્રસંગ ઘણો માર્મિક છે. ભગવાનમાં અટલ વિશ્વાસ અને સંપૂર્ણ શરણાગતિ એ ભગવદાશ્રય પ્રાપ્ત કરવા માટેની પૂર્વ શરત છે. ભગવાન ઉપર અતૂટ શ્રદ્ધા એ શરણાગતિનું અતિ મહત્ત્વનું પાસું છે. જ્યાં સુધી ભગવાનની બિનશરતી શરણાગતિ ન સ્વીકારીએ ત્યાં સુધી ભગવાનને ચિંતા રહેતી નથી, પરંતુ એક વખત આપણે આપણાં હથિયાર હેઠાં મૂકી એકમાત્ર સર્વ ભવન સામર્થ્ય ધરાવનાર પરબ્રહ્મ પરમાત્માના શરણાગત બની જઈએ તો જીવનના પ્રત્યેક વિકટ મોડ પર અંતરમાંથી અવાજ સાંભળવા મળશે - **'ફિકર નોટ, મૈં હું ના !'** કારણ કે સચ્ચિદાનંદ પ્રભુ અંતર્યામિ સ્વરુપે આપણાં ભિતર જ બિરાજે છે, હંમેશા આપણી સાથે જ હોય છે. જે મનુષ્ય કે પ્રાણીમાત્ર પ્રભુનો સંપૂર્ણ શરણાગત થઈ જીવે છે તેને હંમેશા એવો સતત્ અહેસાસ થતો રહે છે કે પ્રભુ તેની સાથે જ છે, માતા-પિતા એક બાલકની જેમ સંભાળ રાખે તેમ તેને સાચવે છે, તેનું યોગક્ષેમ સંભાળે છે, તેનું સદા રક્ષણ કરે છે.

* * *

પુરી મા

ભગવાનની લીલા નિત્ય છે. શ્રીમહાપ્રભુજી આજે પણ શ્રી વલ્લભકુળમાં બિરાજે છે. વલ્લભ હોય ત્યાં વલ્લભીયજન પણ હોય જ. ૮૪-૨૫૨ ભગવદીયો જેવા ભગવદ્‌ભાવવાળા તદીય જનો આજે પણ ભુતલ ઉપર આવે છે અને નિજ જનોને અનેક અનુભવ કરાવી પાછા ભગવદ્‌ધામમાં પધારે છે. આવા અનેક અર્વાચિન ભગવદીયોના ક્યારેક દર્શન થાય છે, ત્યારે ભગવદ્ લીલામાં આપણો ભાવ દઢ થાય છે.

દ્વારકા પાસે બરડીયાની શ્રીગુંસાઈજીના બેઠકજીમાં સેવારત 'હિરા'માંથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. ખાસ કરીને જેમણે બરડીયાની મુલાકત લીધી હશે. તનુનવત્વનું તાદશ ઉદાહરણ હિરામા માં પ્રતિત થાય છે.

એવા જ એક અર્વાચિન ભગદીયે થોડા સમય પહેલાં જ ભુતલ ઉપરથી વિદાય લીધી.

નામ એમનું પુરી મા. મુળ વતન બેટ દ્વારકા. ત્યાં ભાટીયા કુટુંબમાં એમનો જન્મ થયેલો. નાનપણથી વૈષ્ણવી સંસ્કાર મળ્યા.

તે સમયે બાળ લગ્નનો રીવાજ. દશ વર્ષે પુરી માના લગ્ન સલાયા ગામના ભાટીયા કુટુંહમાં થયા એટલે પરણીને સાસરે ગયા.

શ્રીમહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે કે 'ભગવાન પોતાના જીવોને લૌકિકમાં સ્થિર થવા દેતાં નથી.' અથવા લૌકિક દુઃખએ ભગવદ્ કૃપાનું પ્રમાણ છે. પુરી મા હજુ ગૃહસ્થાશ્રમમાં ડગ માંડે તે પહેલાં બાર વર્ષની મુગ્ધાવસ્થામાં તેમનો સુહાગ છીનવાઈ ગયો. તેઓ બાળ વિધવા બન્યા. આ લગ્ન કેવળ જાણે

> **શ્રીમહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે કે 'ભગવાન પોતાના જીવોને લૌકિકમાં સ્થિર થવા દેતાં નથી.' અથવા લૌકિક દુઃખએ ભગવદ્ કૃપાનું પ્રમાણ છે. જાણકારોનું કહેવું છે પુરીમા એ રજો ક્ષત્રાણીનો અવતાર હતા. તાદશીપણાનો અનુભવ અનેક વૈષ્ણવોને પુરીમામાં થયો છે.**

ઋણાનુબંધ પુરુ કરવા માટે જ ન હોય !

થોડોક સમય માનસિક અસ્વસ્થતા તો જરૂર અનુભવી પરંતુ ભગવાને ઘડેલી નિયતિને પોતે સ્વીકારી લીધી. ભલું થયું ભાંગી જંજાળ સુખી ભજીશું શ્રીગોપાલ. નરસિંહ મહેતાની શિખામણ માથે ચઢાવી અને પહોંચી ગયા વૃંદાવન. મનમાં નક્કી કર્યું - 'એક વર્યો શ્રી ગોપીજન વલ્લભ નહી સ્વામી બીજો.' લીલાના જીવનું મન સંસારમાં આશક્ત કેવી રીતે થાય ? ન થવા દેવા માટે તો પ્રભુ આવી લીલા દેખાડે છે. ઘણા વર્ષો વૃંદાવનમાં વિતાવ્યા પણ આ મર્યાદા ભક્તિનો જીવ ન હતો. તેમને તો પુષ્ટિ પુરુષોત્તમને પામવા હતા. આધુનિક વૃંદાવનમાં તે ક્યાંથી મળે ? એટલે પાછા વતન બેટ દ્વારકા આવ્યા.

પુષ્ટિ સ્વરૂપ શ્રી દ્વારકાધીશજી અહીં જ બિરાજે છે જેની સેવા શ્રીમહાપ્રભુજીએ સ્વયં કરી છે. આચાર્ય ચરણ પણ અહીં બેઠકજીમાં સાક્ષાત બિરાજે. પુરી મા હવે અહીં જ રહી ગયા. શ્રી મહાપ્રભુજીની સેવામાં તેમનું મન લાગી ગયું, જાણે મનનો મણિગર મળી ગયો. ખુબ ભાવપૂર્વક સેવા કરવા લાગ્યા. મુળ લીલાનો જીવ. થોડા સમય પછી સ્વપ્નમાં ભગવદ્ આજ્ઞા થઈ એટલે દ્વારકામાં ગોપી તળાવની બેઠક પાસે રહેતાં એક જમનાબાઈ લુવાણા વૈષ્ણવને ઘેર જઈને રહ્યા અને રોજ ગોપી તળાવની બેઠકે જઈ શ્રીમહાપ્રભુજીની ટહેલ કરવા માંડયા. મન સદા શ્રીવલ્લભનું ચિંતન કરે. ગોપી તળાવ તો ભગવાનની રાસ સ્થળીનું સ્થાન. 'રાસ લીલૈક તાત્પર્ય' એવા શ્રીમદાચાર્યચરણોની કૃપાથી અનેક વખત તેમને અહીં નુપૂર ધ્વનિનો આસ્વાદ માણવા મળ્યો. દશેક વર્ષ આ બેઠકજીમાં તેઓએ સેવા કરી.

હવે પુરી મા પ્રકાશમાં આવ્યા હતાં. તેમની ભગવદીયતાનો લોકોને અનુભવ થવા માંડયો હતો. વૈષ્ણવો તેમને જાણતા થયા.

પાસે જ બરડીયામાં શ્રીગુસાંઈજીના બેઠકજી. કેટલાક સમયથી સેવાક્રમ બંધ પડેલો. થોડોક

સમય અલગ અલગ મુખ્યાજીઓ એ સેવા કરી પણ વ્યવસ્થિતક્રમ ચાલે નહીં. એક સમયે જુનાગઢથી ગો.શ્રી દાનીરાયજી પધાર્યા. તેનો જગુ નામનો ખવાસ જઈ ગોપી તળાવેથી પુરી માને બોલાવી લાવ્યો. પુરી માને તો શ્રીવલ્લભ કે શ્રીવિઠ્ઠલમાં ક્યાં ભેદ હતો. જાણે પિતા એ જ પુત્રની સેવા માટે તેમને અહીં મોકલ્યાં. બસ પુરી મા બરડીયાની બેઠકજી માટે અનિવાર્ય થઈ પડયાં. શ્રી ગુંસાઈજીને ખુબ લાડ લડાવ્યા. તેઓ ખુબ જ ભાવપૂર્વક સેવા કરે. વૈષ્ણવોની આગતા-સ્વાગતા કરે, પ્રસાદ લવડાવે. પુરી મા એ બરડીયાની બેઠકને વિશેષ પ્રસિદ્ધિ અપાવી.

દ્વારકામાં જ બીજી એક શ્રીમહાપ્રભુજીની બેઠક 'મુળ ગોમતા'માં આવેલી છે. ગોમતીજીનું મુળ અહીંથી છે. કાંઠે જ સુંદર શ્રી મહાપ્રભુજીના બેઠકજી. લગભગ ૫૦ વર્ષો સુધી આ બેઠકજીમાં પણ સેવાક્રમ બંધ પડેલો. બેઠકજી અવાવર થઈ ગયેલ. એક સમયે નિલી ગો.૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજ શ્રી અહીં પધાર્યા ત્યારે તેમણે સેવાક્રમ ચાલુ કરાવ્યો પણ વ્યવસ્થા સંભાળનાર કોઈ નહીં. ત્રીસેક વર્ષ પહેલા પોરબંદરવાળા ગો.શ્રી ગોવિંદલાલજીનો લગ્ન પ્રસ્તાવ હતો. ત્યારે તિલકાયત નિ.લી.ગો.૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રી અહીં પધાર્યા. બેઠકજીની અવ્યવસ્થા જોઈ. બરડીયામાં સેવા કરતાં પ.ભ. પુરીમાને આજ્ઞા કરી 'પુત્ર કી સેવા રીતી આપને બહુત અચ્છી તરહ સે નિભાઈ હૈ, અબ આપ કો મુળ ગોમતા બેઠક મેં પિતા કી સેવા કરની હૈ'. વલ્લભકુળની આજ્ઞા ઉથાપે તો વલ્લભીય શેના ? પુરી મા મુળ ગોમતા આવી ગયા.

હવે પુરીમા મુળગોમતાની બેઠકજીનો પર્યાય બની ગયા. જાણે સાચા સાસરે હવે આવ્યાં, પોતાના પ્રાણપ્રિયને રીઝવવા અહીં તેમને શ્રી વલ્લભને અનેક વિધ લાડ લડાવ્યા. શ્રીવલ્લભે પણ તેમને અનેક પ્રકારે સાનુભાવ જતાવ્યો. તેમનામાં તદીયત્વ પ્રગટયું. પુરીમા કહે તે સિદ્ધ થાય. વલ્લભની વાણી અફળ જાય જ નહીં. અનેક વૈષ્ણવો એ આનો અનુભવ કરેલો છે, જેઓ આજે પણ હયાત છે.

સન ૧૯૭૫ની વાત છે. અધિકમાસના દિવસો હતાં. રોજ શ્રીમહાપ્રભુજીના નીતનવીન મનોરથો કરે અને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવે. એક દિવસ રાજભોગ પછી વૈષ્ણવોનું સમાધાન કરી અનોસર કરવા જતા હતા ત્યાં ત્રણ ટ્રેક્ટર ભરી સો જેટલા વૈષ્ણવો આવી પહોંચ્યા. પુરીમાએ શ્રીના અનોસર ન કર્યા કારણ કે સામગ્રી પહોંચી ભોગ ધરી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવાનો હતો. ત્યારે ત્યાં દ્વારકા પાસે ધીનકી ગામના વૈષ્ણવ કરસન બાપા શ્રી મહાપ્રભુજીની ટહેલ કરે. ખુબ ભાવિક વૈષ્ણવ. અનોસર ન થતાં તેમને શ્રીઠાકોરજીને અંગુઠો બતાવી કહેવા માંડ્યું. 'લાલા તેરે કો બેઠે રહેનો પડેગો.' નાના છોકરા ખીજવે તેમ શ્રીને ખીજવવા માંડ્યા. ત્યાં તો આવેલા વૈષ્ણવોને અનુભવ થયો કે જાણે પ્રભુ આનંદથી નાચી રહ્યા છે અને કહી રહ્યા છે : મુઝે ઓર બઉઓ મીલેગો, મુઝે ઔર બઉઓ મીલેગો.' ત્યારના વૈષ્ણવોની આ અનુભવ વાણી છે.

એક સમયે બેઠકજીમાં બીરી માટે ચુરી ખલાસ થઈ ગયેલી. ભીતરીઆએ પુરીમાને આ વિશે જણાવ્યું ત્યારે પુરીમા ભીતરની સેવામાં હતાં. અંદરથી જ અવાજ દીધો કે 'જાઓ બહાર ચુરીકા પુડીકા આ ગયા હૈ.' સાચે જ એક છોકરો ક્યાંકથી આવી ચુરીનું પડીકું મૂકી ગયો હતો. આજે પણ ત્યાં સેવા કરતા મુખ્યાજી-ભીતરીયા અનુભવ કરે છે કે પુરીમાને યાદ કરો એટલે કોઈપણ ચીજ ક્યાંથી પણ હાજર થઈ જાય છે.

અઢાર વર્ષ પહેલા ભાટીયા ગામના એક વૈષ્ણવ ગોપાલભાઈ દાવડા આવેલા. તેમને સર્પ કરડ્યો ને બેભાન થઈ ગયાં. આ એક ઘાતક ઘટના હતી. પુરીમાએ તુરત જ બેઠકજીની વ્રજ રજ લઈ તેમના ઉપર ઘસી. ગોપાલભાઈ આળસ મરડી બેઠા થયાં જાણે કાંઈ થયું નથી. શ્રીવલ્લભ અને વલ્લભીયની લીલા અપરંપાર છે. ગોપાલભાઈ આજે ય હયાત છે.

ગુજરાત સરકારમાં કેટલાક સમય પહેલા મીનીસ્ટર રહેલા એક સદ્‌ગૃહસ્થ શ્રી બાબુભાઈને એકેય છોકરો નહીં. એક સમયે તેઓ બેઠકે દર્શન કરવા આવ્યા. પુરીમાને વાત કરી. પુરીમાએ

શ્રીવલ્લભમાં વિશ્વાસ રાખવા કહ્યું અને શબ્દો ઉચ્ચાર્યા 'એક નહીં બે દિકરા થશે.' ભગવદીયની વાણી ફળી.

'પ્રકટ વ્હે મારગ રીત દીખાઈ,' આ વધાઈ પુરીમાનું સૌથી પ્રિય કિર્તન. જે આવે તેની પાસે ગવડાવે. કિર્તન સાંભળી પોતે રસતરબોળ થઈ જાય અને વૈષ્ણવોને પણ રસાસ્વાદ કરાવે.

વડોદરાના એક વૈષ્ણવ બહેન ત્યારે મુળગોમતાની બેઠકે આવેલા. પુરીમા અંદર દૂધઘરની સેવામાં હતાં. આ બહેન ભોગ ધરી પાઠ કરવા બેઠા. ભોગ સરાવવા ટેરો ખોલ્યો તો પુરીમા સાક્ષાત શ્રી મહાપ્રભુજીને આરોગાવી રહ્યા છે તેવા દર્શન થયાં.

અનેક વૈષ્ણવોએ અનુભવ કરેલો છે કે તેઓ અનાયાસે બેઠકજીમાં જઈ ચઢે ત્યારે અગાઉ સુચના ન આપી હોય તો પણ જેટલા વૈષ્ણવો આવે તે સૌને તેઓ પ્રેમથી પ્રસાદ લેવડાવે. મુખ્યાજીએ જણાવ્યા મુજબ એક સમયે કેવળ ૨૫ માણસોની વ્યવસ્થા હતી તેમાંથી અચાનક આવી ચઢેલા ૧૦૦ વૈષ્ણવોને ભરપેટ પ્રસાદ લેવડાવી પુરીમાએ તૃપ્ત કર્યા હતા.

જાણકારોનું કહેવું છે પુરીમા એ રજો ક્ષત્રાણીનો અવતાર હતા. તાદશીપણાનો અનુભવ અનેક વૈષ્ણવોને પુરીમામાં થયો છે. તેમનાંમાં જ શ્રીવલ્લભનું સામાર્થ્ય પ્રકટે છે જેના દ્વારા સહજ રીતે ન સમજાવ તેવા કાર્યો આવા ભગવદીયો કરતાં હોય છે.

આવા પરમ ભગવદીય પુરીમાનો ભૌતિક દેહ સને ૧૯૯૩ના ડિસેમ્બર માસમાં પંચમહાભુતમાં વિલય થયો, પરંતુ પુરીમા સુક્ષ્મ શરીરે આજે ય શ્રીમહાપ્રભુજીની સેવામાં આ બેઠકજીમાં અસ્તિત્વ ધરાવે છે, તે ઘણાનો અનુભવ છે.

આવા અર્વાચિન ભગવદીયોનો ક્યારેક સત્સંગ થાય ત્યારે ૮૪-૨૫૨ વૈષ્ણવોના ભગવદીયત્વ વિશેનો આપણો ભાવ દ્રઢતર થાય છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુએ યથાર્થ જ ગાયું છે, '**હોં વારિ ઈન વલ્લભયન પર**'. ✿ ✿ ✿

સમર્પણ

સંસારના પદાર્થો ભક્તને માટે ભક્તિમાં બાધક થાય છે. માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ તેમનો ત્યાગ કરવાનું કહ્યું છે. પરંતુ તેઓ સમજાવે છે કે વ્યર્થ ત્યાગ કરવા કરતાં ભગવાનને સમર્પણ કરવું ઉત્તમ છે. તેથી પોતના માનેલાં સર્વ પદાર્થોનો ભગવાનની સેવામાં વિનિયોગ કરવાનો ઉપદેશ તેમણે આપ્યો છે. આમ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે અને ભક્તને તે પદાર્થોમાંથી આસક્તિ દૂર થઈ જાય છે. જેમ જેમ સંસાર આસક્તિ દૂર થતી જાય તેમ તેમ આપણી શ્રીકૃષ્ણમાં આસક્તિ વધતી જાય છે.

આ કારણથી પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ કરતી વખતે ભક્ત જે કાંઈ પોતાનું માની બેઠો છે તે દેહ ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મ, સ્ત્રી, પુત્ર, ઘરબાર, ધન ઈત્યાદિ સર્વ કાંઈ પ્રભુને સમર્પણ કરી દે છે. આમ તે પછી ભક્ત સમજતો થાય છે કે 'હવે મારું કાંઈ નથી, સર્વ કાંઈ પ્રભુનું છે.' આ સમર્પણનો ભાવ છે. સર્વનું સમર્પણ થતાં જીવની કોઈ સત્તા કે સ્વામીત્વ તે પદાર્થોમાં રહેતાં નથી.

આપણે જ્યારે કોઈક વ્યક્તિને કાંઈ વસ્તુ સ્વેચ્છાએ આપીએ ત્યારે તે તેને દાન કર્યું એમ કહેવાય. આપણે જ્યારે કોઈ વસ્તુ દાનમાં આપીએ ત્યારે આપણે તે વસ્તુના માલીક મટી જઈએ છીએ અને તેનો સ્વીકારનાર તેનો માલીક બની જાય છે. આમ જ્યારે આપણે કોઈ વસ્તુનું દાન કરીએ ત્યારે આપણો તેના ઉપરનો માલીક તરીકેનો હક્ક છોડી દઈએ છીએ. તે પછી દાન લેનાર તેનો માલીક બની જાય છે, માટે દાનમાં આપી દીધા પછી આપણાથી તે વસ્તુનો ઉપયોગ કરી શકાતો નથી.

એ જ પ્રકારે જ્યારે આપણે આપણી કોઈ વસ્તુ કોઈ દેવી-દેવતાને આપી દઈએ ત્યારે તેને 'અર્પણ કર્યું' એમ કહેવાય. જ્યારે આપણે અર્પણ કરીએ ત્યારે તે વસ્તુના

> સમર્પણ કરવાથી જીવનો મદ-અહંકાર ઓગળી જાય છે. તેનામાં નિઃસાધનતા અને દીનતા આવે છે. તેનો દાસભાવ જાગ્રત થાય છે.

માલીક આપણે રહેતા નથી, પરંતુ જેને આપણે અર્પણ કરીએ છીએ તે તેના માલીક બની જાય છે. આમ જ્યારે કોઈ દેવને કોઈ વસ્તુ અર્પણ કરવામાં આવે ત્યારે તે પછી આપણે તેનો ઉપયોગ કરી શકીએ નહીં. ખરેખર તો દાન અને અર્પણનો ભાવ એક જ પ્રકારનો છે. બન્ને બાબતમાં કોઈ વસ્તુમાંથી આપણે તેના ઉપરનો માલીકી હક્ક છોડી દઈએ છીએ અને તે વસ્તુ અન્ય કોઈની અથવા દેવી-દેવતાની બની જાય છે. અર્પણ કર્યા પછી તે વસ્તુ 'દેવ દ્રવ્ય' કહેવાય છે, જેનો ઉપયોગ આપણે પોતાના માટે કરી શકીએ નહીં, કારણ કે તેની માલીકી તે દેવ-દેવીની બની જાય છે.

પરંતુ પુષ્ટિમાર્ગમાં દાન કે અર્પણનો પ્રકાર નથી. આપણે જ્યારે બ્રહ્મસંબંધ કરતી વખતે પ્રતિજ્ઞા કરીએ છીએ ત્યારે આપણું જે કાંઈ છે, તેનું 'સમર્પણ' આપણે શ્રી પ્રભુને કરીએ છીએ. સમર્પણનો અર્થ છે - આપણી માલીકીનું જે કાંઈ છે તે આપણા સ્વામી શ્રીપ્રભુને અંગીકાર કરાવીને પછી પોતાના ઉપયોગમાં લેવું. અહીં આપણે આપણી વસ્તુઓ પ્રભુને અર્પણ કરતા નથી. આપણે બ્રહ્મસંબંધ દ્વારા શ્રીપ્રભુ સાથે દાસભાવથી બંધાયા છીએ. જેમ એક દાસ પોતાના સ્વામીની સેવા કરે તેમ આપણે શ્રીઠાકોરજીની સેવા કરીએ છીએ. દાસની સેવાના બદલામાં સ્વામી પોતાના ઉપયોગમાં લીધેલી વસ્તુઓ દાસને તેના જીવનનિર્વાહ માટે આપે તે સ્વામીનો પ્રસાદ કહેવાય. તેવી રીતે આપણે આપણા સ્વામી શ્રીઠાકોરજીની સાથે રહીએ, પ્રત્યેક આવશ્યક વસ્તુઓથી તેમની સેવા કરીએ અને તેમણે અંગીકાર કરેલી વસ્તુઓથી આપણે જીવન જીવીએ તેને 'સમર્પણ' કહેવામાં આવે છે.

બ્રહ્મસંબંધ કર્યા પછી શ્રીઠાકોરજીને, પધરાવી તેમની સેવાને મુખ્ય ગણી સેવામય જીવન જીવવું તેનું નામ 'સમર્પિત જીવન' છે. ત્યારે આપણામાં 'શ્રીઠાકોરજી મારા છે અને હું શ્રીઠાકોરજીનો છું' તેવો ભાવ રહે છે અને તે પ્રમાણે શ્રીઠાકોરજી માટે આપણે જીવીએ છીએ. આપણા જીવનના કેન્દ્રસ્થાને આપણા શ્રીપ્રભુ હોય છે. તેમનું સર્વ પ્રકારે સુખ તે આપણા જીવનનું ધ્યેય હોય છે.

સમર્પણનો સિદ્ધાંત પુષ્ટિમાર્ગની વિલક્ષણતા છે. અન્ય સંપ્રદાયમાં મર્યાદા ભક્તિનો પ્રકાર છે, જેમાં પૂજા-ઉપાસના આદિનું મહત્વ છે. પરમાત્માના માહાત્મ્ય જ્ઞાનને લઈને તેમનો આદર સન્માન કરવામાં આવે છે. પરંતુ તેમાં સ્નેહની અભિવ્યક્તિ અનિવાર્ય હોતી નથી. જયારે પુષ્ટિભક્તિના પ્રકારમાં શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંદ કરાવી કહ્યું કે : 'હવે તમે પ્રભુને સમર્પિત થયા છો તેથી તમારા ઘરમાં શ્રીઠાકોરજીને પધરાવી તમે સેવા દ્વારા તમારા સંપૂર્ણ સ્નેહની અભિવ્યક્તિ તેમનામાં કરો. તેમને સમર્પિત થઈને રહો. જે સ્વરૂપ તમારા માથે તમારા ઘરમાં બિરાજ્યું તેને જ તમારું સર્વસ્વ માનો. એને જ સમર્પિત બનો, એનાં જ સેવા-સ્મરણ કરો, એનામાં જ તમારા ચિત્તની એકાગ્રતા કરો.' માટે જ પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાની પ્રાધાન્યતા છે. શ્રી મહાપ્રભુજીએ આ એક વિલક્ષણ સાધના પ્રણાલી બતાવી છે.

સમર્પણ કરવાથી જીવનો મદ-અહંકાર ઓગળી જાય છે. તેનામાં નિઃસાધનતા અને દીનતા આવે છે. તેનો દાસભાવ જાગ્રત થાય છે. સમર્પણ કરતાં જીવને જ્ઞાન થાય છે કે 'વાસ્તવમાં મારું તો કાંઈ છે જ નહીં અને જે મળ્યું છે તે પ્રભુની કૃપાથી મળેલું છે. પ્રભુએ તે સર્વ મને પ્રભુના સુખ માટે, તેમની સેવામાં વાપરવા માટે આપ્યું છે. તેથી હું પ્રભુને તે અંગીકાર કરાવીશ.' પ્રભુ તેમનો અંગીકાર કરતાં તે પ્રભુનો પ્રસાદ બને છે. જેને પ્રભુના શ્રીઅંગ અને મુખનો સ્પર્શ થાય તે સર્વ વસ્તુ તેમજ આપણા દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ ઈત્યાદિ નિર્દોષ બને છે, પ્રભુને લાયક બને છે.

માટે શ્રી મહાપ્રભુજીએ સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરી છે કે બ્રહ્મસંબંધ કરનાર મનુષ્યે કદાપિ અસમર્પિત પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. પ્રભુને પ્રત્યેક પદાર્થ સમર્પિત કરવાની જે પ્રતિજ્ઞા લીધી છે, તેનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું આવશ્યક ગણાય.

બ્રહ્મસંબંધ કરવાથી જીવના પાંચ પ્રકારના દોષોની નિવૃત્તિ થાય છે, એમ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. આ દોષોનું પુનરાવર્તન ન થાય માટે અસમર્પિત એટલે કે પ્રભુને જે પદાર્થો અંગીકાર

કરાવવામાં ન આવ્યા હોય તેનો ત્યાગ એ અત્યંત આવશ્યક છે.

સમર્પિત જીવન માટે કેટલીક શરતો આવશ્યક છે.

(૧) આપણને આપણા શ્રીઠાકોરજી સાથે અનન્યતાનો દ્રઢ સંબંધ હોવો જોઈએ. આપણા ઠાકોરજી સિવાય અન્ય કોઈનો પણ આપણે વિચાર ન કરવો જોઈએ, આશ્રય ન કરવો જોઈએ.

(૨) આપણા શ્રીઠાકોરજીમાં આપણી સંપૂર્ણ શ્રદ્ધા અને નિષ્ઠા હોવી આવશ્યક છે. 'શ્રીઠાકોરજી મારા સ્વામી છે અને હું તેમનો દાસ છું' એવી અનન્ય નિષ્ઠા આપણે રાખવી જોઈએ.

(૩) આપણા ઠાકોરજીમાં આપણો સૌથી વિશેષ સ્નેહ હોવો આવશ્યક છે. કેવળ નિઃસ્વાર્થ ભાવ રાખી સંપૂર્ણ સ્નેહ સાથે શ્રીઠાકોરજીની સેવા કરવી જોઈએ. સાચો સ્નેહ એ સમર્પણનો મુખ્ય પાયો છે.

(૪) આપણા શ્રીઠાકોરજીની ખૂબ જ અનન્ય ભાવથી સેવા કરવી આવશ્યક છે. કેવળ ભાવ રાખીએ, શ્રદ્ધા રાખીએ, નિષ્ઠા રાખીએ કે સ્નેહ રાખીએ, પરંતુ જો શ્રીઠાકોરજીની સેવા ન કરીએ તો સંપૂર્ણ સમર્પણ થઈ શકતું નથી. શ્રીઠાકોરજી પ્રત્યેના આપણાં સ્નેહની અભિવ્યક્તિ તેમની સેવા દ્વારા જ થઈ શકે છે, માટે સેવા એ સમર્પણની પૂર્વશરત ગણાય.

સેવા દ્વારા પ્રત્યેક પદાર્થ પ્રભુને સમર્પિત થઈ શકે છે. માત્ર પ્રભુનો પ્રસાદ લેવાથી જ પુરૂં સમર્પણ થતું નથી. જ્યારે આપણે આપણું સંપૂર્ણ જીવન પ્રભુ કાજે, પ્રભુના સુખ માટે, પ્રભુની સેવા માટે જીવાય ત્યારે જ સંપૂર્ણ સમર્પણ થયું કહેવાય.

* * *

સેવાફલ

બ્રહ્મસુત્ર - **'આનન્દમયોઽભ્યાસાત્'** (૧-૧-૧૧)ની ચર્ચા કરતાં શ્રી મહાપ્રભુજી અણુભાષ્યમાં સમજાવે છે - 'તેણે એકલાને રમણ કરવું ગમ્યું નહીં, (માટે) તેણે બીજાની ઈચ્છા કરી અને તે પોતે જ આ દશ્યમાન જગતરૂપ બની ગયા.' એવા શ્રુતિવાક્યોના આધારે સ્પષ્ટ થાય છે કે તે પરમાત્મા ફલાનુરૂપ સાધના કરાવીને તદનુસાર ફલ પ્રદાન કરીને તે સ્વયં જગતમાં આવિર્ભૂત થઈને ક્રીડા કરે છે.

આ કથનમાંજ આ સૃષ્ટિમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ સર્વ કાંઈની બ્રહ્માત્મકતા સ્પષ્ટ થાય છે. એ જ બ્રહ્મવાદનો ફલિતાર્થ છે. જો આમ માનવામાં ન આવે તો જીવના સાધન અને ફલનું નિરુપણ કરવાવાળી શ્રુતિઓ 'જીવ પરક' સિદ્ધ થાય - 'બ્રહ્મ પરક' નહીં. વાસ્તવમાં કર્મ મીમાંસા અને બ્રહ્મ મીમાંસા બન્ને ફલાર્થમાં જીવ પરક નથી, બ્રહ્મપરક છે.

શ્રી મહાચાર્યચરણ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં જણાવે છે-

બહુ સ્યાં પ્રજાયેયેતિ વીક્ષા તસ્ય હ્યભૂત્સતી,
તદિચ્છામાત્રતસ્તસ્માદ્ બ્રહ્મભૂતાંશ ચેતનાઃ ।
સૃષ્ટયાદૌ નિર્ગતાઃ સર્વે નિરાકારાસ્તદિચ્છયા,
વિસ્ફુલિંગા ઈવાગ્નેસ્તુ સદંશેન જડા અપિ ॥

અર્થાત્ પ્રભુની ઈચ્છાથી જ બ્રહ્મભૂત અંશો ચેતનરૂપે સૃષ્ટિની પહેલાં નિરાકાર પ્રકટ થયા. અગ્નિમાંથી જેમ તણખા નીકળે તેમ પ્રભુના સત્ અંશ વડે જડ પદાર્થો પણ પ્રકટ થયા અને આનન્દાંશ સ્વરૂપે સર્વના અન્તર્યામી પણ ઉત્પન્ન થયા.

જીવ બ્રહ્મમાંથી છુટો પડે ત્યારે તે શુદ્ધ અવસ્થામાં હોય છે અર્થાત્ સત્-ચિદ્-

પરમાત્મા જેને ખોળે છે તે જ પરમાત્માને ખોળી શકે છે. 'યમે વૈષ વૃણુતે તેન લભ્ય' ભગવાન જેનું વરણ કરે તેને તે મળે. એ જ વિષ્ણુદાસ છીપાની વાર્તાનું રહસ્ય છે.

આનંદ સહિત બ્રહ્મના અલૌકિક ષડગુણો યુક્ત હોય છે. પરંતુ જીવનું બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ થતાં તેના ઐશ્વર્યાદિક ગુણોનું તિરોધાન થઈ જાય છે ત્યારે ભગવાન જે જીવોને જે પ્રકારનું ફળ આપવા ઈચ્છે તદનુસાર તેનું 'વરણ' કરે છે. ભગવાન જે જીવને ફળનું દાન કરવા ઈચ્છે છે તેને કયા સાધન દ્વારા ક્યારે અને કયુ ફળ આપવું તે પહેલેથી જ નક્કી કરી રાખતાં હોય છે. આને અનુક્રમે સાધન-વરણ, જન્મવરણ અને ફલવરણ કહેવામાં આવે છે. 'વરણ' એટલે પસંદગી. ભગવાન સર્વ તંત્ર-સ્વતંત્ર છે. પોતાની ઈચ્છાના સ્વતંત્ર માલિક છે અને તેથી કયા જીવને કેવું ફલ આપવું તે સ્વયં નક્કી કરે છે અને તદનુસાર જીવ શ્રીમદાચાર્ય ચરણે 'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ભેદ' ગ્રંથમાં દર્શાવિલ વિવિધ કોટીના જીવો-શુદ્ધ-પુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ, મર્યાદા, પ્રવાહિ ઈત્યાદિ વર્ગ પ્રાપ્ત કરે છે, અને જે તે કોટિને અનુરૂપ ભગવાન તે જીવને ફલ પ્રાપ્તિ કરાવે છે. આમ સ્વરમણને માટે જીવનું ભગવાન દ્વારા 'વરણ' એ જીવના ફલ પ્રાપ્તિનો મૂળ આધાર છે. કઠોપનિષદ આ તથ્યની પુષ્ટિ કરતાં કહે છે - **'નાયમાત્મા પ્રવચને ન લભ્ય, ન મેધયાં, ન બહુનાશ્રુતેન ચમે વૈષવૃણુતે તેન લભ્ય'** - તે જેનું વરણ કરે છે તેને તે પ્રાપ્ત થાય છે. આમ જીવને કયા પ્રકારની ફલ પ્રાપ્તિ કરાવવી તે ભગવાનની સ્વયંની ઈચ્છા પર નિર્ભર છે. ઉપર ઉપક્રમમાં કહ્યું તેમ કર્મ કરાવનાર ભગવાન છે અને તદનુસાર ફલ આપનાર પણ ભગવાન છે અને એ જ બ્રહ્મની ક્રીડાનું તથ્ય છે.

શ્રી મદાચાર્યચરણ નિબંધગ્રંથના સર્વનિર્ણય પ્રકરણમાં આજ્ઞા કરે છે - **'સ્વધર્માચરણં શક્ત્યા'**, પ્રત્યેક જીવે સ્વધર્મનું આચરણ શક્તિ મુજબ કરવું જોઈએ. સિદ્ધાંત મુક્તાવલીમાં સ્વધર્મને સમજાવતાં આપશ્રી આજ્ઞા કરે છે - **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** વળી ચતુઃશ્લોકીમાં ધર્મ પુરુષાર્થને સમજાવતાં કહે છે - **'સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપ:, સ્વસ્યામેવ ધર્મો હિ, નાન્યક્વાપિ કદાચન.'** અત્રે જીવના એક માત્ર કર્તવ્ય તરીકે શ્રી વલ્લભાચાર્યજીએ કૃષ્ણ સેવાને ઉપદિષ્ટ કરી છે. જ્યારે જીવનું વરણ ભગવાને 'પુષ્ટિ જીવ' તરીકે કર્યું છે ત્યારે તેનું કર્તવ્ય માત્ર

શ્રી કૃષ્ણ સેવા છે, કારણ કે તેઓ તે જીવનો નિરોધ પોતાનામાં કરાવવા ઈચ્છે છે અને તેના દ્વારા તેને ઉત્તમોત્તમ ફલની પ્રાપ્તિ કરાવવા માંગે છે. અહીં 'નિરોધ' એટલે કેવળ યોગ દર્શનમાં બતાવેલ ચિત્તવૃત્તિનો નિરોધ નહીં, પરંતુ પુષ્ટિભક્તિરુપ નિરોધ જે શ્રી કૃષ્ણના સંયોગ અને વિયોગની ઉંડાઈથી અનુભૂતિ કરવા માટે છે. કેવળ ચિત્તવૃત્તિ જ નહીં પણ દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આત્મા તથા અન્ય આત્મીય વસ્તુ અને પરિવારજનો શ્રી કૃષ્ણના ભજનમાં અને સેવામાં વિનિયોગ કરવો અથવા તેમ કરવા તેમને તત્પર બનાવવા એ જ પુષ્ટિમાર્ગીય નિરોધ આપે અહીં બતાવ્યો છે. નિરોધની વ્યાખ્યા કરતાં શ્રી મહાપ્રભુ સમજાવે છે **'નિરોધ એટલે પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ'** એટલે કે પ્રપંચ (જગત)ને સર્વથા ભૂલીને ભગવાનમાં જ અનન્યતાપૂર્વક આસક્ત થઈ જવું તે નિરોધનું સ્વરૂપ લક્ષણ છે. ભગવાનનું ભક્તોમાં અને ભક્તોનું ભગવાનમાં તલ્લીન થઈ જવું તેવી કથાનું વર્ણન શ્રી ભાગવતજીના દશમ સ્કંધમાં નિરોધ લીલાના રુપમાં કરેલું છે. ત્યાં કહ્યું છે કે ભક્ત જ્યારે સ્વભાવ અનુરૂપ ધારણ કરેલી ભગવદ્ લીલામાં સંમિલિત થઈ જાય છે તેવી લીલાને **'ફલ નિરોધ'** કહેવાય છે. તેના કારણે ભક્તના હૃદયમાં માનસી સેવા, સર્વાત્મ ભાવ સિદ્ધ થાય છે અને તેના ફલ સ્વરુપે ભક્ત ભગવાનમાં તન્મનસ્ક, તદાલાપ, તદ્વિચેષ્ટ, તદાત્મક, તદ્ગુણવાન પરાયણ બનીને પોતાના દેહ-ગેહની સૂધ-બૂધ ખોઈ બેસે છે, ભક્ત ભગવાનમાં જ મનવાળો બને છે, તેની જ વાતો કરતો થાય છે, તેના અર્થે તેવી જ ચેષ્ટાઓ કરે છે, તેમનામાં જ આત્માવાળો અને તેમના જ ગુણગાનમાં પરાયણ બની જઈ પોતના શરીર ઈત્યાદિનું સાન-ભાન ખોઈ બેસે છે. આ વ્યસનની દશા છે. એ ભજનાનંદની પ્રાપ્તિની પરાકાષ્ટાની દશા છે.

વાસ્તવમાં પરમાત્મા જેને ખોળે છે તે જ પરમાત્માને ખોળી શકે છે, અર્થાત્ પરમાત્મા જેને મળવા ઈચ્છે છે તે જ પરમાત્માને મળી શકે છે. આનું તાદશ્ય ઉદાહરણ આપણને શ્રીમહાપ્રભુજીના સેવક વિષ્ણુદાસ છીપાના વાર્તા પ્રસંગમાં જોવા મળે છે. ત્યાં એવો સંકેત મળે છે કે જાણે શ્રી

મહાપ્રભુજી વિષ્ણુદાસને શોધી ન રહ્યા હોય ? તેમણે જાણે વિચારી લીધું હતું કે આ દૈવીજીવ ઉત્તમજીવ છે, તેને છોડવો નથી. પ્રસંગમાં આવે છે કે વિષ્ણુદાસે ચાર ગણુ મુલ્ય માંગવા છતાં શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ તેની પાસેથી છીંટ ખરીદી લે છે. આટલું અધિક મૂલ્ય પ્રાપ્ત થતાં વિષ્ણુદાસને શંકા થાય છે કે આ જરૂર કોઈ મહાપુરુષ હશે જેને ભાવતાલ કર્યા વગર મારી પાસેથી બધી છીંટ ખરીદી લીધી. જો તેનું દ્રવ્ય પોતાના ઘરમાં આવશે તો અનર્થ થશે. તેથી તે કૃષ્ણદાસ પાસે પાછા આવી કિંમત પરત કરી પોતાની છીંટ પાછી માંગે છે પરંતુ કૃષ્ણદાસ તેને 'ના' કહે છે અને જરૂર હોય તો વધુ દ્રવ્ય આપવાની તૈયારી બતાવે છે. કૃષ્ણદાસ તે છીપાને કહે છે કે છીંટના તાકા હવે કોઈ પણ ઉપાયે પાછા મળશે નહીં અને આચાર્યજી પોતાના સેવક સિવાય કોઈનું કાંઈ લેતા નથી. વિષ્ણુદાસે પુછતાં કે આચાર્યજી કોણ છે ? ક્યાં છે ?, ત્યારે તેઓ તેને શ્રી મહાપ્રભુજી પાસે લઈ જાય છે. તેઓ તેને શરણે લઈ 'સેવાફલ' ગ્રંથ રચી સંભળાવે છે જેનાથી વિષ્ણુદાસને બધા શાસ્ત્ર પુરાણોનું જ્ઞાન થઈ જાય છે અને તેના હૃદયમાં માર્ગનો સિદ્ધાંત હૃદયારુઢ થાય છે.

સેવાફલ ગ્રંથ તેમજ તેનું વિવરણ શ્રી મહાચાર્યચરણ પાસેથી સાંભળ્યા પછી વિષ્ણુદાસ થોડા કપડાં છાપે છે અને આગ્રા જઈ તે વેચી આવી તેનાથી પોતાનો નિર્વાહ ચલાવે છે. બાકીના સમયે રાત-દિવસ તેઓ માનસી સેવામાં મગ્ન રહે અને શ્રી સુબોધીનીજીના ભાવમાં તલ્લીન રહે.

શ્રી આચાર્યચરણે પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ ગ્રંથમાં **'ભગવાનેવ હી ફલમ્'** કહી પુષ્ટિ ભક્તિમાર્ગમાં ભગવાનને જ 'ફલરૂપ' માન્યા છે. ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે ભગવાન ભૂતળ પર બે પ્રકારે પ્રગટ થતાં હોય છે - (૧) સ્વરૂપથી અને (૨) ગુણથી. સ્વરૂપથી પ્રાકટ્યને 'બાહ્યસંયોગ' કહે છે કારણ કે જ્યારે ભગવાન ભક્તોના વચ્ચે પ્રગટ થાય ત્યારે દર્શન-વાતચીત-સ્પર્શ ઈત્યાદિ કીડા દ્વારા ભક્તને તેનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. જ્યારે ગુણથી પ્રાકટ્યને 'આન્ત્‌રસંયોગ' કહે છે કારણ કે તેમાં ભગવાન ગુણગાનાદિ દ્વારા ભક્તના હૃદયમાં પ્રગટ થાય છે

અને તેના દ્વારા ભક્તને ભગવાનની આનન્દાનુભૂતિ થાય છે.

સેવાફલ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ ત્રણ ફલ બતાવ્યા છે. તે છે (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજય (૩) વૈકુંઠાદિમાં સેવાપયોગી છે.

અલૌકિક સામર્થ્ય વિશે આ ગ્રંથના સર્વ ટીકાકારો પુષ્ટિજીવના અસામાન્ય અધિકારની દૃષ્ટિથી તેનો અર્થ કરે છે. અલૌકિક સામર્થ્યનું ફલ એ જીવકૃતિ કે પ્રભુના સાધારણ અનુગ્રહથી લભ્ય થતું નથી, પરંતુ ભગવાન જયારે જીવ પર અત્યાધિક, અનુગ્રહ કરે ત્યારે તે ઉપલબ્ધ થાય છે. માટે જ શ્રી મહાપ્રભુજી 'અલૌકિકસ્ય દાને હી' એમના ગ્રંથમાં કહે છે.

ઉપરોક્ત વિષ્ણુદાસ છીપાના વાર્તા પ્રસંગમાં તેમના સ્નેહનો આધાર અને વિષય ભગવાન સ્વયં જ હોવાથી એમનામાં ભગવદ્જ્ઞાન, ઐશ્વર્યાદિ ગુણોનું સંક્રમણ થાય છે. જેમ કાષ્ટની નિકટ અગ્નિ આવે ત્યારે કાષ્ટમાં ઉષ્ણતા પ્રગટે છે. તેમ પુષ્ટિભક્તમાં જેમ જેમ પ્રભુનું નિકટત્વ વધે છે તેમ તેમ જીવમાં, ભગવદ્ ધર્મરૂપ પ્રીતિ પણ વધે છે અને તેથી જ આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી 'પ્રીતિસ્તુ ભગવદ્ધર્મા' એમ આજ્ઞા કરે છે, એટલે કે પ્રીતિ એ ભગવાનનો આત્મરતિરૂપ ધર્મ છે અને ભગવાનની સેવાદિથી પ્રભુની નિકટ જવાથી ભક્તના હૃદયમાં ભગવત્પ્રીતિ પણ વૃદ્ધિ પામે છે.

શ્રીવલ્લભાચાર્યજી પુષ્ટિભક્તિના ફલ સ્વરૂપે બીજુ ફલ 'સાયુજય' બતાવે છે. ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પુષ્ટિભક્તના વિલયને 'સાયુજય' કહેવામાં આવે છે. અલૌકિક સામર્થ્યની તુલનામાં સાયુજય એ ગૌણફળ છે. સાયુજયને પુષ્ટિભક્તની વિદેહ મુક્તિ કહી શકાય, કારણ કે પરમાત્મામાં વિલય થતાં પૂર્વે દેહ-ઈન્દ્રિયાદિનો પણ વિલય પંચમહાભૂતોમાં થઈ જતો હોય છે અને તેથી તે ભગવાનના દર્શન - સ્પર્શ - શ્રવણાદિનું સુખ પ્રાપ્ત કરી શકતો નથી જે અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત ભક્તને મળે છે. સાયુજય ફળ પ્રાપ્ત જીવને જો ભગવાન ઈચ્છે તો સ્વરુચીથી તે જીવને પોતાના સ્વરૂપમાંથી બહાર પ્રગટ કરીને પોતાના વૈકુંઠાદિ દિવ્ય-અલૌકિક ધામોમાં દિવ્ય દેહ આપીને

પોતાની સેવાનો અવસર પુનઃ આપી આપે છે. આ સાયુજય ફળ મર્યાદામાં જ્ઞાનાદિકથી થતાં બ્રહ્મના સાયુજયથી ભિન્ન છે કારણ કે તેમાં તો જીવનું કાયમ માટે બ્રહ્મમાં લીન થઈ જતું તે છે.

શ્રી વલ્લભાચાર્યજી સેવાફલ ગ્રંથમાં ત્રીજા ફલ તરીકે વૈકુંઠાદિમાં સેવાપયોગી દેહની પ્રાપ્તિ બતાવે છે. આ ફળ જે જીવોનો પુષ્ટિ પ્રવાહમાં અંગીકાર થયો છે, તેને પ્રાપ્ત થાય છે.

ભાગવતના તૃતિય સ્કંધના પાંચમા અધ્યાયની સુબોધિનીજીમાં પણ શ્રી મહાપ્રભુજી એ સેવાફલની જેમ જ ભક્તિના ત્રણ ફલ બતાવ્યા છે. (૧) જીવમુક્તિ, (૨) સાયુજય અને (૩) વૈકુંઠલોક પ્રાપ્તિ.

આ ભૂતલ પર સેવા કરતાં કરતાં બધી ઈન્દ્રિયોથી ભગવદનુભૂતિના રૂપમાં જીવમાં અલૌકિક સામર્થ્ય પ્રગટ થાય છે. તે જ પુષ્ટિમાર્ગીય જીવમુક્તિ છે, જેને ફલનિરોધ, સર્વાત્મભાવ, વ્યસનોત્તર શ્રુતાર્થતા તનુનવત્વ કે માનસી સેવા ઈત્યાદિના અર્થમાં એક જ અવસ્થાનું વિભિન્ન પાસાઓનું નિરૂપણ છે.

* * *

'भक्तैः फलरुपतां तदैव भवति यदा भजनाद्रसोऽभिव्यक्तो भवति बहुधा।'

અર્થાત્ જ્યારે ભજનથી બહુ રીતે રસ પ્રગટ થાય ત્યારે જ ભક્તિ ફલરૂપ થાય છે.

(સુબોધિનીજી -૩.૨૫.૪૦)

જગદીશની જગ વ્યવસ્થા

ઉપનિષદમાં કહેવાયું છે 'ભગવાનને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ' અને પોતે જગતરૂપ બન્યા. પોતાના આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મમાંથી ત્રિગુણાત્મક દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહેશને ઉત્પન્ન કર્યા અને સૃષ્ટિના સર્જન, પાલન અને વિલયનું કાર્ય સોંપ્યું. ત્યારથી જગતનો ઘટનાક્રમ અવિરતપણે ચાલે છે.

ખુબ જ બારીકાઈથી નિરિક્ષણ કરીએ તો આપણને લાગે કે 'ઈન્ફોર્મેશન ટેકનોલોજી' નો ઉપયોગ ભગવાને પ્રથમ દિવસથી જ શરૂ કરી દીધો હતો. સમગ્ર વિશ્વની વિવિધ ઘટનાઓ માટેના સોફ્ટવેર પોતે જ તૈયાર કરી દીધા હશે અને સારીયે વ્યવસ્થાને કોમ્પ્યુટરાઈઝ્ડ કરી લીધી હશે. એનું મોનીટરીંગ જગન્નિયંતા પોતે જ કરતા હોવા જોઈએ કારણ કે સમસ્ત બ્રહ્માંડના સુનિયંત્રીત સંચાલન માટે અન્ય કોઈ જ કર્મચારી દષ્ટિગોચર થતો નથી. ઉપનિષદ કહે છે. જગતની ઉત્પત્તિ-સ્થિતિ-ગતિ અને લયનું કારણ બ્રહ્મ જ છે. બ્રહ્મસુત્ર 'જન્માદ્યસ્ય યતઃ'માં આજ વાત સમજાવવી છે.

ગીતાજીમાં ભગવાને સ્વયં સૃષ્ટિ સંચાલનનું તત્વજ્ઞાન સમજાવ્યું છે. કર્મયોગી માટે કર્મની પ્રધાનતા બતાવી છે તો ભક્તિયોગમાં ભક્તિનો મહિમા ગાયો છે. કર્મ કરાવનાર પણ પોતે અને કર્મ અનુસાર પ્રાણીમાત્રને ફળ આપનાર પણ પોતે જ. તેમની

આ બેઠકજીની મુલાકાતે આવનારને ચોક્કસ સમજાઈ જાય કે જગન્નિયંતાની જગ વ્યવસ્થા પણ આમ જ ચાલતી હોવી જોઈએ. પોતે જ દોરી સંચાર કરે જાય અને કમ્પ્યુટરાઈઝડ વ્યવસ્થાની માફક જગતનો વાહવાર સ્વયં સંચાલિત પણે ચાલ્યા જ કરે. સ્વયં શ્રી ગુસાંઈજીની આજ્ઞા માની હિરામા ત્યાં આવી ગયા. તેઓ કહે 'શ્રી વલ્લભકુળની આજ્ઞા કેમ ઉથાપાય ? બસ તે વાતને ૩૬ વર્ષના વ્હાણાં વાઈ ગયા. ત્યારથી જ આજ મારું ઘર અને વિઠ્ઠલ મારું સર્વસ્વ.

પોતાની ઈચ્છા વગર એક પાંદડું પણ ન હાલી શકે છતાં પોતે અલિપ્ત, જાણે આ જગતથી તેમને કાંઈ લેવા દેવા નથી. બસ પોતે આનંદ લીધા કરે. માટે જ શ્રી મહાપ્રભુજી ભાગવતાર્થ પ્રકરણમાં આજ્ઞા કરે છે કે 'આ જગત એ ભગવાનની આનંદમયી લીલા છે.'

પરંતુ આપણને વિચાર આવે કે કોણ આ બધાના લેખા જોખા રાખતું હશે. આટલી સુનિયંત્રીત રીતે ચાલતી વ્યવસ્થા કઈ રીતે નભતી હશે ? કીડીને કણ હાથીને મણની વ્યવસ્થા કઈ રીતે થતી હશે ? પ્રાણી માત્ર ભુખ્યા ઉઠે પણ જગદીશ કોઈને ભુખ્યા સુવાડતો નથી. પ્રત્યેકને પોતપોતાની આવશ્યકતાનુસાર ભોજન મળતું જ હોય છે.

અહંકારી જીવને ગાડા નીચે ચાલનાર કુતરાની માફક લાગે કે ભાર હું જ વહન કરુ છું. જ્યારે દૈન્યભાવવાળા ભક્તને લાગે ભગવાન તેની સાથે ને સાથે રહી તેને ભાગે આવેલ જવાબદારી ઉપાડવાનું બળ આપે છે. આ કેવી લીલા ! કેવી વ્યવસ્થા ! કઈ રીતે ચાલતું હશે આ બધું ?

આ સમજવા ચાલો આપણે દ્વારકા પાસે આવેલ બરડીયામાં બિરાજતા પ્રભુચરણ શ્રી ગુસાંઈજીના બેઠકે જઈએ.

શ્રી ગુસાંઈજીએ દ્વારકા પધારતાં બરડીયામાં રામ-લક્ષ્મણના દેરા પાસે મુકામ કર્યો હશે. જંગલમાં એકાંત સ્થળ. દ્વારકાથી સાતેક કિ.મી. થાય. આસપાસ કોઈ જ વસ્તી નહીં. કોઈ શહેર સુવિધા નહીં. હાઈવે થી દોઢેક કિલોમીટરનો પાકો રસ્તો હવે થયો હશે. ખાસ વાહન કરી ત્યાં જવું પડે.

આવા નિર્જન સ્થળમાં શ્રી ગુસાંઈજીના બેઠકજી આવેલાં છે. નિ.લી.ગો. ૧૦૮ શ્રી નટવરગોપાલ (વેરાવળવાળા) મહારાજશ્રીના માથે આ બેઠકજી બિરાજે છે. તેમની આજ્ઞાથી પરમ ભગવદિયા 'હિરા મા' અહીં સેવા સંભાળે છે. એક શતકનું આયખું છતાં માંડ ૭૦ વર્ષના હિરા માની સ્ફુર્તિ યુવાનને શરમાવે તેવી છે. ચાલીસેક વર્ષથી અવિરતપણે શ્રીગુસાંઈજીને એકલે હાથે લાડ લડાવે

છે. ન કોઈ મુખિયાજી ન ભિતરીયા કે જળધરીયા. જે ગણો તે સ્વયં પોતે. થોડા સમયથી તેમની દીકરીનો દિકરો અને વહુ તેમની પાસે રહે છે અને ટહેલ કરે છે. ગૌશાળામાં પંદરેક ગાયો છે. ગોવાલ પણ હિરા મા.

બેઠકજીનું ડેલીબંધ પાકુ મકાન છે. વૈષ્ણવોને ઉતરવા માટે નવ સંડાસ-બાથરૂમના સગવડવાળી રુમો બની છે. નીજ મંદિર આગળ એક વિશાળ હોલ થોડા વર્ષ પહેલા બનાવવામાં આવ્યો છે.

રોજ ૫૦-૧૦૦ વૈષ્ણવની અવર જવર થાય. ક્યારેક પાંચ જ હોય તો ક્યારેક ૫૦૦ પણ થાય. સમય કસમયે વગર જાણ કરે સૌ આવ્યા કરે. સૌ બે હાથ જોડી માને જય શ્રીકૃષ્ણ કહે. મા હસતે મોંઢે જય શ્રી કૃષ્ણનો પ્રતિસાદ પાડે. જેને ઝારી ચરણ સ્પર્શ કરવા હોય તેને માટે અપરસની વ્યવસ્થા કરે. ન કરવા હોય તે દર્શન કરી ધન્યતા અનુભવે. શ્રી ઠાકોરજીને અનોસર થાય એટલે મા કહે 'સૌ બેસી જાવ પ્રસાદ લેવા.' સૌને આગ્રહ કરી પ્રસાદ લેવડાવી તૃપ્ત કરી પ્રસાદી બીડા આપે.

સંપ્રદાયના પ્રત્યેક ઉત્સવોમાં શ્રી ગુસાંઈજીને અનેકવિધ લાડ લડાવે. નીત નવીન સાજ, નીત નવીન આભરણ શ્રૃંગાર, સામગ્રીનું તો પુછવું જ શું ? કહે છે શ્રી ગુસાંઈજી માંગીને આરોગે છે.

મા પોતે જ આવેલ વૈષ્ણવોના ઉતારાની ચિંતા કરે. ગાદલા ગોદડા આપે. નાના છોકરાઓ સાથે હોય તો દૂધ આપે. કલેવું આપે. વૈષ્ણવો શ્રી ઠાકોરજીને પધરાવીને આવે તો તેમની સેવાની પણ બધી જ સગવડ કરી આપે. સમય સમયના ભોગની પણ વ્યવસ્થા સાચવે. વૈષ્ણવો શ્રી ઠાકોરજીને અનોસર કરી દ્વારકા વગેરે જાય અને મોડું થાય તો મા પ્રેમથી શ્રીના બધા જ સ્વરુપોને ઝાંપીજીમાં પોઢાડે. મંગળાથી શયન પર્યંતનો સંપ્રદાયની રીત મુજબનો બેઠકજીનો સેવાક્રમ. વચ્ચે આવનાર વૈષ્ણવોને ઝારી-ચરણસ્પર્શની વ્યવસ્થા. મેવો સિદ્ધ કરવો હોય, દૂધઘર ધરવું હોય તો તે

સર્વે માટે આવશ્યક બધી જ વ્યવસ્થા. ફૂલઘર-શાકઘર-પાનઘરની સેવા પણ સૌ પાસે કરાવે. મેંડ મર્યાદા શીખવે. આચાર-વિચાર માટે ટકોર પણ કરે. આટઆટલું કરવાં છતાં જાણે પોતે નવરાને નવરાં. સમય મળે સૌને સત્સંગ કરાવતાં હોય. અવનવા પ્રસંગો વર્ણવતાં હોય. કિર્તનના પણ રસીયા. હાર્મોનિયમ તબલા વગાડવાનો પણ શોખઃ કલારસિક શ્રી વિઠ્ઠલનાથજીને સર્વ પ્રકારે રીઝવવાનો પ્રયાસ. આવું અદ્વિતિય વ્યક્તિત્વ એટલે 'હિરા મા.'

પ્રથમ વાર અહીં આવનારને અચંબોજ લાગે. આટ આટલી વ્યવસ્થા કઈ રીતે સચવાતી હશે ? સામાન્યતઃ સો માણસનું રસોડુ ચલાવતી લોજ વીશીમાં કેટલા માણસો જોઈએ ? રસોઈઆ પીરસણીયા, ઘાટી, મહેતાજી વગેરે વગેરે. એક વ્યાપારિક પેઢી ચલાવવી હોય તો તેનો જનરલ મેનેજર અન્ય કાર્યોના મેનેજર, કલાર્ક, પ્યુન, એકાઉન્ટ વગેરે કેટલો સ્ટાફ જોઈએ.

પરંતુ આ બેઠકજીનો વહિવટ તો હિરા મા દ્વારા શ્રી ગુસાંઈજી જ ચલાવતા હોવા જોઈએ. ન કોઈ રસીદ ન વાઉચર ન મહેતાજી. ચીજવસ્તુઓ ખરીદવા માટે કોઈ મુનીમ પણ નહીં. વૈષ્ણવો જે સેવા કરવાની પ્રેરણા થાય તે હિરા માને રોકડું આપી. પોત પોતાની રીતે અનાજ-શાકભાજી મેવો પણ પધરાવી દે. કોણ લાવ્યું અને ક્યાંથી આવ્યું કાંઈ જ ખબર ન પડે. થોડા સમય પહેલાં અહીં ધર્મશાળા - હોલ નવા બન્યા. પણ ન તેને માટે કોઈ અપીલ, ન સેવા ઉઘરાવવાની યોજના. બધું જ જાણે સ્વંય સંચાલિત ન હોય. હિરા માની આત્મીયતા જ આ સર્વમાં નિમિત્ત. સૌને લાગે આ મા અમારા છે. શ્રી ગુસાંઈજી અમારા છે. આ બેઠકજી અમારા છે. સર્વને આવી પ્રેરણા થાય અને બેઠકજીનો વહિવટ નિરંતર ચાલ્યા કરે છે.

આ બેઠકજીની મુલાકાતે આવનારને ચોક્કસ સમજાઈ જાય કે જગન્નિયંતાની જગ વ્યવસ્થા પણ આમ જ ચાલતી હોવી જોઈએ. પોતે જ દોરી સંચાર કરે જાય અને કમ્પ્યુટરાઈઝ્ડ વ્યવસ્થાની

માફક જગતનો વાહવાર સ્વયં સંચાલિત પણે ચાલ્યા જ કરે.

માટે જ કોઈક ગાયું છે -

શામળાએ રચી છે સરકાર
તેનો પામે ન કોઈ પાર - શામળાએ...
સૂરજ એનો સેનાપતિ અને ચાંદો છે સરદાર
મેઘરાજાને મંત્રી બનાવ્યો આ પવન પહેરેદાર.. શામળાએ...
એના રાજ્યમાં લાંચ કે રુશ્વત કોઈ નથી લેનાર
ચુક પડે નહીં તેવો ચાલે કાયમનો કરભાર.. શામળાએ...
કાયદામાં નથી કરતો એ ફોગટના ફેરફાર
વાવ્યું લણવું તેવો સૌને આપી દીધા અધિકાર.. શામળાએ...
પાણીનો કદી પૈસો ન માગે તેજનો ય તલભાર
હવાની હકશાહી નથી તેના ભરીયા છે ભંડાર.. શામળાએ...
અરજી કરે કોઈ આંસુડાથી તેનો કરતો તે ઉદ્ધાર
ભુલ કરે તેનો ભાર ઉપાડી તારી દે ભવપાર.. શામળાએ....
ઘડવૈયો પોતાને જ ઘાટ જ પોતે, પોતે ભાંગણહાર,
જો કે ન જાતો સેવામાં ઝાઝાં કરીએ ગુહાર.. શામળાએ...

આવો, જગદીશની જગ વ્યવસ્થામાં નિમિત્ત બનનાર પ.ભ.શ્રી હિરા માનો થોડો વિશેષ પરિચય મેળવીએ.

બેઠકજીઓના જીર્ણોદ્ધાર નિમિત્તે ગો.વા.શ્રી રમેશભાઈ પરિખ સાથે થોડા વર્ષે પૂર્વે બરડીયા

જવાનું થયું ત્યારે પહેલીવાર તેમના દર્શન કરેલાં. દ્વારકા જતાં મુકામ બરડીયા કરેલો એટલે રાત્રે તેમનો સંત્સંગ પ્રાપ્ત થયો હતો.

અમે પૂછેલું - મા કેટલા સમયથી શ્રી ગુસાંઈજીની સેવા કરો છો ? પરચારગીમાં કોણ કોણ ? કેટલા માણસનો સ્ટાફ અહીં હશે ? મા કહે - 'અહીં સેવા શ્રી પ્રભુચરણની સેવામાં ૩૬ વર્ષ પૂરા કર્યા. આજે ૯૮ વર્ષની છું. આ બે છોકરીઓ મારી પ્રપૌત્રીઓ છે. તેમના નાના છોકરાઓ મારી પાંચમી પેઢીએ. ક્યારેક મળવા આવે તો મારી સાથે ટહેલ કરે. બાકી તો હું, એક ગોવાળ જે છાણ વાસીંદુ કરે અને ત્રીજો મારો ''ઠાકર'' જેને હમણાં જ હું પોઢાડીને આવી.'

સાંભળીને આશ્ચર્ય જ થાય ને ? વળી પૂછ્યું 'મા, રાત્રે એકલા ડર ન લાગે?' ઘોર જંગલમાં ન તો આસપાસ વસ્તી છે. મા કહે 'હજાર હાથવાળા ધણીની છત્રછાયા હોય ત્યાં ભય કેવો ? ડર તો અહીં ડોકાતો ય નથી. અહીં ક્યાંય તાળા લગાવેલા નથી. પ્રભુ સ્વયં રક્ષા કરે છે. આટલા વર્ષોમાં કોઈ અઘટીત ઘટના ઘટી નથી. ગૌશાળામાં પાંચ ગાયો છે. દરેક ૧૦ લિટર દૂધ આપે. સવારમાં હું સ્વયં દોહું. દિવસ આખો હરિ ગુરુ વૈષ્ણવની સેવામાં પસાર થાય. એટલે આનંદ જ આનંદ. સમય બે સમયે વૈષ્ણવો આવે. આચાર્ય બાળકો પધારે. ક્યારેક બે-ચાર બસો કે વધુ મોટો સમુહ પણ આવી જાય. પરંતુ શ્રી ગુસાંઈજી તો પરમ કૃપાળુ છે. અહીંથી પ્રસાદ લીધા વગર કોઈ પાછું ન જાય. દિવસભરની સેવા ટહેલ પહોંચી રાત્રે વધેલા દૂધનો માવો કરી દૂધઘરની સામગ્રી તૈયાર કરીને પછી જ સૂવાનું, અને તે પણ અપરસમાં જ રહેવાનું. રખને મોડેથી કોઈ ગોસ્વામી બાલક પધારે તો ? એમને શ્રમ ન પડેને ? આમેય ૪૦-૫૦ વૈષ્ણવોનો આવરો જાવરો ખરો. પરંતુ શ્રી ગુસાંઈજીનો ભંડાર ક્યારેય ખાલી થતો નથી. દરેક ચીજવસ્તુના ઢગલા ભર્યા છે. ક્યારેય કોઈની આગળ હાથ લંબાવ્યો નથી કે કોઈને પણ ટહેલ નાંખી નથી. જે સમસ્ત વિશ્વનું યોગ-ક્ષેમ સંભાળે છે તેને માટે કાંઈ માંગવાનું હોય ?' ફરી આંચકો લાગ્યો, કેટલી અનન્યતા ?, અતુટ વિશ્વાસ. ભગવદ્ અનુગ્રહથી સેવોપયોગી

દેહ-તનુનવત્વની પ્રાપ્તિ થાય છે તે પ્રત્યક્ષ નિહાળ્યું. મનોમન અમારું મસ્તક આ તાદશી ભગવદીયને વંદી પડયું. 'પુષ્ટિમાર્ગીય સેવાનું ફળ સેવા' એ અહીં પ્રત્યક્ષ નિહાળવા મળ્યું. પણ આ ફલાત્મક સેવા ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત થઈ ? તેનો વિશેષ ખુલાસો કરતાં મા એ ઈતિહાસ કહ્યો - 'વર્ષો પહેલાંની વાત ત્યારે ગોવિંદભાઈ મુખ્યાજી આ બેઠકજીમાં સેવા કરે. ખુબ જ ભાવવાળા. ત્યારે વૈષ્ણવોની અવર જવર ઓછી. એક વખત તેમની આંખે રસોળી થઈ. સેવા કરતાં પાઠ કર્યા કરે. કોઈકની સલાહથી ઓપરેશન કરાવવા મીઠાપૂર જવા નકકી કર્યું. દવાખાને દાખલ થવા ખાટલો નોંધાવ્યો. સેવા છોડી જવું રુચતું ન હતું, પણ છુટકો ન હતો. રાતભર અતિ વિરહ રહ્યો. રાત્રિમાં શ્રી ગુસાંઈજીએ સ્વપ્નમાં જતાવ્યું - ''ઓપરેશન કરાવીશ નહીં. મારી સેવા યથાવત્ ચાલુ રાખ અને રસોળી ઉપર પ્રસાદી કંકુ દબાવી રાખ.'' ભગવદ્ વાણી થોડી અફળ જાય ? વગર ઓપરેશને દર્દ ગાયબ. કેટલાક સમય પછી કૌટુંબિક કારણસર મુખ્યાજી સેવા છોડી ચાલ્યા ગયા.'

હિરા મા ત્યારે દ્વારકા રહે. એક રાત્રે સ્વપ્નમાં શ્રી ગુસાંઈજીએ દર્શન દઈ તેમને જણાવ્યું કે બે દિવસથી ભોગ આવ્યા નથી. તેમને તત્કાલ બેઠકજીમાં આવવા આજ્ઞા કરી. સ્વામીને પરિશ્રમ પડયો જાણી હિરામાને ખુબ દુઃખ થયું. વહેલી સવારે ગાડા વાટે બરડીયા બેઠકે પહોંચ્યા. જઈને જોયું તો બેઠકજીમાં કાંઈ સાધન ન મળે. ટાંકામાંથી જળ કાઢવાની પણ વ્યવસ્થા નહીં. ખુબ જ તાપ થયો. તે દિવસે વડના પાંદડા તોડી તેના ધોતી ઉપરણા કરી ધર્યા. દૂધઘર સામગ્રી સાથે લાવેલ તેનો ભોગ ધર્યો. સેવા પહોંચી તાળા મંગળ કરી ઘેર ગયા. બીજે દિવસે ઘેરથી ઝારી, બંટા, ધોતી, ઉપરણા ઈત્યાદી જરૂરી સાધન લઈ બેઠકે આવ્યા. આવીને જોયું તો દરવાજે તાળું. ચાવી ઘેર ભુલી ગયેલા. હવે શું થાય ? દ્વારકા ક્યાં બાજુમાં હતું? પ્રભુ ભક્તની કેવી કસોટી કરે છે ? ખુબ કલ્પાંત થયો. પ્રભુને કેટલો શ્રમ ? નેત્રોમાંથી અશ્રુધારા વેહવા માંડી. પરંતુ પ્રભુ તો દયા સાગર 'અન્યથા કર્તુમ' છે. ભક્તનું દુઃખ કેમ સહન કરી શકે. કૌતુક થયું. અચાનક તોતીંગ તાળુ ખુલી ગયું. અંદર જઈ સ્નાન

કરી ભોગ ધર્યા. સેવા પહોંચી ઘેર ગયા. ઘરમાં પણ સેવા બિરાજે, સખડીભોગ પહોંચે. દ્વારકાથી બેઠક સુધી રોજ આવવું તે જમાનામાં મુશ્કેલ. હાલની માફક વાહનની સગવડ તો ત્યારે હતી નહીં. એક ગુગડી બ્રાહ્મણના છોકરાને કહ્યું "તું બ્રહ્મસંબંધી છે. રોજનો એક રુપિયો આપીશ. બેઠકજી જઈ ભોગ ધરી આવજે." છોકરો કહે મને શંકરાચાર્યજીની દિક્ષા છે ચાલશે ? એટલે આ વ્યવસ્થા ન નભી. પરંતુ કેટલોક સમય છુટક પૂટક વ્યવસ્થા થતી રહી. કોઈ મુખ્યાજી ટકે નહીં કારણ કે બેઠકજી જંગલ વચ્ચે. ત્યાં કોઈ પ્રકારની સુવિધા નહીં. એટલે કોઈ ત્યાં રહેવા તૈયાર થાય નહીં. છેવટે વેરાવળવાળા ગો.શ્રી નટવર ગોપાલે હિરા માને આજ્ઞા કરી 'શ્રી ગુસાંઈજીને તમારી સેવા લેવાની ઈચ્છા લાગે છે, એટલે જ કોઈ વ્યવસ્થા નભતી નથી. તમે અહીં આવી જાઓ. આને જ તમારું ઘર સમજો અને પ્રેમપૂર્વક શ્રી ગુસાંઈજીને લાડ લડાવો. કોઈ પ્રકારનો ભય રાખશો નહીં. પ્રભુ સર્વ સમર્થ છે.' જીવના ઉપર કેવી રીતે કૃપા વિચારે છે તે સમજવું મુશ્કેલ છે. સ્વયં શ્રી ગુસાંઈજીની આજ્ઞા માની હિરામા ત્યાં આવી ગયા તેઓ કહે 'શ્રી વલ્લભકુળની આજ્ઞા કેમ ઉથાપાય ? બસ તે વાતને ૩૬ વર્ષના વ્હાણાં વાઈ ગયા. ત્યારથી જ આજ મારું ઘર અને વિઠ્ઠલ મારું સર્વસ્વ. વેરાવળવાળા નટવર ગોપાલે ૧૪૨ બેઠકોની યાત્રા ઉપાડેલી ત્યારે પૂરી મા સાથે હું ગયેલી તે મારો છેલ્લો પ્રવાસ. તે પછી બરડીયા બહાર પગ નથી મુકયો. હરિ ગુરુ વૈષ્ણવોની જે ટહેલ બની આવે તે ભગવદ્ કૃપા સમજી કરું છું અને તેમાં જ પરમાનંદની અનુભૂતિ કરુ છું.'

અમારા વાર્તાલાપ દરમ્યાન મા વિચારમગ્ન થઈ ગયા. જાણે સમાધિમાં ઉતરી ગયા. ફરી જાગ્રત થઈ તેમની વાચા ફૂટી. 'એક વખત અન્નકોટનો ઉત્સવ આવ્યો. બેઠકમાં પુરતી સામગ્રી નહીં. મનમાં તાપ થાય કે ક્યારે બધી સામગ્રી પહોંચીશ. પરંતુ ભક્તને ચિંતા કરાવે તે ભગવાન શાના ? જામનગરનાં એક લોહાણા વૈષ્ણવને સ્વપ્નમાં આજ્ઞા થઈ. 'કાલે બેઠકે સામગ્રી પહોંચાડ. હવે સમય ક્યાં છે!' બસ, બીજે દિવસે તે અન્નકોટની સઘળી સામગ્રી લઈ બેઠકે હાજર થયો. પોતાના

પરિવારજનોને પણ બોલાવી લાવ્યો. બે દિવસ રોકાઈ તેમણે બનતી બધી ટહેલ કરી. યથા સમયે શ્રીનો અન્નકોટ મનોરથ ખુબ આનંદપૂર્વક સંપન્ન થયો. અનોસર પછી બધા પ્રસાદ લેવા બેઠા. મહાપ્રસાદ પીરસાઈ ગયો. પ્રસાદ લેવાની શરૂઆત થાય છે. ત્યાં પેલા મનોરથી વૈષ્ણવ ઢળી પડયા. પાસે જ તેમનો પુત્ર બેઠલો કહે. ''આ તેમને ત્રીજો હુમલો છે.'' મેં કહ્યું - ''બેટા ચિંતા કરીશ નહીં. ચમચી દાળ મોંમાં રેડ.'' પ્રસાદી દાળ મોંમાં જતાં તેમને સાધારણ સ્વસ્થતા આવી. ફરી દાળ લેવડાવી. થોડીવારમાં શેઠ સ્વસ્થ થઈ ગયાં. ઘડીભર પહેલાની ગમગીની આનંદમાં પલટાઈ ગઈ. શેઠ કહે ''ઠેઠ જઈ આવ્યો.'' પરંતુ પરમ કૃપાળુ વલ્લભનંદનનો હાથ જેને માથે છે તેનો વાળ વાંકા કોણ કરી શકે ? પછી તો શેઠે ખાસ્સા વર્ષો શ્રી ગુસાંઈજીની સેવા કરી.'

વળી કહે 'મારી પુત્રીના નાના દિકરાની વહુની આંખો કાયમ દુખતી. કાયમ લાલ રહે. બેઠકમાં ગેસનો તો ઉપયોગ નથી થતો એટલે લાકડા જ સામગ્રી માટે વાપરીએ. આમ તો ધૂમાડો આંખને નુકસાનકારક પણ અહીં આવે એટલે સેવામાં તો નહાય. સેવાના સંસ્કાર નાનપણથી જ એટલે સામગ્રીની સેવા તો પહોંચે જ. પરંતુ આશ્ચર્યજનક વાત બની કે અહીં રહી જેટલા દિવસ સેવા પહોંચી, આંખો બીલકુલ સુધરી ગઈ. ખાતરી ન થતી હોય તો જુઓ આ સામે ઉભી પૂછી જુઓ. સાચે જ ભગવાનની લીલા અટપટી છે.'

માએ બીજો એક પ્રસંગ કહ્યો. ત્યારે ખેલનાં દિવસો હતાં. મહા વદ ૭ થી 'શ્રી' ને 'ચળુ' ધરાય. (ઘઉં-ચણાની સામગ્રી) શ્રીઠાકોરજી સાથે સખા રમવા આવે એટલે ખેલતી વખતે આરોગે. મારૂ ગુરુઘર પોરબંદર. એકવાર પૂ. વહુજી કુલઘરીઆઓને સાથે લઈ બેઠકે પધાર્યા. આજ્ઞા કરી ''વૈષ્ણવોની ઈચ્છા છે શ્રી ગુસાઁઈજીને ચળુનો ભોગ ધરી બધાને લેવડાવવો.'' મેં સમયસર સામગ્રી સિદ્ધ કરી. પૂ.વહુજીએ પોતે ભોગ ધર્યા. દ્વાર બંધ કરી બહાર આવી બેઠા અને ફૂલના માળાજીની સેવા કરવા લાગ્યા. થોડીવારમાં પૂ.વહુજીને સાનુભાવ થયો. મને કહે, ''શ્રી ગુસાંઈજી આરોગતા

નથી. ચળુના લાડુથી ખેલે છે.'' તપાસ તો કરો. મેં મંદિર પાસે જઈ આજ્ઞા માંગી ટેરો ખોલ્યો. આશ્ચર્ય સાથે જોયું તો પ્રભુ સામગ્રીને ગેંદની માફ્ત ખેલતાં હતા અને જાણે અવાજ આવતો કે આ મારા માટે નથી. હું સમજી ગઈ કે ફુલઘરીયા માટે આ સામગ્રી સિદ્ધિ થઈ છે. અર્ધભુક્ત સામગ્રી પ્રભુ કેમ આરોગે ? મેં ક્ષમા માંગી બધી સામગ્રી ગૌ ગ્રાસમાં કાઢી દીધી. ફરીથી નવીન સામગ્રી સિદ્ધ કરી આરોગાવી.' એટલે તો સંપ્રદાયમાં દરેક સામગ્રીના ગુપ્ત નામ છે. પ્રભુ આરોગી લે ત્યાં સુધી તેનું નામ પણ જાહેર કરવામાં આવતું નથી.

માને તો આવા અનેક અનુભવો શ્રી ગુસાંઈજી કરાવતાં રહે. બધાની આગળ તેનું વર્ણન પણ તેઓ કરતાં નહીં. ક્યારેક ભાવ-વિભોર થઈ જાય તો અંતરમાંથી આવો ભગવદ્ રસ ઝરે. ૮૪-૨૫૨ ભગવદીયોની વાતો પ્રકટ થયેલી છે. પરંતુ પ્રભુની લીલા તો નિત્ય છે. આજે પણ આવા 'હિરા મા' જેવા ભગવદીય રત્નો ક્યાંક ક્યાંક છુટા છવાયા અસ્તિત્વ ધરાવે છે. થોડા સમય પૂર્વે જ હિરા માએ ભૌતિક દેહ ત્યાગ કરી શ્રી ગુસાંઈજીના ચરણાર્વિંદનું નિત્ય સાનિધ્ય પ્રાપ્ત કરી લીધું છે. પુષ્ટિમાર્ગ આવા તાદશીજનોથી ઉજળો છે !

* * *

'परलोकार्थं, भगवत्कृपार्थं, अन्यार्थं, भक्ति व्यतिरेकेण।
भगवद् व्यतिरेकेण वा येषान्यन्नास्ति (तेऽनन्याः)'

અર્થાત્ પરલોકને માટે, ભગવાનની કૃપા માટે, બીજા અર્થ માટે, ભક્તિ સિવાય અથવા ભગવાન સિવાય જેઓને બીજુ સાધન નથી તેઓ અનન્ય છે.

(સુબોધિની-૩૦.૨૫.૪૦)

ભગવાન શ્રીકૃષ્ણ શું એક ક્ષુદ્ર દેવ છે ?

મુંબઈથી પ્રકાશિત એક દૈનિક પત્રમાં છપાયેલ સમાચારનું મથાળુ વાંચી આશ્ચર્ય થયું. **'શ્રીકૃષ્ણ જૈનોના તીર્થંકર બનશે !'** એક જૈન સંસ્થાનમાં રાધાકૃષ્ણની મૂર્તિની ભાવ-પ્રતિષ્ઠાના ઉપક્રમ દરમ્યાન એક જૈન મુનિશ્રીના આ ઉદ્ગાર હતાં. તેમણે વધુમાં કહ્યું હતું કે 'ભગવાન મહાવીર શ્રીકૃષ્ણને ભાવિના ભગવાન માને છે; શ્રીકૃષ્ણ ભલે આજે ભગવત્ સ્વરૂપ છે પણ અમે ભાવથી એમનામાં ભાવી તીર્થંકરના દર્શન કરીએ છીએ.' (અર્થાત્ અત્યારે તેઓ ભગવાન નથી અને ભાવિમાં તેઓ તીર્થંકર તરીકે પ્રમોટ થશે.)

ઋગ્વેદનું વચન છે : **'એકં સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ'** (ઋક્ સંહિતા - ૧।૧૬૪।૪૬). ભારતીય તત્ત્વદર્શનમાં અનેક વિચારધારાઓ પ્રવર્તે છે. આસ્તિક દર્શનો-સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા, વેદાંત દર્શન વેદના પ્રામાણ્યનો સ્વીકાર કરે છે. જ્યારે નાસ્તિક અથવા અવૈદિક દર્શનો-ચાર્વાક, બૌદ્ધ અને જૈન વેદની વાણીનો અસ્વીકાર કરે છે. જગત, જગનિયંતા જગદીશ અને જીવ વિશે પ્રત્યેક દર્શન ભિન્ન ભિન્ન મત ધરાવે છે. આ બધામાં જગતના અસ્તિત્વ તેમજ જીવના સ્વરૂપ વિશે અલગ અલગ વિચારધારા પ્રસ્તુત કરવામાં આવી છે. તદનુસાર સૃષ્ટિના સર્જક કે નિયંતા વિશે પણ વિવિધ મત પ્રવર્તે છે. 'વેદાંત દર્શન'ના અર્થઘટનમાં પણ ભિન્ન ભિન્ન આચાર્યોના જુદા જુદા અભિપ્રાય છે અને તે મુજબ કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત,

'એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્' (ભા.૧-૩-૨૪); 'પરબ્રહ્મતુ કૃષ્ણો હિ' (સિ.મુ.); અતોસ્મિ લોકે વેદેચ, પ્રથિત પુરુષોત્તમ (ગીતા-૧૫-૧૮); 'કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિવૃતિ વાચકઃ, તયોરૈક્ય પરંબ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે' (શ્રુતિ) ઈત્યાદિ ભગવાન શ્રીકૃષ્ણને પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા હોવાના પ્રમાણ પ્રસ્તુત કરે છે.

દ્વૈતાદ્વૈત, દ્વૈત અને શુદ્ધાદ્વૈત મતોની રજુઆત કરવામાં આવી છે. જો કે આ બધા જ આચાર્યો પરબ્રહ્મ પરમાત્માને સર્વોચ્ચ તત્ત્વ તરીકે સ્વીકારે છે, જેને સામાન્ય ભાષામાં આપણે ભગવાન તરીકે સંબોધીએ છીએ, જે આ સૃષ્ટિના સર્જન માટે કારણભૂત છે.

પંદરમી શતાબ્દિમાં પ્રાદુર્ભૂત જગદ્‌ગુરુ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી એ મુખ્યત્વે ચાર શાસ્ત્રો-વેદ, ગીતા, વ્યાસસૂત્રો અને ભાગવત પૂરાણના આધારે પોતાની **‘શુદ્ધાદ્વૈત વેદાંત’**ની વિશિષ્ટ વિચારધારાને પ્રસ્તુત કરી છે અને તદંતર્ગત્‌ તેમણે પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણને પરમોચ્ચ તત્ત્વ તરીકે પ્રતિપાદિત કરી તેમની (શ્રીકૃષ્ણની) બીનશરતી શરણાગતિ અને સર્વ સમર્પણ સહિતની વિશુદ્ધ પ્રેમયુક્ત સેવાને માનવજીવનના સહજ ધર્મ તરીકે ગણાવી ‘પુષ્ટિભક્તિ માર્ગ’ના નામે આજના વિષમ યુગમાં સરલત્તમ સાધનાપ્રણાલીનો નિર્દેશ કર્યો છે. તેમણે શ્રુતિ તેમજ સ્મૃતિના અનેક પ્રમાણો દ્વારા **‘પરબ્રહ્મ તુ કૃષ્ણો હિ’** (સિદ્ધાંત મુક્તાવલી) સિદ્ધ કર્યું છે. ભાગવતનું વચન **‘એ તે ચાંશ કલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્‌’** (૧-૩-૨૪), શ્રીકૃષ્ણના પૂર્ણ પુરુષોત્તમ-પરમોચ્ચ તત્ત્વ હોવાની સ્પષ્ટતા કરે છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાને ‘પુરુષોત્તમ’ હોવાનું પ્રતિપાદન કરતાં કહે છે : **‘અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિત પુરુષોત્તમ’** (૧૫-૧૮). કૃષ્ણ શબ્દની વ્યુત્પત્તિથી કૃષ્ણ નામ પરબ્રહ્મ વાચક હોવાના તથ્યને શ્રુતિ ઉજાગર કરતાં કહે છે : **‘કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિવૃત્તિ વાચકઃ તયોરૈક્ય પરંબ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે’**, અર્થાત્‌ ‘કૃષ્‌’ સત્તાવાચક શબ્દ છે. જ્યારે ‘ણ’એ આનંદ વાચક છે. તે બન્ને મળીને સદાનંદ પરબ્રહ્મને જ ‘કૃષ્ણ’ કહેવામાં આવે છે તે સ્પષ્ટ થાય છે. કૃષ્ણાવતારમાં ભગવાનની સ્તુતિમાં સંદર્ભમાં કૃષ્ણને માટે જ **‘સત્યવ્રતં સત્યપરં’** શબ્દો વપરાયા છે. અર્થાત્‌ ત્યાં પણ સત્યાત્મક ભગવાન શ્રીકૃષ્ણની જ સ્તુતિ કરવામાં આવી છે, તે સ્પષ્ટ છે. શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન હોવાના પ્રમાણ માટે જે ગ્રંથનો દુનિયાની લગભગ તમામ ભાષામાં અનુવાદ થયો છે તે પવિત્ર શાસ્ત્ર ગીતા જ પર્યાપ્ત છે. તેમાં અનેક

સ્થાને ભગવાન શ્રીકૃષ્ણે પોતાની પરમાત્મા હોવાની ઓળખ આપી છે અને પરમાત્મા એજ પરબ્રહ્મ તે વિશેની સ્પષ્ટતા કરતાં શ્રી વલ્લભાચાર્યજી પોતાના નિબંધ ગ્રંથમાં કહે છે : **'બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે'** શ્રી કૃષ્ણં ભગવાન, પરમાત્મા કે પરમોચ્ચ તત્ત્વ હોવાના પ્રમાણો અનેક શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે. એટલું જ નહીં પરંતુ તે વિષે પ્રાચીન-અર્વાચીન ઋષિ-મુનિઓ, આચાર્યો, સંતો-વિદ્વાનોનો એકમત છે અને તેથીએ વિશેષ આધુનિક બૌદ્ધિક વિશ્લેષણાત્મક પ્રજ્ઞા ધરાવનાર 'ઓશો' જેવાઓ એ પણ શ્રીકૃષ્ણને **'પૂર્ણ પુરુષોત્તમ'** તરીકે બિરદાવ્યા છે.

આવા પરાત્પર પરબ્રહ્મને એક ક્ષુદ્ર દેવતા હોવાનું વિધાન ઉપરોક્ત જૈનાચાર્યે ઉપસ્થિત વૈષ્ણવાચાર્યોની હાજરીમાં કર્યું તે તેમની સ્વયંની ગરિમાને ઠેસ પહોંચાડનારું જણાય છે. કોઈ જૈનમુનીને કે કોઈને પણ પોતાના વિચારો ધરાવવાનો સંપૂર્ણ હક્ક હોઈ શકે, તેઓ શ્રીકૃષ્ણને ભગવાન માને કે ન માને તે પણ ચર્ચાનો વિષય ન હોઈ શકે, જૈન આગમોએ ભલે મહાભારતના યુદ્ધમાં આચરાયેલ હિંસા માટે નિમિત્ત માની કૃષ્ણને નર્કની યાત્રા ભોગવનાર કોઈ એક વ્યક્તિ તરીકે ચિતર્યા હોય, પરંતુ તે શ્રીકૃષ્ણ પરમાત્માને એક સર્વોચ્ચતત્ત્વ પોતાના પરમ ઈષ્ટ માનતા કરોડો અનુયાયીઓની આસ્થાને-શ્રદ્ધાને-નિષ્ઠાને-અનુભૂતિને અને વિશ્વાસને ઠેસ પહોંચાડે તેવું જાહેર વિધાન કરવું કેટલું યોગ્ય ગણાય ? અને તે પણ 'સર્વધર્મ સમભાવ'ની વિચારધારાના અંચળા હેઠળ ? પ્રત્યેક વ્યક્તિને પોતપોતાની આસ્થા મુજબ પોતાના ઈષ્ટને જ 'પરમ તત્ત્વ' માનવાનો હક્ક હોઈ શકે, પરંતુ તે બીજાના ઈષ્ટનું અવમૂલ્યન કરીને નહીં. પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના ધર્મમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે તો સાથે બીજાના ધર્મ તેમની માન્યતાઓ કે ઈષ્ટ પ્રત્યે સંપૂર્ણ આદર ધરાવે તે 'સર્વ ધર્મ સમભાવ'નું લક્ષણ હોવું જોઈએ. પરંતુ પોતાની લાઈનને મોટી દેખાડવા બીજાની લાઈન ટૂંકી કરી નાંખવી તે કેટલું યોગ્ય ?

એ હકિકત છે કે જૈનદર્શનમાં જે અર્થમાં આસ્તિક દર્શનોમાં ભગવાન કે ઈશ્વરનું વિશિષ્ટ સ્થાન છે તેવી માન્યતા નથી, અર્થાત્ ત્યાં ભગવાનનું કોઈ આગવું અસ્તિત્વ જ નથી. તેઓ મુજબ પ્રત્યેક જીવ સાધના દ્વારા પોતાના કર્મોના ક્ષય થવાને અંતે એક તીર્થંકરની અવસ્થાએ પહોંચે છે. આ વિચારધારા તેમના અનુયાયીઓને મુબારક ! કોઈને પણ તેમાં વિરોધ ન હોઈ શકે. 'ચાર્વાક' જેવી ભૌતિકવાદી વાસ્તવમાં નાસ્તિક વિચારધારાને પણ ભારતીય સંસ્કૃતિ એક દર્શનનો દરજ્જો આપે છે ત્યાં જૈનદર્શન જો ભગવાનના અસ્તિત્વનો ઈન્કાર કરે તેમાં કોઈ આપત્તિ કે વિવાદનો પ્રશ્ન જ ઉભો થતો નથી. બૌદ્ધ દર્શન પણ આત્મા કે ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારતું નથી. પણ તેથી શું ? શું સર્વ કોઈએ 'સર્વ ધર્મ સમભાવ' કેળવવા પોતપોતાની આસ્થા છોડી દેવી જોઈએ અથવા અન્યની વિચારધારા અપનાવી લેવી જોઈએ ? તેવી બિલકુલ આવશ્યકતા ન હોય.

આચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞા મુજબ પ્રત્યેક મનુષ્ય માટે પોતપોતાની આસ્થા પ્રમાણેનું જીવન યાપન જ તેને અપેક્ષિત ફળની પ્રાપ્તિ કરાવી શકે છે. જ્યારે આપશ્રીને કોઈ કે પૂછ્યું કે : 'મહારાજ, કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ ?' પ્રત્યુત્તર આપતાં તેમણે કહ્યું : 'શાસ્ત્રોમાં બતાવેલ બધા જ માર્ગો સાચા અને સારા છે. જેના મનમાં જે માર્ગ વસી જાય અને તેના સ્વભાવને અને શક્તિને અનુકૂળ આવે તે માર્ગ તેને માટે ઉત્તમ. તમે જો પુછતાં હો તો મારા મતે 'ભક્તિમાર્ગ' સારો અને સરલ છે. (ભક્તિવર્ધિની)

શ્રુતિ કહે છે : **'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'** આ જે દશ્યમાન છે તે સર્વકાંઈ બ્રહ્મ છે. બ્રહ્મ સિવાય અન્ય કાંઈ છે જ નહીં. એક અન્ય શ્રુતિ કહે છે : **એકમેવાદ્વિતિયમ.** આ કથન પણ એ જ વાતનો નિર્દેશ કરે છે કે જે કાંઈ 'પરમસત્તા' અસ્તિત્વ ધરાવે છે તે એક માત્ર અને અદ્વિતિય છે. શ્રીવલ્લભાચાર્યજીના **'બ્રહ્મવાદ'**ના સિદ્ધાંતના મૂળમાં વેદની આજ વિચારધારા છે. કર્તુમ, અકર્તુમ અને અન્યથા કર્તુમ એવા બ્રહ્મ સર્વભવન સામર્થ્ય ધરાવતા હોવાના કારણે તે સર્વ કાંઈ નામ અને

રૂપ ધારણ કરી પ્રગટ થઈ શકે છે. તેથી જ આચાર્યચરણ કહે છે. **'પ્રમેયં હરિરેવૈકઃ** (સર્વ નિર્ણય નિબંધ) આ વિધાનને જો ઋગ્વેદના ઉપરોક્ત વિધાન 'એક સદ્ વિપાઃ બહુધા વદન્તિ' સાથે જોડવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે ભલે સૃષ્ટિમાં વિવિધ પ્રમેયો (દેવ-દાનવ-જ્ઞાન-અજ્ઞાન-શક્તિ-સગુણ-નિર્ગુણ-ત્રિગુણાત્મક સ્વરૂપો, જડ-ચેતન ઈત્યાદિ)નો અનુભવ કરાતો હોય તો તે સર્વ એકમાત્ર શ્રીહરિ ભગવાન પરમાત્મા-પરબ્રહ્મ ના જ વિવિધ રૂપો છે. આની વધુ સ્પષ્ટતા કરતાં આપશ્રીએ શાસ્ત્રાર્થ પ્રકરણણાં કહ્યું છે. **'સૂર્યાદિ રુપધૃગ્ બ્રહ્મકાન્ડે જ્ઞાનાડમીર્યતે, પુરાણે ષ્વપિ સર્વેષુ તત્તદ્રૂપો હરિસ્તથા'** (૧૨). તેમ છતાં સર્વોત્કૃષ્ટ એવા શ્રીકૃષ્ણને શા માટે સેવવા જોઈએ, તેનો ખુલાસો કરતાં આગળ કહે છે : **ભજનં સર્વરૂપેષુ ફલસિદ્ધૈ તથાપિતુઃ આદિમૂર્તિ કૃષ્ણએવ સેવ્યઃ સાયુજ્ય કામ્યયા** (૧૩) તદનુસાર તેમણે પોતાની વિશિષ્ટ વિચારધારાનો સાર તેમના નિબંધ ગ્રંથના મંગલાચરણમાં જ વર્ણવી દેતાં કહ્યું છે **'નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભૂત કર્મણે, રૂપનામ વિભેદેન, જગત્ક્રીડતિ યો યતઃ'**

તેમ છતાં શ્રી વલ્લભાચાર્યજી એ ક્યાંય એવો દાવો નથી કર્યો કે જે હું કરી રહ્યો છું. તે જ એક માત્ર સત્ય છે. સ્વયં ભગવન્મુખાર્વિંદાવતાર હોવા છતાં દૈન્યભાવ સહ પોતે પોતાના પ્રત્યેક ગ્રંથનું 'ઈતિ મે મતિ' કહી સમાપન કર્યું છે. શંકરાચાર્યજીની વિચારધારાથી અસહમત હોવા છતાં તેમણે તેનું ખંડન (શાસ્ત્રમાં જેને 'જલ્પ' કહેવાય છે) ન કરતાં કેવલ સ્વમતનું પ્રતિપાદન જ કર્યું છે.

શ્રીવલ્લભની વિચારધારામાં દૃઢાશ્રય રાખનારા સર્વે વલ્લભીય વૈષ્ણવોએ શ્રીકૃષ્ણને ક્ષુદ્ર દેવતા સમાન દર્શાવી કોઈ કાંકરીચાળો કરનારથી ભ્રમિત ન થઈ જતાં શ્રીકૃષ્ણ પરાત્પર પરબ્રહ્મ જ છે, જગન્નિયંતા છે, સર્વ આત્માઓના આત્મા-પરમાત્મા છે તેમ સમજવું જોઈએ.

❀ ❀ ❀

શરણાગતિ

જે કાર્ય આપણે જાતે ન કરી શકીયે તેને માટે જ્યારે અન્યની મદદ લઈએ છીએ ત્યારે આપણે તે વ્યક્તિનું શરણ સ્વીકાર્યું છે તેમ કહેવાય. આમ શરણ સ્વીકારવાવું એટલે બીજા પર આધાર રાખવો અથવા આપણે બીજાના આશ્રિત બન્યા તેમ કહેવાય.

મનુષ્યની શક્તિ સીમિત છે માટે તેને બીજાનો આશ્રય લેવાની આવશ્યકતા રહે છે. આપણે હંમેશા એવુ ઈચ્છીએ છીએ કે આપણે એવી કોઈ વ્યક્તિ જે શક્તિશાળી હોય તેનો આશ્રય લઈએ. તો બધાથી વધુ સામર્થ્યવાળા જો કોઈ હોય તો તે કેવળ ભગવાન છે. તેમનામાં સર્વ કાંઈ કરવાની શક્તિ છે. તે સર્વથી ઉપર છે. જગતમાં સૌ કોઈ તેમના આશ્રિત છે. માટે જ આપણે કેવળ પરમાત્માનું શરણ સ્વીકારવું જોઈએ. પરમાત્માનો આશ્રય લઈએ ત્યારે એમ કહેવાય કે આપણે પરમાત્માની શરણાગતિ સ્વીકારી છે.

શરણાગતિ બે પ્રકારે સિદ્ધ થાય છે. (૧) સાધન દ્વારા અને (૨) ફળ દ્વારા. જ્યારે આપણે પ્રભુનું શરણ મેળવવા આપણે કોઈ પ્રકારનું સાધન કરીએ, જેવા કે... જપ, તપ, દાન, યાત્રા, પૂજા વગેરે અને તે સાધનોના બદલામાં આપણે ઈચ્છીએ કે પરમાત્મા મારું રક્ષણ કરે ત્યારે તેને **'સાધનરૂપ શરણાગતિ'** કહેવાય, આને **'મર્યાદા શરણાગતિ'** પણ કહેવાય છે. આ પ્રકારની શરણાગતિમાં આપણા સાધનોનું મહત્ત્વ રહેલું હોય છે અને તેથી આપણા સાધન દ્વારા પ્રભુની શરણાગતિ પ્રાપ્ત થાય છે. વાંદરીના બચ્ચાના ઉદાહરણથી આ બાબત સ્પષ્ટ થઈ શકે. જેમ એક વાંદરીનું બચ્ચું તેની માને વળગી રહે અને વાંદરી એક વૃક્ષથી બીજા વૃક્ષ ઉપર કુદે, તે

> **મનુષ્યની શક્તિ સીમિત છે માટે તેને બીજાનો આશ્રય લેવાની આવશ્યક્તા રહે છે. જયારે ભગવાન સામે પગલે જીવને રક્ષણ પુરૂં પાડે અને તેની બધી જવાબદારી પોતાના માથે લઈ લે ત્યારે તે 'પુષ્ટિ શરણાગતિ' કહેવાય.**

સમયે વાંદરીનું બચ્ચું તેની માને પકડી રાખે છે. તેમાં વાંદરી કશું કરતી નથી. આમ વાંદરીના બચ્ચાના પ્રયત્ન દ્વારા તેને તેની માનું શરણ પ્રાપ્ત થાય છે. આવી શરણાગતિને **'મર્યાદા શરણાગતિ'** કહેવાય છે. આ પ્રકારની શરણાગતિ મનુષ્યના પોતાના સાધન ઉપર આધાર રાખે છે. જો મનુષ્ય સાધન છોડી દે તો પ્રભુની શરણાગતિ પણ છુટી જાય.

ગીતાજીમાં ભગવાને અર્જુનને ૧૭મા અધ્યાયો સુધી પરમાત્માને પામવાના અનેક સાધનો બતાવ્યા છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, સાંખ્ય દર્શન, ભક્તિયોગ ઈત્યાદિ અનેક રસ્તાઓ બતાવ્યા પરંતુ આમાંથી કયા સાધનનો ઉપયોગ કરવો, કયા રસ્તે જવું તે અર્જુન નક્કી કરી શકયો નહીં. ત્યારે છેવટે ભગવાને કહ્યું : **'સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ'** હવે તું બધા પ્રયત્નો છોડી દઈને માત્ર મારું શરણ સ્વીકારી લે. બાકીનું બધું હું સાંભળી લઈશ.

જ્યારે ભગવાન સામે પગલે જીવને રક્ષણ પુરું પાડે અને તેની બધી જવાબદારી પોતાના માથે લઈ લે ત્યારે તે **'પુષ્ટિ શરણાગતિ'** કહેવાય. પુષ્ટિ શરણાગતિ એ ફળરુપ છે, કારણ કે તેમાં મનુષ્યે કોઈ સાધન કરવાના હોતા નથી. પરમાત્મા પોતે જ તેની જવાબદારી ઉપાડી લે છે. મનુષ્યે તો પોતે સાચા હૃદયથી પરમાત્માનું શરણ સ્વીકારી લેવાનું હોય છે અને કહી દેવાનું હોય છે કે 'આપને જેમ યોગ્ય લાગે તેમ મને રાખો.'

આ વાત સમજવા આપણે બિલાડીના બચ્ચાનું ઉદાહરણ જોઈએ.

જે પ્રકારે એક બિલાડી પોતાના બચ્ચાને મોંથી પકડી એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે ત્યારે બચ્ચાએ કોઈ પ્રયત્ન કરવાનો હોતો નથી. બિલાડી પોતે જ બચ્ચાને સાચવીને તેને ઈજા ન થાય તેમ પકડી રાખે છે અને સ્થળાંતર કરે છે. બચ્ચાનો તેમાં કાંઈ પ્રયત્ન હોતો નથી. તેની જવાબદારી બિલાડીને માથે હોય છે. આ જ પ્રકારે પુષ્ટિ શરણાગતિમાં જીવે કોઈ પ્રયત્ન કરવાનો હોતો નથી. પરંતુ પરમાત્માના ચરણમાં અનન્યતાપૂર્વક દ્રઢ આશ્રય રાખવાનો હોય છે. પરમાત્મામાં

દ્રઢ વિશ્વાસ રાખી રહેવાનું હોય છે. પરમાત્મામાં એવો અટલ વિશ્વાસ રાખવો જોઈએ કે તેઓ જે કાંઈ કરશે તે આપણા હિતમાં જ હશે, તે યોગ્ય જ કરશે. બ્રહ્મસંબંધ કરતી વખતે આપણે પ્રભુને સર્વ સમર્પિત કરી તેમની શરણાગતિ સ્વીકારી કહીએ છીએ કે 'હે પ્રભુ, હું આપનો છું.' એટલે પછી સર્વ જવાબદારી પ્રભુની રહે છે. આપણે હંમેશા અનન્યતાપૂર્વક તેમનો આશ્રય રાખીને રહેવું જોઈએ, તેઓ જેમ રાખે તેમ રહેવું જોઈએ.

આપણે જ્યારે નામમંત્રની દીક્ષા લઈએ છીએ ત્યારે આપણે પ્રભુની પુષ્ટિ શરણાગતિ સ્વીકારીએ છીએ. જ્યારે આપણે અષ્ટાક્ષર મંત્ર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ્' બોલીએ ત્યારે એમ કહીએ છીએ કે 'શ્રીકૃષ્ણ મારું શરણ છે.' અથવા 'હું શ્રીકૃષ્ણનું રક્ષણ સ્વીકારું છું.' આમ પુષ્ટિ શરણાગતિનો સ્વીકાર કરીએ ત્યારે મન સાથે દૃઢ ભાવથી વિચારવાનું હોય છે કે 'પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ એક માત્ર મારા સ્વામી છે. તેમનામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે, તેઓ જે કરશે તે મારા હિતમાં જ હશે અને તે જેમ રાખશે તેમ રહેવાની મારી તૈયારી છે.'

આવો અટલ વિશ્વાસ રાખીએ ત્યારે પુષ્ટિ શરણાગતિ સિદ્ધ થાય.

આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીએ ભગવદ્ પ્રાપ્તિનો આવો બિનશરતી શરણાગતિનો ઉત્તમમાર્ગ બતાવ્યો છે. ભગવદ્ શરણાગતિ એ માત્ર દુઃખી જીવો માટેનું સાધન નથી પરંતુ જેઓ સર્વ ઉપાધિથી મુક્ત હોય તેમણે પણ હરિના શરણે જવું એમ આપશ્રીએ આજ્ઞા કરી છે. શ્રી હરિરાયજીએ પણ આ વાતની પુષ્ટિ કરતાં કહ્યું છે કે 'આપણું તો સંપત્તિ અને વિપત્તિ બન્ને સ્થિતિમાં સાધન તેમજ સાધ્ય બન્ને એક જ છે અને તે છે "શ્રીકૃષ્ણઃ શરણં મમ્" એવો શરણભાવ ધરાવતો મહામંત્ર.'

વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ શરણાગત જીવને માટે ત્રણ ઉપદેશ આપ્યા છે. (૧) તેણે પુષ્ટિપ્રભુ સિવાય અન્ય દેવ-દેવીઓ પાસે પોતાની ઈચ્છાથી જવું નહીં. (૨) અન્ય દેવ-દેવીની પૂજા કે ઉપાસના કરવી નહીં અને (૩) પુષ્ટિ પ્રભુ કે અન્ય કોઈની પણ પાસે કોઈ પ્રકારની

માગણી કરવી નહીં. શરણાગતિની આ પૂર્વશરતો આપણે ધ્યાનમાં રાખવી જોઈએ.

પંચશ્લોકી ગ્રંથમાં આપશ્રીએ શરણાગતિના છ પગથીયા બતાવ્યા છે. જો આપણે આ બાબતોને નિષ્ઠાપૂર્વક અમલમાં મૂકીએ તો આપણી પ્રભુમાં દ્રઢ શરણાગતિ થઈ શકે. 'ષડવિધ શરણાગતિ' છે -

(૧) પ્રભુને સર્વ પ્રકારે અનુકૂળ થઈ ને રહેવું જોઈએ. અર્થાત્ હમેશાં દાસભાવથી કેવળ પ્રભુના સુખનો વિચાર જ આપણી પ્રત્યેક ક્રિયામાં મુખ્ય હોવો જોઈએ.

(૨) પ્રભુ ભક્તિમાં જે કાંઈ બાબતો કે વ્યક્તિઓ બાધારુપ હોય તેનો ત્યાગ કરવો. જે વસ્તુ કે પદાર્થ પ્રભુને સુખ નઆપે તેનો ઉપયોગ આપણે ન કરવો જોઈએ.

(૩) પ્રભુ હમેશાં આપણા હિતમાં જે હશે તે જ કરશે તેવો દ્રઢ વિશ્વાસ તેમનામાં રાખવો અતિ આવશ્યક છે.

(૪) બ્રહ્મસંબંધ કરવાથી પ્રભુએ આપણું વરણ કર્યું છે, આપણો હાથ ઝાલ્યો છે, તો ક્યારેય પણ તે આપણો ત્યાગ નહીં કરે તેવો દ્રઢ વિશ્વાસ રાખવો જરૂરી છે. આપણે હંમેશાં પ્રભુના દાસ બનીને રહેવું જોઈએ.

(૫) બ્રહ્મસંબંધ કરતી વકતે આપણે પ્રભુ આગળ કબુલાત કરી છે 'હે પ્રભુ ! હું તમારો દાસ છું.' આ પ્રતિજ્ઞા હમેશાં યાદ રાખી પ્રભુના સ્વામીત્ત્વનો કાયમ માટે સ્વીકાર કરવો જોઈએ.

(૬) પ્રભુને સમર્પિત બનીને જીવન વ્યાતિત કરવું જોઈએ.

આ છ બાબતો ધ્યાનમાં રાખી પ્રભુની દ્રઢતા પૂર્વક શરણાગતિ સ્વીકારીએ તો જ પુષ્ટિભક્તિનું પરમ ફળ આપણે પામી શકીએ.

* * *

પુષ્ટિ આચાર

આચાર અને વિચાર બન્ને પરસ્પર આધારિત હોવા આવશ્યક છે. આચાર વ્યવહાર પક્ષ છે. જ્યારે વિચાર સિદ્ધાંત પક્ષ છે. આચારમાં ન મૂકીએ તેવા વિચારનું કાંઈ મુલ્ય નથી અને કેવળ વિચાર હોય અને તે આચારમાં ન મુકવામાં આવે તો તેની ફળદાયિતા ન હોય.

ધર્મ શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના આચાર બતાવવામાં આવ્યા છે. સદાચાર, આચાર અને અનાચાર. આચાર એટલે આચરણ. મનુષ્ય જે પ્રકારે વર્તે છે, તે તેનું 'આચરણ' અથવા 'આચાર' કહેવાય.

શાસ્ત્રોની આજ્ઞા મુજબનાં કાર્યો કરવા તેને **'સદાચાર'** કહેવાય. સાચું બોલવું, દયા રાખવી, ચોરી ન કરવી ઈત્યાદી 'સદાચાર' છે. આપણે આપણી મરજી મુજબનાં કાર્યો કરીએ તેને **'આચાર'** કહેવાય અને શાસ્ત્રોથી વિરુદ્ધ પાપયુક્ત કાર્યો કરવા તે 'અનાચાર' કે 'દુરાચાર' કહેવાય. જુઠું બોલવું. બીજાનું છીનવી લેવું, અપશબ્દો બોલવા ઈત્યાદી દુરાચાર છે.

આપણા વિચારોની અસર આપણા આચાર ઉપર પડે છે. આપણે જેવું વિચારીએ તેવું આચરણમાં મૂકીએ છીએ. કોઈકને સતાવવાનો વિચાર મનમાં આવે તો આપણે હિંસા કરી બેસીએ. આપણા આચરણની અસર આપણા વિચારો ઉપર પડે છે. જેવો આચાર તેવો વિચાર ઉત્પન્ન થાય છે. આચાર અને વિચાર બન્ને પરસ્પર આધારિત હોવા આવશ્યક છે. આચાર વ્યવહાર પક્ષ છે. જ્યારે વિચાર સિદ્ધાંત પક્ષ છે. આચારમાં ન મૂકીએ તેવા વિચારનું કાંઈ મુલ્ય નથી અને કેવળ વિચાર હોય અને તે આચારમાં ન મુકવામાં આવે તો તેની ફળદાયિતા ન હોય. આમ આપણા આચાર અને વિચાર તાણા-વાણાની માફક એક-મેક સાથે વણાઈ ગયેલ હોવા જોઈએ. જો આપણે સ્વચ્છતાના આગ્રહી હોઈએ, શુદ્ધતા અને પવિત્રતા પાળતા હોઈએ તો આપણામાં ભગવદ્ પરાયણતા આવે, આપણામાં ધાર્મિક ભાવના જાગ્રત થશે. ભગવદ્ સેવા માટે શુદ્ધતા અને પવિત્રતાની

આવશ્યકતા છે. કારણ બ્રહ્મનું સ્વરુપ નિર્ગુણ છે, શુદ્ધ છે. કોઈપણ પ્રકારના દોષ રહિત છે. આવા સ્વરુપની સેવામાં શુદ્ધતા અને પવિત્રતા જાળવવી જ જોઈએ. માટે તે રીતનું આચરણ ભગવદ્ સેવામાં આવશ્યક ગણાય. શુદ્ધતા અને પવિત્રતા વચ્ચેનો ભેદ સમજવો જરૂરી ગણાય. કોઈ સાકરનો ગાંગડો, ગટરમાં પડી જાય ત્યારે તેને બહાર કાઢી પાણીથી ધોઈ નાંખીએ ત્યારે તે શુદ્ધ તો થઈ જાય છતાં આપણે તે ખાઈશું નહીં, કારણ કે ગટરમાં પડવાથી તે અપવિત્ર થઈ ગયો છે. માટે ભગવદ્ સંબંધમાં આવનાર વસ્તુ કેવળ શુદ્ધ જ હોવી જરૂરી નથી, પરંતુ પવિત્ર હોવી પણ અતિ આવશ્યક ગણાય.

શ્રીમહાપ્રભુજીએ સદાચારના પાલન માટે ખૂબ સરસ વાત કહી છે. આપણું શરીર પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને એક મન થઈ અગીયાર ઈન્દ્રિયવાળું છે. તેમાં અંતઃકરણ પણ સ્થિત છે. આ બધાં દ્વારા જીવનમાં આપણે સત્સંગ, સેવા, સ્મરણ કરવાના છે. તેને માટે દેહ શુદ્ધિ, હૃદય શુદ્ધિ અને અંતઃકરણની શુદ્ધિ આવશ્યક છે. આપણું શરીર એક રથ સમાન છે. તેમાં અગીયાર ઈન્દ્રિયો રુપી ઘોડા જોડાયેલા છે. આપણું મન એ સારથિરૂપ છે અને બુદ્ધિ તેની લગામ છે. તેમાં આત્મા એ પ્રવાસી છે. મનથી બુદ્ધિની લગામ વડે ઈન્દ્રિયોના અગિયાર ઘોડાઓને કાબુમાં રાખીને જે દિશામાં આપણે જવાનું છે તે દિશામાં શરીરરૂપી રથને આપણે હાંકવાનો છે. માટે મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોને કાબુમાં રાખવા માટે આપણે ‘આચાર’નો આગ્રહ રાખવો જરૂરી છે.

‘પુષ્ટિમાર્ગ’ એ કોઈ સ્વતંત્ર ધર્મ વિચાર નથી. પરંતુ શ્રીમહાપ્રભુજીએ વેદ-ઉપનિષદ ઈત્યાદી શાસ્ત્રોના આધારે તે પ્રતિપાદિત કર્યો છે. પોતે વેદની આજ્ઞાઓનું ક્યારેય ઉલ્લંઘન કર્યું નથી. આપે વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા તેમજ ભાગવત ઈત્યાદી ગ્રંથોનો સંપૂર્ણપણે સ્વીકાર કર્યો છે અને તે મુજબ અનુસરવાની આજ્ઞા કરી છે. તે કારણથી શ્રીમહાપ્રભુજીના તત્ત્વ વિચાર અને ધર્મ વિચારમાં કોઈ ભેદ નથી. પુષ્ટિમાર્ગમાં વેદની આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન આવશ્યક ગણાયું છે. તેથી મહાપ્રભુજીએ વર્ણાશ્રમધર્મનું પાલન કરવાનો આગ્રહ રાખ્યો છે. માટે જ તેમણે નિબંધગ્રંથમાં આજ્ઞા કરીને છે-

'સ્વધર્માચરણં શક્ત્યાં', સ્વધર્મનું આચરણ શક્તિ મુજબ કહવું જોઈએ. પુષ્ટિભક્તિ એ પ્રેમલક્ષણા ભક્તિ હોવાથી તેમાં વર્ણ, આશ્રમ કે જાતિના આધારે કોઈ પણ પ્રકારના ભેદને સ્થાન હોઈ શકે નહિં, માટે તે સર્વનો સુંદર સમન્વય કરી પુષ્ટિમાર્ગની આચાર-પરંપરા શ્રીમહાપ્રભુજીએ પ્રસ્થાપિત કરી છે, જેથી તેની મર્યાદામાં રહીને પ્રત્યેક વૈષ્ણવ વર્ણાશ્રમનું તેમજ પુષ્ટિમાર્ગનું પાલન કરી શકે.

આપે આચરણ માટે બે પ્રકારના ધર્મો બતાવ્યા છે. (૧) આત્મધર્મ અને (૨) દેહધર્મ. આત્માનો સંબંધ કેવળ ભગવાન સાથે છે. તેનો બ્રાહ્મણ, ક્ષત્રિય ઈત્યાદિ વર્ણ કે ગૃહસ્થાદિ આશ્રમ સાથે કોઈ સંબંધ નથી, જ્યારે આપણા શરીરનો સંબંધ આપણાં વર્ણ અને આશ્રમ સાથે છે.

જ્યાં સુધી આપણને આપણા શરીર અને ઈન્દ્રિયો વિશેનું સાન-ભાન છે ત્યાં સુધી દેહધર્મ આપણો 'સ્વધર્મ' બની રહે છે અને તેનું પાલન આપણે માટે આવશ્યક છે. આપણે જે વર્ણમાં જન્મ લીધો છે, જે કુટુંબમાં જન્મ લીધો છે તેના આચારોનું પાલન કરીને જીવવું આવશ્યક છે. આપણે જે આશ્રમમાં છીએ તે પ્રમાણેની ફરજો આપણે બજાવવી જોઈએ. ગૃહસ્થાશ્રમમાં આપણે હોઈએ ત્યારે એક ગૃહસ્થ તરીકે જે કાર્યો કરવાના હોય, પરિવાર પ્રત્યેની આપણી ફરજો બજાવવાની હોય, તેનાથી વિમુખ ન બની શકાય. તે આપણો દેહધર્મ છે, જેનું પાલન દરેક વૈષ્ણવ માટે જરૂરી છે. જ્યારે આપણે દેહસંબંધી સાન-ભાનથી ઉપર ઉઠીએ, આપણું ચિત્ત કેવળ ભગવાન સાથે જોડાઈ જાય, આપણા આત્માનું ઐક્ય પરમાત્મા સાથે થઈ જાય ત્યારે આપણો દેહધર્મ બાધક બનતો નથી. ત્યારે આપણા આત્મધર્મની મર્યાદાઓને સ્વીકારી જીવન જીવવું જોઈએ.

મનુષ્ય જીવનને ચાર તબક્કામાં વહેંચવામાં આવ્યું છે. શાસ્ત્રોએ ધર્મના ચાર પાયા બતાવ્યા છે. સત્ય, દયા, તપ અને પવિત્રતા. આ ચારેય તત્ત્વોનો સમન્વય કરી બ્રહ્મચારીનું જીવન, ગૃહસ્થનું જીવન, વાનપ્રસ્થનું જીવન અને સન્યાસીનું જીવન કેવું હોવું જોઈએ, તે ધર્મશાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે. તે મુજબ આપણે જે વર્ણમાં અને આશ્રમમાં જીવતાં હોઈએ તે પ્રમાણેના ધર્મનું આચરણ

આપણે કરવું જોઈએ.

પુષ્ટિમાર્ગમાં આચાર શુદ્ધિ અને પવિત્રતાને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે અને તે મુજબના આચાર પાલનનો આગ્રહ રાખવામાં આવે છે, જે અત્યંત જરૂરી છે. પુષ્ટિમાર્ગીય સેવા સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્માની સેવા છે. જ્યાં સુધી આપણે શરીર શુદ્ધિ અને આત્મશુદ્ધિ ન કરીએ ત્યાં સુધી આપણામાં સદાચાર આવવો શક્ય નથી અને સદાચાર વગર સદ્ વિચાર હૃદયમાં સ્થિર થઈ શકતો નથી. માટે પુષ્ટિમાર્ગમાં બાહ્ય અને આંતરિક શુદ્ધિના વિધાન કરવામાં આવ્યા છે. 'અપરસ' પ્રથા કે 'અસ્પૃશ્ય પ્રથા' પાછળનો આ જ હેતુ રહેલો છે. ભગવત્સેવામાં અપરસને આવશ્યક માનવામાં આવી છે. કારણ કે સ્નાન દ્વારા દેહ શુદ્ધિ અર્થાત બાહ્ય શુદ્ધિ અને ચરણામૃત, તિલક, તુલસી ઈત્યાદી દ્વારા આંતરિક શુદ્ધિની પ્રક્રિયા સમજાવામાં આવી છે.

આપણો દેહ પંચમહાભૂત એટલે કે પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ તત્ત્વોનો બનેલો છે. શુદ્ધ જળથી શુદ્ધ રીતે સ્નાન કરવાથી પૃથ્વી તત્ત્વની શુદ્ધિ થાય છે, ભગવદ્ જળના સ્પર્શ યુક્ત ચરણામૃત લેવાથી જળ તત્ત્વની શુદ્ધિ થાય છે, પવિત્ર તુલસી ગ્રહણ કરવાથી વાયુ તત્ત્વની શુદ્ધિ થાય છે, કપાળમાં પ્રસાદી કુમકુમથી તિલક કરવાથી તેજ તત્ત્વની શુદ્ધિ થાય છે અને ભગવદ્ નામ લેવાથી આકાશ તત્ત્વની શુદ્ધિ થાય છે. આમ આ પાંચેય તત્ત્વની શુદ્ધિ દ્વારા જ અપરસ થઈ શકે છે. આંતરીક અને બાહ્ય એમ બન્ને પ્રકારે દેહ શુદ્ધ થતાં આપણે ભગવદ્ સેવાને લાયક બનીએ છીએ. સેવા, સત્સંગ અને સ્મરણ એ આત્મશુદ્ધિના ઉપકરણો છે અને તેના માધ્યમથી જ ભગવદ્ સંયોગ શક્ય બની શકે છે.

શરીરના બાહ્ય ઉપચાર માટે ડોકટર પણ શકય એટલી શુદ્ધિનો આગ્રહ રાખે છે અને હાથ-પગ સાબુથી સ્વચ્છ રીતે ધોવા, ઓપરેશન થીયેટરમાં જતાં જોડા કાઢી નાંખવા ઈત્યાદી પ્રક્રિયાઓ શારીરિક શુદ્ધિ માટે આવશ્યક ગણે છે. તો પછી નિર્ગુણ એવા પરબ્રહ્મ પરમાત્માના સંયોગ માટે

સંપૂર્ણપણે દેહશુદ્ધિ, આત્મશુદ્ધિ અને પવિત્રતાનું મહત્ત્વ જરાપણ ઓછું ન હોઈ શકે. માટે જ પુષ્ટિમાર્ગીય સેવા પદ્ધતિમાં વિશિષ્ટ આચરણોને અગ્રસ્થાને રખાયું છે, કારણ કે તેમાં સાક્ષાત્ પુષ્ટિપ્રભુના સંસર્ગની પ્રક્રિયા છે.

સદાચાર એ કેવળ બાહ્ય પ્રક્રિયા જ નથી એટલે કેવળ સ્નાન ઈત્યાદી ક્રિયાઓમાં પુષ્ટિઆચારની પરિપૂર્તિ થઈ જતી નથી. સત્ય બોલવું, દયા રાખવી ઈત્યાદી સદ્‌ગુણોનો આગ્રહ પણ અતિ આવશ્યક છે. અસત્યથી મન મલિન અને અપવિત્ર બને છે. કઠોરતા પ્રકૃતિને તામસી બનાવે છે. ભૌતિક મનોરંજન વાણી અને ઈન્દ્રિયોના નિગ્રહમાં બાધક બને છે. માટે સાતત્યપૂર્ણ લૌકિક રાગ-ભોગથી મુક્ત સાત્ત્વિક જીવન એ તનને અને મનને પવિત્ર રાખવાના ઉપચારો છે. તેનો આગ્રહ અને પાલન પુષ્ટિમાર્ગીય આચાર સંહિતાનું મહત્વું અંગ છે અને પુષ્ટિપ્રભુની સેવા અને તેની પ્રાપ્તિ માટે તે મુજબનું આચરણ અત્યંત આવશ્યક ગણાય છે.

* * *

'અસ્પર્શ શબ્દમાંથી અપભ્રંશ થઈ પુષ્ટિમાર્ગમાં અતિપ્રચલિત થયેલ 'અપરસ'નો અર્થ માત્ર તનશુદ્ધિ માટે સિમિત નથી. પરંતુ કૃષ્ણસેવામાં ઉપયોગી તન-મન-ધન સંબંધતિત સર્વ સાધનોની શ્રદ્ધાપૂર્વક શુદ્ધિ માટે છે. એ હકીકત 'અપરસ' શબ્દ જેટલી પ્રચલીત નથી.'

('ચરણામૃત' માંથી આભાર)

‘પાયાનું ઘડતર’
વડિલો એ વિચારવું પડશે.

આજે કમ્પ્યુટર ઈન્ટરનેટનો યુગ આવ્યો છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી - માહિતિ તકનીકીનો વ્યાપ વિશ્વભરમાં ફેલાયો છે. તેના કારણે સમસ્ત ભુસ્તરનું ભૌગોલિક અંતર ખુબ જ ઘટી ગયું છે. પહેલાના જમાનામાં જ્યારે સંદેશ વ્યવહારના સાધનો વિકાસ ન હતા પામ્યા ત્યારે દુનિયાના અન્ય ક્ષેત્રમાં ઘટતા બનાવોની અસર અન્યત્ર લાંબા સમય પછી પહોંચતી જ્યારે આજે પલકભરમાં કોઈપણ સમાચાર દુનિયાના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે અને સમગ્ર વિસ્તારોને તે સમાચારની અસર તુર્ત જ થાય છે.

વૈજ્ઞાનિક શોધખોળોએ એક તરફ તો લોકોની ભૌતિક સુખાકારી વધારી દીધી છે, જ્યારે તેજ સાધનોનો દુર ઉપયોગ માનવજીવનમાં અનેક અનિષ્ટોને પેદા કરવામાં નિમિત્ત બને છે. એજ બાબત આજના ટીવી-કોમ્પ્યુટર-ઈન્ટરનેટ વિશે લાગુ પડે છે. આ સાધનો એ ખુબ જ ઓછા સમયમાં એક ક્રાંતિ સર્જી છે. તેના દ્વારા અનેક પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. ઘરના એક ખુણામાં બેઠા બેઠા દુનિયાના કોઈપણ ખુણેથી માહિતિ પ્રાપ્ત કરવાનું સુલભ બન્યું છે. તેમાં જીવનોપયોગી માહિતિ મળી શકે છે અને જીવનના પ્રવાહને અવળે રસ્તે થઈ જનારી મનુષ્યમાં ભ્રમ ઉપજાવનારી જાણકારી પણ પ્રાપ્ત થાય છે. છરીનો ઉપયોગ આપણે શાક સમારવા માટે કરીએ છીએ કે કોઈનું ખુન કરવા કરીએ તે આપણી વિવેક બુદ્ધિ ઉપર નિર્ભર કરે છે. છરીનું કામ તો છે કાપવાનું, પરંતુ તે સાધનનો દુરઉપયોગ વિનાશ

સ્કુલ-કોલેજ કે પાઠશાળા બાળકોને માહિતી - જાણકારી આપી શકશે, તેમને સંસ્કાર નહીં આપી શકે. સંસ્કાર તો તેને માતાપિતા પાસેથી જ પ્રાપ્ત થઈ શકે. બાળકોને એક વખત કોઈ વાત કહી દેવાથી તે તેને સ્વીકારી વ્યવહારમાં લાવશે તે જરૂરી નથી. તેને વારંવાર રોજેરોજ તે બાબત આગ્રહપૂર્વક કહેવું પડશે.

સર્જી સકે છે. તે જ પ્રમાણે વિવેકબુદ્ધિ વગર ટીવી-ઈન્ટરનેટનો ઉપયોગ મનુષ્યજીનવ માટે ઘાતક નીવડી શકે છે.

આજના યુગમાં કમ્પ્યુટરનો - ટીવીનો ઉપયોગ અનિવાર્ય થઈ પડયો છે. આપણાં બાળકોને તેના ઉપયોગથી વંચિત તો ન રાખી શકાય. પરંતુ તેના ગેર-ઉપયોગના અસરથી બચાવવાનો ઉપાય જરુર આવશ્યક બને. આજના બાળકો આ સાધનોના માધ્યમથી પ્રાપ્ત થતી પાશ્ચાત્પ સંસ્કૃતિની ઘેરી અસર નીચે વિકાસ પામી રહ્યા છે. આવશ્યક વિવેક બુદ્ધિના અભાવમાં તેમના માનસ પટલ ઉપર એ સંસ્કારો આપણા મુળભુત સંસ્કારો અને પરંપરાનો હ્રાસ કરી રહ્યા છે. આ સાધનો દ્વારા પ્રાપ્ત થતાં ખોટા સંસ્કારો બાળકોના પરિપક્વ થયા પછી તેમની જીવનશૈલીનું અભિન્ન અંગ બની જાય છે અને તેને મીટાવવા લગભગ અશક્ય હોય છે.

આજની આ એક ગંભીર સમસ્યા છે. આપણા સંતાનો માટેનો આ એક અતિ ચિંતાનો વિષય છે.

આપણે ઘણીવાર વડિલોને કહેતાં સાંભળતાં હોઈએ છીએ કે આજના બાળકો - યુવાનો આપણા ધર્મના આચાર-વિચારને, આપણી પરંપરાને અનુસરતાં નથી, તેઓ અન્ય ધર્મની વિચારસરણીને અપનાવી રહ્યા છે, બર્હિમુખ બનતા જાય છે, ભગવાન પ્રત્યેની તેઓની શ્રદ્ધા રહી નથી. ઘરમાં શ્રીઠાકોરજી બિરાજતા હોય છતાં તેઓ તે પ્રત્યે ઉદાસીન રહે છે. આવા અનેક પ્રકારના બળાપા કાઢતા આપણે સાંભળીએ છીએ.

આપણે આ પરિસ્થિતિમાં ઉંડાણપૂર્વક ઝાંકવું જરૂરી છે. તે માટે આપણે આપણી જાતને કેટલાક સવાલો પૂછવા પડશે, આપણે આંતર્ખોજ કરવી પડશે, સજાગ બનવું પડશે.

સામાન્યતઃ પ્રત્યેક મા-બાપની ઈચ્છા હોય છે કે પોતાનું સંતાન ખુબ સારું ઉંચી કક્ષાનું શિક્ષણ પામે. તે માટે તેઓ ખુબ જ મહેનત કરી પોતાના બાળકને સારી સ્કુલમાં દાખલ કરવાનું,

તેમને માટે આવશ્યક ટ્યુશન ઈત્યાદીની વ્યવસ્થા કરવાનું, તેઓની શૈક્ષણિક પ્રગતિ ઉપર ચાંપતી નજર નાંખવાનું ઈત્યાદી અનેક બાબતો માટે પુરતી તકેદારી રાખે છે. આ બધી ચીવટ તેઓ તેમની ભૌતિક સમૃદ્ધિને લક્ષ બનાવી રાખતાં હોય છે. જો આપણે ઈચ્છતાં હોઈએ કે આપણા બાળકો આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરે તેની સાથે સાથે તેઓ એક સારા અને સાચા વૈષ્ણવ બને, તેઓનો આધ્યાત્મિક વિકાસ પણ થાય, તેઓ આપણી સાંપ્રદાયિક પરંપરાને જાળવવા સક્ષમ બને તો શું તેને માટે આપણે સજાગ છીએ ? તે દિશામાં શું આપણે પ્રયત્નશીલ છીએ ?, તે બાબતે શું આપણે પૂરતું મહત્વ આપીએ છીએ ? ઉપરોક્ત ફરિયાદ ધરાવનાર પ્રત્યેક માતા-પિતા એ પોતાની જાતને આ સવાલ પૂછવા જોઈએ. શું આપણા સંતાનો વિશેની ફરિયાદો માટે આપણે પોતે જવાબદાર નથી ? જરા શાંત ચિત્તે આપણે વિચારીએ !

ઘણી વખતે આપણે અન્ય ધર્મ કે સંપ્રદાયમાં કરાતી વ્યવસ્થા વિશે બીજાનું ધ્યાન દોરી તેવી સુવિધાઓ આપણે ત્યાં ઉપલબ્ધ નથી, આપણું ત્યાં કોઈ શિખવાડનાર કે સમજાવનાર નથી વગેરે બળાપા કાઢતાં હોઈએ છીએ. વધુમાં વધુ જો પાસ પડોશમાં કોઈ સાંપ્રદાયિક પાઠશાળા ચાલતી હોય તો ત્યાં આપણા બાળકોને મોકલી આપણે ફરજ મુક્તિ થઈ જઈએ છીએ. અઠવાડીએ એકાદ કલાક પાઠશાળામાં જઈ આવી આપણું બાળક ધાર્મિક સંસ્કારયુક્ત થઈ જશે તેવું માની લઈએ છીએ.

અહીં એક વાત સમજવી ખુબ જ આવશ્યક છે. આપણે આપણા બાળકોના સ્કુલ શિક્ષણ વિશે પૂરતું ધ્યાન આપતાં હોઈએ છીએ. તે હોમવર્ક કરે છે, ટ્યુશનમાં જાય છે વગેરે તપાસતાં હોઈએ છીએ. તેને ન આવડતા લેશન માટે આપણે જાતે મહેનત કરી તેને ભણાવીએ છીએ. આ બધી ચીવટ આપણે આપણા બાળકના 'પેટની વેઠ'ને પહોંચી વળવા સક્ષમ બનાવવા માટે કરતાં હોઈએ છીએ. તો શું તેના ઠેઠના અનુસંધાન વિશે, તેના 'આધ્યાત્મિક વિકાસ' વિશે આપણે એથી એ વિશેષ

તકેદારી રાખવી આવશ્યક નથી? સ્કુલ-કોલેજ કે પાઠશાળા બાળકોને માહિતી - જાણકારી આપી શકશે, તેમને સંસ્કાર નહીં આપી શકે. સંસ્કાર તો તેને માતાપિતા પાસેથી જ પ્રાપ્ત થઈ શકે. બાળકો આપણી જીવનશૈલી, આપણી રહેણી કરણી, આચાર-વિચાર અને વ્યવહારને રોજે રોજ જોતું હોય છે અને તેજ મુજબ પોતાની જાતને ઢાળવાની કોશિષ કરે છે. તા.૧-૧૧-૨૦૦૯ના ગુજરાત સમાચારના એક લેખ **‘થેંક્યુ પાપા, તમને ખબર ન હોતી પણ હું જોતો હતો’**[*]માં એક અમેરિકા સ્થાયી થયેલ યુવાન પુત્ર પોતાના પિતાને પત્રમાં પોતે પિતાના વિવિધ વર્તનોનું અનુકરણ કરી કેવી રીતે તેમના સંસ્કારોને પોતે જીવી રહ્યો છે તેની વાત કરી છે.’ જો આપણે ઈચ્છતા હોઈએ કે આપણા બાળકોમાં વૈષ્ણવી સંસ્કારો ઉતરે તો તેને ઉપયુક્ત વ્યવહારની પહેલ આપણે કરવી જોઈશે. એક પાઠશાળામાં શિક્ષકે બાળકોને બહારના ખાનપાનનો ત્યાગ કરવા માટે સમજાવ્યું ત્યારે બાળકનો જવાબ હતો કે અમારા મા-બાપ જ અમને હોટલમાં ખાવા લઈ જતાં હોય તો આ કેવી રીતે બને ? આ ઉદાહરણનું ગંભીરતાપૂર્વક વિચાર કરવા જેવું છે. જેવા આચરણની અપેક્ષા આપણે બાળક પાસેથી રાખતાં હોઈએ તેવું આચરણ આપણે જાતે કરવું પડશે. ગોળ ખાવાનું બંધ કર્યા વગર અન્યને ગોળ ન ખાવા માટેનો ઉપદેશ કારગત નીવડી શકે નહીં.

આપણા ગામ કે લત્તામાં પાઠશાળા ચાલતી હોય તો ત્યાં આપણા બાળકોને મોકલવા તે ખુબ સારી વાત છે. છતાં તેઓ ત્યાં જે કાંઈ શીખી લાવે તેનું અવગાહન કે તે મુજબનું આચરણ કરાવવાની જવાબદારી મા-બાપની છે. બાળકોને એક વખત કોઈ વાત કહી દેવાથી તે તેને સ્વીકારી વ્યવહારમાં લાવશે તે જરૂરી નથી. તેને વારંવાર રોજેરોજ તે બાબત આગ્રહપૂર્વક કહેવું પડશે. નાહીને ચરણામૃત લીધું ? ચરણ-સ્પર્શ કર્યા ? પાઠ કર્યા ? ઈત્યાદી બાબતો જ્યાં સુધી તેના રોજીંદા વ્યવહારનું અંગ ન બની જાય ત્યાં સુધી કહેતાં રહેવું પડશે અને આ વાત કેવળ બાલ્યાવસ્થામાં જ સંભવ છે. જ્યારે બાળકનું માનસ વડિલોના પ્રભાવ નીચે હોય છે, ત્યારે બાળક સાહજીક રીતે મા-

બાપની આજ્ઞાને સ્વીકારવા અને તેને અનુરૂપ વર્તવા માટે તત્પર હોય છે. બાળકની વિચારશક્તિ પરિપકવ થયા પછી જયારે તે સ્વતંત્ર પણે વિચારતું થાય ત્યાર પછીના પ્રત્યેક સુચનો બાલક પોતાની તર્ક શક્તિને આધારે તેને આચરણમાં મુકશે અને જો તે તેને ન રુચે તો તે માબાપની અવજ્ઞા પણ કરશે. માટે જ આપણે આપણા બાળકોને નાનપણથી જ આપણા વૈષ્ણવી સંસ્કારોનું સીંચન કરવું પડશે. તેમના પ્રશ્નોના ખુલાસા આપવા પડશે. આપણે તેઓને બ્રશ ઈત્યાદી કરવાની, સ્વચ્છતા જાળવવાની, વગેરે જેમ તાલીમ આપતા હોઈએ છીએ, તેમ તેઓ સવારે ઉઠી કંઠી-ચિત્રજીના દર્શન કરે, વડિલોને જય શ્રીકૃષ્ણ કહે, નાહીને ચરણામૃત લે વગેરે આવશ્યક આચરણની ટેવ પાડવી જોઈએ. નાનપણમાં જ તેઓને પૂરતી સમજણ આપીને આગ્રહપૂર્વક બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરાવી આપણે ત્યાં બિરાજતાં શ્રીપ્રભુની સેવામાં પલોટવા જોઈએ. તેઓના સમયની અનુકૂળતા મુજબ તેઓને લાયક સેવા ઈત્યાદી આપવી જોઈએ. ગામમાં શ્રીગુરુદેવ અથવા અન્ય શ્રીવલ્લભકુળ આચાર્ય બિરાજતાં હોય તેમને સન્મુખ થાય તે વિશે આગ્રહ રાખવો જોઈએ. આ બધી ટેવો બાળકોને જો નાનપણથી જ પાડવામાં આવશે, તેઓને તેઓની ગ્રહણ શક્તિને અનુરૂપ પુષ્ટિમાર્ગનું સ્વરૂપજ્ઞાન, સિદ્ધાંતોનો મર્મ અને સેવાની નીતિ રીતીથી વાકેફ કર્યા હશે તો તે સંસ્કારોની અસર તેઓના મન ઉપર દઢપણે બની રહેશે અને મોટી ઉંમર થતાં તેઓને સંપ્રદાયથી બહિર્મુખ થતાં બચાવશે. આ જવાબદારી પ્રત્યેક વડિલની છે. બાળકોમાં સંપ્રદાય વિશેની અભિરુચી જો નાનપણથી જ કેળવવામાં આવશે તો નિશ્ચિતપણે તેઓ મોટા થયે સંપ્રદાયની પ્રકિર્ણ બાબતો જાણવા માટે ઉત્સુક બનશે, અભિમુખ થશે અને પોતાના આધ્યાત્મિક વિકાસની સાથે સાથે સંપ્રદાયની વિવિધ સેવા માટે પણ સક્ષમ બનશે.

આપણે જોઈએ છીએ કે સમાજમાં હિંસાનું, અત્યાચારનું વાતાવરણ જોર પકડી રહ્યું છે. નજીવી બાબતોમાં યુવા પેઢી હામ હારી જાય છે અને આત્મહત્યા સુધી પ્રેરાય છે. લોકોની

સહિષ્ણુતા ઘટી છે. ભૌતિકવાદનો વ્યાપ વધ્યો છે.

જો આપણા બાળકો એ આપણી પરંપરાને સારી રીતે સમજ્યા હશે, સંપ્રદાયના સિદ્ધાંતોને યથાર્થપૂર્ણ રીતે આત્મસાત કર્યા હશે તો તેઓ જીવનની વાસ્તવિકતાની સાતત્યપૂર્ણ સમજણ પામી શકશે. તેમનામાં જગતની વાસ્તવિકતા ને ભગવાનની લીલા રુપે જોવાનો દષ્ટિકોણ ખીલશે અને જીવનની ગતિવિધીઓનું સાચું મૂલ્યાંકન કરવાનો તેમનામાં વિવેક જાગશે, ધૈર્ય ધારણ કરવાની ક્ષમતા વધશે અને તેમનો ભગવાનમાં દઢાશ્રય સિદ્ધ થઈ શકશે. આપણા બાલકના જીવનના યોગ્ય ઘડતરની જવાબદારી આપણી છે.

પ્રત્યેક વડિલ ઉપરોક્ત સમસ્યા અને તેના નિવારણ માટે ગંભીરતાપૂર્વક વિચારે તે પોતાના બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે અતિઆવશ્યક છે.

* * *

મેં તમને બિલાડીને રોટલી અને પંખીને ચણ નાંખતા જોયા હતા, મને એમ સમજાયું કે આપણે પ્રાણી-પંખીઓ પ્રત્યે અનુકમ્પા બતાવવી જોઈએ.

મેં તમને ઈશ્વરને પ્રાર્થના કરતાં જોયા હતા. મને પણ લાગ્યું કે આપણે ઈશ્વર જોડે પ્રેરણા મને મદદ મેળવવા માટે પ્રાર્થના કરવી જોઈએ.

તમે જરુરિયાતમંદોને સમય અને યથાશક્તિ આર્થિક મદદ કરતાં હતા. મેં પણ જેની પાસે કંઈક વધુ હોય તેણે બીજાને તેમાંથી થોડું આપવાનું શીખી લીધું હતું.

(ગુજરાત સમાચાર)

મારે કહેવું છે -

મનુષ્ય વિચારશીલ પ્રાણી છે. ભગવાને માનવને અંતઃકરણ આપ્યું છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ તેના પાસા છે. ભગવાને આપેલી જ્ઞાનેન્દ્રિયો દ્વારા મનુષ્ય વિવિધ અનુભૂતિ કરે છે. તે વાંચે છે, સાંભળે છે, અનુભવે છે. ઔપનિષદિક ભાષામાં શ્રવણ-મનન-નિદિધ્યાસન એ વાંચેલા કે સાંભળેલા જ્ઞાનને હૃદયસ્થ કરવાના ત્રણ તબક્કાઓ છે તેના દ્વારા વાંચેલું- સાંભળેલું કે અનુભવેલું આપણે આપણા અંતઃકરણમાં સ્થિર કરી એ ત્યારે જ તે આત્મસાત થાય છે. જ્યાં સુધી વાંચેલી કે સાંભળેલી બાબત ઉપર મનન ચિંતન ન કરીએ ત્યાં સુધી તેનો મર્મ બરાબર સમજી શકાય નહીં અને મનન કર્યા પછી તેને વિચારવું અને વાગોળવું આવશ્યક છે જેને શાસ્ત્ર નિદિધ્યાસન કહે છે તેના દ્વારા સાંભળેલી કે મનન કરેલી વાત આપણે આત્મસાત કરી શકીએ છીએ. કોઈપણ સાધના પ્રણાલી અપનાવવા માટે આ પગથીયા ચઢવા જરૂરી ગણાય, અન્યથા સાંભળેલી કે વાંચેલી બાબત થોડી ક્ષણોમાં લુપ્ત થઈ જાય છે. એ આપણા સૌના અનુભવની વાત છે. અહીં મારા અનુભવની વાત હું કરી રહ્યો છું......

- ડો. જયેન્દ્ર સોની

શ્રીવલ્લભ પ્રકાશન
વલ્લભાશ્રય, ૧૦, બાલાસિનોર સોસાયટી, ફાયર સ્ટેશન સામે,
એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.

Khushi Multi Prints
Ph. 09227504555